

# ઠ હ્ 5 K ટિંગ

ટ્યૂફડી ટેલ્સ

ગૌરાંગ અમીન

શબ્દ સાથેના

મારા સંબંધ માટે કારણભૂત એવા

મમ્મી-પપ્પા

અને

સર્વે સજીવ તેમજ નિર્જીવને

અર્પણ


© Gaurang Amin

# થોડીક આપણા કામની વાતો

માઇક્રોફિક્શન, ફ્લેશફિક્શન કે માઇક્રોફ્લેશફિક્શન માટે ઘણાં પારિભાષિક શબ્દ પ્રયોજાય છે. "ટૂંકી વાર્તા"ની આ પ્રજાતિ વિશ્વ સ્તરે ઠીક ઠીક જૂની કહી શકાય. પરંતુ, ગુજરાતીમાં આ પ્રકાર હજુ એટલો પ્રચલિત કે લોકભોગ્ય નથી થયો. લઘુકથા કે ટૂંકીવાર્તાના પરંપરાગત વાચકો, વિવેચકો માટે આ પ્રવર્ગ નવો છે તેવું કહીએ તો ખોટું નથી. આ જેન્રિ/ જેન્રમાં  જે કાંઈ જૂજ લખાયું છે તે પ્રણાલિકાગત વાર્તાકારોને મોટે ભાગે ખાસ સ્વીકાર્ય નથી થયું. કારણો છે. કારણો હશે. બેશક જે તે કારણોના સાચા-ખોટાનું આયોજનબદ્ધ મૂલ્યાંકન  કરવા જેટલું હજુ સુધી લખાયું પણ નથી. આપણે ત્યાં "શૉર્ટસ્ટોરી"ના શબ્દ-સંખ્યાના આધારે પ્રકારો છે. તેવી જ રીતે વિશ્વમાં આ ફિક્શન માટે એકથી વધુ ટર્મ્સ ઉપયોગમાં લેવાય છે. એક બાજુ માઇક્રોનૅરટિવ, શૉર્ટ-શૉર્ટસ્ટોરી, પોસ્ટકાર્ડ-સ્ટોરી, વિઝિટિંગકાર્ડ કે બિઝનેસકાર્ડ-સ્ટોરી જેવા હેડ્ઝ  છે તો બીજી તરફ સડનફિક્શન, નૅનોફિક્શન, માઇક્રોમિનિ, મિનિએચર ફિક્શન કે મિનિફિક્શન છે. ટુ-સેન્ટન્સ સ્ટોરી છે. વન-લાઇન પણ છે. ટાઇની ફિક્શન છે. પામ-સાઇઝ્ડ કે પૉકેટ-સાઇઝ્ડ સ્ટોરી પણ કહેવાય છે. ટુ-મિનિટ સ્ટોરી પણ કહી શકાય. ડ્રૅબલ 'ને ડ્રિબલ વિષે કોઈએ સાંભળ્યું છે? ડ્રૅબલ સો શબ્દની 'ને ડ્રિબલ પચાસ શબ્દની સ્ટોરી હોય છે. હિન્ટ-ફિક્શન તો પચીસેક શબ્દમાં આડકતરી રીતે વાર્તા કરે. હવે અહીં પહેલાની જેમ કોઈ છાપટ રમતું નથી. પણ, ત્યાં જેમ છાપટ-વાર્તા એટલે કે મૅચબૉક્સ-સ્ટોરી લખાય એમ અહીં લખાય તો મજા આવે.

 © Gaurang Amin

એક સિગારેટ પી લો ત્યાં સુધીમાં વંચાય તેવી "સ્મોક-લૉન્ગ સ્ટોરી" ચીનમાં લોકપ્રિય હતી, છે. આપણે ત્યાં અડધી ચા કે હાફ કૉફિ ( = કૉફી) પૂર્ણ થાય અને સાથે સાથે એક કટિંગ સ્ટોરી વલ્દ એક મિનિફિક્શન પણ પૂર્ણ થઈ શકે. ઍન્ડ ધૅટ ઇઝ અવર "ટચૂકડી ટેલ"!

અલ્પ વાર્તા, ઝીણી વાર્તા કે સૂક્ષ્મ વાર્તા કે કથા કહો, કોઈ સામાન્ય વાંધો ના હોય. ચપટીક, બારીક કે દશલક્ષાંશ વાત. ઉપર આપેલા લેબલ વલ્દ ટૅગ્સ ફક્ત દેખીતાં અલગ અલગ નથી. અંદરઅંદર થોડો કે ઘણો ભેદ હોય છે. ખેર, અહીં આપણી વાત કરીએ. સાહિત્યિક થવું હોય તો હ્રસ્વ-વાત. અતુંગ, ન્યસ્ત, રુઘુક, દહરક, સ્વલ્પ, મિત, વામન એવા સંસ્કૃતમાં પણ ઘણા સમાનાર્થી છે. અલબત્ત! વ્યવહારમાં તો પૉપ્યુલર એક્સપ્રેશન્સ કહો કે લોકબોલીના શબ્દો દોડવાના. પરંતુ, ટૅકનિકલિ અહીં મહત્વનો શબ્દ છે "ફિક્શન". સ્ટોરી નહીં. કટિંગ-ફિક્શન! "સ્ટોરી"ના ઘનફળ કરતા અહીં "ફિક્શન"નું હ્રદય મહત છે. તો શું માઇક્રોફિક્શન એટલે વાર્તા નહીં? ના. અને હા. પણ, આજના મોબાઇલ-યુગના સંદર્ભમાં કહું તો હથેળીના કદના સ્ક્રીનને સ્ક્રોલ કે નેક્સ્ટ કર્યા વિના સામાન્ય ફોન્ટ સાઇઝમાં વાંચી શકાય એવી વાત. ઝાઝા રોલ્સ ના હોય, હોય એટલા પણ ખપ પૂરતા જ ઓળખાણ પામે. હા, વાત જ જો પાત્ર-વર્ણન માત્રથી સિદ્ધ કરવાની હોય તો વાત અલગ. પણ, તેમ છતાં "વર્ણન" ટર્મ થોડો ઑફસેટ લાગે. વાચકને સમજાવવાનો નથી. વાચકને શિખાઉ ધારીને "કથાકાર" નથી થવાનું. કોઈ શબ્દ વાચકને નહીં ખબર હોય તો એ

એના વિષે સંશોધશે. વાચક ફક્ત હોંશિયાર નથી, કર્મઠ પણ છે, એવી આશા અને વિશ્વાસ રાખવાના છે. કલાકો નહીં કે દિવસો નહીં, જીવનના ઘણા અઠવાડિયા, મહિના કે અમુક વરસ જેટલું એણે ટીવી, સિનેમા કે નેટ પર વિડિઓઝ માણ્યા છે. વાંચ્યું છે. અનુભવ્યું છે. અને એ બધા ઉપર માત્ર વાચકના સ્વપ્નનું ફલક નહીં એમની કલ્પનાશક્તિનો વિસ્તાર પણ નોર્મલ-લેખકના ઈમેજીનેશનને હરાવી શકે એટલો વિરાટ હોઈ શકે છે. ઘટના કે દ્રશ્યનું ઊંડાણભર્યું વર્ણન આ ફોર્મમાં ફરજિયાત કારણ વગર જાકાર્ય છે. મંટો સાહેબની વાતો અહીં યાદ આવે. અલબત્ત! જીગ્નેશ અધ્યારુ, અક્ષરનાદ ડોટ કોમ 'ને એમના સાથીદારોના માઇક્રોફિક્શન અંગેના પ્રયત્ન તથા પરિશ્રમ પણ આનંદ સાથે મને યાદ આવે છે.

ગુજરાતીમાં પણ મર્યાદિત શબ્દ-સંખ્યાની કેટલીય વેંતિયા વાર્તા લખાઈ જ છે. પણ, મોટેભાગે આપણે "શરુ"થી "અંત" પ્રકારની વાર્તાથી ટેવાયેલા છે. માઇક્રોફિક્શનમાં એ "બંધારણ" અપવાદ રૂપે કામમાં લેવાય. "અંત" ખાસ કરીને સાવ સ્પષ્ટ ના હોય એ અહીં સામાન્યત: અપેક્ષિત છે. વાતનું વતેસર થઈ શકવું જોઈએ. મૂવિ શરુ થઇ ગયું હોય, કેટલું ગયું એ ખબર ના હોય અને થોડો પીસ જોઇને દર્શક બહાર નીકળી જાય તેમ છતાં એ ટુકડામાં વાત બની તેવું દર્શકને લાગવું જોઈએ. આગળ-પાછળનું પિક્ચર એ એની રીતે ધારી કે ઘડી શકવો જોઈએ. મોટી વાર્તા કે **ઇવન નવલકથા આ મુઠ્ઠી જેવડી વાતમાંથી આકાર લઈ શકે તો ખરું. ના, એવો કોઈ ચુસ્ત કાયદો નથી! નિયમ તો**

એવોય નથી કે "શિર્ષક" ના હોય તો માઇક્રોફિક્શન ના જ કહેવાય. પરંતુ, શિર્ષક માઇક્રોફ્લેશફિક્શનનું માત્ર ઉપાંગ બનીને રહે તેવું જરૂરી નથી. સહજ રીતે અંગ બની શકે છે. ફક્ત રસ-પ્રધાન લખેલી વાતમાં પણ એ નિર્ણાયક ગાર્નીશિંગ બની શકે છે. એક એક શબ્દ, ખરેખર તો અક્ષર, વિરામચિન્હ પણ અત્યંત મહત્વના. ભલે એ "ખાલી જગ્યા" કે "બ્રેક" તરીકે કામમાં લેવાયા હોય. પણ સબૂર, માઇક્રોફિક્શન કોઈ "અછાંદસ" કાવ્ય પણ નથી. હા, કાવ્યાત્મક છાંટ સ્વીકાર્ય છે. સર્જનની અંતિમ લીટી કે ફકરો ચોટદાર હોય તો સારું કિન્તુ પ્રયત્નપૂર્વક ચોટ આપવી એ પણ કાયદો નથી. આખી વાત ચોટદાર હોઈ શકે કે આખી વાત પ્રયાસ વિના આંખમાંથી મનમાં સરી જાય તેવું પણ બની શકે. ક્યારેક ફરી વાંચી શકાય એવી વાત હોય તો ઉત્તમ. પણ, સુવાક્ય-ગુચ્છ કે સંદેશ-સંગ્રહને ટૂંકીવાત કહીને માઇક્રોફિક્શન કહેવું-માનવું ના જામે. ઉપદેશાત્મક તો ફોર્વર્ડેડ મેસેજ પણ હોય છે.  વિન્યેટ્ (વિગ્નેટ કે વિઞ્ઞેટ!)નો પણ આ કૅટેગરિમાં સમાવેશ કરી શકાય. નાનો સીન કે પ્લોટ જે અસરદાર હોય. બ્લૉગ કે પર્સનલ ડાયરીની કોઈ એન્ટ્રી પણ દોડી શકે. સામાન્યતઃ જેને નિબંધ કહેવાય છે તેની ના છે.(ઓફ કોર્સ ટિપિકલ કૉલમની તો સાફ ના.) પ્રયોગો માટે સાચવવું. અન્ય સ્વરૂપની જેમ લોકભોગ્યતા જોખમાય! પણ, મુખ્ય વાત એ કે ઇશારાથી કામ લેવું. સ્પષ્ટીકરણ પાછળ ઇશારત કે ઇશારત પાછળ સ્પષ્ટીકરણ. આમાં "ચાલો હવે હું એક માઇક્રોફિક્શન લખવા બેસું" એવું નથી હોતું. પણ, માનો યા ના માનો એ કોઈ એક સ્પાર્કનું વિસ્તરણ હોય છે, વિવરણ પણ કહી શકાય. કોઈ એક પળ જે લેખકના અભ્યાસ, અવલોકન કે અનુભવમાંથી બીજ બનીને આવે છે. એ બીજનો અંકુર એટલે સ્પાર્ક.

 © Gaurang Amin

પરસેપ્શન, પ્રોજેક્શન અને ઇન્સેપ્શન. જોકે કલાકોની મહેનત, રીરાઈટીંગ પછી લખાયેલી રેગ્યુલર શોર્ટ-સ્ટોરી કે નવલિકાનો અર્ક કે એની એક સ્લાઈસ પણ માઇક્રોફિક્શન બની શકે. બાકી "આવું" તો કોઈપણ લખી શકે એની દહેશતમાં પરંપરાગત વાર્તા લખનારા કોઈપણ "સામાન્ય-માણસ" લેખક/વાર્તાકાર કહેવાશે એવી જે શંકા સેવે છે એ ખોટી પાડવી સહેલી નથી. હા, "આમાં શું આવું તો હુંય લખી શકું!" એવું વિચરવાની પણ ઉતાવળ કરવા જેવી નથી! વાચકમાં વિચાર કે લાગણીના પ્રત્યાઘાત ઊઠવા જોઈએ અને મનોરંજન મળવું જોઈએ એ મૂળ વાત તો ધ્યાન રાખવી જ પડે. પરંતુ, એ સિવાય પણ કલાત્મક થવાય તો વધારે સારું. આર્ટ અને મનોરંજન વચ્ચેનું અંતર પામવું રહ્યું.

"જવાદેને બે, ખોટી  વાર્તા કરે છે!" એવું કોઈ બોલી ઊઠે તોય હેતુ સર થયો જ ગણાય! આખરે ફિક્શન જ તો છે. "સવારે બાળક થેલો ભરીને બુક્સ 'ને નોટબુક્સ લઈને ઘરેથી સ્કૂલે ગયું. સાંજે બાળક થેલો ભરીને બુક્સ 'ને નોટબુક્સ લઈને સ્કૂલેથી ઘરે પાછું આવ્યું. થેલાના વજનમાં કોઈ ફેર ના પડ્યો. બસ, એક નોટબુકમાં થોડું હોમવર્ક ઉમેરાયું એ જ." આ "પીસ"ને વાર્તા કહેવી કે કવિતા? આ પ્રશ્ન ભેદી છે. પૉપ્યુલર રીડિંગમાં ફેસબુક-પોસ્ટ અને વૉટ્સએપના મેસેજ નામની વાંચન-જાતિ છે! એથીય નાની વાત કે વિચારને પણ ફિક્શન કહેવડાવાની જીદ થતી હોય છે. "બંને પોતપોતાનું સામાન્ય જીવન જીવતા હતા. અને એક દિવસે અચાનક એકબીજાના પ્રેમમાં પડ્યા." કે

 © Gaurang Amin

પછી "બેઉ જણ એકબીજાને ખૂબ પ્રેમ કરતા હતા. અંતે એમણે લગ્ન કરી લીધાં", હાંક... છી! ભારતમાં પણ ઑનલાઈન નૅનોસ્ટોરીની સ્પર્ધા થયેલી છે, સિક્સ વર્ડ સ્ટોરીનું હૅશટૅગ ગુજરાતીમાં પણ વચ્ચે ચગેલું. "વકીલે છેલ્લી ઘડી સુધી વસિયત દબાવી રાખી. કયો બાપ દીકરા વચ્ચે પ્રેમ વહેંચી શકે?" આજના ઝટપટ-યુગમાં લોકપ્રિય વિચારો કે સૌ સહમત થાય તેવા આદર્શોને બે ચાર વાક્યમાં રજૂ કરી એને બોધકથા માની લેવા મનુષ્યનું મન તત્પર થઈ ગયું છે. અને એક જ વાક્ય હોય તો એ ચોટદાર લાગે! "એ જીવ્યા ત્યાં સુધી એમને કોઈ પણ પૂછે કે 'કેમ છો?' તો એ હસીને કહેતા 'મજામાં'.". વધારે ઉદાહરણની જરૂર નથી. વાત મશ્કરીની નથી. સમજવાની છે. મનની એકાગ્રતાનો ગાળો નાનો હોવા સાથે શબ્દનું અર્થશાસ્ત્ર એવં જૈવશાસ્ત્ર સંકળાયેલું છે, એ વાત સમજવાની છે. ફેસબુકને લઈને શું લખીશું તો વધારે "લાઇક" મળશે, અમુક-તમુકને સારા લાગીશું, વૉટસએૅપ પર હિટ થઈશું એવા મધ્યવર્તી આવેગને લઈને કે ક્લિશેટિક/ અતિરૂઢ થઈ ગયેલું હોય તેવા શુભસંદેશ, સુવાક્ય યા મહાસ્વીકૃત થયેલા સારનું લેખન "માઇક્રોફિક્શન"માં તબદીલ કરવું યોગ્ય છે? આ એકસો આઠ વત્તા સાતસો છ્યાંસી વાર વિચારવું. અર્નેસ્ટ હેમિંગ્વેએ લખેલી કહેવાય છે તે સિક્સ વર્ડ સ્ટોરી ઓવર-ફેમસ રહી છે. ચર્ચાસ્પદ પણ. "ફ઼ોર સેલ: બેબી શૂઝ, નેવર વૉર્ન."- આ છ શબ્દોએ વિદેશી ભાષામાં "બટુક-વાર્તા"ને ઘણું આપ્યું છે એ હકીકત છે. ઘણાને "હાઈકુ" યાદ આવશે, બટ ધૅટ ઇઝ અનધર સ્ટોરી, ઍન્ડ આઇ બૅટ એ કૉમ્પ્લેક્સ વન! અને એવું જ ઍફરિઝમ/મયકથન કે સૂત્રોનું છે. ટાગોરની કવિતીકા કે રતિલાલના ચાંદરણામાં તો ઘણા શબ્દો હોય છે. વઢવાણમાં એક વાર મેં "બારી રોડ"નું

પાટિયું જોયેલું. કવિતા કે સ્ટોરી બે શબ્દમાં પણ હોય છે. 'ને ગણીને એક શબ્દમાં પણ. દા.ત. 'મા'. પરંતુ, 'મા'માં વાર્તા જોતાં ક્યાંક તકલીફ થઈ શકે. "આઇ લવ યુ"? છ શબ્દની વાર્તાની હોડમાં એવી એવી "વાર્તા" જોયેલી કે મને એક અર્થપૂર્ણ કટાક્ષ સૂઝેલો. છ શબ્દનો-

**'निरंतरान्धकारितादिगन्तरकन्दलदमंदसुधारसबिन्दुसान्द्रतरघनाघनवृन्दसन्देहकरस्यन्दमानमकरन्दबिन्दुबंधूरतरमाकन्दतरुकुलतल्पकल्पमृदुलसिकताजालजटिलमूलतलमरुवकमिलदल**

**घुलघुलयकलितरमणीयपानीयशालिकाबालिकाकरारविन्दगलन्तिकागलदेलालवङ्गपाटलघनसारकस्तूरिकातिसौरभमेदुरलघुतरमधुरशीतलतरसलिलधारानिराकरिष्णुतदीयविमलविलोचन**

**मयूखरेखापसारितपिपासायासपथिकलोकान्'** કે **'Pneumonoultramicroscopicsilicovolcanoconiosis'** કરતાં **'હું'** મોટો!

પહેલો સંસ્કૃતનો સોથી મોટો શબ્દ કહેવાય છે, બીજો અંગ્રેજીનો અને ત્રીજો તો સૌ જાણો છો. ભાવાર્થનું કહેવાનું આપને સમજાઈ ગયું હશે.

ઘણા સાથે મારો અનુભવ કહે છે કે રોજ ઓનલાઇન થતા અને ખાસ્સો સમય નેટ પર ફરતાં એવા કલમથી પૈસા કે અન્ય કશું પ્રાપ્ત કરનારા મહદ ગુજરાતીઓ પણ કોઈ નવી વાત કે શબ્દ આવે તો એ અંગે અપવાદરૂપે જ સંશોધન કરે છે. વાચકની વાત અલગ છે. વિચાર આવે છે કે આઝાદ થયાના દસકાઓ પહેલા અંગ્રેજી લેખકો એમની વાર્તામાં કોઈ નવો શબ્દ કે માહિતી એમની વાર્તામાં લેતા હશે તો લેખકો અને વાચકો બંને કેવી રીતે એ નાવીન્ય "ઉકેલતા" હશે! ગુજરાતી વાંચન વધી રહ્યું છે કે ઘટી રહ્યું છે તે અલગ વિષય છે પણ એટલું તો ખરું જ કે ઇન્ટરનેટના આગમન પછી લખવા અંગેના બીબાઓમાં ફેરફાર થઈ રહ્યા છે, બીબાં બદલાઈ રહ્યા છે કે નવા બીબાંનું સ્વાગત થવા લાગ્યું છે. સામાજિક નેટવર્કિંગની નકારાત્મક બાજુઓને બાજુમાં રાખીને હકારાત્મક બાજુઓ જોઈએ તો વાંચન ફક્ત બદલાયું નથી, પણ તેનો અવકાશ વિવિધ રીતે ખીલ્યો છે. ઘટી ગયેલા કે ઘટતાં જતા અટેન્શન-સ્પાનને ચેલેંજ તરીકે લેવામાં આપણું હિત છે.

ફ્રી-ઇકૉનોમિમાં ગ્લોબલ-લાઇફ જીવતો ગુજરાતી વાચક, પરંપરાગત કે થોડું સંકૂચિતતાથી કહીએ તો બીબાઢાળ ગુજરાતી વાચક કરતા એકથી વધારે રીતે અલગ પડે છે. આજનો કોઈ "અર્બન-રીડર" ટાઉનમાં કે નાના સેન્ટરમાં રહેતો હોય અને ઇમ્પોર્ટ કરેલી બુક પ્રિન્ટમાં વાંચતો હોય તેવું પણ બને. અને ભૌગોલિક રીતે શહેરથી ઘણે દૂર આમ-ગામડામાં રહેતો કોઈ વાચક આધુનિક ડિજિટલ ઉપકરણ પર મેઘાણી, નર્મદ કે ધૂમકેતુ વાંચતો હોય તેવું પણ બને.

સાહિત્ય ક્યારેક ઊંચા પહાડ પરથી સરતી નાનકડી ઝરણી બને છે, ક્યારેક સુસ્થિર મજાનું મોટું સરોવર, તો ક્યારેક નિરંતર લાંબી મજલ કાપતી રેવારાણી જેવી સરિતા તો ક્યારેક ઘૂઘવતો મહાસાગર. માઇક્રોફિક્શન એવા જ કોઈક પાણીથી બનેલી કટિંગ છે. અને સ્વાભાવિક રીતે દરેક કટિંગની લિજ્જત નોખી હોઈ શકે છે. પાણી પાણીમાં ફર્ક હોય. મોરસ વધારે/ઓછી હોય કે સેકરિન પણ હોય. ચાની પત્તી કે કૉફિ-બીન્સમાં ફર્ક હોય. ગ્રીન-ટી, કડક મસાલા ચાય કે આઈસ-ટી હોય અથવા એસ્પ્રેસો, કેપુચીનો, મોકાચીનો, લાટે વગેરે હોય. કે સિમ્પલ કોલ્ડ-કૉફિ હોય. વિષયવસ્તુ, તેની માવજત અને રજૂઆત અને સ્વયં વાચકોનું વૈવિધ્ય એ મિનિફિક્શન ઉર્ફે કટિંગ-ફિક્શનને ખરા અર્થમાં વિશાળતા આપે છે. અલબત્ત! બે મિનીટમાં વાચકને શું મળે છે કે વાચક શું લે છે એ તો વાચક જ જાણે.

નીચેની બે ટચુકડી ટેલ, “ બે અનુભવી” અને “અંતર” વાંચવા અને અનુભવ વચ્ચેનું અંતર સમજવા વિનંતી.

 © Gaurang Amin

## બે અનુભવી

" આ શું લખ્યું છે તેં?"

" સર, તમે શૉર્ટ-સ્ટોરીની કૉલમ આપી છે તો... શૉર્ટ-સ્ટોરી લખી છે."

" હાહાહા, આને શૉર્ટ-સ્ટોરી કહેવાય? લાઘવ ક્યાં છે? અને આવો કોઈ માણસ હોય ખરો જે એંઠવાડામાંથી કેરીના છોતરાં 'ને ગોટલા વીણે? ટોટલી બોગસ વાત."

" સાહેબ, મેં ગરીબાઈ જોયેલી છે. મેં કૂતરાને નાખેલી રોટલી ચોરતાય જોયેલા છે."

" તેં જોઈ હોય એટલે વાચકોએય જોઈ હોય? 'ને એ અપવાદ કહેવાય. પછી પાછો ગાય ખાતી હતી એમાંથી ચોરતા જોઈને ગૌ-રક્ષક દળ વાળાઓએ એને માર્યો! આ કયા જમાનાની વાત કરે છે તું? અત્યારે ગાય પર કોને આટલો 'ને આ... વો પ્રેમ છે?!"

" જી, ખરું પણ ભિખારી કરતા ગાયને લોકો વધારે સાચવે છે એ હકીકત છે."

" તારી હકીકત, તારા વિચારો તું તારી પાસે રાખ. છાપાની આટલી જગાના ભાવ તને ખબર છે? લખવું હોય તો લોકોને ગમે એવું... મજા આવે એવું લખ."

# અંતર

પક્ષી પક્ષી પક્ષી મોટું વાદળ

સમડી પતંગ

દૂર નાનું કાળું વાદળું એક પર્વતની ટોચ

એક પર્વતની ટોચ

મોટો ખડક નારિયેળી

ઝાડ સૂર્ય કશુંક

નીચે એક માણસ બે માણસો

નદી ઝુંપડું

ચાડિયો ખેતર નદી તળાવ જેવું

જમીન નદી રેતી જમીન

ઘર અને ગાય કે ભેંસ નાવ, કિનારો

"૪૬૫ કટિંગ"માં અમુક જોડણી ઇરાદાપૂર્વક, ખાસ હેતુથી રાખવામાં આવી છે. સાહિત્યના સર્વ કે બહુસ્વીકૃત નિયમોની અને એને કારણે કોઈને વ્યક્તિગત નકરાત્મક લાગણી આવે તો માફી ચાહું છું. રેફ, ટપકાં વગેરેનો યુઝ એમ જ નથી કર્યો. અનુસ્વાર અષ્ટક એવં સુન્દરમની પણ માફી ચાહું છું. બિંદુ એ ઉત્તર સ્વરૂપ છે એમાં કોઈ શંકા નથી. આશ્ચર્યચિન્હ/ઉદગારવાચક-ચિન્હ પણ ચોક્કસ ધ્યેયથી પસંગ કરેલા છે. "પહોંચવું"નું "ફ્હોંચવું" લખ્યું હોય તો કોઈને સમજ ના પડે એવું ના થાય. પણ, એટલી જગ્યા વગેરે બચે. પ્રસ્તુત સંગ્રહને એની ટોટાલિટીમાં લેવામાં એનું ખરું વજૂદ પામી શકાશે. વચ્ચે વચ્ચે ક્યાંક "ફિલર" તો ક્યાંક "સામાન્ય" વાત છે તો ક્યાંક "વિચિત્ર". "આપણે ત્યાં" વાચકના ફ્લો જોડે લીલા કરવાનો અભિગમ આવ્યો નથી કે લગીર પણ વિકસ્યો નથી. પરંતુ, અહીં ક્યાંક અમુક તો ક્યાંક તમુક રિસ્ક લીધું છે. "સંગ્રહ"નું વિશેષ મહત્વ હોય. સ્વતંત્ર/છૂટી કે એકલ-દોકલથી અલગ બાકી હિંદુ-ભાષામાં જોઈએ તો કર્મ, તેનું મસ્તીન ફળ અને ઇશ્વર કે વિધાતાની પ્રસન્નતા એ ત્રણે સુખે સુખે કર્તામાં ભેગા રહે એવું જીવન હોય? અરે એક દિવસ પણ હોય?! લખનાર, વિવેચક અને વાચક ત્રણેયને પૂરતો સંતોષ આપે એવું સર્જન વાસ્તવમાં જવલ્લે જ હોય. અનુક્રમણિકા પેજની સંખ્યા વધે ના એટલે નથી રાખી. બાકી, મહેનતાણું લીધા વિના સક્ષમ, સચોટ અને સુગમ્ય કાર્ય કરી આપનાર પ્રૂફ-રીડર આવા કે અન્ય ભવિષ્યના પ્રોજેક્ટ માટે આવકાર્ય છે. મારી આ યાત્રાની શરૂઆત વાસ્તવમાં હું માઇક્રોફિક્શન અંગે ત્રણેક વરસ પહેલાં એક લેખ લખતો હતો અને થયેલી. અંતે,

લેખ તો બાજુમાં રહ્યો પણ ટ્રેન વિરાટ નેટવર્ક પર પ્રવાસે નીકળી ગઈ. ૪૬૫માંથી તમને રોજની એક એટલે કે કુલ ૩૬૫ તો ગમશે એવી આશા છે. એન્જોય!

મુખપૃષ્ઠ અને તેની વચ્ચે જે કશું પણ છે તે મારું સર્જન છે. સર્વ હક્ક મારા જ છે. જેમ છે તેમ ડિજિટલ સ્વરૂપમાં શેઅર કરવા કે મફતમાં વ્હેંચવામાં કોઈ જ વાંધો નથી. અન્ય રીતે કશું પણ કરવા પરવાનગી આવશ્યક છે, દા.ત. છાપીને કોઈ રીતે પબ્લિશ કરવું કે પછી કશું મન ફાવે એટલું જ કાતરી અને એનો પોતાના કામ માટે યુઝ કરવો. કોઈને પણ કોઈ પણ "ટચૂકડી ટેલ"થી દુ:ખ પ્હોંચે તો મહેરબાની કરીને મને ક્ષમા કરજો.

સર્વે ગુરુઓ, મમ્મી-પપ્પા, વડવાઓ અને મારી સાથે કોઈની કોઈ રીતે જોડાયેલા સૌનો વંદન સહ આભાર. ફેસબુક અને તેના થકી થયેલા મિત્રોનો અલાયદો આભાર.

## 1 પગભર

કોઈએ ચોર્યું હશે કે ખાલી થવા આવ્યું'તું 'ને હું નિચોવ્યા કરતો'તો? માંડ સો મીટર બાઇક ઢસડી હશે પણ પરસેવો પડી ગયો. હજુ પેટ્રોલ-પમ્પ છેક આગલાં ચાર રસ્તે છે. એ પણ સાત વાગ્યામાં ખૂલ્યો હોય તો! બાઇક વગર ફિલ્ડ-વર્ક ના થાય 'ને સમયથી વહેલા ના નીકળો તો કામ પણ પૂરું ના થાય. ટ્રાફિક 'ને તાપ હમણાં અર્ધી કલાકમાં જ મારો કબજો લઈ લેશે. રોજે નવી ઉપાધિ. એમાં પાછાં લોકો કહે કે જીવન એટલે પાઠશાળા. આ પૈસા લેવા કસ્ટમરને ભણાવવા કરતાં પૈસા આપીને સ્કૂલમાં ભણતાં'તા, એ સારું હતું. સાઇકલમાં પેટ્રોલની જરૂર પડે નહીં. 'ને પંચર પડ્યું હોય તો પપ્પા બેટા બેટા કરીને સ્કૂટર પર મૂકી જતાં, લઈ જતાં. આજે સાઇકલની જગ્યાએ બાઇક છે પણ, નથી પપ્પાનું સ્કૂટર કે નથી પપ્પા. અને વિધિની વક્રતા તો એ કે પપ્પા ગયા ત્યારે કહેતા હતા કે 'હું ખુશ છું. તું પગભર થઈ ગયો.' ઑન સેકન્ડ થોટ મને લાગે છે કે એ વક્રતા વિધિની નહીં મારી છે, વિધિનું તો ફારસ કહેવાય!

## 2 બજેટ

" હું કે'તોજ તો, બધાંનો મેડીક્લેઇમ લૈ લઈએ. પણ, ત્યારે તને..."

" તને કાયમ મારો જ ફૉલ્ટ દેખાય છે. મને અહીં આપણી થાઇલૅન્ડની ટ્રિપનું ટૅન્શન થાય છે ત્યારે તને આવી કચકચ કરવાનું સૂઝે છે?

" સૉરી બકા. બોલ, તું શું કહેતી'તી?"

" ડૉકટરને વાત તો કર કે થોડા તો ઓછા કરે."

" ઊર્મિ, મમ્મીના પેટમાં ગાંઠ છે. ઍટલીસ્ટ એક વીક હૉસ્પિટલમાં જશે. પછી વિઝિટ 'ને દવાઓ અલગ. ઓછા થૈથૈને કેટલા ઓછા થશે?"

વિવેકની આંખોમાં ચિંતા હતી. ઊર્મિએ એનાં માથે હાથ ફેરવતાં પ્રેમથી કીધું

" ઓ ડાર્લિંગ! ચિલૅક્સ. ટૅન્શન નકો. પપ્પાના પી.એફ.ના પૈસા આવા સમયે કામમાં નહીં આવે તો પછી ક્યારે કામમાં આવશે?"

## 3 ગેરકાયદેસર શ્રદ્ધા પર કાયદેસરની શ્રદ્ધા

લેફ્ટ જતાં આ રોડની સામેના રાઇટ જતાં રોડ પર પ્હોંચવું જ પડકાર હતો. જ્યાં ગેસ્ટ હાઉસના બે બંધ રૂમમાં કમ સે કમ ત્રણ ત્રાસવાદીઓ ભરાયાં હતાં. રિસેપ્શન પર અંદાજે દસેક ઘાયલ ભારતીય નાગરિક. ગણીને એક પોલીસ સ્ટેશનવાળા ગામમાં જીપ પણ ગણીને એક જ. અને એ ત્રાસવાદીઓએ રૉકેટ-લૉંચરથી ઉડાવી દીધેલી. પોતાના બંધુઓના મૃત્યુથી કોપાયમાન થયેલા બચેલાં પાંચ પોલીસમેન જીવ પર આવી ગયેલા. પણ, જો ખુલ્લે આમ રોડ પર જાય તો એકે-૫૬ 'ને કોઈ ગાડીમાં જાય તો રૉકેટ-લૉંચર. તમામ ઘવાયેલાને સમયસર મદદ આપવા નાની ગાડી ચાલવાની ન્હોતી. ઇનસ્પેક્ટર ધાવરીએ એક ટ્રાવેલ્સવાળાની મિનિબસની ગમે તેમ કરીને વ્યવસ્થા કરી. બીજા ગામમાંથી કુમક આવે એની રાહ જોઈને બેસી રહેવાનો સમય ન્હોતો. ડિવાઇડર પરની મોટી દેરીની આડાશ લેવા ધાવરી પ્હોંચે ત્યાં સુધી સ્ટાફે કવર-ફાયર કર્યો. ધાવરીએ બંદૂકથી ઘંટ રણકાવાનો ચાલુ કર્યો. મનોમન માતાજીની માફી માંગી. ત્યાં મિનિબસ ધસમસતી સામે પાર પ્હોંચવા આવી 'ને આ બાજુ ધાવરીની ગણતરી મુજબ રૉકેટ પ્હોંચ્યું દેરી પર.

 © Gaurang Amin

## 4 ઊલટા ચશ્માં!

સુકેશ માટે આ કોઈ નવી બીના ન્હોતી. પ્રિયા સવારમાં શશીકલા બની જાય એટલે સમજવાનું કે પ્રિયાને પૈસા જોઇએ છે, ઘરખર્ચી માટે. અલબત્ત! શોખ માટે કે શોપિંગ માટે પૈસા કઢાવવાના હોય ત્યારે પ્રિયા પાછી કરિના બની જતી! સુકેશને થતું કે પ્રિયા પણ આખરે માણસ જ છે, અખિલ બ્રહ્માંડમાં એક તું માણસ જુજવે અનંત રૂપે! આજે સાંજેય ઘરે આવતા રોજની જેમ સુકેશ ઉત્તેજિત હતો 'આજે પ્રિયા કયું રૂપ ધારણ કરશે?!'

ફૉર એ ચેન્જ એને થયું કે લાવ આજે હું જ નવા સ્વાંગમાં જઉં. એણે પ્રિયાને ભાવતી પાઇનેપલ કેક લીધી. બૉડિ-સ્પ્રે છાંટ્યું 'ને એકદમ હસતા મોઢે બેલ માર્યો.

" પ્રિયા ડાર્લિંગ, જો તો શું લાવ્યો છું તારા માટે!" એ પ્રિયાને કેડેથી પકડીને કિસ કરવા ગયો ત્યાં પ્રિયા દોડીને બેડરૂમમાં જતી રહી. સુકેશ મૂડમાં આવીને બેડરૂમ તરફ ધસ્યો. જોયું તો પ્રિયા નીચે બેસીને રડતી હતી.

" તમને આજે શું થયું છે? તમે ઑફિસમાં કોઈની જોડે...."

સાક્ષાત લલિતા પવાર જોઈને રણબીરને પ્રશ્ન થયો કે  હવે એ.કે. હંગલ થવું કે ઓમપ્રકાશ?!

## 5 નિબ્બાન!

તુષસ્પ માટે સ્વયંના અપરાંતક રાજ્યમાં સોનાનો સૂર્ય ઊગવાનો પ્રસંગ હતો. રાજધાની શૂર્પારકમાં કશ્યપ ગોત્રમાં જન્મેલી નાગલતા પણ એ દિવસની રાહ જોતી હતી. 'ક્યારે  ધમ્મરખ્ખિત આવે 'ને આ દેહમાંથી હું છૂટું.' નાગલતા થાકી હતી. સ્વયંના દેહલાલિત્યથી. તુષસ્પથી. સર્વે નરથી. અલબત્ત, આવંત્યમાં એણે કદી પુરુષ ન્હોતો જોયો. રાજ્યપાલ તુષસ્પના અગ્રવૈદ્ય આવંત્ય નાગલતાના એક માત્ર સખા હતા. બાકી, ગણિકાનું પોતાનું તો કોણ હોય? આવંત્યનું મન નાગલતાના અંતર સાથે જાણે એકતાર હતું. એણે મહાભારતકાળના શાસ્ત્રો ફેંદી નાખ્યા. લાંબો સમય સાધનામાં કાઢ્યો. 'ને અંતે મહિશાસકોની સ્રીઓને ભિખ્ખુણી બનવવા સામેની મનાઈનો તોડ શોધી કાઢ્યો. દોઢ દિન નાગલતા બેભાન રહી. પણ, શલ્યક્રિયા સફળ રહી, નાગલતાનું નાગેશમાં લિંગ-પરિવર્તન થઈ ગયું. 'હાશ! હવે હું નાગલતા નથી રહી, મારું ચિત્ત સુખે ધમ્મ પામશે.' સંઘના વિનય મુજબ જીવવા આતુર નાગેશને પાતાળગંગાના જળથી તૃપ્ત કરીને આવંત્ય બહાર આવ્યો. કાળા રંગનો સૂર્ય લાલ થઈને દરિયામાં ડૂબતો હતો. પૂર્વમાં નીચે મેદાનમાં વિરાટ દિક્ષાસ્થળ ઝગઝગતું હતું.

## 6 બાકીની વાત...

સાડા દસની બસમાં અહીંથી નીકળે છે. યુનિ. ઊતરીને કૉમ્પ્યૂટર વિભાગમાં જાય છે. સાંજે છ વાગે પાછી જવા નીકળે. હેડફોન નથી દેખાતા, મ્યૂઝિક બહુ નહીં ગમતું હોય. કાયમ લાઇટ કલર્સ 'ને પંજાબી ડ્રેસ. નો મેક અપ. રસ્તામાં કવચિત જ મોબાઇલમાં જોવે કે કોઈની સાથે વાત કરે, ફ્રેન્ડઝ 'ને હેંગઆઉટમાં રસ નહીં હોય. હેન્ડબેગ 'ને સેન્ડલ સરસ હોય છે. ગૉગલ્સ ઓલ્ડ ફેશન્ડ પણ, કૉસ્ટલિ લાગે છે. અપર મિડલક્લાસ તો હશે જ.

ગિરિરાજને થયું હવે ધીરજ 'ને મહેનતનું ફળ લેવાનો સમય છે. ના, આવી છોકરીને સીધું પ્રપોઝ ના કરાય. કૉમ્પ્યૂટર સંબંધિત કોઈ વાતથી શરૂઆત કરવી પડશે.

" હલો, માફ કરજો પણ મારે વેબસાઇટ વિષે થોડી જાણકારી જોઇતી હતી."

પેલી છોકરીએ ગૉગલ્સ ઉતાર્યા. બે-ત્રણ સેકંડ ગિરિરાજને ઘૂરતી રહી પછી બોલી

" આ વિકેન્ડના પૅલેસ-ક્લબમાં રૉક-શો છે, ત્યાં આવી જજે. બાકીની વાત ત્યારે કરીશું!"

 © Gaurang Amin

## 7 એ તો માણસો મૌન હતાં એટલે!

મકાનના બધાં પોતાના હોવાપણાની પોતપોતાના જૂથમાં ચર્ચા કરતા હતા. બારી 'ને પડદા. બારણા, તાળા 'ને ડોરબેલ. પગલૂછણિયું 'ને જૂતાં. ટાઇલ્સ, ઈંટો 'ને પીઓપી. પથારી 'ને પલંગ. ટેબલ, ખુરશી 'ને ચમચી-સ્ટૅન્ડ. બાથરૂમમાં પણ ચર્ચા 'ને સંડાસમાં પણ. કિચનમાં. મંદિરમાં. ભીંતે લાગેલા ફોટા કબાટમાંના આલ્બમ સાથે મચેલા. કચરા ટોપલી, સાવરણી 'ને પોતુંય બાકાત ન્હોતા. નિત્યપાઠ 'ને પસ્તીના છાપાય સક્રિય હતા. સૌ સ્વયંની આત્મકથાનો સુવર્ણ અધ્યાય લખતાં હતા. ઘરના સભ્યોની એમના વિના શું દશા થાય એ વર્ણવતા હતા. ફ્રો ફાટવાની તૈયારી થઈ. નિર્ણય આવવા લાગ્યો. ટીવી સેટટૉપ બૉક્સ સામે હારી ગયું. લૅપટૉપથી વધારે યુએસબીને 'ને એથી વધુ મોબાઇલને મત મળ્યા. પાસબુક 'ને કૅશના ઝઘડામાં ક્રેડિટકાર્ડ જીત્યું. દવા 'ને દેશી ઘીને દારુએ મ્હાત આપી. કૉન્ડમ બિનહરીફ રહ્યા. પણ, ઘરનું પ્હેલું સભ્ય ઊઠ્યું એવું ડબ્લ્યૂસી પોતાને વિજેતા ઘોષિત કરવા ગયું. ત્યાં એને પાણીએ પછાડ્યું. કિન્તુ, સૂર્ય ઊગતાં પ્રકાશે હુંકાર કર્યો. સર્વે ચૂપ. 'ને એમના મૂંગા શ્વાસોચ્છ્વાસે પ્રાણવાયુને અવ્વલ જાહેર કર્યો.

 © Gaurang Amin

## 8 ફાસ્ટ-કોર્ટ

ઈન્સ્પેક્ટર ચૌહાણના નામ માત્રથી રાડ પડતી. પોણા સાત ફૂટની હાઇટ, કડક મૂછ સાથે મોટા થોભિયા. એમના હાથનો પંજો જોઈને રીઢા ગુનેગારને પણ પેશાબ થઈ જતો!

" શું થયું એ રડતાં રડતાં કહીશ કે ચીસો પાડતાં પાડતાં?"

" સાહેબ, તમારા પગે પડું. એમ્ના માટે ના કરવા જેવા કેટલાંય કામ કર્યા પણ, મારા માટે પ્હેલી વાર આવું કર્યું છે. સાહેબ, એમ્ને બૌ કગર્યો, પગાર વધારો. પણ, જવાબમાં ગાળો જ ખાધી. દીકરીના લગ્ન માટે ખૂટ્યા એટલે હાથ મારવો પડ્યો."

" શાબ્બાશ ચૌહાણ! બે મિનિટમાં જ ચોરી કબૂલાઈ દીધી. લ્યો સ્પેશ્યલ ડ્રાયફ્રૂટના લાડુ."

" શેઠ, તમારા પ્રમાણપત્ર કે લાડુનો હું મોહતાજ નથી. આની દીકરીના લગ્નનો અર્ધો ખર્ચો હાલ ટેબલ પર મૂકો નહીં તો એની પાસે એવું એવું કબૂલાવીશ કે તમને છઠ્ઠીનું ધાવણ યાદ આવી જશે!"

## 9 શંકાનું સમાધાન

પ્લૅટફૉર્મના બાંકડા પર ચુનરી 'ને રઘો બેઠાં. સાવરણા જોડે લઈને.

" હાલની ઘર ભેગાં થૈએ. માનીજાની."

" હો વાતની હેક વાત ઓલી ઢગરીન મારી પીઠ પાસળ ઘરમાં ઘૂહવા કેં દીધી?"

" ઈ વાત મેલ અવે. ઈમ્તો તુંએ મીણાસાયબની હોફિસમાં હું કર્તી ઓય સે?"

" હાતો કાલ્થી તું એક્લો કોમ કર્જે. મું ઘર હંભાળે."

રોજની ટ્રેનની રાહ જોતો મૌલેશ આ કથા સંભાળતો હતો. 'ને લાંબા અંતરાલ પછી એના મોઢા પર સ્મિત ફૂટ્યું. એને ફર્સ્ટ ટાઇમ હસ્યો હોય એવો આંનદ થયો. અને મૌલેશે એક નવા જ ઉમંગ સાથે પલ્લવીને મોબાઇલ જોડ્યો-

" હલ્લો! ડાર્લિંગ. આઇ એમ સૉરી. પ્લીઝ ફર્ગિવ મી."

## 10 સફેદીનો ચમકાર

" સબરસ લો સબરસ."

" ચાલ ભાગ ઐંથી. ભીખ માંગ્વાનાં નવા ન્વા કીમિયા હોધી કાઢે છે!"

" સાયેબ, હવે માગો તોયે નૈ આલું. તમાર નમકની નઈ હાકરની જરૂર સે."

કાળિયો તરત જ બીજા બારણાં તરફ આગળ વધ્યો.

બેસતા-વર્ષની બપોરે લિનનનો નવો નક્કોર સફેદ ઝભ્ભો પહેરી, પંચરવાળું બાઇક ઘસડતો પરસેવે લથપથ વિશ્રાંત સપરિવાર ફ્લૅટની બહાર નીકળ્યો ત્યારે નાકે એ જ કાળિયો ઊભો હતો. વિશ્રાંતે આંખ આડા કાન કર્યા પણ, કાળિયો બૂમ મારતો સામે આવ્યો.

" એ સાયેબ, આજતો હંધીય દુકાનું બંધ. લ્યો માતાજીનો પરહાદ ખાવ 'ને લાવો પંસર કરાવી દઉં. આજે મારા સિવાય તમારી ગાડી પાટા પર કોઈ નૈ લાવી હકે... હાહાહા!"

 © Gaurang Amin

## 11 આઠને બેએ... બેંગ!

" દાસ, આટલાં વર્હે મૈલા 'ને એય વતનથી હજારો માઇલ દૂર." ઠાકોરભાઈ ખુશ હતાં.

" ઠાકોર, છેલ્લે વિદ્યાનગર હૉસ્ટેલમાં પાર્ટી કરી'તી! તું આઇવોછ ઇનો મોનમાં કાલ પાર્ટી કર્યે. આજ હાંજે તો નીલુને જોવા છોકરાવાળા આવ્વાના છે."

" છોડી પૈણવા જેવડી થૈ જૈ 'ને અમ્ને બતાવતો હોત નથી 'ને ગામ્ને બતાવેછ?!"

" હારું, એક કોમ કર, હોંજે તુંએતે ઘરે આય. તમ બદ્ધા આવો. ઘેરજ રોકાજો."

પદ્માબેન 'ને શીલાબેન બંનેએ મળી નીલુને તૈયાર કરી બેઠાં પણ, આઠ વાગ્યા તોય કોઈ ના આવ્યું. નીલુને પરસેવો વળવા લાગ્યો. થાકીને ઠાકોરભાઈએ હિંમત કરી.

" 'લા દાસ, એમ્ને ફોન્તો કરકે હું થ્યું? અંઇ બચારી નીલુનો જીવ જાઇ છે."

દાસે સંદિગ્ધ મોઢે મોબાઇલ કાઢીને સીધો છોકરાનો નંબર ડાયલ કર્યો. ઠાકોરભાઈ, પદ્માબેન, શીલાબેન 'ને નીલુ આશ્ચર્યથી મોહિતના ખિસ્સામાં રણકતાં ફોનને જોઈ રહ્યા. અને દાસ 'ને મોહિત બાકીના ચારેય પર હસી પડ્યા.

## 12 દેશી ઑથેન્ટિક રાખ પર વિદેશી ફેક ચામડી

ત્રણ રાત સુધી સંનિધિ પર એ લોકો બળાત્કાર કરતા રહ્યા. મમ્મી મશીનગનના હડસેલા ખાતી દાદરામાંથી પડી એવી જ મૃત્યુ પામેલી. નાનાભાઈનો કોઈ પત્તો ન્હોતો. સંનિધિ એ સાતમાંથી બેને તો ઓળખી ગયેલી. અફઝલ 'ને યાસિન. વર્ષો જૂના પડોશી! ચોથા દિવસે પપ્પા લલિતભાઈ લેવાય એટલો સામાન લઈને શ્રીનગર પ્હોંચ્યા. હૉસ્પિટલમાં પુત્રીને દાખલ કરી. પોલીસ પાસે જવાની હિંમત ન્હોતી એટલે પંડિત સમાજના અગ્રણી મણી ગુર્તુને મળ્યા. એમણે રાજપૂતાના રાઇફલ્સના એક અધિકારીને વાત કરી. એજ સાંજે પુનાન-કોશ્નોરા ગામમાં આર્મીએ કૅકડાઉન ઑપરેશન કરીને ચાર પાકિસ્તાની આતંકવાદી વત્તા થોકબંધ હથિયાર ઝબ્બે કર્યા. પુત્રીનો હાથ પકડીને હૉસ્પિટલમાં આખી રાત આંસુ સાર્યા પછી થોડા ઘણા ન્યાયની અપેક્ષાએ લલિતભાઈ સવારે મોઢું ધોઈને "આફતાબ" હાથમાં લે છે. એમની નજર સીધી હેડલાઇન પર પડે છે-

" પુનાન-કોશ્નોરામાં ભારતીય લશ્કરનો આતંક: સાત કશ્મીરી બાનુઓ પર ગેંગ-રેપ"

લલિતભાઈને થયું આટલા મોટા લશ્કરનું મોઢું જ્યાં જુઠ્ઠાણાથી દબાવી દેવામાં આવે છે ત્યાં મારી કણસ તો કોણ સાંભળશે?!

## 13 લર્નિંગ-પ્રોસેસ

" તને કેટલી વાર કીધું કે હું ગ્લોવ્ઝ પહેરી લઉં એટલે સ્પિરિટ 'ને રૂ પકડીને તૈયાર રહે. ભાન નથી પડતી? ઇડિઅટ! ડુ યુ નો વૉટ ધ હેલ નર્સિંગ મીન્સ?"

" સૉરી સર." નિરીક્ષા નીચું મોં રાખીને ઊભી રહી.

" હવે સૉરીવાળી, બૉટલ બાજુમાં મૂક 'ને ઑઇન્ટમેન્ટ પાસ કર."

રાત્રે ઘરે જઈને રોજની માફક નિરીક્ષા રડી પડી. સામે પથારીમાં પડેલા પપ્પા બોલ્યા

" બેટા, કઈ નહીં. બધું આવડી જશે. ડૉક્ટર સાહેબનું જોઈને ધીરે ધીરે શીખતા રહેવાનું."


© Gaurang Amin

## 14 પ્રાયશ્ચિત

" પપ્પા, તમે કાયમ મારામાં ભૂલ જ કાઢ્યા કરો છો. પ્રતીક જેવડો હતો ત્યારેય 'ને અત્યારે આવડો મોટો થ્યો ત્યારેય હું જ ખોટો? વર્ષોથી શું એક જ લાકડીએ હાંક્યા કરો છો? ખોટેખોટું પ્રતીકને પંપાળ્યા કરવાનું. હું એનો બાપ છું, મને કશું તો ભાન હશેને?"

" બેટા, ખરું. પણ હું તારો બાપ થ્યો. તારો છોકરો કાલે ઊઠીને તને આમ્તેમ ના સંભળાવે એનો ખ્યાલ હું નહીં રાખું તો કોણ રાખશે?! છોકરો બાપની સામું બોલે ત્યારે કેટલું વાગે એ તને ક્યાંથી ખબર હોય?"

## 15 ડબલ-બેડ

દલ્પાએ નક્કી કર્યું હતું 'ફેરા તો હું ગાવડી હાથે જ ફરીશ. ભલેન ઈનો બાપ અતાર નો પાડતો. વખત કાયમ હર્ખો નથ રે'તો. અભિમાન તો રાજા રાવણનુંયે નતુંર્યું તો આ માલ્જી કૈ ખેતની મૂળી છે!'

છ મહિના વીતી ગયા. પણ, દલ્પો એનાં પૂરતીય એક ઓરડીની વ્યવસ્થા ના કરી શક્યો. એની હાથલારી એ જ એનું ઘર. રાતે તારા ગણતાં ગણતાં દલ્પો વિચારે ચઢ્યો.

'માલ્જીનું તો ખબર નહીં પણ મારું ગુમાન ઊતરી ગયું. આ જન્મે મારે ગાવડીને ભૂલે જ છૂટકો.' એટલામાં પડખા પાછળથી કોઈ હળવેથી રણક્યું-

"તે કૌ છું... ઓલા વણજારા વસ્તાર નઈ કરતા હોય?!"



© Gaurang Amin

## 16 સ્વપ્નસૃષ્ટિ!

રોટલાના ટુકડા કરીને દૂધમાં નાખ્યા. હાથથી ધીરે ધીરે મસળ્યા. 'ને બે છાલિયામાં ભરી કાશીબા બહાર આવ્યા. માપસરનો ઠંડો પવન હતો. ગણીને એક એક તારા ચોખ્ખા દેખાતા હતા. તમરાની ગાયકી ગુંજતી હતી. ખાટલા પર બેસીને કાશીબા 'ને સોમાદાદાએ ચૂપચાપ વાળુ કરી લીધું. બાકી કામથી પરવારીને બેઉ ચોરસા ઓઢીને આડા પડ્યા.

" કાશી, હેંડની ફોરેન જાઇએ. પેરિસ... મોજ કરીશું!"

" ના બા. મનતો વિમાનની બીક લાગે. ઇના કરતા આપણું કાશ્મીર હારૂં."

" ઠીક તાર. આજ ફરથી હું શમ્મી કપૂર 'ને તું શર્મિલા ટાગોર... કાશ્મીરમાં!"

અને બંને પોતપોતાની જગાએ સૂઈ ગયાં.

## 17 ડિજિટલ-મેચ્યોરિટી

" એ પોતાની જાતને ખબર નહીં શું સમજે છે? એમને બસ એમ જ કે એ કહે એ જ સાચું."

" હવે આપણે કૉલેજિઅન નથી રહ્યા. ગ્રેજ્યુએટ થઈને જોબ કરીએ છે. 'ને હજુ કોઈ સીનિઅર સિટિઝન હોય તો રિસ્પેક્ટ રાખીએ. પણ, આ ફોર્ટીપ્લસની નોટો તો બસ..."

" નથી યુવાનોને સમજવા કે નથી અનુભવીઓને ગણવા! એ તો જુઓ કે તમે અમારી ઉંમરે ક્યાં હતા 'ને અમે ક્યાં છીએ. આ ડિજિટલ-યુગ છે ડિજિટલ!"

ગલ્લા પર ઊભેલા ડટ્ટો અને બૂચિયો ઊભરો ઠાલવતાં હતાં એટલામાં ભડામ દઈને એક ટીનેજરે બાઇક ઠોક્યું. કાકા થેલી લઈને સાઇડમાં ચાલતા હતા 'ને પેલો કલાત્મક ટર્ન મારવા ગયેલો, મોબાઇલ પર વાત કરતાં કરતાં.

" આ કલરબાજો પાસેથી બાઇક જપ્ત કરીને એમને બરાબરના મારવા જોઈએ."

" આ કાકાય તે! પેલો હૉર્ન મારે, સિગ્નલ બતાવે તોય હેંડ્યા કરે! રસ્તોતો કાંઈ ચાલવા માટે છે?!"

## 18 શક્તિ-પ્રદર્શન!

" ના, હું નહીં આવી શકું. એ ના આવ્વાદે. એમ્ને મારથી આવું પૂછાય પણ નૈ."

" ડિઅર, તું નૉર્મલી શૉપિંગ કરવા નીકળે એમ નીકળવાનું, એમને ક્યાંથી ખબર પડશે?"

" ઓહ, હવે આ કૉલેજના દિવસો નથી 'ને મારા લગન થઈ ગયાં છે."

" મને નથી ખબર? તેં જે રોલ અપનાવી લીધો છે તેમાં કોઈ ફેર નથી કરવાનો. આપણે મસ્તી કરવા ભેગાં નથી થવાના. તારે કશું નથી કરવાનું. જસ્ટ પ્રેઝન્ટ રહેવાનું છે."

" વૃશ્નિતા, પણ મને કોઈ જોઈ જાય તો? ના..."

" મેરી જાન, ડોન્ટ ટેલ મી કે તારા 'એ' તને બુરખામાં પણ ઓળખી જાય છે! હાહાહા... અર્ધી કલાકનો સવાલ છે. પ્રેસ આવી જાય. ફોટા પડી જાય એટલે બસ. ક'મૉન. ધીસ ઇઝ અ વુમન્સ કૉલ. ઇન્ટરનેશનલ વિમેન્સ ડે પર અમારી સંસ્થાએ નક્કી કર્યું છે કે શક્તિ-પ્રદર્શનમાં એકાદ મુસ્લિમ મહિલા પણ સાથે હોવી જોઈએ."

## 19 પત્ની Vs સ્ત્રી

" બે વરસ થયાં. સવાલ સંતાનનો નથી. એના માટે તો સ્પર્મ-ડૉનેશન કે ઇવન ઍડૉપ્શનનોય ઑપ્શન છે જ. ઇસ્યૂ સૅક્સનો છે. દરેક વસ્તુની એક લિમિટ હોય!" પ્રેષા તૂટી તૂટીને થાકી ગઈ હતી. ગુસ્સામાં હતી. એકદમ ઑફેન્સિવ મોડમાં હતી.

રંગેચંગે પોતાની સહમતીથી એ રન્વિતની જીવનસંગિની બનેલી. અરેન્જ-મૅરેજની મર્યાદા સગાઈ દરમ્યાન પાળવાને કારણે પ્રેયસના ગે હોવાની તેને ગંધ પણ ન્હોતી આવી. ઉપરથી એ તો રન્વિતથી એકદમ ઇમ્પ્રેસ થયેલી. ' કેવો માયાળુ, કૅરિંગ 'ને સ્ત્રીને સમજતો વ્યક્તિ છે!'

" વેલ, એક રીતે જોવા જઈએ તો રન્વિતની પણ સમસ્યા તારા જેવી જ છે." સ્કૂલ સમયની બહેનપણી બોલી.

" તો પછી એ એનો પ્રૉબ્લેમ એ જેવી રીતે સૉલ્વ કરે છે, એવી રીતે હું પણ મારી સમસ્યાનું સમાધાન કરું તો એમાં કશું ખોટું નહીં કહેવાયને?"

## 20 જમીનદારી!

" વાઉ! જોરદાર ગાર્ડન છે. આ ક્રિસ્મસ-ટ્રી તો જો..."

" બધી આ ભૈયાજીની લેબર. મારા મૉન્ટીને થયા એટલાં વર્ષથી અમારા ગાર્ડનર છે. વિડો છે. નો ચાઇલ્ડ. આ પ્લાન્ટ્સ એ જ એમ્ના કિડ્ઝ! ભૈયાજી, એ સબ પૉટ્સ સાઇડમાં કરી દેજો. 'ને ઝાંપાકે સામનેસે આપકી સાઇકલ લેલેના. કાટનેવાલે કા ટૅમ્પો આતા હી હોગા. આ બદામનું ટ્રી કપાઈ કાઢું છું. લીવ્ઝનું બૌ રબિશ કરે છે. ભૈયાજી, સાડી તીનસો આયેંગે! આપકો પચાસ દુંગી. વેસેતો બદામ ખાચી ઇસમેં ઉસ્કી કિમતતો કબકી વસૂલ હો ગઈ. એ તો તુમ્હારા હમારા બોનસ. હાહાહા! ચલની અંદર. આઇસ્ટી પીયે!"

ભૈયાજીએ જવાબ આપ્યા વગર કામ ચાલુ રાખ્યું. કૂંડા બરાબર ગોઠવ્યા. પાણી પિવડાવ્યું. મોઢું ધોયું અને સાઇકલ લઈને ચૂપચાપ પાછું જોયા વગર ત્યાંથી નીકળી ગયા.

## 21 દેશી પંખી 'ને વિદેશી ચણ

સાંજે છોકરીવાળા ગયા પછી જીવાભાઈ 'ને દાજી ગપ્પા મારતાં બેઠાં હતાં. દોસ્તની ચિંતા પારખી દાજી સાચવીને બોલ્યા-

" છોકરી કે એના મમ્મી-પપ્પા ના પાડશે એવું લાગે છે?"

" ઊંહ એ શું ના પાડે? આપણા જીત્યાને જ કોઈ ગમ્તું નથી. એને ઇન્ડયા જૈને એની પસંદનું હોધ્વું છે. ક્હે છે અહીંની છોડીઓ ઘર નો હાચ્વે."

બંને મિત્રોએ વિચાર્યું કે જીતને છોકરી શોધવા દેશ જવું હોય તો જવા દેવો. પણ, એક શરતે. એ યુ.એસ. સિટિઝન છે એવું કહ્યા વિના છોકરી શોધવાની. હૈદરાબાદમાં જૉબ છે એવું બતાવવાનું. જીત ભારત આવી ગયો. મહા મહેનતે કોઈ છોકરી જોવા મળતી. એમાંય જો અંગ્રેજી આવડતું હોય 'ને ગમી જાય એવી ભારતીય-ટચ વાળી હોય તો ખબર પડતી કે જીત વિદેશ જવા તૈયાર હોય તો જ તેની હા છે. જીતે થાકીને સાચા બાયૉડેટા સાથે જાહેરાત આપી તો છોકરીનો રાફડો ફાટ્યો 'ને એય હા સાથે! અંતે જીતે ફોન કર્યો

" પપ્પા, આઈ ક્વિટ! હવે તો જ્યાં ઘર ત્યાંની જ છોકરી 'ને તમે અરેન્જ કરો એ જ ખરું!"

## 22 ઑપરેશન રી-ઇવૉલ્યૂશન!

પસંદગીદા દેશોમાંથી ચુનંદા નિષ્ણાતો ઊભા કરવામાં ગોરગ્યુલસે છ વર્ષ મહેનત કરી. જે તે દેશના રાજકારણી, ધર્મના વડા 'ને ઉદ્યોગપતિના વિરોધીઓ પસંદ કરીને એમને સિક્રેટ મિશન આપવું કઠિન હતું. પણ, મેજર જનરલ ચ્યુ મોઈએ એકની નીચે બીજી કંપની, એની નીચે ત્રીજી એમ એટલું સંકીર્ણ મૅનેજમેન્ટ લેવલ બનાવ્યું હતું કે કોઈ સરકાર કે મીડિયા આંગળી પણ ના કરી શકે. એક ભાગ જર્મનીમાં બને તો બીજો યુક્રેનમાં તો ત્રીજો ભારતમાં. ક્ષેપણમ ટેક્નિકલ જનરલ હતો. કંપનીમાં દરેકનો હોદ્દો મિલિટરીની પૅટર્ન પર આપવામાં આવ્યો હતો. વીપી એટલે બ્રિગેડિઅર. મૅનેજર એટલે કર્નલ. G-5 દેશોની સૅટેલાઇટ વેપનરિ સિસ્ટમના સોદાઓમાં ગોરગ્યુલસને એક પણ ડૉલરનું કામ ન્હોતું મળ્યું ત્યારથી એનું ફટક્યું હતું. એના સદનસીબે પાછો એને ક્ષેપણમ મળી ગયો. આખરે ત્રીસ માર્ચ, ૨૦૫૦ના રોજ ક્ષેપણમે ગોરગ્યુલસનો ભરોસો સાચો સાબિત કર્યો.

" સર, ઑગેન્ગા-આરુ ઇઝ રૅડી. ફર્સ્ટ ટાર્ગેટસ લૉક્ડ. અબૉર્ટ ઑર..." અને G-5 તેમજ તેના સાથી દેશોના લશ્કરના કૉમ્પ્યુટર-તંત્રની મૃત્યુઘડી ગોરગ્યુલસના 'ગો'ની રાહ જોવા લાગી.

 © Gaurang Amin

## 23 નોર્થ એન્ડ સાઉથ

એક તો વરસના વચલે દિવસેય જાતે કશું બનાવવાનું નહીં, ફક્ત વઘાર-મસાલો કરીને બધાંની વાહ વાહ લેવાની 'ને છતાં વાસણો પછાડવાના? " શું થયું?" મેં રસોડામાં જવાની હિંમત ના કરી.

" અરે આ સંભારનો સ્પાઇસ કોણ ઉપાડી આયું છે? યુ શુડ રીડ. કોઈ લુધિયાણાની પ્રોડક્ટ છે. એ પંજાબીઓને તે વળી સાઉથ-ઇન્ડિઅન સ્પાઇસ બનાવતા આવડતો હશે?"

" એવું ના હોય. આ કંપની મિનિમમ પચાસ વરસથી બિઝનેસ કરતી હશે."

" તે હુંય તે પચ્ચા વરહથી સંભાર બનાવું છું."

" સારું મમ્મી, હવે નેક્સ્ટ ટાઇમ તમે કહેશો એ જ લાવીશ."

હવે આ ગુજરાતણને બીજું તો હું શું કહું? અરે, પંજાબી 'ને સાઉથ-ઇન્ડિઅનમાં મજાનો મેળ પડે 'ને પનીર-ટીક્કા-ઢોંસાય બને 'ને મૈસુર-પરાઠા વિથ રસમ પણ બને. પરંતુ, હું એય જાણું છું કે સાસુ 'ને વહુનો મેળ આવે એવું કદી ના બને!

 © Gaurang Amin

## 24 ગુરુ-દક્ષિણા

" વેલકમ મેટસ! આજે આપણે એક વિશિષ્ટ કારણથી ભેગાં થયા છીએ એટલે આ પ્રોગ્રામને કોઈ ફોર્મલ લૂક નથી આપ્યો. આપ જાણો છો, જે સ્કૂલમાં આપણે જીવનનો પાયો નાખ્યો ત્યાં મલ્ટિપ્લેક્સ બની રહ્યું છે. આજે જૂનાં વિદ્યાર્થી-શિક્ષકો સૌએ ભેગાં થઈ સ્કૂલને જીવતી રાખવાની પ્રતિજ્ઞા લીધી છે ત્યારે સૌ ઉદાર હાથે ફાળો આપીને...". આ બાજુ એક સમયનો સ્ટાર-સ્ટુડન્ટ રવિ ભાષણ આપતો હતો. બીજી બાજુ સ્કૂલના સિદ્ધાંતવાદી 'ને સૌના પ્રીતિપાત્ર રિટાયર્ડ શિક્ષક વજુભાઈ મોઢું નીચું કરીને સભાત્યાગ કરવા પગ ઊપાડી રહ્યા હતાં. એક પણ ટ્યૂશન કર્યા વગર બે છેડા કેવી રીતે ભેગાં રાખ્યા એ એમનું મન જ જાણતું હતું. ' મારું દિલ ઉદાર છે પણ હાથ...'

" ...અને સૌથી પહેલો ફાળો આપે છે શ્રીવજુભાઈ, રૂપિયા સવા લાખનો."

વજુભાઈએ પાછળ વળીને જોયું. રવિએ તેમની તરફ ભીની આંખ મિચકારી.

## 25 વ્યવહાર

મુક્તકનો આજે ફાઇનલ ઇન્ટરવ્યૂ હતો. વરસ-દિવસથી જે જૉબ માટે એ મહેનત કરતો હતો તેનું ફળ લેવાનો સમય પાકી ગયેલો. મમ્મી-પપ્પા છેક ઝાંપા સુધી મૂકવા આવ્યા. બંનેની આંખો વિશ્વાસ 'ને શ્રદ્ધાથી ચમકતી હતી. રિન્તુડીએય એના ભાઈને હસીને બેસ્ટ-લક કીધું! બે વર્ષમાં પપ્પા રિટાયર થશે. રિન્તુના લગ્ન પણ લેવાના થશે. આખા કુટુંબની શુભેચ્છા મુક્તકની સાથે હતી. અને આશા પણ. હવે તો સફળ થયે જ છૂટકો!

પણ, મુક્તક ઇન્ટરવ્યૂમાં ફેલ થયો. કૈંક અગમ્ય ઘટના ઘટી હતી. લાગવગ? લાંચ? એનું મગજ કહેતું હતું કે નક્કી કોઈક વ્યવહાર થયો છે. અલબત્ત, એ નાસીપાસ થયો. પરંતુ, મમ્મી-પપ્પા? એણે નક્કી કર્યું કે મારા મા-બાપના આશીર્વાદ કે પ્રાર્થના કરતા બીજાના મા-બાપની આવડત કે તાકાત વધારે છે એવું હું સાબિત નહીં જ થવા દઉં. હું ઘરે જઈને કહીશ કે મને જે સવાલો પૂછેલાં તેમાંથી મને ઘણાં ના આવડ્યા એટલે હું ફેલ થયો.

## 26 હિસ્ટ્રી મસ્ટ નોટ બી રિપીટેડ બાય અવરસેલ્વ્ઝ!

'બાબુલ કી દુઆએં લેતી જા...'

"આ ગાયન બંધ કર ભઈ." પાછલી સીટમાંથી ખભે માથું મૂકીને રડતી દર્શનાને માથે હાથ ફેરવતાં સુપાતે ટૅક્સિ-ડ્રાઇવરને બૂમ મારી.

છવ્વીસ વર્ષ પહેલા ભાગીને લગ્ન કરેલા ત્યારનું આ દ્રશ્ય એ બંધ આંખે જોતો રહ્યો. આજે એકની એક પુત્રી નિકૃતિ એ જ હિસ્ટ્રી રિપીટ કરવા જઈ રહી હતી. આંખો ખોલીને સુપાતે દર્શના સામું જોયું. બંનેના મોઢા પર સુક્કું સ્મિત તરી આવ્યું. નિકૃતિના લગ્ન પછી શાંતિથી છૂટાછેડા લઈશું એ સ્વપ્ન એમની નજર સામું રોળાઈ રહ્યું હતું.

" દર્શના, છોકરામાં મને કોઈ વાંધો દેખાતો નથી પણ એનું ફૅમિલી-બૅકગ્રાઉન્ડ..."

" 'ને નિકૃતિના ફૅમિલીનું ફોર-ગ્રાઉન્ડ... ફ્યૂચર? સુપાત, જે થશે તે થશે, પણ આપણી દીકરી 'બાબુલ કી દુઆએં લેતી જા' ઘરેથી ભાગીને ગાડીમાં સાંભળે કે પછી આપણા ઘરમાં, એ આપણે નક્કી કરવાનું છે."

## 27 પ્રકૃતિ

ખાસ્સી ચઢાઈ કરી લીધી. તોયે ટોચ ક્યાંયે નજરમાં નથી આવતી. સવારે ચાલુ કર્યું ત્યારે નદીનો કિનારો, ઉત્તુંગ વૃક્ષો 'ને કલબલ કરતા પંખીડા હતા. અને અત્યારે ગણીને એક ઝાડ ના દેખાય. નદી તો શું જોડે બૉટલમાં હતું એ પાણી પણ ગાયબ થઈ ગયું. પક્ષીના નામે માખી પણ જોવા નથી મળતી. અને તડકો કહે મારું કામ. હન્ટર શૂઝ બધી રીતે સારા કામમાં આવ્યા પણ ડંખે છે બહુ. એવું લાગે છે કે જે થવાનું હોય તે થાય પણ, બૅકપૅકમાંથી એકેક કરીને બધું ફેંકી દઉં કે પછી આખે આખો થેલો!

" થાક્યા દોસ્ત. આખી ટીમ પેલાં રસ્તે ગઈ 'ને આપણે બે જ આડા ફાટ્યા."

" વહેણની સામે નહીં, નવું વહેણ બનાવી તેમાં તરવા ચાલ્યા. હાહાહા!"

" એટલે ભોગવવું તો રહ્યું જ. બહુ તરસ લાગી છે. 'ને ભૂખ પણ. ક્યાંય છાંયડોય નથી."

" સાચું કીધું. જોવાની ખૂબી એ છે કે નીચેની ખાણી-પીણી, છત 'ને સુરક્ષા છોડીને શું શોધવા ઉપર ચઢીએ છે તે આપણને ખબર ન્હોતી. હવે અહીં આટલે આવીને એટલું સમજાય છે કે જે નીચે સહજ ધારણ કરીને બેઠાં હતાં તે ઉપર જઈને આપણે ફક્ત ધારવાનું છે!"

## 28 'ને આકાશનો છેડો ફાટ્યો!

કોમી હુલ્લડમાં ત્રાસવાદીઓ સક્રિય થશે એવું સરકારે પણ ન્હોતું ધાર્યું ત્યાં ક્રિયાંશની શું વિસાત? દોસ્તો 'ને કુટુંબીઓ તો કહેતા જ હતા કે બૉર્ડર પરથી ક્યાંક આપણા વિસ્તારમાં આવી જા. પણ, વર્ષોનો અનુભવ 'ને પૈસાની મર્યાદા બંને ક્રિયાંશને ભાઈ ગણતાં રહ્યા. સારું હતું કે પપ્પા 'ને એ બે જ જણ ઘરમાં પૂરાયેલાં હતાં. લશ્કર નજીકમાં જ હતું પણ, કોણ આપણાવાળો 'ને કોણ સામેવાળો એ લોહી નીકળે ત્યારે જ ખબર પડે એવામાં એય શું કરે? ક્રિયાંશે પપ્પાને કીધું કે તમે નીચે જ રહેજો, હું સહેજ ઉપરથી જોતો આવું. ઉપલા માળે ધાબે ખૂલતી નિસરણીને ઢાંકતા બારણાની તિરાડમાંથી એણે જોવાની કોશિશ કરી. એને આગ 'ને ધુમાડા સિવાય માત્ર લીલી રોશની મઢેલી મસ્જિદ દેખાઈ. એ રડી પડ્યો. કોઈનીય સાંભળવાની પરવા કર્યા વગર એ બોલ્યો-

'હે અલ્લા, હવે તો તું જ રક્ષા કર. તું કહીશ તો હું મુસ્લિમ થઈ જઈશ. પણ, આમાંથી બચાવી લે. હે બાપ, બસ આમાંથી બહાર કાઢ...'

'ને ત્યાં જ નીચેના માળે એના પગલાં નીચેની સીડી પણ તૂટી પડી એવો ધમાકો થયો.


© Gaurang Amin

## 29 મદનદ્યૂત

અસ્પેસ્યાના ફ્લેમેન્કોના રાજા ગુરુલિંગમ બંદી હતા. પણ, એના પ્રમદા દેહથી તૃપ્ત થઈ ગયેલા. વૈદ્ય, હકીમ 'ને ગોરા ડૉક્ટરે સૂચવેલી રાતે રાજા આવતા. પરંતુ, સંગ પૂર્વક્રીડાને  અનુક્રમતો નહીં. અસ્પેસ્યાએ જાણ્યું કે સિયામની લિક્યીના શિશુવત તનના રાજા દાસ થયા છે, સ્પર્ધક દ્રવિડ રાજ્ઞીઓ નથી. લિક્યીની નિષ્કૃતીથી જ એ પટભોગ્યા બનશે. એણે પાચકવર્યને પામવાનો નિષ્ફળ યત્ન કર્યો. રતિવિદ ભગ્નિ સાથે સમલૈંગિક થવાનો અનાપ્ત વિયાસ કર્યો. પણ, જીત્યો અંત્યઘાત. કામલીલાનો આખેટ બનેલા રાજકાલજ્ઞ શ્લિકુમે રાજાના કર્ણમાં વિષ રેડ્યું. 'ને સિયામી ભાષાથી અજ્ઞાત ગુરુલિંગમે અભિસ્ત્રાવ પળે સરતી લિક્યીની ચરમકણસને દ્વેષસ્વર માની લીધાં. અથાપિ શ્લિકુમે રાજનને પુષ્ટ કર્યા કે લિક્યી રાજ્યવધૂ થશે તો વિદ્રોહ ટળી જશે. કિન્તુ, અસ્પેસ્યા અનભિજ્ઞ હતી કે શ્લિકુમ ભગ્નિને વશ્ય હતો, ભગ્નિ આર્ય સંવૃતા રસિષ્ઠા સહ મંજુબદ્ધ હતી. અંતે, લિક્યી જનકૃષ્ણા બની 'ને ભગ્નિના ગુપ્તચર પતિ ઘોષણા કરે છે કે નદીએ સુબંન્ધિત વિપ્લવીઓની પંકિલમાંથી અસ્પેસ્યાના અંત:વસ્ત્રો મળ્યા છે. ફલત: અસ્પેસ્યા મૃત્યુદંડ પ્રાપ્ત કરે છે.

## 30 કિસ્મતનું જડબું!

કૉલેજકાળથી લવબર્ડ્સ તરીકે જાણીતા હનીમૂનર ત્વત્સમ 'ને શતધા કોરોમેંડલના નીલા સાગરમાં કાયએકિંગ કરતાં દૂર નીકળી ગયેલા 'ને શાંતિથી સૂતેલાં મોજાંએ પડખું બદલ્યું કે હોડકું ઊંધું પડ્યું. હેલ્મેટ 'ને લાઇફ-જૅકેટ હતા તે સારું થયું. પણ, કિનારોય ના દેખાય એવા ઊંડા દરિયામાં ડરી ગયેલા બંને હોડકું ચત્તું કરવાની બાબતે પ્હેલી વાર બાખડી પડ્યા. એવામાં શતધાએ થોડેક દૂરથી બે ત્રણ ખૂબ મોટી માછલીઓ આવતાં જોઈ.

" ડાલુ, આપણે તો ગયા. એ જો  શાઆ...ર્ક!" શતધામાં સૂદ ઉમેરાઈને અસલ પ્રેમ જાગ્યો.

" ઓહ! ડાલી, જલ્દી અહીં આવ. આપણે હોડકા પર ચઢી જઈએ." ત્વત્સમે એને ખેંચી.

મોતની બીકમાં રડતાં બેઉ વળગીને કો'ક જન્મે સુખેથી ફરી મળવા સૉરી સૉરી કરવા લાગ્યા.

" ડાલુ, પ્લીઝ ફર્ગિવ મી. સગાઈ પછી તું દિલ્હી ગયો ત્યારે... આઇ ચીટેડ ઑન યુ."

" ડાલી, મનેય માફ કરી દે. દિલ્હીમાં ફ્રૅન્ડઝ સાથે હું પણ બહાર ગયેલો. થ્રી ટાઇમ્સ."

'ને બેઉ મનુષ્યનું હ્રદયદ્રાવક આક્રંદ જોઈને ડૉલ્ફિન્સ એમને મોં બતાવ્યા વગર જતી રહી!

## 31 પીગળી ગયેલું મીણ

" આવીયા દસની એક 'ને ઓપા પડી એ દસની બે."

" આટલી મોંઘી? તમારેય કમાઈ જ લેવું છે! આ આખા ગામમાં વીસની ડઝન મળે છે."

" લેવી ઓય તો લ્યો. આંયા રોડ પર મફતમાં નહી બેહાતું. અઈનું અઈ મળેસે ઈ જુઓની."

" બેન, એક સ્ત્રી થઈને આવું કરશો? આ કૅન્ડલ-માર્ચ અમે સ્ત્રી-સુરક્ષા માટે જ કરીએ છીએ. હું વુમન પ્રોટેક્શન મૂવમેન્ટ, સ્ત્રીઓ માટે કામ કરતી સંસ્થામાં..."

" ઈ તમી જે હોય ઈ મારે હું?! મું હોય કે મારી મા હોય કે મારી દીકરી, અમાર માટે કયે દહાડે સર્ઘસ કાઈઢું તું? મારા રોયા, અમાર્તો આખી જિંદગી મીણબત્તી જેવી જ રૈ!"

## 32 પર-વાસી

તાત્યાને ફિકર ફક્ત ચરસની હતી! સ્પેનિશ પ્રવાસીઓએ કીધું ન્હોતું પણ એને સ્મેલ આવી ગયેલી. ટુરિસ્ટ-એસ્કોર્ટ તરીકેના કામમાં એ પ્હેલી વાર આ રીતે ફસાયો હતો. ત્યાં આછું અંધારું થઈ ગયું એવો. તાત્યા પસ્તાયો. ' મેંય ક્યાં દલખાણીયાવાળો રસ્તો લીધો? બાબરીઆના ડુંગરાઓમાં પ્હોંચવા માટે બીજા રસ્તા હતા. પણ, જેમના માટે ખાસ આ અભયારણ્યનો રસ્તો લીધો, એ તો આખા રસ્તે ફ્ખીંગ ફખિંગ કરીને ગાળો જ બોલ્યા કરે છે! પોતાની કર્મભૂમિ ગીરને કોઈ ગાળો દે એ તાત્યાથી સહન ન્હોતું થતું. જંગલના રસ્તા તો જંગલી જ હોયને! 'ને હાવજ તમારી ગોરી ચામડીના દર્શન કરવા પૂંછ હલાવતો થોડો આવે?! સેંચૂરીના રૂટ પર પાંચની સ્પીડેય ગાડી હાંકવી પડે. પરંતુ, આ લોકા તો હજુ ભારતને એમનું ગુલામ જ સમજે છે. જ્યાં 'ને ત્યાં ઊભી રખાવે 'ને નીચે ઉતરે.' એવામાં અર્ધે પ્હોંચ્યા હશે 'ને ઝાડીમાંથી ત્રણ સિંહણ 'ને છ બચ્ચા આવી ચઢ્યા 'ને રોડ પર બેસી ગયા. નીચે ઊતરેલા બંને સ્પેનિશ દોડીને ગાડીમાં ભરાઈ ગયા. ઉતાવળે કાચ ચઢાવીને એકી સાથે બોલ્યા.

" ક'મોં લેત'સ મુઉવ ફ્રૌમ ઈયર!"

તાત્યા ટાઢકથી બોલ્યો " સૉરી, વી હેવ ટુ વેઇટ ટીલ ધિઝ 'ફ્ખીન્ગ' લાયન્સ મૂવ ફ્રૉમ હિઅર!"


© Gaurang Amin

## 33 હિંસા પ્રેક્ટિકલો કર્મ!

શોભાબેન બરાબરના બગડ્યા હતાં. 'જેવાં કાગડા માટે ગાંઠિયા મૂકું કે તરત જ કબૂતરાં આવી જશે. સાવ નફ્ફટ! પાછાં લોકો કહે છે શાંતિના દૂત. અહીં આવીને જુઓ તો ખબર પડે કે એમની રગેરગમાં કેવી હિંસા ભરેલી છે.' એમણે ઝાપટિયાથી એક કબૂતરને લગભગ ઝપેટી પાડ્યું. આ યુદ્ધ ચાલતું હતું ત્યાં ધડામ દઈને જાળી ખૂલી 'ને એમની પૌત્રી દિવ્યા સ્કૂલેથી રડતી રડતી ઘરમાં આવી.

" બા, આજેય બધાં મારો નાસ્તો ખાઈ ગયા."

" ઓલ્લુલુ... મારો દીકરો. એમાં રડવાનું શું? એવો કેવો કોઈ આપણો નાસ્તો લૈ જાય? કાલથી તું તારો નાસ્તો કાઢતી જ ના. કોઈ તારો નાસ્તો ખૂંચવી લે એ પહેલાં તું જ કોઈનો નાસ્તો લૈ લે જે."

## 34 નેચરલ-રીફ્લેક્સ

" તમે હા કેમ પાડી? કાકીએ હાથે કરીને કંકોત્રી ન્હોતી મોકલી. સગાઈ પણ આપણાથી છુપાવીને કરી. ગણેશ-સ્થાપનમાં તો મોટા જમાઈ બેસે, પણ ગોર મહારાજે કીધું હશે કે મંડપ-મુહૂર્તમાં તો ઘરનો જ છોકરો જોઈએ એટલે તમે યાદ આવ્યા. લગનના બે દહાડા પ્હેલાં એકના એક જેઠના એકના એક છોકરાને નોતરું આપતાં એમ્નેતો ખચકાટ ના થયો પણ તમનેય હા પાડતાં... તમે એમ કેમની હા પાડી દીધી?"

મેહાની આંખ ભીની થઈ ગઈ.

" સાચું કહું, મેં કશું વિચાર્યું જ નહીં. મારાથી હા પડાઈ જ ગઈ..." વિરામનો અવાજ ગંભીર થયો " ...કદાચ આપણા લગ્ન યાદ આવી ગયા. લગનના ખર્ચાનો એકેક રૂપિયો માથામાં વાગતો'તો ત્યારે કાકા તેમના તરફનો બધો ચાંલ્લો-ભેટ 'ને ઉપરથી અંગત રીતે આશીર્વાદના ઉમેરીને લગન પહેલા જ રોકડા લઈને આવ્યા હતાં. હું આ ભૂલી ગયો હોઈશ, પણ મારું મગજ નહીં ભૂલ્યું હોય એટલે..."

 © Gaurang Amin

## 35 વે'વારમાં તે'વાર નૈ!

તું કોણ? પૂછો તો ચિડાઈને કહશે 'કનૈયાલાલ'. પૂછનારો જોકે એક મૃત આંખ જોઈને બબડશે 'કાણિયો'. નાનપણમાં માબાપ જે શેઠના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા એમના પ્રિન્સે હવાઈ સળગાવેલી તે સીધી કનૈયાલાલની આંખમાં. માબાપ ભૂલી ગયેલા. પણ, કાણિયાને એ દિવસથી દિવાળી તો ઠીક, તમામ તહેવારોથી નફરત થઈ ગઈ. ભગવાનનું નામ પડે 'ને કાણિયાની એક આંખ લાલચોળ થઈ જાય. કાણિયો કહો એનો વાંધો નહીં. વાંધો એને કાનિયો કહો ત્યારે પડે. લિંબડીયા વાસમાં બધાં એને સમજી ગયેલા. પરંતુ, આમ એ એકદમ બાઈડી જોડે છેડો ફાડવાનું કહે એ કોને સમજાય? બસ, જામ્લી આ ગનેશમાં મૂર્તિઓ વેક્વાનું કોમ નો કર્વી જોવે. પોતાને રોજની મજદૂરી મળેય ખરી 'ને નાય મળે. ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે. પણ, કાણિયો કહે મું મ્હારો સિદ્ધોન્ત ને છોડું. પૈણીને લાયો ટાણેજ કૈ દીધેલ, આ ઘરમાં ભગ્વોન નોમ્થી નો જોયે. એથીય ના અટક્યું તે મૂર્તિઓ કાણી કરવા લાગ્યો. કોઈ બેની વચમાં ના પડ્યું. અંતે ના છૂટકે જામ્લીએ રસ્તો કાઢ્યો. તુંન મું ભેળા થૈન પોટલી વેકીશું. ગનેશમોં પીધા વના કુણ નોચી હક્વાનું સે?!

## 36 ભૂખ

" બુન, આંયા નઈ, આ હોમે સે ઇના પૂરી-હાક ખવડાવો."

" અલી, ખરી તું તો, માંગીને ખાવું 'ને ગરમ ખાવું?! અહીંથી જે લેવું હોય એ લઈ લે."

" પણ, આવોયા મન જોઈન હાવ ઓછું આલ્હે 'ને ઈનું હારુંય નથ આવતું."

" મને એમ્કે સારું કરીએ. પણ તું તો ધરમની ગાયના દાંત ગણે છે! છોડ, મારે કશું નથી આપવું."

કોર્ટનું કામ પતાવીને નીકળેલા ક્ષમાબેને ચાલતી પકડી.

" હાહાહા! મૅડમ આવાને મોઢે ના ચઢાવાય. આનું તો આ રોજનું થયું."

સામે વાહનો પાર્ક કરીને બેઠેલા લોકોમાંથી કોઈક બોલ્યું.

" નાલાયકો. પોતે ડોઝું ભરીને બેઠાં. હું આંય કાલ્ની ભૂખની મારી ટણપાઉં સું. ગોંડી 'ને ભિખારી કૈન કામ કશું આલ્તા નથ. હમણાં જવાન કે ભરાવદાર હોત તો?"

## 37 ખબરપત્રી સમાચાર ચાળતાં, છોકરાં...

" ...સરૈયો મોઢામાં રસ્સી ભરાવીને ગીતાને કૂવામાંથી બહાર કાઢવા લાગ્યો. ત્યાં, બગાઈબેન આવ્યા. એમની ધૂનમાં મસ્ત. એ સરૈયાના ગળે વળગ્યા. સરૈયાએ ડોક વીંઝીને શિંગડું માર્યું. પણ, ઊલટાનું એને જ વાગ્યું. એણે સિસકારો કર્યો. ગીતા પાછી ગઈ મેં મેં કરતી કૂવામાં! એટલામાં અમરત ડોલતો ડોલતો આયો. એ સૂંઢમાં વડવાઈભેરવીને ગીતા ઉલેચતો હતો ત્યાં આમથી હીરો પૂછડી પટપટાવતો પ્રગટ્યો 'ને થાંભલા પરથી જીવણ કાકાકા કરતો ઊતર્યો. બધાંએ ચર્ચા ચાલુ કરી. પણ, ખબર નહીં ક્યાંથી ગુલશન કાદવ-એંઠવાડથી રંગાયેલું એનું આખું કુટુંબ લઈને દોડતો ચઢી આયો 'ને..."

ભાભાએ ખોંખારો ખાધો. પાઘડીનું ઓશીકું બનાવી ઢોલિયા પર આડા પડ્યા.

" છોકરાંઓ, ચાલો ઘેર જૈને લેશન કરો. તડકો માથે ચઢી ગયો છે. બાકીની વાત કાલે."

## 38 ઝેરી કાચબો

ઘરના બધાં સમજી ગયા હતા કે વિધિમાસી આવે એટલે ચા પીશે, કઈનું કઈ ખાશે 'ને છેલ્લે કશું માંગીને લઈ જશે. એમને ઘરે જાવ તો પાણીય માંડ પૂછે! એક વાર મીનુ સેવનો સંચો પાછો લેવા ગઈ તો એ સંચાની જોડે ઘરે આવ્યા 'ને ડબ્બો ભરીને સેવ લેતા ગયા. 'ને ડબ્બો તો ઠીક પણ, સંચોય લેતા ગયા. ભક્તિબેન દીકરી મીનુને સમજાવે કે બહુ પૈસો આવી જાય પછી જીવ આવો થઈ જાય. મીનુ હાએ હા ભણી લેતી. પણ, આજે તો હદ જ થઈ ગઈ. વાસ્તામાં જોડે જઈશું કરીને તૈયાર થવા આવ્યા. અને ભક્તિબેન જે સાડી પહેરવા માંગતા હતા તે પહેરી લીધી. ઉપરથી મીનુની સગાઈ માટે જે બંગડીઓ કરાવી હતી એય ઠઠાડી દીધી. પાછાં કહે 'મારેય આ જ ઘાટની બનાવડાવી છે.' મીનુને ફાળ પડી કે બંગડી ગઈ!

" માં, જોજે આ તારી બેન મારી સગઈના દહાડે મારો તાયફો ના કરે." ઘરે આવીને મીનુ બગડી.

" ના રે બેટા સાચું કહું, એ દિલની એકદમ સાફ છે." કહીને મમ્મા ન જાણે કેટલામી વાર મનોમન બબડી 'વિધિડી નાનપણની એકેએક વાતનો કાચબાની ગતિએ બદલો લે છે.'

## 39 લાસ્ટ પિરિઅડ

"પ્રિયા, ગયા વીકે કુંભલગઢ ફરીને આયા. તેં કીધું એસી જોઈએ તો એસી લાવ્યો. બેડરૂમમાં ટીવી જોઈતું'તું તો મેં ટીવી સાથે ચૅનલ-ડીવીડી બધું લગાડી દીધું. હવે શું છે?"

"ટીવી તો આપની પ્રિય માતૃશ્રી બહારના રૂમમાં શાંતિથી જોઈ શકે એટલે તું બીજું લાવ્યો. મને ઉલ્લુ સમજે છે? એટલો બધો જ પ્રેમ હોત તો કેટલાંય વખતથી કીધું છે હીરાનું મંગળસૂત્ર કરાવવું છે."

ચેતન ચૂપચાપ ત્યાંથી નીકળીને ધાબે જતો રહ્યો.

'ઉફ્ફ! પ્રિયાના મૂડ સ્વિંગ્સ. બે નવજાતના દફન કરતા તો આ એક મૅનોપૉઝના અગ્નિસંસ્કાર મને ઘણાં મોંઘા પડશે!'

 © Gaurang Amin

## 40 દોષશ્લાઘા

બંને બહેનો મોટી થઈ ગઈ. પરણી ગઈ. અને સુખી હતી. આજે વર્ષો પછી એમના જૂનાં, મૂળ નિવાસસ્થાને પાછી ભેગી થઈ.

" મમ્મી-પપ્પા નથી રહ્યા પણ એમની યાદો હજુ અહીં જીવતી છે."

" હા, ક્યારેક આ જગ્યા આપણું ઘર હતું. આપણા બધાંનું."

" ટાપુર, તને યાદ છે, મમ્મી સાથે તું પાછળના ઓરડામાં રહેતી હતી 'ને હું પપ્પા સાથે આગળ! પછી આપણે સ્કૂલમાં એમની વાતો શેઅર કરતાં."

" કેમ ભૂલાય ટુપૂર?! પપ્પા મને જે શિખવાડતા એ જ શીખ મમ્મી તને આપતી. બંને જણ એકબીજા માટે એવું કહેતા કે આ એના કરમથી જ દુખી છે, જૈસી કરની ઐસી ભરની!"

" ખરું. પણ, આપણે તો એટલું જ શીખ્યા કે આપણે તો ફક્ત એમના કરમથી જ દુખી હતાં."

## 41 અંતિમ સત્ય

લાડ સાહેબ વિરેશના ગામમાં પૉપ્યુલર હતાં. કોઈ સળંગ ડાહ્યો થતો હોય તો સામેવાળો કહેતો 'ખોટી ખાંડ ના ખઈશ... લાડ સાહેબ કહે એ જ ફાઇનલ!' વિદ્યાર્થીઓ, વાલી 'ને શિક્ષકગણ સૌ કહેતાં 'સાહેબ એટલે એનસાઇક્લોપેડિયા, જ્ઞાન ઘોળીને પી ગયા છે!'

"અરે વિરેશ, પ્લીઝ હેવ એ સીટ. હોપ ઑલ વેલ." પથારીમાંથી સાહેબ બોલ્યા.

"યસ સર, ઑલ વેલ. બસ તમને આ હાલતમાં જોવાનું ગમતું નથી."

"ક'મોન! આ લાઇફનો ફાઇનલ ક્લાસ છે. હવે સમજાય છે, સૉક્રેટીસ કેમ કહેતા કે મેં કીધું એ બધું ભૂલી જાવ. ડિઅર, જ્ઞાન એ પાવર નથી. નૉલેજ ઇઝ જસ્ટ અનધર સોર્સ ઑફ કૅલરી! ઍટ ધ ઍન્ડ ઑફ ધ ડે માણસને શું જોઈએ? ગ્લુકોઝ. હાહાહા."

વિરેશને લાડ સરની બેજાન મૂર્તિમાં જીવ રેડી દે એવી ઘણી વાતો યાદ આવી. પણ, ત્યાં સરને કઠપૂતળી બનાવીને શાંતિથી લટકતી ગ્લુકોઝની બૉટલ દેખાઈ.

## 42 રબ ને બના દી જોડી!

ટ્વેલ્ફ્થ બૉર્ડના છેલ્લા સેમિસ્ટરની પરીક્ષા. રેતન એકલાને ખબર કે પોતે ખાસ વાંચ્યું નથી પણ, વાતાવરણની સાથે કદમ મિલાવતો એ કલ્પનાની ચમક સાથે બેંચ સુધી પહોંચ્યો. પેપર આવ્યું. એણે બંને હથેળીમાંથી મુક્ત થઈને આંખ ખોલી તો બાજુમાં બિલકુલ તેની પસંદગી મુજબની છોકરી. રેતનને થયું ચાલો પરીક્ષા કોઈક રીતે તો સારી જશે! પણ, જ્યારે જવાબપત્ર ભરવા બેઠો ત્યારે એને વિચાર આવ્યો કે પેલી હોશિયાર હોય તો? રેતનને થયું માર્યા ઠાર, આ જો જાણી ગઈ કે હું ડફોળ છું તો તો ગયા કામથી. રફકામ કરતો હોય એમ પેન ઘૂમાવતા એણે મગજને ચગડોળે ચઢાવ્યું. 'ને એને સ્પાર્ક થયો કે જે પૂછયું હોય તે નહીં પણ, જે આવડે છે તેનાથી આન્સરશીટ ભરવી. આ ચશ્મીશ તો વેદિયણ હશે એટલે મારામાં જોવાની નથી. રેતન ઊંધું ઘાલીને રોજ પેન દોડાવતો રહ્યો. ત્રીજા દિવસે પેલી સામેથી હસી. એને થયું પાર્ટી ઇમ્પ્રેસ્ડ છે. વેકેશન સારું જશે! ચોથા દહાડે એણે હસવાની પહેલ કરેલી. પણ, મૅથ્સની છેલ્લી પરીક્ષામાં એનો સીન થયો. લખવું શું? એ ચિંતન કરતો હતો ત્યાં પેલી બબડી-

" જલ્દી લખવાનું શરુ કરને, હું ક્યારની રાહ જોઈને બેઠી છું."

## 43 જીવંતતા

ફર્સ્ટ ટાઇમ ધીમહિને આટલાં ગુસ્સામાં જોઈ. માણેકને આશ્ચર્ય તો એ વાતનું થતું હતું કે એણે બિલકુલ શાંતિથી 'ને એક મિત્ર તરીકે પ્રશ્ન કર્યો હતો. ટોન પણ એકદમ નૉર્મલ હતો તોયે ધીમહિ...

" હા, હી વૉઝ માય ફર્સ્ટ લવ. માય ડ્રીમ પ્રિન્સ. વૉઝ, નૉટ ઇઝ. તને આટલાં વર્ષે આ વાત સૂઝી? 'ને એ પણ ફક્ત એક ફેસબુકની કૉમેન્ટ પરથી?! અત્યારે હું કોની છું? હું તારી પત્ની છું. પ્રેમ મહત્વનો છે કે જીવન? મારી લાઇફ તું છે. હું જીવું છું જ તારા કારણે..."

માણેકે ધીમહિને પોતાની બાંહોમાં સમાવી લીધી. 'ને મૂછમાં હસતાં હસતાં મનોમન બોલ્યો

" ધીમહિ પત્ની તો તું નંબર વન છું જ. પણ, આજે તેં સાબિત કરી દીધું કે તું કમ્પ્લીટ-હ્યુમન છું. માય ડિઅર લાઇફ, હજુ પણ તું આયુષને ભૂલી નથી શકી એ નક્કી!"


© Gaurang Amin

## 44 વિવિધ ટાઇપના માણસો!

" દલિતો પર થયેલા અત્યાચારના વિરોધમાં દલિત સમાજે બુધવારે ક્લેક્ટર કચેરી ખાતે દેખાવો કર્યા, જેમાં ૩૭ વર્ષીય દલિત કાર્યકર મૂલેશે ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો. આશ્ચર્યની વાત એ છે કે સરકારી ચોપડે મૂલેશની અટક 'શાહ' નોંધાયેલી છે."

સમાચાર ઠેર ઠેર વંચાયા.

" વાઉ! મારા નેક્સ્ટ લેકચરના વિષય ' ક્રિએટિંગ લૉયલ કસ્ટમર્સ બાય યુઝિંગ સરનેમ એઝ બ્રાંડનેમ ઇન બિઝનેસ' માટે એક અનન્ય ઉદાહરણ મળ્યું."

" આવુંને આવું ચાલ્યું તો ભવિષ્યમાં તારણ નીકળશે કે ઘણાં જૈન પહેલાં દલિત હતાં!"

" લ્યો, પ્હેલાં પરમાર રાઠોડ ચૌહાણ લખૈને દરબાર થવા ગ્યા, હવે વોણિયા થવા નેહર્યા!

" ગાંધીના વારસદારોએ દલિતોને 'ગાંધી' અટક રાખવા હાકલ કરવી જોઈએ!"

" કઈ ટાઇપના માણસો છે? તાકાત હોય તો ત્રિવેદી, દવે કે રાવલ કરાવે તો ભાન પડે!"

## 45 સમય બદલાયો પણ વાસ્તવ...

શ્લેષા સાત વરસ પછી પોતાના ગામમાં આવેલી. લોકોને એમ કે શહેરના મોટા બિલ્ડરને ત્યાં પરણી છે એટલે આ આમ ગામડામાં હવે શું કામ આવે? પણ, શ્લેષાનું વાસ્તવ અલગ હતું. વિનિજના સ્મરણ માત્રથી એ ગાંડી થઈ જતી. કાકાની જીદની લાકડીએ રાતોરાત મુંગી ગાયની માફક લગ્ને બંધાયેલી શ્લેષા આજે પોતાની ઇચ્છાથી આવી હતી. ડાકોર રાજભોગ ચઢાવવાના બ્હાને એને થયું લાવ જરા જતી આવું. પણ, વાચનાલય બપોરે બંધ હતું. વિનિજના ઘરે જવાની હિંમત ન્હોતી. અહીં પ્હેલા પ્રેમના વાંચેલા બધાં પાન એક પછી એક તેની સામે ફરીથી ખૂલતા ગયા. સમય બદલાયો પણ, શ્લેષાના દિલમાં વિનિજ હજુ એનો એ જ! વિચારોના વાદળો હજુ બંધાતા હતાં ત્યાં મોબાઇલ ગાજ્યો.

" રિઝૉર્ટની ડીલ ફાઈનલ થઈ ગઈ. તારા નામે છે એટલે પેપર્સ તારે સાઇન કરવા પડશે."

" વાઉ, યુ આર ધ બેસ્ટ હબિ ઇન ધ વર્લ્ડ! 'શ્લેષા લેઝર રિઝૉર્ટ'નું બૉર્ડ મારી આંખોથી જોવા હું આતુર છું. જય રણછોડરાય."

શ્લેષાએ ડ્રાઇવરને કીધું " ફટાફટ પાછી ગલતેશ્વર લઈ લે."

## 46 ડેવલપમેન્ટનો સાર: સર્વાઇવલ!

" મું કોંઈ નો જાણું. આ રોડે પે'લા મારી લારી હાલતી'તી 'ને હવેય હાલશે!"

" એવી લુખ્ખી નો આલ્તો. મું તારી જગાએ ચ્યાં ઉભો રૌ સું? ફ્લાયોવર નેચે મું ધંધો કર્વાનો. રોડ પો'રા થ્યા 'ને ફૂટપાથ કપાતમાં જૈ ઈ મારો વાંક?"

" મને અવરો ચોટસ? તું ન્યાં નવા બંગલા બનેસ ન્યાં જતોરે'ન."

" તઈ ઓલા કરોડપત્યો મારી સા પીવાના? મ્ને ઊભોય નો રેવા'દે તંઈ."

" કરવુંસ હું તો? બોલ મું ઊભો થૈ જૌ, હાલ મન રોકડા ગની દે."

" ભૂંડા, રોકડી ઘરમાંથ કર્વાની હોય કે બજારમાંથ? ઇનોં કર્તા ભેળા થૈન પૂરી-હાકનું સાલું કર્યે. કાલ ઊઠીન હરકાર આંયાં ફ્લાયોવર નેચે દુકાનોની સ્કીમ મેલ્હે તો આ સે ઈમાંથીય રેશું."

## 47 લાઇક એન્ડ કોમેન્ટ!

" ...તમે જે ટીવી કે કૉમ્પ્યૂટરની મેઇન-સ્વિચ ચાલુ રાખો છો તેમાં પણ પાવર બળે છે. ચોવીસ કલાક આરઓ ચાલુ રાખો તેમાં પણ. ટ્રાફિક સિગ્નલ પર સ્કૂટર બંધ રાખો તો પેટ્રોલ બચે અને પ્રદૂષણ ઘટે. શેવિંગ કરતી વખતે નળ ચાલુ ના રાખો. નાનામાં નાની વાત દેશ માટે હિતકારી છે. પર્યાવરણ માટે ફાયદાકારક છે..."

સોસા.ના જ સભ્ય કનુભાઈએ પોતાની સંસ્થાની માહિતી આપતા ઉમેર્યું. સહુએ તાળીઓ પાડી. આભાર વિધિ કરતાં ઘરના માલિક અને સોસા.ના ચેરમેન બોલ્યા-

" કનુભાઈને ધન્ય છે. આપણે આવા ભગીરથ કાર્યમાં સહકાર આપવો રહ્યો. મારો સુઝાવ છે કે આ મુદ્દાઓનો સ્લાઇડ-શો ફરતો કરીએ. લોકલ ચેનલ પર એડ આપીએ. સ્કૂટર રેલીનું આયોજન કરીએ. મોટા હૉલમાં પબ્લિક મીટિંગ કરીએ. જમવાનું પણ રાખીએ એટલે વધુ 'ને વધુ લોકો આવે."

## 48 વેલકમ બેક

દીકરા માટે રમકડા શોધવા ભાસ્કર માળિયામાં ચઢ્યો. પોતાના નાનપણનો બધો સરંજામ કાઢ્યો. લાકડાનું પ્લેન, ત્રણ મોટર, લખોટીઓ, ભમરડા 'ને રેડ પ્લાસ્ટિકનો બૉલ.

" બેટા લે આ દડી, હું નાનો હતો ત્યારે આનાથી રમતો'તો. તું નાનો હતો ત્યારે તું પણ એનાથી રમેલો. હવે હું તને આ દડીનું રહસ્ય કહું છું સાંભળ- આ દડી એ તારી ઇચ્છા છે. લોહીથી જીવતી ગોળ ગોળ ઇચ્છા! એને તું હવામાં ફેંકીશ તો અથડાતી ફૂટાતી દૂર જશે તારી પાસે નહીં આવે. પણ જો તું યોગ્ય રીતે કોઈ આધાર પર ફેંકીશ, દા.ત. દિવાલ પર, તો એ તારી પાસે પાછી આવશે, ફળ બનીને જેમાં એક નવું બીજ હશે! તને તારા નવા ઘરની શુભેચ્છા!"

ભાસ્કરે ભૂતકાળ પરથી આઘાત સાથે નજર હટાવી. ઇચ્છા હાથમાં લીધી. બાકી બધું પડતું મૂક્યું. અને પત્ની 'ને દીકરાને લઈને પપ્પાના ઘરે મારતી ગાડીએ પહોંચ્યો.

## 49 અજીબથી અજનબીથી અઝીઝ!

" તું કહે છે એમ હું પ્હેલાના જેવી થૈ જઉં તો નવ વાગે ઊઠીશ. રસોડામાં પગ પણ નહીં મૂકું. તૈયાર થૈને ટીવી જોઈશ, ફ્રેન્ડઝને મળવા બ્હાર જૈશ. તો ખાવાનું કોણ બનાવશે?"

" 'ને તું ક્હે છે હું બદલાઈ ગયો છું, તો હું સવારથી બહાર નીકળીને મોડી રાત સુધી ફર્યા કરીશ. કીટલીએ બેસીશ. મૂવિ જોઈશ. તો પૈસા કોણ કમાશે? હાહાહા!"

" એક કામ કરીએ આપણે લિસ્ટ બનાવીએ, આપણે પ્હેલા જેવું શું શું કરી શકીએ છીએ?"

" ગુડ આઇડિઆ! હું વાળ લાંબા રાખીશ. દાઢી રોજ નહીં કરું. 'ને લૉન્ગ-રાઇડ જઈશું!"

" કે, હું સ્કર્ટ-મિડી પહેરીશ. એઇટિઝના સૉંગ્સ સાંભળીશ 'ને પાણી-પૂરી ખાવા જૈશું!"

બંનેએ નક્કી કર્યું કે એકબીજાને ગમતા રહેવા પહેલી મુલાકાતનો એ સમય જીવતો કરીશું.

## 50 પ્રેક્ટિકલ!

" અહીં, સેન્ટ્રલ ટેબલ પર આવી જાવ." વિજ્ઞાનની લેબમાં પટેલ સરે બૂમ મારી.

" જુઓ આ એક મોટું ટબ છે. ટબમાં આ બાજુ એક ઢાળ બનાવ્યો છે. જેની ટોચ 'ને ટબની ધાર એક લેવલ પર છે 'ને ઢાળ ટબના નીચેના ભાગ સાથે જોડાયેલ છે. ઢાળની નજીક, નીચે એક પથ્થર મૂક્યો છે. અહીં આ ડોલમાં પાણી છે. ટમ્બ્લર છે. હવે, પ્રયોગ શરુ થાય છે. રાહુલ, આગળ આવ. આ ડબલામાં પાણી લઈ પાણીના ફોર્સથી તું આ પથ્થરને પેલાં ઢાળની ટોચ પાસે ચઢાવીને સ્થિર કરી દે."

" પણ સર, ઢાળની ટોચ પર ક્યાં સરફેસ... પ્લેટફોર્મ જેવું છે? 'ને પથ્થરને ગુરુત્વાકર્ષણ બળની વિરુદ્ધ દિશામાં પાણી વડે ઊંચે ચઢાવાનો?! સોરી ટુ સે, આ ઇમ્પ્રેક્ટિકલ વાત છે."

" કુલ્લી અગ્રી. મિત્રો, આપણે પિકનિક પર ગયેલા ત્યારે રાહુલ નદી કિનારે બેઠાં બેઠાં પથરા નદીમાં નાંખતો હતો. એ જોઈને જ મને આ પ્રયોગનો આઇડિઆ આવેલો..."

 © Gaurang Amin

## 51 એક ડાબો અને એક જમણો

" હમણાં તાજાં મળેલા અહેવાલ અનુસાર દેશની રાજધાની દિલ્હીના યમુના પુશ્તામાં આવેલ નિઝામનગરમાં અતિક્રમણ હટાવવાનાં મુદ્દાને લઈને હજારોની સંખ્યામાં લોકો વિરોધ પ્રદર્શિત કરવા રોડ પર ઊતરી આવ્યા છે. 'યમુનાજી બચાઓ જંગ'નું કહેવું છે કે 'સરકાર વર્ષો પછી જાગી છે 'ને યમુનાજીની પવિત્રતાની પુનર્સ્થાપના માટે કશું કરી રહી છે ત્યારે જાહેર જમીન પર ગેરકાયદેસર ઝુગ્ગીઓ બાંધીને રહેતા ચાહે દેશના ગરીબો હોય કે બાંગ્લાદેશના નિરાશ્રીતો, આ અભિયાન કોઈ નહીં રોકી શકે.' પણ, પ્રશ્ન એ છે કે સરકાર ઘર વિહોણા ગરીબોને આમ અન્યાય કરી શકે? શું સામાન્ય માણસ પોતાના માથે પોતાની મહેનતથી એક છત પણ ના બાંધી શકે? ચર્ચા આગળ કરીએ એ પહેલા એક બ્રેક લઈએ."

" શહેરના ઘોંઘાટથી દૂર શું આપનું પોતાનું ફાર્મહાઉસ શોધી રહ્યા છો? તો હવે તમારી પ્રતીક્ષાનો અંત આવ્યો છે. 'ક્રેમલીન હર્મિટેજ' ફક્ત આપના માટે જ બન્યું છે. માત્ર પચાસ લાખ રૂપિયાથી શરુ થાય છે આપનું આગવું વિકેન્ડ-હોમ. જલ્દી કરો..."

## 52 યૂનીક સીન

"અત્યારે અહેસાસ થાય છે કે કેટલી પણ માફી માંગું, ભૂલ કબૂલું તો પણ કરેલું ભોગવે જ છૂટકો. મેં જ્યારે મત આપ્યો હતો ત્યારે મને એમ કે આ મત લોકોના, સમાજના સારા માટે કામમાં આવશે. હું એક સેવાનું કામ કરી રહ્યો છું. ના, મને ફરજ જેવું કશું ન્હોતું લાગ્યું. નાગરિક હોવું એ ગુનો નથી 'ને મત એ કોઈ દેવું નથી. હા, લોન કહેવાય! પણ આજે લાગે છે કે મારા એક મતથી ભલે કોઈ નિર્ણાયક ફર્ક ના પડ્યો હોત પરંતુ, હું સરકારના પાપમાં ભાગીદાર તો ના જ બન્યો હોત. હવે શું થાય? હું ઈશ્વરને આજીજી કરું છું મને માફ કરે. મારા લાખો દેશવાસીઓના દુ:ખ માટે હું જેટલો પણ જવાબદાર હોઉં એની સજા મને જરૂર મળે કિન્તુ, હવે મને આવા કોઈ પાપકર્મમાં ભગવાન ના જોતરે એવી વિનંતી. મારા માટે આટલું કરો... ફાધર પ્લીઝ, આઈ બેગ."

કન્ફેશન બૉક્સમાં સનાતન ખાન ધ્રૂસકે 'ને ધ્રૂસકે રડી પડ્યો.


© Gaurang Amin

## 53 એ રિઅલ આઈ-કેન્ડિ

" હવે હબી જોડે ફાવે છે કે નહીં?!" અનાશિતાની બેસ્ટીએ પિલો ખોળામાં લેતા પૂછ્યું.

" ડોન્ટ આસ્ક મી! આયેમ હેવિંગ સો મચ ફન. તારો આઇડિઆ કામ કરી ગયો."

" બિચારો અરુજ! એને તો ખબર પણ નથી કે તું ખાલી એની જોડે ફ્લર્ટ કરે છે."

" ઍઝએ એફબી ફ્રેન્ડ એય રિઅલમાં ફિઝીકલ થવાની આશા રાખતો હશે કે કેમ એ ક્વેશ્ચન છે. મે બી હું પણ એના માટે જસ્ટ એક ટીઝર હોઉં! હું કૅર્સ?" અનાશિતાએ આંખ મારી.

" તારા જેવી ઘોડીને હીટમાં આવવા ટીઝર હૉર્સ જોઈએ પણ, એના જેવો સ્ટડ તો ઑલ ટાઇમ રૅડી જ હોય. હાહાહા!"

છ મહિના પહેલાંની આ વાતો યાદ કરતી અનાશિતા વ્યગ્ર ચિત્તે બાજુમાં સૂતેલા પતિ પ્રેયસના નસકોરા સંભળાતા આંખ ખોલીને બેઠી થઈ. ડાબા હાથે આંસુ લૂછ્યા. જમણા હાથે મોબાઇલમાં ફેસબુક મૅસેંજર ખોલીને અરુજ બ્રારના થ્રેડ પર ટેપ કર્યું. મૅસેજ ખૂલ્યો.

' તને રૂબરૂ મળ્યા વગર હવે નથી રહેવાતું. પ્લીઝ, ડુ સમથિંગ ફાસ્ટ.' સિન યસ્ટર્ડે ૭.૨૭ એ.એમ.

## 54 હકારાત્મક તર્ક વાયા અંધશ્રદ્ધા

ઘૂસરીની સફેદ સાડી ઘર લીંપતા જાણે ઊડી ગયેલા ભગવા રંગે રંગાઈ ગયેલી. કામની ધૂનમાં એને શું ભાન? જોકે વિધવા બન્યા પછી આમ્તો ત્રીજી વાર એણે આ કામ હાથ ધર્યું હતું. પરસેવો લૂછવા હાથ માથે ફેરવવા ગઈ 'ને વાળમાં લીંપણ લાગ્યું ત્યારે એને થયું કે આંગણમાં ચકુડો રમતો હોત તો એને જોઈને હસી પડ્યો હોત. ઘૂસરીના મોઢા પર પણ આછું સ્મિત આવી ગયું. પરંતુ, સામે જ સાસુમા જોઈને એ ફરી કામે લાગી ગઈ.

" ઘૂસરી, પસ કોમ પતે ઈટલે બારે મારી પાહે આવજે."

" જી... બા" ઘૂસરીના અવાજમાં ધ્રુજારી હતી. હવે પાછું શું નવું કામ આવશે?

મોરીએ હાથ-પગ મોઢું ધોઈને ઘૂસરી ચંપાના ઝાડ નીચે ચમનાબા બેઠાં હતા ત્યાં ગઈ.

" જી બા." ઘૂસરી માથે ઓઢીને નવા હુકમની પ્રતીક્ષા કરતી ઊભી રહી.

" આજ મું પંડતજીને મળી'તી, કે'તાતા મું બૌ નથ જીબ્બાની. કાલ તું મારી હારે આવ્જે, તારો હાથ બતાવ્વો સે. ઓલા ચમન્યા હારે તારું ઘર મંડાય પસ જ મું શોન્તીથી જૈશ!"

## 55 શોક

" તું કેમ ઘર છોડીને જતો રહેલો? તને ખબર છે તારા સિવાય મારું આ દુનિયામાં કોઈ નથી. હું તારા વગર એક પળ પણ જીવી શકું તેમ નથી. ફરીથી આવું ના કરીશ. તું જે કહીશ તે હું કરીશ. તારી બધ્ધી ઇચ્છા હું પૂરી કરીશ. આઇ પ્રૉમિસ, બાય ગોડ. દીકરા તું જ તો મારા આ બુઢાપાનો પ્રાણ છું. હું દેહ છોડું પછી તારે જ્યાં જવું હોય ત્યાં જજે હું તને નહીં રોકું." મિસિઝ ફર્નાન્ડીઝ આટલું બોલીને ચોધાર રડી પડ્યા.

' આમને કેવી રીતે સમજાવું કે હું તો બસ થોડી વાર પાછળ વાડામાં સૂઈ ગયેલો.'

એમના બાહુપાશમાં લગભગ ગૂંગળાતું પોમરેનિઅન કૂતરું મિકી શોકમાં હતું.

## 56 સમયની પહોંચ

" કાંતિકાકા, અમે નાના હતા ત્યારના અહીંથી જ ખરીદીએ છે. થોડું તો વ્યાજબી કરો! તોફાનમાં તમારા એકલાંની દુકાન ખુલ્લી. 'ને આખો સાબુ હોય તો ઠીક, આ તો સાબુના ટુકડા... ભુક્કા છે. એ ય સૂકાયેલા. અને પહોંચ નથી આપતા તો ટૅક્સ શેનો લો છો?"

" ચલે મુનિયા, લેવું હોય તો લે. ખોટી ના કર. પહોંચ ના હોય તો તોપખાનામાં નામ નહીં નોંધાવાનું. કાલે આવીશ તો આ પણ નહીં મળે!"

તોફાન બંધ થયા કે કાંતિકાકાની દુકાનની સામે જ એક નવી દુકાન ખૂલી. ત્યાં વ્યાજબી દરથી સારી ગુણવત્તાનો માલ પહોંચ સાથે મળતો. મુનિયો ત્રણ વાતમાં માનતો- ઘરાક ભગવાન છે. બીજા વેપારી રાક્ષસો છે અને વેપારીને ઘરાક નહીં વેપારી જ પહોંચી શકે.

## 57 ભંગાર!

ગમે તેટલી મહેનત કરે પણ સુજીવના દરેક કામ અટકતાં હતાં. જે કામ થતાં એમાં એને ખાસ વળતર કે ક્રેડિટ કશું ન્હોતું મળતું. ઘરના સતત તંગ રહેતા વાતાવરણથી ત્રસ્ત સુજીવ હવે સમસ્યાના મૂળમાં કોઈ બીજાં જ કારણ છે તેવું માનવા લાગ્યો હતો.

" પણ, પપ્પા તમારા રૂમની હાલત તો જુઓ. આ કબાટ. એનો કાચ તૂટી ગયો છે. બરાબર વસાતુંય નથી. હૅન્ડલ પણ ગાયબ છે. 'ને જ્યાં 'ને ત્યાં ચોપડીઓ-છાપાં. તમે સાવરણી... ચપ્પલ પણ અહીં જોડે જ રાખો છો. પપ્પા, આ બધો ભંગાર કાઢી નાખો. નેગેટિવ વાઇબ્ઝ આવે છે. વાસ્તુ મુજબ આ બધું નુકસાન કરે છે."

" દીકરા સુજીવ, છાપામાં હુંયે વાસ્તુના લેખ વાંચતો હોઉં છું! અગ્નિ ખૂણામાં રસોડું જોઈએ. વહુને રસોડું નાનુંય પડે છે. 'ને આ મારો રૂમ અગ્નિ ખૂણામાં છે. બોલ શું કરીશું?"

## 58 ચિઅર્સ!

એને રસોઈ કરવી ના ગમે. એને ભારતીય પોશાક ના ગમે. એને પૂજા-પાઠ ના ગમે. એણે કીધું વાંધો નહીં. એને જૉબ કરવી ગમે. શૉપિંગ ગમે. પાર્ટીઝ ગમે. મ્યૂઝિક ગમે. વૉટસ-એપ ગમે. એણે કીધું ચાલશે.

"બધી વાતમાં હાએ હા કરે એ માન્યામાં ના આવે. બૌ સારું હોય એમાં કશું મોટું ખોટું હોય. પુલક, તું પાછળથી ફરી તો નહીં જાય ને?"

ખેયાએ મીઠાશથી ચિંતા વ્યક્ત કરી.

"સારું સાંભળ, ટિફિનમાં શું આવશે કે બહાર શું ખાવું એ હું નક્કી કરીશ. સ્પૅગેટિ, મિનિ કે બૅકલેસ ટાઈપનું કશું નહીં ચાલે. હું કે આપણું કોઈ લાગતું-વળગતું પૂજા-પાઠ કરે એની ટીકા નહીં કરવાની. કામ પરથી મોડો આવું કે ઘરે કામ લઈને આવું તો અકળાવાનું નહીં. હું જ્યાં પૈસા વાપરું એમાં ટોકવાનું નહીં. કોની પાર્ટીમાં જવું એમાં મારો મત ૫૦ ટકા. હેડફોનમાં તારે જે સંભાળવું હોય તે સાંભળવાનું. અને હા મારા સોશિઅલ-નેટવર્કના પાસવર્ડ નહીં માંગવાનાં."

પુલકે એટલી જ મીઠાશથી ખેયાની ચિંતા દૂર કરી.

## 59 ઑડ મૅન આઉટ

" પપ્પા, એન્જિનિઅર કોને કહેવાય?"

" જેમ ડૉક્ટર બધાં ડિસીઝ સમજે 'ને એની દવા આપે એમ, જે મશિન્સને સમજે એ એન્જિનિઅર."

" એટલે ફાર્મર હોય એ ફાર્મ 'ને પ્લાન્ટ્સને સમજે, કૂક હોય એ ફૂડને સમજે. એમ?"

" ખરું! જેમ તમારા ટીચર તમારી બુક્સ 'ને બધાં સ્ટુડન્ટસને સમજે એમ."

" 'ને ગૉડને સમજે એ સાધુ. તો પપ્પા માણસને સમજે એ ગૉડ કહેવાયને?!"

" કહેવાય. જે માણસને સમજે એ બહુ જ સારો માણસ હોય એટલે એને ગૉડ કહેવાય."

" તો તો હું બહુ એટલે બહુ જ સારો માણસ બનીશ!"

પપ્પા પોતાના જનીનને નિરખી રહ્યા. અને અનુભવે આપેલી સમજથી મનમાં બોલ્યા-

' બેટા, જે માણસને સમજે એને કોઈ ના સમજે!'



© Gaurang Amin

## 60 માનસિક રોગ 'ને શારીરિક દર્દ!

તમામ ફીમેલ્સ પટ્ટી સ્પષ્ટ દેખાય એ રીતે દેખાવો કરતી હતી. 'ને જે કોઈ પુરુષ એમને જોતો હાથમાં ઝડપાય એની આંખે કાળી પટ્ટી બાંધી દેતી. સીબીડીમાં સફળ પટ્ટીરેલીની આયોજક સેંકસોલોજિસ્ટ સૈંયમીએ તો એક ટીવી કેમરામેનને પણ ઝડપી લીધેલો. અંતે સમસ્ત રેલી ગાંધી-આશ્રમ પર વિરામ પામી.

અર્ધો દિવસ સામાજિક કાર્યમાં ફાળવ્યો એટલે સાંજે ક્લિનિક પર ભીડ હતી. સૈંયમીએ ફટાફટ કેસ હાથમાં લીધા. મહદ કેસ પોતાનો મર્દ પોતાનામાં ખાસ રસ નથી લેતો એની ફરિયાદના હતા. તંદુરસ્ત 'ને ગામઠી બાઈને ડૉક્ટરે બિકીનિ-વૅક્સ કરાવી પશ્ચિમી કપડા પહેરવા, મલ્લિકા 'ને સનીના મૂવિઝ જોવા કીધું. સૂકલી, શ્યામ 'ને અંગ્રેજી ભણેલી સ્ત્રીને રોજ સાથે બીપી જોઈ રફ સેંક્સ કરવા સજેસ્ટ કર્યું. નવ પરણીતાને ઘરમાં પણ ક્લીવિજ દેખાય, બટક્સ ઉપસે એવા કપડા પહેરવાનો કીમિયો આપ્યો. 'ને ઉતાવળમાં ભૂલી ગઈ કરીને બાથરૂમમાંથી એમની પાસે બ્રા મંગાવવાની સલાહ આપી.

## 61 પૂરેપૂરો...

સ્કૂલ-મૅનેજમેન્ટે વિષ્ણુ સરની સામે ઘણી ફરિયાદ આવી એટલે એમના પર પગલાં લેવા માટે બે ટ્રસ્ટી, પ્રિન્સિપાલ 'ને વાઇસ-પ્રિન્સિપાલની મીટિંગ બોલાવી.

" વિષ્ણુભાઈ, તમારા સામે મુખ્ય ફરિયાદ છે કે તમે એક પણ સત્ર દરમિયાન ટોટલ સિલેબસ પૂરેપૂરો નથી ભણાવતા, જેથી વિદ્યાર્થીઓ તમારું ટ્યૂશન બંધાવે. આ સાચું છે?"

" હા, પણ હવેથી હું પૂરેપૂરો સિલેબસ ભણાવીશ." કમિટી દંગ રહી ગઈ કે આ ધંધાદારી શિક્ષક આમ આટલી સરળતાથી પહેલા જ ઘાએ મ્હાત થઈ ગયો?!

" સારું, તમે એ વચન લેખિતમાં આપી દો." કમિટીએ ટ્યૂશનનો મુદ્દો બહુમતી શિક્ષકોના સ્વાર્થમાં ગૌણ બનાવીને ચર્ચાનું તાત્કાલિક સમાપન કરી દીધું.

વાસ્તવમાં વિષ્ણુ સરે પહેલેથી જ મનમાં નક્કી કરી દીધું હતું કે હવે પછીની ઍકઝામમાં બે-ચાર પ્રશ્ન એવા પૂછીશ જેનો પૂરો 'ને સાચો જવાબ ફક્ત મારા ટયૂશનમાં આવતા વિદ્યાર્થીઓને જ આવડે.

## 62 ફિર ક્યા હુઆ?!

વિવર્તન મુખાલિયા નાનો હતો ત્યારથી જ અગમ-નિગમની વાતોમાં રસ લેતો. ગામમાં જે પીપળા નીચે રમવાની બધાં ના પાડતા ત્યાં જ રમતો. ચાર રસ્તા પર પડેલું નારિયેળ ખાતો. હૉરર મૂવિઝ જોતો. ઓગણીસ વરસથી એ ભગવાન કે ભૂત બેમાંથી એક પણમાં માનવા તૈયાર ન્હોતો, જ્યાં સુધી એ પોતે એમને મળે ના, એમની સાથે વાતો ના કરે!

પહાડી ચઢતા એ થાકી ગયો. અંધારું થઈ ગયું. મોબાઇલની બૅટરિની સાથે ટૉર્ચ પણ સાથ છોડી ગઈ. રાની પશુઓ, તમરા 'ને સૂકા પાંદડાના અવાજ એને ફિલ્મી આનંદ આપતા હતા. અમાસની કાળી ડિબાંગ ગગનચુંબી દિવાલોમાં ક્યાંક ધબ્બા જેવું દેખાતા એ એ તરફ વળ્યો. રૌરવવીરની ગુફા આવી ગઈ. વિવર્તનને હાશ થઈ. ભોંયે ઘસડાઈને એ રૂંધાતા શ્વાસે આગળ વધવા લાગ્યો. આંગળાં છોલાઈને લોહીથી ભીના થઈ ગયા. એટલામાં એકાએક જ એના બંને પગ પૂરેપૂરા જકડાઈ ગયા 'ને એ બહારની બાજુ જોરથી અથડાતો ફૂટાતો ઘસડાવા લાગ્યો...

## 63 સમાજ, સરકાર 'ને ઈશ્વર!

" એ પાવો લ્યો, પિપૂડું લ્યો...." ભિખો ઘૂઘરી વગાડતો જાય 'ને સાદ દેતો જાય. ચૈત્રનો નવો નવો તડકો માથું શેકતો હોય ત્યાં રસ્તે કોઈ મળે? પણ, ભિખો 'ને એની છ વરસની ઝમકુડી જાય તોયે ક્યાં જાય? ગામમાં માણસ રહેતા હોય એ ગલીઓમાં લીમડો કે વડ તો હોય નહીં! પોરો ખાવા એક સૂના ઓટલે બંને બેઠાં. ભિખાએ સાચવીને પ્લાસ્ટિકની બોટલ કાઢી ઝમકુને પાણી પિવડાવ્યું. પોતેય એક ઘૂંટ માર્યો. એટલામાં ઘરમાંથી બૂમ દોડતી બહાર આવી.

" કૂણ સે અટાણે? હોંજે આવજે. વાળુ વેળાએ."

" બા, રમકડા વેચવાવાળો સું. ઘડી ઓટલે બેઠાં..." વાત પૂરી થાય એ પહેલા તો ડોકાબારી તાડૂકી-

" ભાય, આંયા કોઈ સોકરું નથ. પાણી પીવું હોય તો દઉં, બાકી આંય બેહ્વાનું નઈ."

ભિખાએ સ્હેજ લળીને વંદન કર્યા 'ને ઝમકુડીને લઈને આગળ વધ્યો.

" હેં બાપુ, આ લોકાના આવડા મોટા ઘર માંયથી કેવાં હસે? આમને આવા ઘર કૂણે આઈલા? બાપુ, આપણી પાહે ચ્યમ આવું ઘર નહીં? બાપુ... "

 © Gaurang Amin

## 64 લગ્નગાંઠ

" ડાર્લિંગ, હેપ્પી મૅરેજ ઍનિવર્સરિ!" સ્પેશ્યલ મૉર્નિંગ-કિસ આપતાં અશ્કન બોલ્યો.

" થેંન્ક્સ માય ડાર્લિંગ." રુઝાન બોલી " તારે ઑફિસ નથી જવાનું. બીચ પર જઈશું. પછી મૂવિ. ઘેન થાઇ ફૂડ. અને હા, મારા માટે કઈ લાવ્યો ના હોય તો લઈ આવજે પાછો!"

અશ્કન રેડી થઈને મૉલમાં. સ્પ્રે, મેક-અપ કિટ 'ને શુંનું શું લીધું. ઘરે પ્હોંચ્યો. હૉર્ન માર્યો. રુઝાને ગોઠવેલા શેડ્યૂલ મુજબ આગળ વધ્યા. અશ્કનને રસ્તામાં થયું 'એણે સવારે " તને પણ ઍનિવર્સરિ મુબારક" ના કીધું. જાણે સાલગિરા એની એકલીની હોય!' પાછાં ઘરે આવ્યા ત્યાં સુધી અશ્કન રાહ જોતો રહ્યો. ઘરે આવીને અંદરથી થાકેલો એ પેટમાં દુખે છે કરીને આડું મો કરીને સૂવા પડ્યો.

અને ગિટારનો અવાજ સંભળાયો. અવાજ નજીક આવતો ગયો. આંખ ખોલીને જોયું તો રુઝાન ગિટાર લઈને ઊભી હતી

" હેપ્પિઅર મૅરેજ ઍનિવર્સરિ! ધીસ ઇઝ ફૉર યુ."

## 65 સોમાંથી શૂન્ય

શિરાઝી સરે શિક્ષક તરીકેની કારકિર્દીમાં અનેક નમૂના જોયા હતા. પરીક્ષામાં પૂછ્યું કંઈ હોય 'ને જવાબમાં લખ્યું કંઈ બીજું હોય. ઉત્તરવહી સાથે રૂપિયા જોડ્યા હોય. મોબાઇલ નંબર લખ્યો હોય. પેપર સાવ કોરું છોડીને જોડે ચિઠ્ઠી બાંધી હોય. એકાદ ચિઠ્ઠીએ તો લોહીથી લખાયેલી છું એવો દાવો પણ કર્યો હતો. અરે, એવા પણ હતા જેમણે ગાઇડમાંથી કાપેલી કાપલી સીધી ચોંટાડી હોય! પરંતુ, આ અનુભવ...

આખી ઉત્તરવહીમાં ચિત્રો જ દોર્યા હતા. અનાજના ચિત્રો 'ને નીચે અનાજના ભાવ. શાકના ચિત્ર 'ને નીચે શાકના ભાવ. કપડાના ચિત્રો 'ને નીચે કપડાના ભાવ. ઘરના, દવાના, વાહનના, ઇલેક્ટ્રિકલ-ઍપ્લાયન્સિઝના, પાણી, દૂધ, પેટ્રોલ... જીવન જરૂરી લગભગ બધી વસ્તુઓના ભાવ સાથે ચિત્રો. ચાર પુરવણીમાંથી છેલ્લીમાં ત્રણ ચિત્રો હતાં- ઝેરની બૉટલનું, સાંજ-ખાપણનું, માણસનું. અને માણસના ચિત્ર નીચે ભાવ લખ્યો હતો- શૂન્ય.

## 66 યુનિયન

' તારિકની માં ડુક્કરી, બાપ સુવ્વર અને એ પોતે ખચ્ચર'

એ કમકમી ગયો. ક્લાસમાંથી કોઈની હિંમત ન્હોતી કે મોઢે કશું કહે. પણ, મુતરડીની દીવાલો પર એના નામના અવનવા હલકા સંદેશા છંટકાતા રહેતા. પેશાબની કારમી ગંધ લેતો જાણીતા અક્ષર ઓળખવા એ રિસૅસ પતી તોય ઊભો રહ્યો. પણ, ફરીથી નિષ્ફળ ગયો. ગજવામાંથી એણે બ્લેડ કાઢી. પછી થયું ના, હુંય જવાબ આપું. ઉર્દૂમાં. શોધતા જ રહી જાય કે શું લખ્યું છે! પણ, મારી ભાષા અહીં લખીને હું કેમ બગાડું? કેમ નહીં? એમાંય ગાળો તો છેજને! પણ, હું જવાબ આપું તો પકડાઈ જાઉં. દોડીને કશું થયું જ નથી એમ એ પાછો ક્લાસમાં બેઠો. એનું મગજ આખા ક્લાસ પર બિલોરી કાચ લઈને ફરતું હતું. જેણે લખ્યું હશે એ મારા પર નજર મારી બેઠો હશે કે આ કેમ ગુસ્સે નથી. બેલ વાગ્યો. એનાં આઘાત વચ્ચે કોઈએ એની ખાસ નોંધ ના લીધી. બીજા કોઈ વર્ગનો છોકરો હશે? તારિક નિરાશામાં ગૂંચવાયેલો હતો ત્યાં ક્લાસનો મૉનિટર રામેશ આવ્યો.

' અમે એને શોધી કાઢ્યો છે. આ જઘન્ય કામ ઇતિહાસના સાહેબનું છે.'

## 67 ચોખ્ખો હિસાબ!

" વાલજી સમજ, સમય નાજુક છે. વિપક્ષ દરેક વાતમાં વિરોધના મૂડમાં છે."

" સત્તામાંથી ઘેર બેસી જશો ત્યારે કામ કરશો?! એરિયા હજુ મારો જ છે યાદ રાખજો. 'ને હજુ કૉર્પોરેશનની ચૂંટણી પતી છે, ધારાસભાની બાકી છે."

" અરે આમ અકળાઈ ના જા. બોલ શું સેવા કરું?" કૉર્પોરેટર બોલ્યા.

" મારે સાવરણા સપ્લાયનો કૉન્ટ્રાક્ટ જોઈએ છે."

" ઓહ, એ તો અપાઈ ગયેલો છે. બીજું કઈ હોય તો અવાજ કર!"

" અરે, ઘસાઈ ગ્યા કે ચોરાઈ ગ્યા. કોણ જોવાનું? નવી બસ સર્વિસ માટે નવી ડિઝાઇનના લ્યો. ગમે તે રીતે લો પણ, લો. મારા સમાજના વોટય તે ફિક્સ જ હતાં, ચૂંટણીના બે દહાડા પહેલાં જ બધાંને ફોડેલા, એ ભૂલી ગયા?!"

" સારું. નવું ટેન્ડર બ્હાર પડે એવો કંઈક જુગાડ કરીએ. પણ, એમાં મારું..."

## 68 રહસ્ય-ભેદ અને ભેદ-રહસ્ય!

બુમ્લો સાફ-સફાઈ, રસોઈ, નાની-મોટી ખરીદીના કામ કરતો. બેંકમાં પણ જતો. ઘણા વખતથી કામ કરતો એટલે એ જાણતો કે દીપુભૈ 'ને લીનાભાભી કહેવાના પતિ-પત્ની છે. બંનેના બેડરૂમ પણ અલગ. બુમ્લાને આ બધું ગમતું. ભાભી તો એથી વધુ ગમતા. એક વાર બુમ્લાએ હિંમત કરીને ધારી ધારીને ભાભી સામું જોયેલું ત્યારે ભાભીએ ઘાંટો પાડીને ખખડાવી કાઢેલો. પણ, એણે તો કહી દીધેલું કે તમે બૌ દેખાવડા લાગો છો. 'ને ધીમેથી ઉમેરેલું કે બૌ ઘાટીલાય છો. એ દિવસે ભાભી પગ પછાડતા રૂમમાં જતા રહેલા. પણ, એને કામ પરથી કાઢી ના મૂક્યો. ધણી સાંભળે તો ફરિયાદ કરેને! ત્યારથી બુમ્લો નફ્ફટ થઈ ગયેલો. અંતે એક ધોમ ધખતી બપોરે ભાભીય બેકાબૂ થઈ ગયા. 'ને પછી તો રોજનું થઈ ગયું. પણ, દીપુભૈને એક દિવસ ખબર પડી ગઈ. લીનાને રૂમમાં પૂરી 'ને બુમ્લાની બોચી ઝાલી.

" નીચ નાલાયક. નોકર થઈને શેઠની... તારી બૈરી જોડે કોઈ આવું કરે તો?"

" મારથી મોટો માણા કરે તો કેસ કરીન પૈસા માંગું 'ને માર જેટલો કે મારથી નાનો કરે તો એને તો હું મારી જ નાખું. પણ, શેઠ... તમે આ બેમાંથી કશું નહીં કરી શકો!"

## 69 નાના માણસનો મોટો પ્રશ્ન

પૂણી રોજ સ્કૂલે જતી ત્યારે જોતી કે એક મેલાઘેલા ભાઈ 'ને એમની સાથે એક બહેન કચરો વાળતા હોય છે. ક્યારેક એમનો છોકરો પણ એમની મદદ કરતો હોય. પાછી ઘરે આવીને જમવા બેસે ત્યારે એ જ પરિવાર ફ્લોર પરના બધાં ઘરની જાળી ખખડાવે 'ને વાળુ માંગે. એક દિવસ પૂણીથી ના રહેવાયું. પપ્પા પણ ઘરે હતા એટલે પૂછી કાઢ્યું-

" હેં પપ્પા, આ લોકો ઘરે ખાવાનું નહીં બનાવતા હોય?!"

સાડા છ વરસની બાળકીનો કળી જેવો પ્રશ્ન સાંભળી પપ્પા સ્માઇલ આપીને બોલ્યા-

" ના બેટા, એ લોકો વહેલી સવારથી કામ કરે એટલે એમને ટાઇમ જ ના મળે."

" કયું કામ? મને ખબર છે, કચરો વાળવાનું. પણ પપ્પા, જો આપણા ફ્લૅટના બધાં લોકો જાતે કચરો વાળે તો એમણે કચરો વાળવો જ ના પડે. ખોટી વાત?!"

" વાત તો સાચી બેટા. પણ, જો એ લોકો કચરો ના વાળે તો એમને પૈસા ક્યાંથી મળે?"

" ઓહ! તો એમની પાસે પૈસા હોય છે. તો પછી એ લોકો કેમ માંગીને ખાય છે?!"

## 70 ધ્યાન બહાર ભટકતી ભૂગોળ!

ભદ્રશાળે પૂર્વજન્મ જાણવા કડી તપશ્ચર્યા કરીને ભેરોંદે પ્રસન્ન કર્યા. એને જાણીને આશ્ચર્ય થયું કે એની રગોમાં જરથોષ્ટ્રી સંચિત કર્મ વહે છે. આ જન્મે હિંદુ જનીન 'ને બૌદ્ધ જનોઈ દ્વંદ્વ કરતાં હતાં તેમાં આ ત્રીજું જોર ઉમેરાયું. અંતે જીત્યું પહાડ પરના મઠની ગોખમાંથી દેખાતું કૈસરકંદના મહેશ્વર મંદિરનું શિખર. એણે ઠાની લીધું કે આસપાસના મઠના દસેક હજાર ભિખ્ખુમાંથી મારા જેવા પાંચસો શોધી કાઢીશ. પાંચસો મંદિર એક એક બલિવીર તો આપશે જ. બ્લોચ વણઝારાની મદદ લઈશ. હું રાજા ભરતનો સમય પાછો લાવીશ, હું મકરાનમાં ભગવો લહેરાવીશ. પણ, ત્યાં તો ડાબા કાનમાં સંદેશ આવ્યો કે પૂર્વજન્મ તો જાણ્યો, આવતો જન્મ નથી જાણવો? ભદ્રશાળે નક્કી કર્યું કે આ જન્મના બાકીના કર્મ વિષે જાણવું. અમાસના અંધારામાં એ બારીમાંથી રજ્જુ વડે કૂદીને ગોન્દ્રાણી પહાડી ખૂંદતો સદીઓ જૂનાં ગુપ્ત દહનકુંડ પર પ્હોંચ્યો. ચિન્હિત ખડકો હટાવી ગુફામાં પ્રવેશ્યો. ઊંધો લટકીને ધ્યાનમાં ગયો. તો એને હિંદુ 'ને બૌદ્ધ લાશથી ઉભરાતા સિંધુસાગરને પાર લીલી મહાજ્વાળાનું પૂર આગળ વધતું દેખાયું. 'ને ભદ્રશાળ ધ્યાનમાંથી કદી પાછો ના આવ્યો.

## 71 વિશિષ્ટ પ્રોબ્લેમ!

પર્વીએ ચાઇનીઝ મ્હેંદીમાં "સ્વૈર" ચોથી એબીસીડીમાં લખાવ્યું. સ્વૈરે ચશ્માં પહેરીને આઠ આનાનો હિસાબ કરતો હોય એવી ગંભીરતાથી શોધી કાઢ્યું. બ્રેકફાસ્ટ ફ્રુટની ડિશમાં એપલ કોતરીને ગુલાબ બનાવ્યા. એ વાઉ કહીને ખાઈ ગયો. સ્વૈરના લેપટોપનું વૉલ-પેપર બદલીને પર્વીએ ટીન-એજ લવર્સનું પિક મુક્યું. હી જસ્ટ સ્માઇલ્ડ.

" તું સિમ્પ્લિ ફિઝિકલ અડપલાં કર 'ને પછી જો!" પર્વીની ફાસ્ટ ફ્રેન્ડે મદદ કરતા કહ્યું.

" ઉંહ, એકબીજાને અડીએ તોતો પૂરું, પછી તો અમારે બેઉને બીજું બધ્ધું પછી!" પર્વીએ આંખ મારી, પણ મૂડલેસ રહી.

" સ્વૈરને ભાવતું ખાવાનું બનાવ, એની પસંદના ગીતો વગાડ, એના ગમતા કપડા પહેર..."

" તું સમજતી જ નથી, અમારી બધી ચોઇસ સરખી છે. એવો કોઈ સામાન્ય પ્રોબ્લેમ નથી."

" એ તને પ્રેમ તો કરે છેને?"

" પ્રેમની ક્યાં વાત છે. સ્વૈર અડોર્સ મી. પ્રોબ્લેમ એ છે કે એ સ્હેજે રોમેન્ટિક નથી થતો."

## 72 પૂર્વગ્રંથિની નવી પેઢી!

વનેશભાઈ 'ને ગિરજાબેન એકબીજાનો હાથ પકડીને સ્ટૂડિઓ ત્યજીને જતા રહ્યા. આંખમાં આંસુ નહીં. મોઢા પર ગુસ્સો નહીં. જે કાંઈ હતું તે એકમેકના દિલમાં. મનોમન સંવાદમાં.

સારું થયું આજે પારકાં પણ ઉઘાડા પડ્યા. જોજનો દૂર દીકરાને એના સપનાં પૂરા કરવા દેવું કરીને મોકલ્યો. છોકરો ભણવા-કમાવાને બદલે રંગરેલિયા કરવા લાગ્યો એમાં અમારો વાંક? આ તો ઠીક છે એણે પીધેલાંમાં એક્સિડન્ટ કર્યો 'ને અમૃતલાલે પેઢી જૂનું ઋણ ઉતારી મદદ કરી, ફોન કર્યો ત્યારે ખબર પડી! બાકી, સમશાન સુધી અંધારાંમાં જ રહેત!

સ્ટૂડિઓની અંદર "આપણે કરીએ તમારી વાત" ટૉક-શોના સંચાલક સમાપન કરતા બોલ્યા-

" સંતાનને પ્રેમ ના મળે, મા-બાપની હૂંફ ના મળે તો શું પરિણામ આવે તે આપણે જોયું..."

## 73 હાર્ડ ટ્વિસ્ટ!

"લોકો શું કહેશે એની વાત જ ના કરીશ. લોકો શું કહેશે એવું વિચારીને જ ઘણું જતું કર્યું 'ને ઘણું પસંદ કર્યું. બહારના છોડ, આ તો આપણા કુટુંબમાં માથું નીચું થઈ ગયું."

બાપનું કલેજું કકળી ઊઠ્યું.

નિષ્કાની સગાઈ ત્રણ મહિના રહી 'ને તૂટી ગઈ. છોકરાવાળાએ કીધું કે કુંડળી ખરેખર મળતી નથી એટલે સમયસર રોકાઈ જવામાં ભલાઈ છે. નિષ્કાના મા-બાપ ભારે આઘાતમાં હતા. સત્તર મોઢાવાળા સમાજની સત્તરસો વાતોની ચિંતા એમના માથે ઝળુંબતી હતી.

"એ વખતે હુંયે રોકતી'તી પણ તમે છોકરાની ડિગ્રી 'ને મોટું ઘર જોઈને મોહી પડ્યા'તા. તમારે લોકો આગળ વટ પાડવો'તો. વાતો મારે સાંભળવી પડશે તમારે નહીં."

"પ્લિઇઝ્ઝ્, તમે બંને શાંત થાવ. મને કોઈ પ્રૉબ્લેમ નથી તો તમારે શું છે? તમે લોકોનું સાંભળો છો એની આ મગજમારી છે. તમને વાતો કરતા કોઈ રોકે છે? જાઓ કહી દો બધાંને કે એ છોકરાને ઇરેકટાઇલ ડિસ્ફંક્શનનો ઇસ્યૂ છે. એ પુરુષ કહેવાને લાયક નથી."

## 74 સ્ટ્રોક, અર્થક્વેક એન્ડ પિન-ડ્રોપ સાઇલન્સ

પોણા બે વરસ સુહાની પથારીવશ રહી ત્યારે શ્રેયિને રાત-દિવસ તેની સેવા કરેલી. અર્થક્વેક વખતે જ્યારે ફ્લેટના બધાં નીચે ઊતરતા હતાં ત્યારે તે ચીસો પાડતી ભીડને ચીરતો ઉપર ગયેલો 'ને સુહાનીને ઊંચકીને નીચે લઈ આવેલો. એને જીવન પ્રત્યે અણગમો ના થાય કે એનું સ્વમાન ના ઘવાય તેનું શ્રેયિન ખાસ ધ્યાન રાખતો. ઘરેથી ધંધો કરવાને કારણે ઘણું નુકસાન ગયું 'ને સામે ખૂબ ખર્ચો થયો. સ્ટ્રોક આવે લગભગ બે વરસ થયાં અને અંતે સુહાની ફરીથી હરતી-ફરતી થઈ ગઈ. શ્રેયિનને બંને કુટુંબના સભ્યોએ ખૂબ સમજાવ્યો. પણ, એણે નિર્ણય લઈ લીધો હતો. બધાં એકદમ ચૂપ થઈ ગયાં.

" હું સુહાની સ્વસ્થ થાય એની જ રાહ જોતો હતો. એક માણસ, એક મિત્ર તરીકે 'ને ઇવન એક પતિ તરીકે મેં મારી ફરજ પૂરી કરી. પણ, એક વાત નિશ્ચિત છે. હું તેને પ્રેમ નથી જ કરતો."

## 75 બોર્ડ-મીટિંગ!

" એવું નહીં. કશુંક નવું આપીએ તો આપણું ગેરન્ટીથી ચાલે. લોકો ચેન્જ માંગે છે."

" થ્રી-ડી લેસર ઇમેજિંગ કરીએ? લોકો એનાથી ઈમ્પ્રેસ છે. નેટ પર સ્વયં શેઅર કરશે."

" એટલાં પૈસા હોત તો આપણે મંદિર ના ઊભું કરી દેત?! મેં છેને એક વાર ટીવીમાં ક્રાઇમની સિરિઅલમાં જોયેલું. લાશ જ મૂર્તિમાં ફિટ કરી દીધેલી. આપણે એ મૂર્ખાઈ નહીં કરવાની. ખાલી આંખ મળી જાય તોય મૂર્તિ જીવંત લાગે!"

" એવું જોખમ લેવા કરતા સિમ્પ્લિ મોટર મૂકી દેવાની, પૈસા નાખે એને લાડુ મળે."

" તમે પહેલાં એ તો નક્કી થવા દો કે ક્યા ભગવાન ચાલશે. ક્યા એરિઆમાં જગ્યા મળે છે, ક્યાં ડેરો લાગે એના પર બધો આધાર. મૂર્તિ એ મુજબ આવે. પૈસા એ મુજબ રોકાય."

" મૂર્તિના પૈસા તો એની સાઇઝ 'ને કારીગારી પર જાય. ભગવાન મુજબ પૈસા ના હોય."

" કારીગારી નહીં. કારીગરી. 'ને લોકો તો ગધેડા છે, જે રાખીશું એને પગે પડવા દોડશે. મૂર્તિ એટલે કે પગે પડાવવા જેવો જીવતો માણસ બેસાડવામાં વધારે મહેનત 'ને રિસ્ક, કાલે ઉઠીને એ એની દુકાન અલગથી ચાલુ કરી દે તો?"

 © Gaurang Amin

## 76 ગંદી ગૂંચ!

પશ્યો વાતોમાં આવી જતો. ટાંકામાં ઊભા ઊભા હૉટેલના નવ ગુણ્યા બાર રૂમની ચાદરો આખો હાથ ગોળ ગોળ ઘૂમાવીને ધોતા પશ્યાને દોસ્તારે કીધું કે તું ફાસ્ટ બૉલર થઈ શકે. 'ને પશ્યો તોફાનમાં કામધંધો ઠપ થવાથી ચાલીમાં રમાતાં ક્રિકેટમાં બૉલિંગ કરવા આવી ગયો. ક્યાંય સુધી પલાળેલા કપડાં ગૂંદીને બૉલને એક ઘાએ ચોખ્ખો કરી નાખવા વીંઝે છે તો બૉલ સીધો એના પગના અંગૂઠા પર! રિટાયર્ડ હર્ટ પશ્યો આરામ કરતો હોય છે 'ને કો'ક ભંભેરે છે કે હરતો ફરતો રહે તો ઝટ સારું થાય. રસ્તે લંગડી લેતો એ ફરવા લાગે છે. 'ને અચાનક વાતાવરણ તંગ થવાના સમાચારે એસઆરપી આવી ચઢે છે. પશ્યો ધોવાઈ જાય છે. પશ્યાની આપવીતી સાંભળીને એક જવાન સમજાવે છે કે ક્રિકેટ રમવું હોય તો અમ્પાયર થવાય. બગડેલા ચાવીવાળા રમકડાની જેમ એ ઘરે પ્હોંચે છે. પછીની મૅચમાં અમ્પાયર થાય છે. 'ને બેઉ ટીમ પશ્યાને અંચઈડો કહીને ફટકારે છે. હવે તો તોફાન પતે તો સારું, વિચારતો પશ્યો રાખીબાના ઘરે વાળું કરતો હોય છે. બા કહે કે તારે છેને કોઈનું કહ્યું માનવું જ નહીં! ત્યારે પશ્યો કોઈની વાત સાંભળીને પ્રથમ વાર ગૂંચાય છે કે આ વાત માનું કે નહીં?!

## 77 કડવો જવાબ!

કર્તેશને દિલથી સમજાયું કે એ પુરુષ છે પણ, નિર્યા સ્ત્રી છે, અને પરણિત. કાલે ઊઠીને એણે ઘરની બહાર નીકળવાનું આવ્યું તો એની સિક્યોરિટી શું? નિર્યાના આ વિચારમાં દમ છે. કર્તેશે એક કમ્પની ફોર્મ કરી. નિર્યાને ભાગીદાર બનાવી. પ્રેમી 'ને વેપારી બંને રીતે નિર્યા પાસે પેપર્સ સાઇન કરાવ્યા. ત્રણેક વર્ષ વિત્યાં. બંને સાથે રહેવા માંડ્યા. એનેય ચાર વર્ષ વિત્યા. અને સમયે રંગ બદલ્યો. નિર્યાના અહંકારી 'ને ક્રોધીલા સ્વભાવ સામે કર્તેશ હારી ગયો. ઝઘડો યુદ્ધ બન્યો. છેવટે બંનેએ ફરીથી છૂટાછેડા લેવાનો વારો આવ્યો. નિર્યા નિશ્ચિંત હતી કે આ વખતે સિક્યોરિટીની કોઈ ચિંતા નથી. કર્તેશની દોલતમાંથી સીધો ભાગ મળશે 'ને માસિક બાંધી આવક નફાની. નિર્યાના વકીલે કર્તેશ, એના વકીલ 'ને જજની કલ્પનામાં હતી એ બધી રજૂઆત કરી. કર્તેશના વકીલનો ટર્ન આવ્યો. અને જવાબમાં એમણે સાત વર્ષ જુના દસ્તાવેજો સાથે નિર્યાનું જે દેવું રજૂ કર્યું એ જોઈને નિર્યાને દિલથી પ્રશ્ન થયો કે આટલી બુદ્ધિવાળો માણસ તો એને ક્યારનોય ઓળખી હશે. તો અત્યાર સુધી એણે મને ક્યા કારણસર રાખી?

## 78 ત્રણ એક્કા

" દરેક કુંવારામાં એક ગે જીવતો હોય છે." આ પોસ્ટના સ્ક્રિનશૉટ્સ નેટ પર મિમ બની ગયા. પોસ્ટ થઈ હતી રમેશના એકાઉન્ટમાંથી. રમેશ "એ પેગામ"માં રિપોર્ટર તરીકે બે માસ પહેલાં જ જોડાયો હતો. કમ્પની રુલ મુજબના મોબાઇલ-ફ્રી લંચમાં ગયો ત્યારે એ ભૂલથી પીસી લૉક કરવાનું ભૂલી ગયેલો. 'ને બાજુના ડેસ્કવાળી મારકણી ટ્રીનાએ આ મજાક કરી 'ને ફેસબુક બંધ કરી દીધેલું. પાછો આવીને રમેશે મોબાઇલ જોયો તો દોઢસો વૉટસ ઍપ 'ને ફેસબુક પર ગણાય ના એટલા નોટિફિકેશન્સ. અર્ધી મિનિટમાં એ સત્ય પામી ગયો. એણે ટ્રીનાને ગૅલરીમાં બોલાવી. રમેશ હિંસક મૂડમાં હતો.

" મારે કશું સંભાળવું નથી. તારો ફેસબુકનો પાસવર્ડ આપ અથવા હું લીગલ ઍક્શન લઉં."

" રમેશ સાંભળ તો ખરો, આજથી હું તારી બસ? બધા માની જશે કે તું ગે નથી!"

" ઇન ધૅટ કેસ, યુ લિસન. તારું અને મિસ્ટર એડિટરનું ચક્કર મને ખબર છે. તારે બચવું હોય તો તારું 'ને એમનું રિઅલ ટાઇમ રેકૉર્ડિંગ કરીને મને આપી દેજે."

## 79 પ્રાઇસ ઑફ એન્ટીક

કોર્ટના હુકમથી મિ.જૉસેફની કબર મિસેઝ જૉસેફની ના હોવા છતાં જુલી 'ને ગોલ્ડીની હાજરીમાં ખોદવામાં આવી. ખવાઈ ગયેલું શબ પોસ્ટમૉર્ટમમાં જાય એ પહેલાં ભાઈ-બહેને આંસુ સાથે નજીકથી નિહાળ્યું. કો'ક બોલ્યું કે જૉસેફ જેવા ભલા આદમીને ઝેર આપનારો શેતાન કહેવાય. કો'ક બોલ્યું કે એમને કોઈ ઝેર ના આપે. બે-ચાર જણ બબડ્યા કે બીચ પરનો વિલા હડપવા ઘરમાંથી જ કોઈએ કાસળ કાઢી નાખ્યું છે. પણ, ઝેર આપે કોણ? વારસદારોને તો બધું સીધું મળવાનું જ હતું 'ને મળ્યું પણ હતું. બીજા દિવસે રિપોર્ટ આવ્યો. મિ.જૉસેફનું ડેથ નેચરલ હતું, ડૉક્ટરે કીધેલું તેમ હેમ્રહેજ. અલબત્ત! જુલી કે ગોલ્ડી બેમાંથી એકેયને આ રિપોર્ટમાં લેશમાત્ર રસ ન્હોતો, રસ હતો તો ત્રણ પેઢી જૂના પોર્ટુગીઝ બ્રેસ્લેટમાં જેના પર પેટ્રન સેઇન્ટ ઑફ પૉઇઝન-બૅનડિકટની છાપ હોય છે. પણ, એમને બનાવટી તપાસ કરાવીનેય સડેલા મડદા સિવાય કશું હાથ ના લાગ્યું. આખરે મિ.જૉસેફ ફરી દફન થાય છે. ફરીથી એક વાર. કદાચ છેલ્લી વાર. વ્હેલી સવારે એટૅકમાં મૃત્યુ પામેલા મિસેઝ જૉસેફની બાજુમાં જ.

 © Gaurang Amin

## 80 પ્રેક્ટિકલ પ્રોબ્લેમ!

બાળકોને સેક્સ-એજ્યુકેશન આપવું જોઈએ કે નહીં એ વિષયની ચર્ચા કરવા વાલીઓને સ્કૂલ મેનેજમેન્ટ તરફથી બોલાવવામાં આવ્યા હતાં.

" બાળકોને? અરે પહેલા એડલ્ટને તો શિક્ષણ આપો!" એક પિતાએ કોલાહલ વચ્ચે બૂમ મારી.

" શાંત થાવ, પહેલા અમે પ્રેઝન્ટેશન કરીએ, પછી સૌને બોલવાનો મોકો મળશે."

અંધારું થયું. વીસ મિનિટ સ્લાઇડ-શો ચાલ્યો. પછી, પ્રિન્સિપાલ 'ને બીજા બે ટીચર બોલ્યા. સ્કૂલનું કહેવું હતું કે આ ટ્રેનિંગ-મોડલ વિદેશની ઘણી સ્કૂલોમાંથી એમણે વિકસાવ્યું છે. ચોથા ધોરણથી બાળકોને જનનાંગો 'ને પ્રજનન અંગે પ્રાથમિક માહિતી આપવી જોઈએ. તેનાથી બાળકોને થતાં સહજ પ્રશ્નોનું નિરાકરણ આવી જાય. બાળકમાં હોર્મોનલ ચેન્જીઝ આવે ત્યારે એ જલ્દી એડજસ્ટ થઈ શકે. 'ને ચાઇલ્ડ-એબ્યૂઝ પણ કાબૂમાં આવે. હોલમાં વ્યાપેલી ગુણગુણ વચ્ચે એક મમ્મીએ હાથ ઊંચો કર્યો.

" આ બધું જાણીને જો બાળકો સેક્સ કરવાની જીદ પકડે તો શું કરવાનું?"

## 81 અસંસ્કારી કૂતરો!

પતિ સુભગ પત્નીનું સાંભળવાને બદલે વિધુર પપ્પાનો પક્ષ ખેંચતો હતો એટલે હેતાબેન વધારે ગુસ્સામાં હતા. એમને આજને આજ જ ફેંસલો લાવવો હતો. કોઈ પણ રીતે આ બંગલો વેચીને ભાગલા પાડો. ભાઈ અશ્વિને એમને ઘણું સમજાવ્યા કે એકનો એક છોકરો છે તો અંતે ઘર તમને જ મળશે અને અત્યારે પ્રૉપર્ટીના ભાવ પણ બરાબર નથી ચાલતા. પણ, હેતાબેન એકના બે ન્હોતા થતા.

"એને એના બાપની જ પડી છે. પોતાના બૈરી છોકરાની નહીં."

ઉગ્ર રીતે ચર્ચા ચાલતી હતી એટલામાં એમનું માનીતું કૂતરું બહાર જોસથી ભસવા લાગ્યું.

"હેતા, આ કેમ આટલું ભસે છે?" અશ્વિનભાઈએ વાત બીજા પાટે ચઢે એટલે પૂછ્યું.

"અરે આ આપણું પમ્મી ઓછું નથી. સોસાયટીમાં જન્મ્યું ત્યારથી આપણા ઘરનું ખાઈને મોટું થયું. હવે એ બીજા કોઈ કૂતરાને ઘરના ઝાંપા પાસે ફરકવાય નથી દેતું. એનો બાપ બિચારો ઘરડો થયો એટલે અમે રોટલી નાખીએ એય એનાથી જોયું નથી જતું બોલો!"

## 82 ઇતિહાસનું પ્રતિબિંબ

" છ વર્ષ થયાં. અત્યાર સુધી કોઈને કશું કીધું? પણ હવે સહન નથી થતું. ઊઠે ત્યારથી ચાલુ જ પડી જાય છે. સવારસવારમાં મોઢામાં મોઢું ઘાલીને પૂછશે ' ડાર્લિંગ, કેવી ઊંઘ આવી?' ...છે પાછો એકદમ કામલોલુપ. આંતરે દહાડે જોડે નાહવા જોઈએ. બૈરાંની જેમ પાછો ચા બનાવશે. ખાવામાંય કોઈ ચોઇસ જેવું નહીં. જ્યારે પૂછો ત્યારે ' તને જે ભાવે એ બનાવ!' ખાતી વખતે પાછો ફોર્સ કરશે. અલ્યા મારે ખાવું હશે એટલું હું ખાઈ લઈશ હું નાની કીકી નથી. ઑફિસથી અડીઘડી ફોન કરશે ' શું કરે છે?' તું તારું કામ કર 'ને મને ઘડી જપવા દે. ક્હે કે તું કોઈ ઍક્ટિવિટિ કર. અલા, તું મને છોડે તો કરું ને! લેડિઝ પ્રૉબ્લેમ માટે ડૉક્ટરને ત્યાં જાઉં તોયે જોડે દોડ્યો આવશે. શરૂમાં મને એમ કે બહુ માયાળુ છે. પણ, હવે આ બધું બંધન જેવું લાગે છે. હું ગૂંગળાઈ જઉં છું. આઇ નીડ માય સ્પેસ."

સોનાલી એકધારું બોલી ગઈ. એની મમ્મીનું મોઢું સિવાઈ ગયું. પણ, મન બબડી ગયું-

' તારા પપ્પાને એક આદર્શ પતિ માનીને તેં મને તો ઠીક, પણ તારી જિંદગીનેય અન્યાય કર્યો છે!'

© Gaurang Amin

## 83 એક પ્રશ્ન, એક જવાબ!

ગીરા તંગ આવી ગઈ હતી. આડોશ-પડોશમાં ગોઠી ગયું હોય, શહેર પરિચિત થઈ ગયું હોય, ચિન્ટુને સ્કૂલમાં ફાવી ગયું હોય ત્યાં ઘર બદલવાનું આવી જાય! વ્યોમેશ ઘણુંખરું ટેવાઈ ગયો હતો. નોકરી લીધી ત્યારથી જ તેને ખબર હતી. ઑફિસમાં તેના જેવા બીજા માણસોને એ જોતો. પણ, વ્યોમેશને જે ટેવ નહોતી પડતી તે ગીરાના નકારાત્મક અભિગમની. લોકો કામ માટે તરસતા હોય છે. અને આ તો સરકારી નોકરી છે, તો પણ...

" આનાં કરતા ભલે નાનું કામ હોય પણ એક જગાએ ઠરીને ઠામ હોઈએ તો જિંદગી જેવું લાગે. આ તો ધોબીના કૂતરાની જેમ આમથી તેમ..."

" છોડી દઉં નોકરી? કે તમે પપ્પા સાથે રહેવા જતા રહો છો? કે તું એવી જૉબ શોધે છે?"

" તમારે જે કરવું હોય તે કરો, આમેય મારું કહ્યું કયા દિવસે કર્યું છે તે હવે કરવાના?!"

## 84 મેં ઓર મેરી તન્હાઈ!

પથિકને થયું કે જીવનમાં ક્યારેક ગ્લાસ અર્ધો ભરેલો રહ્યો તો ક્યારેક ખાલી. એક પણ અંતરાલ એવો ના આવ્યો કે જેને અથથી ઇતિ સંપૂર્ણ કહી શકાય. અરે, એક દિવસ પણ એવો ના ગયો કે જેને એક કમ્પ્લીટ સ્ટોરીની જેમ માણી શકાય, ફુલ-સ્ટૉપ મૂકી શકાય. કાયમ અનુસંધાન બીજા કે ત્રીજા દિવસે! એણે નક્કી કર્યું કે મારે લાઇફના કમ સે કમ બે-ચાર દિવસ ભૂત-ભવિષ્યથી સ્વતંત્ર જીવવા છે. આ સમાજ, મોબાઇલ 'ને ઇન્ટરનેટથી દૂર. એકલાં મારી સાથે!

પથિક ટ્રૅકિંગનો સરંજામ લઈને મનાલી પહોંચી ગયો. જ્યાં વર્ષમાં માંડ એકાદ ગ્રૂપ પ્હોંચતું હશે એવાં ઈગલ્સ-પૉઇન્ટથી ત્રણસો એક મીટર દૂર પહાડ પર ટેન્ટ લગાવી દીધો. એ એકાંત મળવાથી ખુશ હતો. સાંજે કૅમ્પિંગ લાઇટ કરીને એનું પ્રિય પુસ્તક "અસ્તિત્વની ખોજ" બૅગમાંથી કાઢ્યું. ખોલ્યું. અને અંદરથી એક ફોટો સરક્યો.

" ઓહ, તન્હાઈ! તું અહિંયાં પણ મારી જોડે?!" એની આંખો બિડાઈ ગઈ. ' કાશ, તું ખરેખર મારી સાથે હોત તો...'

## 85 ક્યાં સુધી? મજા આવે ત્યાં સુધી!

ઊંઘ ઊડી જાય પણ જ્યાં સુધી વેધનો ગુડમૉર્નિંગ-કૉલ ના આવે ત્યાં સુધી પ્રાચી આંખો ખોલતી જ નહીં. એ ફોટા વૉટસ ઍપ કરે કે કયા કપડા પહેરવા 'ને વેધ સિલેક્ટ કરે. કૉલેજમાં જોડે. પછી રિવર-ફ્રન્ટ પર જોડે. રાતે ગુડ-નાઇટ ટૉક સ્હેજે એક વગાડતી. વેધના જીવનની પણ એક જ વાસ્તવિકતા હતી- પ્રાચી! પ્રેમ ઘણો આગળ વધી ચૂક્યો હતો. પણ, ત્રીજા વરસના દિવાળી બ્રેક પછી ઊઘડતી કૉલેજે બંનેને અહેસાસ થાય છે કે હવે પહેલા જેવી મજા નથી રહી. એ રોમાંચ, એ આંખોમાં ખોવાઈ જવું, એ એકમેકને અડવું...

" વેધ, પ્રૉબ્લેમ શું છે? તને કોઈ બીજું મળી ગયું છે?"

" પ્રાચી, હું પણ તને આ જ પૂછવાનો હતો! સારું છે હજુ આપણે ઘરે વાત નથી કરી અને..."

" એકબીજાને પસંદ કરીએ છે. ફ્રેન્ડઝ છીએ. જોડે ગમે છે 'ને જુદા થવું ગમતું નથી છતાં મજા નથી રહી! કદાચ, આપણે જસ્ટ ડેટિંગ કરતા'તાં. મે બી, પ્રેમ જેવું કશું હોતું જ નથી."

" લૅટ અસ સી, તને કે મને કોઈ બીજું મળે છે કે નહીં! બાકી, ત્યાં સુધી આપણે જોડે."

## 86 વીસ વરસની વરસી

પિસ્તાલીસનો થયો, મૃદિતને થતું કે હવે તો દેશ માટે કશું કરવું જ રહ્યું. ચારેકોર અન્યાય 'ને અનીતિનું સામ્રાજ્ય છે પણ, હવે મારી પાસે ટક્કર લેવાની ક્ષમતા છે. એન્જિનિઅર થયા બાદ પપ્પાની ફેક્ટરીમાં જોડાઈને એણે કારોબાર ત્રણ ઘણો વધારી દીધેલો. બે દશકાથી એકધારું ઘરથી ફેક્ટરી 'ને ફેક્ટરીથી ઘર કર્યા પછી હવે એનામાં અનોખી હિંમત આવી ગયેલી. સોશિઅલ-ક્લબ, બિઝનેસ-સર્કલ 'ને પોતાની કોલોનિના લાગતાં-વળગતા સૌને એણે ભાવથી આમંત્રણ આપ્યું "આજે ટાઉન હોલમાં છ વાગે લોકતંત્રનું રણશિંગું ફૂંકાશે- કાલની સરકાર આપણી પ્રજાની બનશે!". ઘણાંએ ખુશ થઈને કીધું કે તમારા જેવા સુશિક્ષિત, સજ્જન 'ને સુખી માણસ રાજકારણમાં આવે તો જ હવે કંઈ આશા રાખી શકાય.

મૃદિત ત્રણ વાગ્યાનો હોલ પર હાજર હતો. પોણા છ એ ફોન આવ્યો-

" મિસ્ટર મૃદિત, આપ તુરંત અપને ઘર આ જાવ. મેં પ્રધાન બોલ રહા હું, સીનિઅર આઇટી ઑફિસર."

## 87 પુર્લિંગ સમય

આહ્લાદ નાનો હતો ત્યારે ક્લાસની છોકરીઓ જોડે વાત કરતાય શરમાતો. પરંતુ, કૉલેજમાં એના રૂમ પર છોકરા જતા ડરતા. હા, છોકરીઓ બિન્દાસ આવજા કરતી. છોકરીઓ આહ્લાદ પર આંધળો વિશ્વાસ મૂકતી. એમની લવ-સ્ટોરી, બ્રેક-અપ બધી વાતો કરતી. આખરે એ કૉલેજની ગે ક્લબનો પ્રમુખ હતો. પણ, ગે ક્લબમાં એની છાપ પ્લેબૉયની હતી એટલે કોઈ ગે ના છૂટકે જ આહ્લાદના રૂમ પર જતો. સમય બદલાતો રહ્યો. આહ્લાદની ટ્રાન્સ્ફર ઇન્દોર ઑફિસમાં થઈ. ત્યાં એનો સંબંધ ઢીંગલી જેવા દેખાતા પ્રજનુ સાથે બંધાયો. એક વર્ષમાં આહ્લાદ પ્રજનુના પ્રેમમાં પડી ગયો. એને વિશ્વાસ હતો કે આવી જવાબદાર 'ને સંસ્કારી છોકરી ના મળે. એણે ઠાની લીધું કે એ પ્રજનુ સાથે લગ્ન કરશે.

" નો મૅન. વ્હાય શુડ વી મૅરિ? જ્યાં સુધી ફાવે ત્યાં સુધી જોડે રહીએ. ધૅટ્સ ઇટ!"

" વૉટ? બ્લડિ વિમૅન. યુ ઑલ આર સેમ, બિચિંગ વિથ મૅન. યુ જસ્ટ હેટ કમિટ્મેન્ટ!"

## 88 પારકું જહન્નમ, પોતાનું નરક

જુમ્મા મસ્જિદની આઝાનનો કાનમાં થઈને સુષુપ્ત મન પર અભિષેક થયો 'ને ઊર્ણા ભડકીને જાગી. પરસેવે રેબઝેબ હોવા છતાં એ કામળો ઓઢી, ટૂંટિયું વાળીને ધ્રૂજતી હતી. ચકળ વકળ નજર બેજાન દિવાલોને તરત ના ઓળખી શકી. પણ, પંખાથી ધબકતા કૅલેન્ડર પરનો ફેસ જાણીતો લાગ્યો. આ તો શિવજી! ઊર્ણાને થોડી રાહત થઈ. તારીખ જોઈને ખ્યાલ આવ્યો કે આજે બુધવાર થયો. બારીમાંથી ડોકિયું કર્યા વગર રસ્તા પર મીટ માંડી. દાઢી-ટોપીવાળા મુસ્લિમો, સાદા ઝભ્ભા-લેંઘામાં. પસીનાથી પલળતા. સ્ત્રીઓ બુરખામાં. નિર્ભીક 'ને જોમવંતી. ઊર્ણાને બધું યાદ આવી ગયું. એનું ગામ. આતંકવાદીઓનું આક્રમણ. ઝપાઝપી. ફક્ત એક બકશો લઈને શ્રીનગર ભાગવું. શ્રીનગરથી દિલ્હી. મિસિઝ કપ્પૂ કરીને કોઈ સારી મહિલાનું સ્ટેશને મળવું. એમના ઘરને પોતાનું ઘર સમજવાનું કહેવું. ઊર્ણા વિચારોમાં ખોવાયેલી હતી ત્યાં મિસિઝ શર્મા બારણું ખોલીને આવ્યા.

" નીંદ નિકલ ગઈ? શામ હોને આઈ હેં બચ્ચા. અબ નહા ધોકે તૈયાર હોજા. દૂધ-નાસ્તા રેડી હેં. ઔર યે કપડે, પાવડર-પફ ભી રખ્ખે હેં. જલ્દી કરના ધંધે કા ટાઇમ હો રહા હેં."

## 89 સર્જિકલ-સ્ટ્રાઇક!

૩૬૪ દિવસ તિજોરીમાં રહેતી કોથળી ધનતેરસે બહાર આવે કે નાહંને મમ્મી યાદ આવે. આ કાણી પૈ એમના દાદાની. પિત્તળનો ચોરસ સિક્કો મારા મોસાળનો. વિક્ટોરિયાનો તારા બાના મોસાળનો... આ પૈ, બગ્યું, ત્રગ્યું તારું! લગ્ન થયા પછી એકલો પૂજા કરતો 'ને બબડવું પડતું એનાથી છૂટ્યો એમ માની નાહં ઘરવાળી પાસે એ સિક્કા-સંહિતા દોહરાવતો. પણ, બીજી દિવાળીએ સમજીને પાછો પોતાના મોં પાસે પોતાના જ કાન ધરવા માંડેલો. પત્નીને નાહંથી તકલીફ ન્હોતી. એને વાંધો લક્ષ્મીજી સામે હતો. ક્હેતી કે જે આપણા ઘેર નો આવ્તા હોય ઈને નીચા નમીને બોલાયા કરવાનીય હદ હોય! નાહંને એવી વાત સ્હેજ પણ ગમતી નહીં. પણ, આ દિવાળી જરા વધારે કપરી હતી. નાહં જેવા નાહંની હિંમત તૂટી જાય એવી. એને સિક્કા ધોતાં ધોતાં પરસેવો વળી ગયો. આંસુય આવ્યા. છેવટે એણે ગૂપચૂપ પંચમ જ્યોર્જનો ચાંદીનો સિક્કો ચોરીને ગજવામાં ઘાલી દીધો.

"લક્ષ્મીમા તમ્નેતો વિષ્ણુએ બૌ આલ્યું છે, તો હું મારી લક્ષ્મીને ચાંદીનું મંગળસૂત્ર તો આલું કે નૈ?! 'ને આ સિક્કોતો મને મારી મમ્મીએ આલ્યો છે, તમે નહીં."

 © Gaurang Amin

## 90 ધાવણની ભૂખ

કલિન્દ બહુ ખુશ હતો. લગ્નના દસમા દિવસે મમ્મી ભારતથી અમેરિકા જવા નીકળી ગયેલી 'ને પછી કલિન્દ સિંગાપોર રવાના થયેલો. આજે મમ્મી સિંગાપોર આવી ત્યારે, નવ વર્ષ બાદ મળી.

" મમ્મુ, આજે તું ખાવાનું બનાવજે, વર્ષો થૈ ગ્યા તારી કઢી ખાધે."

" અરે, પણ વિપલ બરાબર જ બનાવતી હશેને, ભલેને એ બનાવે. મને આરામ કરવા દે."

કલિન્દ ડઘાઈ ગયો. પછી વિચાર્યું કે જેટ-લેગ હશે. ત્રીજી સાંજે મમ્મીને લઈને કલિન્દ-વિપલ તેમના મિત્ર વ્યાનને ત્યાં ગયા. વાતો-વાતોમાં જમવાનો સમય થઈ ગયો.

" અરે હોય કાંઈ, માસી આવ્યા છે તો જમીને જ જવાનું છે. ઘરે જઈને થોડું બનાવાય? 'ને હવે તો વિપલ તારી નહીં, માસીની ચિંતા કરવી પડે! અમારે તો મમ્મી સાંભળે જ નહીં. ઇન્ડિઆથી તારી માસી આવી એ દહાડાથી મેં તારા ભાભીના હાથની ચ્હાય નથી પીધી!"

વ્યાનના મમ્મીને કલિન્દ ગુસ્સાથી જોઈ રહ્યો.

## 91 ગણતર

મથ્થાને એ ભણ્યો ન્હોતો એનો રંજ ન્હોતો. એણે ભણેલા શેઠ જોયા હતાં. 'ને શેઠાણીઓ પણ! દુ:ખ તો એને એ વાતનું હતું કે ડૉક્ટર સાહેબય એની વાત સમજતા ન્હોતા. મથ્થાને તો શંકા જતી હતી કે એ સમજવા જ ન્હોતા માંગતા, કે પછી એમણે મારી વાત સાંભળી જ ન્હોતી?!

એ ભલે કહે હું ઉખીને અમારે ત્યાં જ રાખીશ. ભલે બા-બાપુ ના પાડે. ઘરમાં બે પૈસા હું લાવું છું. અને ઉખી આખરે મારી ઘરવાળી છે. શેર માટીની ખોટ મનેય ડંખે છે. પણ, એના માટે હું મોકાનો ફાયદો ઉઠાવી બીજા લગ્ન કરું? અરે, બહુ હોશિયાર થયે શું થશે? જન્મે મથ્થો હતો 'ને મરીશ ત્યારેય મથ્થો જ હોઈશ. ઉખ્લી ગાંડી નથી જ. સમય આવે સારું થઈ જશે. હું એને મારી છોકરીની જેમ સાચવીશ પણ ગાંડાની હૉસ્પિટલમાં તો નહીં જ કાઢી મૂકું.

## 92 ડાબલા

ક્યારે નવ વાગી ગયા ખબર જ ના પડી. પડે પણ ક્યાંથી? ઊઠીને નિત્યક્રિયા 'ને ચા-નાસ્તો થઈ શકે એટલો ગાળો રાખીને જ કણ્વય પથારી છોડતો. અમદાવાદી ઉનાળામાં એસીમાં બેઠેલાં ડૉક્ટરોને દવા વેચીને એ થાકી ગયેલો. એને થતું કે લગ્ન ખોટા કર્યા. ના, વીણામાં કોઈ દોષ ન્હોતો. પણ, કણ્વય કોઈપણ કામની નિષ્ફળતામાં પોતાની ભૂલ જ કાઢતો. એટલી હદે કે 'હું જન્મ્યો જ ખોટો!' એવુંય કહી દેતો. 'ને ત્યારે વીણા કહેતી-

" તમે ના જન્મ્યા હોત તો કરત શું? હાહાહા!"

" જન્મ્યો જ ના હોત તો કશું કરવાની જરૂરિયાત જ ના હોત ને."

" એટલે તમે જન્મ્યા એ પહેલા પણ હતા ખરા, એમ માનો છો?"

" એવું ના હોય તો પછી હું જે ભોગવું છું એ મારું કર્મ ક્યાંથી હોય?"

" મારા વ્હાલા, કોણ કોનું કર્મ ભોગવે છે એમાં પડીને શું કરવાનું? આપણે પોલીસનું કામ નથી કરવાનું! આપણે તો એટલું જ જોવું કે શું ભોગવીએ છીએ 'ને શું ભોગવવું છે!"


© Gaurang Amin

## 93 દ્રષ્ટિમોહ

પબ્લિક ગાર્ડનની બગલમાં કવિ શ્રી આભાસ ઊભા હતા. પીઠ પાછળથી એક માળ ઊંચે જઈને પાછાં નીચેની તરફ વળેલા સંખ્યાબંધ વાંસની હરિયાળી જે મંડપ સર્જતી હતી તે દિગ્મૂઢ થઈને નિહાળતાં. આંખો ફરતી ફરતી ઊંચેથી નીચે આવી ત્યાં તડકામાં ચમકતા ડામર પર એક વ્યક્તિ દેખાયો. ડૂચો ખોલીને પહેરેલા સફેદ શર્ટ-પૅન્ટમાં કાળી ચામડીનો એ જીવ હાથ જોડીને પગે લાગતો રસ્તા પર ઊભો હતો. શ્રી આભાસે દર્શનની દિશામાં આંખ ખસેડી તો "ટેનિસ અકૅડમિ"નું બૉર્ડ. નીચે કોઈ દેરી શોધી પણ ના મળી. ના હાથી, ના ગાય કે ના કોઈ બાવો. કવિને એમના વિચારો તેડીને પેલાં ભાઈ પાસે લઈ ગયાં.

" ભાઈ, આ તમે કોને પગે લાગો છો?"

પેલાં ભાઈ ફરીથી આંખ બીડીને બોલ્યા-

" સાહેબ, કાયમ નીચી નજરે જ ના જોયા કરો. ક્યારેક ઊંચે પણ જુઓ. ત્યાં... ઠેઠ ત્યાં... ઉપર જુઓ. પેલ્લો સૂર્ય દેખાય છે ને? એને હું પગે લાગું છું."

## 94 ઑફિસમાં બૂમો, ઘરમાં ડૂમો

'આજે સવારથી, હાર્દિકે ઑફિસ જતાં કકરાટ કર્યો ત્યારથી બધું ઊંધું ચત્તું જ થાય છે. એપ્રિલની સાતમી તારીખ અને આટલો ઠંડો પવન? ક્યાંક ઝાપટું પડ્યું કે શું? લાવ તો ફેસબુક ચેક કરવા દે. કો'કે તો સ્ટેટ્સ માર્યું જ હશે!'

સ્વરૂપી મારફતિયા ઑનલાઇન થઈ.

'ઉફ્ફ! આ ટૅગ્સ લોહી પી જાય છે. ગુડ મૉર્નિંગ 'ને ગુડ ડે કહેવા બીજાની વૉલ શું લેવા ચીતરતાં હશે? રિઅલમાં મૂડ ખરાબ હોય એ વર્ચ્યૂઅલ ફ્લાવર્સથી સુધરવાનો છે?!'

સ્વરૂપી કટાણાં મોઢે બીજી વિન્ડો ખોલીને ન્યૂઝ-ફીડ જોવા લાગે છે.

'આ હાર્દિકને એની ઑફિસવાળા શેના કૉન્સોલેશન આપે છે? ઓહ... શી.... આ શું?!'

## 95 કેમિકલ-વૉર

મિષ્કા જાણતી હતી કે ક્ષણિકને છુપાઈને મળવામાં એને ગુપ્ત આનંદ આવે છે. પોતાના નિયત કર્મ સામે વિજય મેળવવાનો. પોતાની કિસ્મતને પોતાની જીદથી દઝાડવાનો. અર્ધી કલાકનું સંવનન એની શારીરિક નહીં માનસિક આગ બુઝાવતું હતું. મારું ધારેલું કશું જ ના થાય? મને આનંદ મળે જ ના? ચરમસીમાની ક્ષણોમાં એનું અંતર જાણે હર્ષનાદ કરતું, યસ "આઇ" ડીડ ઈટ! પણ, પછીના સાડી ત્રેવીસ કલાક એ ફરી એની જાત કુદરતના ચરણમાં ધરી દેતી. એને સહજ એવું થતું કે જે થાય છે તે કુદરત જ કરે છે. હું ફક્ત એક યંત્ર જ છું. ક્ષણિકને લગીર જાણ ન્હોતી કે એ મિષ્કાના મનોકુરુક્ષેત્રનું એક પ્યાદું માત્ર છે. એ મિષ્કા સાથે લગ્ન કરવા માંગતો હતો. કિન્તુ, મિષ્કાને સંસાર કે કુટુંબ-વ્યવસ્થા પર કોઈ આસ્થા ન્હોતી. એ ઈશ્વરની વિભાવનામાં પણ ન્હોતી માનતી. એના અનુભવે અમુક શરીરના જનીન જ એવા હોય છે કે જેની ઇચ્છા 'ને સફળતા વચ્ચે વિપરીત સંબંધ હોય છે. સો સામાન્યતઃ મિષ્કા એવું જ ઇચ્છતી કે એ ક્ષણિકને ના મળે. અલબત્ત! એ જાણતી કે ક્ષણિક એને મળવા માટે સદૈવ તલપાપડ રહેતો.

## 96 પ્રતિ-આદર્શ!

' શું જોઈને શકુંતલા નામ રાઇખું હશે?! આખો દિ આંયા કચરા-પોતું 'ને વાસણ-કપડા કર્યા કરવાના હતા તે કચરી નામ રાઇખું હોત'તો!' શકુંતલાબેનને કામવાળી હોવાનું ભારોભાર દુ:ખ હતું. શેઠાણી વારંવાર સમજાવતાં કે કામ છે તો સારું છે, ઘર ચાલે છે. એ પૈસાય ગામથી વધુ આપતા. પણ, એમના મગજ સાથે જાણે નિરાશાનું લોખંડી ગઠબંધન થઈ ગયું હતું. બડબડ કરતાં જાય 'ને કામ કરતા જાય. કચરો કાઢે ત્યારે પંખો બંધ કરે ના કરે. પોતાંનું પાણી બદલ્યા વગર ઘસે રાખે. વાસણો પછાડશે. મહિનામાં એકાદ કાચનું વાસણ તોડે જ છૂટકો. કપડા કૉલર કે મોરી પાસે ચોખ્ખા કરવા બે વાર ધોવા નાખવા પડે. પણ, શેઠાણી ક્યારેય ગુસ્સે ના થતાં. એક દિવસ શકુંતલાબેને પૂછી જ કાઢ્યું-

" તમને કેમ કોઈદિ મારા પર ગુસ્સો નથ આવ્તો?"

" બેન, હું તો તમારી ઋણી છું, તમને હિંમત આપું છું એટલેસ્તો મારામાં હિંમત ટકી રહે છે."

## 97 ચકિત્કાર!

"આસુર્યઃ કલ્પ"માં લખેલા મંત્રોનું એક જ વાર પઠન કરવાનું હતું. જાપ નહીં. એકથી વધુ વાર ઉચ્ચારવામાં કાયમ માટે જે મંત્ર નિર્રજ થઈ જાય એવા પ્રાચીન સંસ્કૃત મંત્રોનો પાઠ પત્યો 'ને એણે આંખ ખોલી તો સામે પરી! એણે ચોંકીને કીધું મેં તો દાનવી માટે સાધના કરી હતી 'ને તું તો પરી છું. પરીએ કીધું અંગ્રેજના ભાષાંતર 'ને તારા પઠન બંનેની વિકૃતિને કારણે હું જન્મી છું. હું ફક્ત સત્કાર્ય જ કરી શકું, કાળો જાદુ નહીં. તું મારો માલિક છું. હું તને સચ્ચિદાનંદ સુધી પ્હોંચાડીશ. પણ, આજથી મારો જીવ તારામાં છે એટલે તારે પોપટ બની જવું પડશે. હું તને રણની નીચે સાતમી ગિરિમાળા પાર વહેતી સલિલા સોમાને કિનારે મહેલમાં મૂકી આવીશ. તને કોઈ રાક્ષસ કશું નહીં કરી શકે. ફક્ત સંપૂર્ણ માનવી જ તારું કશું બગાડી શકશે. એના મોતિયા મરી ગયા. એને પસ્તાવો થયો કે દુશ્મનોનો નાશ કરવા 'ને કુબેરના ખજાનાની લાલચમાં મેં આ શું કરી નાખ્યું. બીજું કંઈ ના સૂઝતાં એણે ફટાક દઈને "આસુર્યઃ કલ્પ" ફરીથી ખોલ્યું. સાધનાલોપના મંત્ર ખોજવા લાગ્યો. કિન્તુ, પ્રત્યેક પાને, દરેક લીટી માત્ર શૂન્ય પર અનુસ્વાર બિંદીથી ભરેલી પામ્યો. 'ને ત્યાં પરીએ શીતળ સ્મિત સાથે કીધું-

" ચાલો, મેરે આકા! તમારો સમય થઈ ગયો છે!"


© Gaurang Amin

## 98 જોઇન્ટ-વેન્ચર

" હવે બેસ બેસ તને તો ઇન્શર્ટ કરતાંય મેં શિખવાડ્યું'તું." પહેલો ડોસો બોલ્યો.

" હાહાહા, તારા પે'લા ઇન્ટરવ્યૂ વખતે તું ટાય કોની પે'રી ગ્યો તો?" બીજાએ ચોપડાવી.

" તમને બેઉને ઇંગ્લિશ કોણે શિખવાડેલું?" ત્રીજાએ બંનેને ચૂપ કરી દીધાં.

બાંકડા પર બેઠાં બેઠાં પાછલી ઉંમરે બધાંએ એકમેકનો સહિયારો જુવાનીનો વખત હસતાં હસતાં ચપટીમાં ઊભો કરી દીધો.

કમલ અને વિનય ઘડી વાર એકબીજાથી મોં ફેરવીને ચૂપ રહ્યા ત્યારે આ વાતો સંભળાઈ ગઈ. વર્ષોની દોસ્તી પછી વરસ દિવસથી ભાગીદારીમાં ચાલુ કરેલા વેપારમાં ગૂંચ પડતાં બંને ભાગીદારી કેવી રીતે છૂટી કરવી એના માટે ભેગાં થયેલા. બંનેની નજર મળી. ઘડીભર એકબીજાને સ્કૂલ યૂનિફૉર્મમાં જોઈને બન્ને હસી પડ્યા. અંતે બંને એક વાતે સહમત થયાં કે ધંધો ભલે બંધ કરીએ પણ દોસ્તી તો ડોસા થઈને આ બાંકડે બેસીએ ત્યાં સુધીની પાક્કી.

## 99 જીવનનું સ્થળાંતર

સિરા પણ કુંજની જેમ જ ઇમિગ્રેશન પર સિડની આવી હતી. કુંજ ભારતથી. સિરા ચીનથી. સિરા મૉડર્ન હતી, પોતાની ઇચ્છાથી અવિવાહિત. જ્યારે કુંજને ત્રણ વર્ષનો દીકરો. સિરા ઘણી ખંતીલી 'ને મહેનતુ હતી. જે કામ કુંજ આઠ માસથી કરતી હતી તે આસિસ્ટન્ટ તરીકે જોડાયેલી સિરા ત્રણ વિકમાં જ શીખી ગઈ. બંને વચ્ચે આમ તો કામ સિવાય ખાસ વાત ન્હોતી થતી. પણ, એક દિવસ કુંજનો મૂડ દેખીતો જ ખરાબ હતો.

" વોટ ઈસ દ પ્રોબલેમ? યુ આર સમવેર એલ્સ. નોટ ઈઅર." સિરાએ ધીરે રહીને પૂછ્યું.

" યા, મનિ-પ્રૉબ્લેમ. વરિડ અબાઉટ માય કિડ." કુંજની આંખોમાં જોઈને સિરા સમજી ગઈ કે તેને ચિંતા હતી કે તે છોકરો કેવી રીતે મોટો કરશે, પૈસાની તકલીફ વચ્ચે. સિરાએ પર્સમાંથી એક ટૉફી કાઢી. એનું રેપર લઈને ફટાફટ એમાંથી ફ્રૉક જેવું કશું બનાવી દીધું.

" વેન આય વોસ ચાઇલ્ડ, આઈ પ્લેડ ઓનલી વિઠ ધીસ સોર્ટ ઓફ ટોયજ. એન્ડ નાઉ લુક એટ મી, વેર એમ આય! રિમેમ્બર, લાયફ કેન ઓલસો ઈમિગ્રેટ."

## 100 અન-ટચ્ડ રિએલિટી

હૉસ્પિટલના મિકૅનિકલ બેડ પર ગમે તેવો જડ સૂતો હોય, પ્રથમ દ્રષ્ટિએ એ લાગણીશીલ જ દેખાય. તો પછી ઓપન હાર્ટ સર્જરી કરાવ્યા પછી માણસમાં કેટલો બધો ફેર આવી જાય! દ્વિમુખી વ્યક્તિત્વ ધરાવતાં આશિષના દેખાવમાં અર્ધોઅરધ બદલાવ જણાતો હતો. કદાચ, શરીર સાથે તેની આંખોનો અહંકાર પણ અર્ધો થઈ ગયો હશે.

" તું આવી ખરી! થેંન્ક યુ. સારું લાગ્યું." આશિષ ધીમા અવાજે બોલ્યો.

" તું અલગ દેખાય છે. આશા રાખું કે તું સાચ્ચે જ બદલાઈ જાય!" મેં કીધું.

" છેલ્લા દસ દિવસના જીવનમાં કેટલીય વાર જન્મ્યો 'ને.... દ્વિધા, આઇ એમ ટ્રૂલિ સૉરી!"

" ઓહો, કઈ કમ્પનીના સ્ટૅન્ટ મુકાવ્યા? તને સૉરી બોલાવ્ડાવે એટલે બૌ કે'વાય!"

" હાહાહા, આમ તો પ્રાણ 'ને પ્રકૃતિ સાથે જ જાય. જોઈએ અહીંથી નીકળ્યા પછી શું થાય છે!"

" આશિષ, તું ફરી મળે ના મળે એ જાણીને જ હું આવી. બાકી, મારે ફરી નથી મળવું એ નક્કી છે. અત્યારે જે દેખાય છે તેને છેલ્લું સત્ય ગણીને છૂટા પડીએ એ જ સારું."

## 101 ચર્ચા, નિર્ણય અને અમલીકરણ!

વડલે રોજ સવારની જેમ મંડળી પાછી ભેગી થઈ. વાતોનો દોર ચાલ્યો.

" કોઈને કલ્પના પણ ના આવે કે આટલું મોટું નામ હોવા છતાં ચૂંટણી હારી જાય."

" ધરુભા, જીત્યો એય તે નામ વગર નથી જીત્યો."

" પણ, એ તો પ્હેલી વખત લડ્યા. આ તો ત્રણ પેઢીથી રાજકારણમાં. ખરું કહેવાય!"

" તે આવતી વખતે કોને ખબર શું થશે?"

" ઉન્હ! અત્યારે જ ચુંમ્બોતેરના થયા. પાંચ વરસ પછી હશે કે કેમ એય કોને ખબર."

એટલામાં ખગેશ મુખી આવ્યા. શું વાત ચાલે છે જાણીને એમણે જાહેર કર્યું-

" આ બધી ખોટી ચર્ચા છે. ગીતામાં કૃષ્ણએ અર્જુનને કીધુંજ'તું કે તું મારે કે ના મારે આ બધાંય મરવાના એ નક્કી! એક વાત સમજી લો- નામ એનો નાશ!"

આટલું બોલીને એ ચૂપચાપ માળા કરવા બેસી ગયા.

## 102 મોહભંગ!

મટુ ભગતના ફિલ્મી ગીતોના ઢાળે ગવાતા ભજનોથી અભિભૂત થઈને નાડીબેન મહિને એક વારથી શરુ કરીને એક સમયે ભગત જ્યાં જ્યાં જ્યારે જ્યારે ભજન ગાવા જતા ત્યાં ત્યાં ત્યારે ત્યારે પ્હોંચી જવા લાગ્યા. શારીરિક 'ને આર્થિક રીતે નબળા એવા પતિ ઠાઠિયા ગાડીની ડ્રાઇવરી કરીને થાક્યા. નાડીબેનને પણ એક સમયે સમજ પડી ગઈ કે એમની શ્રદ્ધા ભજનના શબ્દ-નાયક એવા ઈશ્વર પર નહીં પણ ભજનના કંઠ-નાયક એવા મટુ ભગત પર છે. પણ, એ સમજનો વેલો સવિશેષ પાંગરે એ પહેલાં મટુ ભગત માંદા પડ્યા. કોઈ દવા કામ ન્હોતી લાગતી. એવામાં એમના પત્ની કોઈની જોડે ભાગી ગયા. વધુમાં ઘરે ચોરી થઈ. ભગત સાવ હાથે પગે આવી ગયા. નાડીબેન જેવા શ્રદ્ધાળુઓએ મદદ કરી પણ, ડૉક્ટર 'ને દવાના ખર્ચા નાસ્તિકને પણ દયા આવી જાય એ હદે રિબાતા ભગતને આખરે ભરખી ગયા. નાડીબેનનું કાળજું કંપી ઉઠ્યું, હૈયું ચિરાઈ ગયું. મટુ ભગતના બારમાની વિધિ પતી એવી એમણે નદી કિનારે જ પોક મૂકી. અને આકાશ તરફ હાથ ફેલાવીને બોલ્યા કે હે ઈશ્વર, હવે તો મુજ અનાથનો ફક્ત તું અને તું જ એક સહારો છું.

## 103 એવર એન્ડિંગ સ્ટોરી!

ડબલ ઝીરો ફિગરના જમનામાં ડબલ પ્લસ સાઇઝ? સો રે'ર એન્ડ પ્રેશ્યસ! જેકીને થયું દેલવાડાના દેરામાંથી કોઈ યક્ષિણી જીવતી થઈને વિહરી રહી છે! એ એસ્કેલેટર પર વિરુદ્ધ દિશામાં દોડીને ઊતર્યો પણ, પેલી ટ્રૉલી લઈને લિફ્ટમાં જતી રહી. લિફ્ટ પાછી આવી એટલે લિફ્ટમૅનને સીધી પચાસની નોટ પકડાવીને એણે જાણકારી મેળવી. પાર્કિંગ લેવલ-2માં પ્હોંચી એણે સિક્યુરિટીને બીજી પચાસની નોટ પકડાવી. દોડીને ડી વિંગ તરફ જતો હતો ત્યાં જ તેની નજર સામે એ ગાડીમાં નીકળી. જેકીનું હૃદય કોને ખબર કેટલાં ધબકારા ચૂકી ગયું! એ જોતો જ રહી ગયો. કાર જ્યાંથી નીકળી ત્યાં એક ટ્રૉલી પડી હતી. ટ્રૉલી પર હળવેથી હાથ મૂકીને જેકી એને ઝંખતો રહ્યો. ઊંડા શ્વાસ લેતા લેતા એની આંખ ઢીલી પડી. ટ્રૉલીમાં પડેલું બિલ દેખાયું. જેકીએ નજાકતથી બિલ ઊંચક્યું.

બે ટી-શર્ટ, ત્રણ જીન્સ, એક સ્પૉર્ટ બ્રા, ચાર નિકર, બે શર્ટ, એક ટાઇ, આફ્ટર-શેવ લોશન, કિડ્ઝ ફ્રૉક, સ્કૂલ-બૅગ... જેકીએ આગળ વાંચ્યા વગર બિલને ડૂચો વાળીને ફેંકી દીધું.

## 104 સોનાનો હાર

મા-બાપની ગેરહાજરીમાં મામાએ વિક્રમને મોટો કર્યો. અમેરિકા ભણવા મોકલ્યો. ત્યાં એને એન્જેલા સાથે પ્રેમ થયો 'ને લગ્ન કરી લીધાં. થોડા સમય બાદ વિક્રમ પત્નીને લઈને મામાને ત્યાં પાછો ફર્યો. વર્ષોથી એકલવાયું જીવન જીવતા મામા પણ એની કાગડોળે રાહ જોતા હતાં. વિક્રમે એન્જેલાને અંગ્રેજીમાં કીધું " મને મામા પર વિશ્વાસ છે એ ના નહીં પાડે 'ને મને તારા પર પણ વિશ્વાસ છે કે તું ભારતીય સંસ્કાર અપનાવીને એમનું દિલ જીતી લઈશ.".

ઘરના ઉંબરે મામા ઘૂંઘટમાં નમતી એન્જેલાને આશીર્વાદ આપતા કહે છે " વહુબા અહીં તમે તમારી રીતે રહો, સમાજની આમન્યા ઉંબરાની અંદર રાખવાની જરૂર નથી."

નવદંપતીની આંખો ભીની થઈ ગઈ. વખત વ્હેવા લાગ્યો. એક દિ વિક્રમ રોજની જેમ કામથી શહેર ગયો હોય છે. મામા એન્જેલાને બોલાવે છે 'ને સ્વ. મામીનો સોનાનો હાર આપતાં કહે છે " હવે આના પર તમારો હક્ક છે. તમે પાછાં જાવ એ પ્હેલાં કદાચ હું જતો રહું!"

આટલું બોલીને મામા એન્જેલા પર માતેલા સાંઢની જેમ તૂટી પડ્યા.

## 105 લોઢાની શૂળી 'ને સોનાની સોય

ગામથી બસો કિલોમીટર દૂર રહેતા રિટાયર્ડ મહેશકાકાનું ઘર તો ખેતી પર ન્હોતું ચાલતું પણ એ દોઢ વીઘું એમને ગામ સાથે જોડી રાખતું. વરસે ઉચ્ચક રૂપિયા એમના ભાગ્યા ઉંકલા આદિવાસી પાસેથી એ લેતાં. બાકી બધું ઉંકલાનું. વરસાદ ના હોય તો એક પૈસોય ના લે. પરંતુ, પંચાયતને મહેશકાકા સીધા-સારા માણસ, એનાથી શું? સરકારનો ફતવો આવ્યો કે ગામમાં હરિજન નિવાસ યોજના આવવાની છે, ચોખ્ખી જમીન અંગે સૂચન મોકલો. ગામમાં પચીસ વીઘાવાળા દસ જણ હશે. પણ, સૌની નજર દૂર શહેરમાં અટકેલી તે પંચાયતે સર્વ સંમતિથી મહેશકાકાનું ખેતર સરકારને આપી દેવાનો નિર્ણય કર્યો. પરંતુ, કાકા ગાંજ્યા જાય એવા ન્હોતા. કાકાએ ઉંકલાને ફોન કર્યો. ખેતરમાં એક જ રાતમાં ઉંકલાનું પાકું ઘર બની ગયું. 'ને દિવસ ઉગતાં કાકાએ બીજો ફોન સરપંચને માર્યો.

" નમસ્કાર માનનીય સરપંચજી, કલાકમાં કાગળિયાં 'ને વકીલ લઈને આવું છું, મારું ખેતર ઉંકલાના નામે કરું છું. વાંધો નથીને?"

## 106 કુજીરા જીંજામાં સચવાયેલા અવાજ

"જીવનમાં પ્હેલી વાર પાંખ હોત તો ઊડી જાત એવું લાગ્યું 'ને આખરે એ છેલ્લી ઇચ્છા સાથે હાર્પૂનની ચાંચમાંથી જાળના માળામાં, ડાળખાં જેવી નિર્જીવ હું બોટના સ્ટ્રોક પર આમથી તેમ હિલ્લોળા લેતી ગેઇશા જેવી, અંતે એકદમ સફેદ... સંપૂર્ણ જડ છૂટા છવાયા પાણીમાં પડી. આ લોકો એને બરફ કહે છે. એમને એ ઠંડો લાગે એટલે એ બધાં ગ્લોવ્ઝ પહેરીને કામ કરે, પણ હું નિર્વસ્ત્ર છું એટલે કદાચ બરફને મારી હૂંફ મળતી હશે. દ્વાર વાસ્યા પછી એ રેત સમું અપંગ જળ રંગ બદલીને કાળું થઈ જાય છે. 'ને એકાએક ખૂલતી આ રાતની આયુ નક્કી નથી હોતી. બહાર દરિયો મને શોધતો ધુવાં પુવાં થતો હશે. સી-ગલ્સ પણ ચિચિયારીઓ પાડીને રડતા હશે. 'ને મમ્મી-પપ્પા? મારો અવાજ એમને ક્યારે પ્હોંચશે?"

સુમોહારાને આત્મવિશ્વાસ હતો કે આ બચુકડી વ્હેલની માને કાલે શોધીને અમે પાડી દઈશું. કૅબિનમાંથી ચંદ્ર પરથી દોડીને ભાગી જતાં વાદળા જોઈને એ ઘડી મરક્યો. એણે સાકિનો શીશો ઝાલ્યો 'ને તૂતક પર પહોંચીને સાથી વ્હેલર્સને ચિઅર્સ કરવા તલવારની જેમ બૉટલ ઊંચે કરીને ચીસ પાડી " ટૅનોં હાઇકઅ બાનઝાઈ..."

 © Gaurang Amin

## 107 કૂખાગ્નિ

દયિતાબેન રૂમનો ખૂણે ખૂણો જોતા હતા. સુંદર અરીસાવાળું ટેબલ. વિશાળ ચિત્ર. કાચનું ઝુમ્મર. રંગબેરંગી ફાનસ. અદ્ભુત કાલીન. દિવાલ જેટલા મોટા બારણા વાળું કબાટ! 'ને જેના પર બેઠાં હતા એ જાજરમાન પલંગ. એમને થયું કે ' આ જ ઘરમાં મારો એક ઓરડો છે. કાશ! મારેય એક સંતાન... એક દીકરો હોત જે ભણીગણીને મોટો માણસ બન્યો હોત 'ને આવા પલંગ પર હું આરામ કરતી હોત.' એ સહસા ખોળામાં રહેલા રાગિનને ચૂમવા લાગ્યા. દયિતાબેન આવેશમાં આવીને કોઈ અનેરી દુનિયામાં પહોંચી ગયા. બ્લાઉઝ ઊંચો કરી રાગિનને સ્તનપાન કરાવવા લાગ્યા. ઘડીભર જાણે કોઈ મા-દીકરાનું આગવું વિશ્વ રચાઈ ગયું. એમની આર્દ્ર નજર ઊંચે ફરતી ફરતી પીઓપીની ફોલ સીલિંગમાં શિલ્પિત ફૂલ-વેલની ગલીકૂંચીઓમાં ખોવાઈ જતી હતી ત્યાં સામે સીસીટીવીનો કૅમેરો અથડાયો. એ ભાનમાં આવ્યા. 'ને દયિતાબેન ગભરાઈને પ્રાર્થના કરવા લાગ્યા-

' હે ઈશ્વર! મને માફ કરજે. ટીવીમાં આ કોઈ ના જોવે એવું કરજે. માંડ એક આયાની નોકરી મળી 'ને મેં આ શું કર્યું.'


© Gaurang Amin

## 108 આદિત્વ

ઝિવાની નજર ફ્લેટના દાદરાના ખૂણામાં પડી. એણે ઓળખી કાઢ્યું. આ તો લાલીનું ઇરેઝર છે. એણે ધીરેથી ફ્રોકના પૉકેટમાં સરકાવી દીધું. નીચે ગાર્ડનમાં જઈને કોઈ જોતું નથી એ ચેક કરીને એણે પાછું કાઢ્યું 'ને વિચારવા લાગી ' કેટલું ફાઇન છે! પપ્પાને કીધું કે મનેય આવું ડિઝાઇન વાળું લાવી આપો પણ એમણે ના પાડી. લાલી કાયમ મારા ક્રેઓન્સ વાપરે, પણ મને એનું કશું ના આપે. એક વાર સ્કૂલમાં મેં પૅન્સિલ માંગી હતી તો મારી ખિલ્લી ઊડાવી'તી. આ ઇરેઝર હું એને પાછું નહીં આપું. એને લાવ્વું હોય તો બીજું લાવે. પણ, એના પપ્પા બીજું નહીં અપાવે તો? તો તો એ મારું જ વાપરશે. ભલે વાપરે. આ ઇરેઝર હું ઘરે વાપરીશ. એકલાંમાં.' ઝિવા મોજમાં આવીને એ ઇરેઝર સૂંઘે છે. એટલામાં દૂરથી લાલી દોડતી આવે છે.

" ઝિ... વા, મેં આ ગઈ. ચલ ખેલતે હૈં. "

" આજા મેરી દોસ્ત!" ઝિવા એકદમ ખુશ થઈને ભેટી પડી " જો મને તારું ઇરેઝર મળ્યું, લે."

## 109 હું પડી જઈશ

વાસુ ભડભડતા અગ્નિને જોઈ રહ્યો. 'પપ્પા પણ એક વખત નાના હશે. એમના મમ્મી-પપ્પા સાથે રમતાં હશે. ચાલતા દોડતાં શીખ્યા હશે. સ્કૂલેય ગયા હશે. કેટલાંય સ્વપ્ન જોયા હશે. ત્રણ નોકરી બદલી. બીજી નોકરી વખતે એમણે લગન કર્યા. મમ્મી તો એમને છોડીને ક્યારની જતી રહેલી. પણ, મમ્મી હતી બહુ હિંમતવાળી. પપ્પા એને યાદ કરતા કહેતા હતાં કે તું જન્મ્યો એના છ મહિના પછી એણે કીધું'તું કે વાસ્યાને તો હું શહેરમાં જ ભણાવીશ. પપ્પા સીધા સાદા. શહેરથી કાયમ ગભરાય. મમ્મીએ મામાને વાત કરીને એમનો ઇન્ટરવ્યૂ ગોઠવ્યો. બધું પાર પડી ગયું 'ને પપ્પા ગામડેથી શહેર આયા'તા. પપ્પા કહેતાં કે એ દિવસે ખરા અર્થમાં એ પગભર થયેલા. હું જ્યારે કુવૈત જવા નીકળ્યો ત્યારે એમણે મને પણ એવું જ કીધું હતું કે હવે તું ખરા અર્થમાં પગભર થયો.'

" વાંસડો લાય જો, આ બાજુ પગ બહાર રહી ગયાં છે, અંદર નાખવા પડશે." કોઈ બોલ્યું.

વાસ્યાના પગ ધ્રુજવા માંડ્યા. 'પપ્પા... મને તેડી લો, હું પડી જઈશ.'

## 110 લવ બાય બ્રેઇન

નવાઝ આંખો મીંચીને હવામાં આંગળાં ઘુમાવતી મગજના પત્તા ફેરવી રહી હતી. પર્સી સોફામાંથી એને જોઈને સમજી ગયો કે મૅડમને કશું યાદ નથી આવતું. ધીમાં પગલે સરકતો રસોડામાં પહોંચી નવાઝને એણે પાછળથી જકડી લીધી.

" ઓહ, ટુ બી શું પર્સી, માંડ માંડ એક ટો યાદ આવટું હોય!"

નવાઝનો બાળક શો માસૂમ ચહેરો જોઈને પર્સી બોલ્યો-

" ટારા આ ઍક્સ્પ્રેશન જોવા એ પન એક લ્હાવો છે! ક્યા ઢૂંઢ રહી ઠી મેરી બાર્બી?"

" રીંગણના ભડઠાની રૅસિપિ. ટને બૌ ભાવે છની."

" ચાલ હું હેલ્પ કરું. મને આછું-પાટળું યાડ છે. હું સ્ટાર્ટ કરું એટલે ટને યાડ આઈ જશે."

સિસોટી વગાડીને "જબ કોઈ બાત બિગડ જાયે..." ગીત ગાતો પર્સી ભુટ્ટા ધોવા લાગ્યો. પોતાને રીંગણ દીઠાંય નથી ગમતા એ ભૂલીને. પોતાની અર્ધાંગની નવાઝને ભૂલી જવાની બિમારી છે એ યાદ રાખીને.

## 111 અનફોર્ટિફાઇડ રિબેટ!

શિવાકાકા સ્ટ્રીટ-લાઇટ નીચે ભણીને એમ.એ., એમ.કોમ. થયા પણ, એમના ચિત્તમાં ચોંટેલો રહ્યો નાનપણમાં મમ્મીની આંગળી પકડીને ઘઉં દળાવવા જવાનો આનંદ, ઘંટીની ઘરઘરાટીનો રોમાંચ 'ને પછી તાજાં લોટની ગરમાગરમ રોટલી ખાવાનો સંતોષ. શિક્ષકની નોકરી છોડીને ઘંટી કરી ત્યારે એમને શાતા વળી. ઘરે આવે ત્યારે પહેલા અરીસામાં લોટથી લથપથ ચહેરો જોઈને હસતા પછી બીજું બધું. કાકી, દીકરો, વહુ બધાં કહેતા કે હવે ઘંટી બંધ કરો, રિટાયર થાવ. પણ, કાકા ખાંસતા ખાંસતા બોલે કે-

" આ ઘંટીએ દળ્યું તારે જીવનનો રોટલો ઘડાયો."

" તમને સિવીઅર અસ્થમા છે." ડૉક્ટર દવા લખવા માંડ્યા. શિવાકાકા કંઈ ના બોલ્યા. પ્રિસ્ક્રિપ્શન લઈને સીધા ઘંટીએ ગયા. ઘંટી અંદરથી બંધ કરી. ખૂબ રડ્યા. 'ને ઘઉં મુઠ્ઠીમાં લઈને બોલ્યા-

" હું તો તમને સામી છાતીએ દળતો'તો પણ, તમેતો મને છાતી પાછળ..."

 © Gaurang Amin

## 112 દાનવનું સ્ત્રીલિંગ શું થાય?

એક તો મારી કન્ફર્મ સ્લીપર પર બાળરાજકુંવર સાથે અતિક્રમણ કરેલું 'ને ઉપરથી હું ટિકિટ વગર બેઠો હોઉં એવું ફીલ કરાવે. કોચમાં રાણીજી પધાર્યા ત્યારે મને એમ કે એમની બીજે સીટ હશે, પણ, બેન તો રિઝર્વેશન વગર જ પ્રગટેલા. વૃંદાવનના યાત્રાળુ જાણી મેં મન પહોળું કર્યું. ટીસીએ પણ મારા પર એ જ ખાતરી રાખેલી! અન્ય સ્લીપર્સ પર વૃદ્ધ-યાત્રિકોનો સંઘ હતો, સૌ દેવ-દર્શનની વાતોમાં મગ્ન હતાં. મેંય આશા રાખી કે દેવ દર્શન દે 'ને આમને જગા અપાવે. પણ, માયાબેન એમ અંતર્ધાન થાય? એ તો નિશ્ચિંત થઈને S1થી રિલે કમ સે કમ S3 સુધી પહોંચે તેમ ફોનમાં વાતો કરતાં રહ્યાં.

" માયા બોલું, હું ટાઇમમાં થૈ છું એટલે બરોડા જ ઉત્રી જૈશ. માર સાસુને પાછું અપરસ 'ને વ્રજ જૈને હવે મારથી પાપ નો થાય." મારું મન મૂળ કદનું થવા લાગ્યું.

' તમે ટાઇમમાં છો તો અહીં કેમ બેઠાં છો? આ વૈષ્ણવો સ્મરણાંજલિકા ગાય છે, આમાંથી ઘણાની જોડે પૂજા- લાલો હશે, તમે ઘોર વૈષ્ણવ અપરાધમાં પડશો.' પણ, હું મોં ખોલું એ પહેલાં એક વૈષ્ણવ બેને મને આદેશ આપ્યો-

" ભાઈ, જરા પલાંઠી ખોલો તો આ બેન પગ લાંબા કરી શકે."

## 113 રામહરણ

"હમણાં આ જગાએ જો તમારા મહાદેવનું મંદિર હોત તો? રસ્તો બનાવો પણ મેલડીની ડેરીને કશું થ્યું તો ખેર નથી!" નંદુ ચુનારાએ ખુલ્લી ધમકી આપતા કહ્યું. કૉર્પોરેશનના ઑફિસર્સ અને સત્તાધારી પક્ષના કૉર્પોરેટરને કાપો તો લોહી ના નીકળે એવી સ્થિતિ થઈ. સાવ સીધો જતો રિંગ-રોડ આ એક ડેરીને લીધે રાતોરાત કેવી રીતે વાળવો?!

"પહેલેથી સેક્યૂલર રહ્યા હોત તો..." વિરોધ પક્ષનો કાર્યકર આગળ બોલે એ પહેલાં નંદુ ફરી ત્રાટક્યો " ઓ ભૈ, આ તારું સેક્યૂલર તારી પાહે રાખ. રસ્તા પર જૈ કબર હોય તૈ જૈને તારું ભાષણ ઝાડ. આ હરિજનવાસ છે."

આ બધું ઉત્સુકતાથી સાંભળતો નંદુનો ટેણીયો એની માને પૂછે છે " બા, સેકુલર ઇત્લે?"

"બેટુ, એ એવો ધરમ સે, એમાં કોય ભગવાન કે માતાજી નો હોય."

"એવું ચેવું! 'ને બાપુ બોઇલા ઈ મા'દેવ ઇત્લે કુણ?"

"ઈ ઓલા મોટા માણા... હિંદુ લોકાના ભગવાન સે."

 © Gaurang Amin

## 114 એમેચ્યોર કૌન?!

મનિ પ્રૉબ્લેમ. સમવન સિક ઇન ફેમિલી. મૉમ કે ડૅડ ખરાબ. ભણવાનું છોડ્યું. નાછૂટકે આ કામ કરું છું. અને ઇન્ડિઅન ગોડ્ઝમાં મને બહુ રસ. સેબ્રિનાએ પણ અકિને સેઇમ સ્ટોરી કીધેલી. અનુભવી અકિના મગજે વાત નૉર્મલિ લેવી પડેલી, મન જે સેબ્રિનાના સહવાસમાં શાતા પામતું હતું! રિલેશન સ્ટ્રિપ-બારની બહાર નીકળીને અકિના કૉન્ડો સુધી પહોંચ્યા ત્યાં સુધીમાં અકિને ક્રેડિટકાર્ડની જરૂર ના પડી. પણ, બેડ પરથી એ છેલ્લી વાર ઊતરી પછી અકિએ ખાસ મિત્ર પાસેથી ઉધાર લેવું પડેલું, ક્રેડિટકાર્ડનું બીલ ચૂકવવા. અકિ માટે જોકે આ પહેલું દેવું ન્હોતું કે આ પ્રકારના પહેલા સંબંધ ન્હોતા.

" પ્લીઝ ડોન્ટ ગો, વી કૅન ટૉક. મનિ વિલ નૉટ બી એન ઇસ્યુ." અકિ દિલથી બોલ્યો.

" યુ રિઅલી થિંક આઇ વૉઝ વિથ યુ ફૉર મનિ? હહ, આઇ વૉન્ટેડ ટુ ઍન્જોઇ એ જેન્યુઇન ફ્રેન્ડશિપ વિથ યુ. બ્લડિ, આઇ ઍમ એ ડાન્સ-ગર્લ નૉટ અ હૂકર! હી ટોલ્ડ મી, યુ બૉરોવ્ડ ફ્રૉમ હિમ. યુ શુડ હેવ ટોલ્ડ મી, આઇ કુડ હેવ સ્લેપ્ટ વિથ હિમ ફૉર ફ્રી."

## 115 ભૂખે યાચક અને સમજે દાની

રોજની જેમ ગમ્છો અર્ધી રાતે રેલિંગ કૂદી ચાર રસ્તાની વચ્ચેના આઇલેન્ડ એરિઆમાં ઘૂસીને સોડિયમ લાઇટના અજવાળામાં ભોંયેથી જાર વીણીને કોથળીમાં ભરવા લાગ્યો.

" ઓય! શું કરે છે સાલા, બ્હાર નીકળ." અચાનક પ્રગટેલી ગાડીમાંથી કોઈ ભાઈ બોલ્યા.

" બોલોને સાચેબ! મારું ખાવાનું વીણુ સું. તમ નો પાડતા હો તો રેવા દઉં."

" એટલે કોઈ ના પાડે એની રાહ જોતો'તો? શરમ નથી આવતી કબૂતરાનું ચણ ચોરતા?"

" માંણા નો જોવે તારે વીણુ સું 'ને ભગ્વાનથી શું શર્માવાનું?!" ગમ્છો બેઠાં બેઠાં બોલ્યો "... પણ, તમે કૈ હેસ્યતથી હુકમ આલો સો? મને ખાવાનું આલો સો કે નોક્રી આલો સો?"

" આ તારા બાપની જગ્યા નથી 'ને હું આ શહેરનો જવાબદાર નાગરિક છું."

" માલ્દારચ ખરાને?! હું તો મતદારચ નથ કે હું તો ગરીબચ નથી. બાકી પુનઇ કમાવા પ્રજા 'ને સત્તા લેવા નેતા, બંને આવ્તા હોતે. 'ને પછ શેઠ-શેઠ રમવા મન નોકરચ બનાચો હોતે. સાચેબ, પેટથી ગ્યેલો સું મજ્જથી નઈ."

## 116 માનવ મહોરામણ

જેવું ભાષણ પૂરું થયું, આખો હૉલ તાળીઓથી ગાજવા લાગ્યો. જસ્સીની વાત લોકોના ગળે ઊતરી ગઈ 'ને સૌ કોઈ મહોરા ખરીદવા દોડ્યા. આખા શહેરમાં વાત વાયુ વેગે પ્રસરી ગઈ. ટીવીના ઍંકર પણ મહોરા પહેરીને ન્યૂઝ આપવા માંડ્યા. બૅંક, રેસ્ટોરાં કે મંદિર બધે લોકો મહોરા પહેરીને ફરતા નજર આવવા લાગ્યા. જે ભિખારીઓએ મહોરા ના પહેર્યો હોય એને મહોરાંનું દાન મળી જતું. જેટલી ભગવાનની મૂર્તિ હતી એને પણ મહોરા પહેરાવવામાં આવ્યા. મંત્રીઓ મહોરા પહેરીને ઇન્ટરવ્યૂ આપવા માંડ્યા. હીરોઇન્સ મહોરા પહેરીને ફોટો-શૂટ કરાવા લાગી. ઘરમાં ભીંતે લટકતા મૃતાત્માના ફોટાને પણ બધાં મહોરા પહેરાવા લાગ્યા. વિદેશી ગાડીમાં બેઠેલી શેઠાણી કે બાઇક પર જતો સેલ્સમૅન, સ્કૂલે જતા બાળકો કે રોજ પર જતા મજૂરો બધાં મહોરામાં. આખરે જેવું જસ્સીનું મિશન સફળ થયું એવો જ એ ઝબકીને જાગ્યો. ઊભા થઈને એણે મિરરમાં જોયું. એ ભોંઠો પડ્યો. અને જસ્સી મોઢા પર પાણીની છલક મારતો ગયો... મારતો ગયો....

## 117 નાનો ઘરાક; મોટો વેપારી

કૉલેજ-કાળમાં જ્યારે એ સ્ટડી-ટુર પર દિલ્હી ગયેલો ત્યારે જે દોઢ બાય દોઢ ફૂટના હાથરૂમાલ ફેરિયા પાસેથી લીધા હતા તે બરોડા આવીને ખોલ્યા ત્યારે પોણા બાય પોણાનો લેડિઝ રૂમાલ બની ગયેલા. એ અનુભવ પછી દિક્ષ ક્યારેય રોડ-સાઇડ શૉપિંગ નહોતો કરતો. બલકે શો-રૂમ સિવાય પગ પણ ના મૂકતો. બ્રાન્ડેડ વસ્તુઓનો જ આગ્રહ રાખતો. આજે દિક્ષનો પોતાનો ઇલેક્ટ્રૉનિક-આઇટમ્સનો સ્ટોર છે.

" સર, ઑરિજિનલ, ગૅરન્ટેડ વસ્તુ. આ તો હોલસેલમાં આપું છું એટલે આ ભાવ બાકી..."

" ખરું, બાકી આવી જ દેખાતી ડુપ્લિકેટ ડીવીડીઓ દિલ્હીમાં નાખી દેવાના ભાવમાં મળે."

દિક્ષે ઘરાકને બિલ આપી હસતા મોઢે વિદાય કર્યા. સ્ટોરમાં સ્ટાફ સિવાય કોઈ ન્હોતું એ જોઈ લીધું અને ગોડાઉન પર ફોન ઘુમાવ્યો.

" પેલી ચાઇનાવાળી ડીવીડીના બાર બૉક્સ મોકલી દેજે. વાંધો નહીં આવે ઊપડી જશે!"

## 118 મા, મન 'ને માન્યતા!

" મા... પણ તને કશું જ નથી, બધાં રિપૉર્ટ નિલ આવ્યા છે."

" તું ક્હેછે એય સાચું જ હશે. પણ, સાચું કહું દીકા, મને કશુંક છે જે પકડાતું નથી."

આસપાસના એમની ઉંમરના અન્ય લોકો કરતાં સવાબેન ઘણું હરતાં-ફરતાં હતા. નિત્યના પૂજા-પાઠની શિસ્ત 'ને સંયમી આહાર સાથે ઘરનું કામ પણ કરી લેતાં. એમને ફેમિલી ડૉક્ટરની પણ ક્યારેય જરૂર ન્હોતી પડી. પરંતુ, એકલાં થયા પછી વિચારોમાં ઘેરાયેલા રહેતાં. ક્યારેક પોતાનું તો ક્યારેક એકના એક અપાનનું બાળપણ યાદ કરીને વાત ક્યાંથી ક્યાં લઈ જતાં. અપાન જાણતો હતો કે માને કોઈ શારીરિક બીમારી નથી, જે પણ હશે તે માનસિક હશે. પણ, છેલ્લા છ વર્ષથી એકલ પંડે ઘર સંભાળતી માને આ સીધું કહેવું કેવી રીતે? એણે ટોટલ મેડિકલ ચેક અપ કરાવ્યું. રિઝલ્ટ જાણીને હિંમત કરી.

" મા, તું ગુસ્સે ના થાય તો એક વાત કહું, તને આ... કશું માનસિક... જેવું જ છે."

" લે મન્તો ખબરજ છે! દીકા, ચિંતા ના કર. આ ઉંમરે આવું થાય, બાકી મને કાંઈ નથી થ્યું!"

## 119 ચીડિયાં અપની યા ખેત અપના?

કબાટ સાફ કરતાં એનો એ રૂટીન કચરો નીકળતો ગયો. બિલ, શૉપિંગ-લિસ્ટ, ઇન્વિટેશન-કાર્ડ, વ્યવહારના કવર... એ બધાંની વચમાંથી કશું પડ્યું 'ને દેખાય એ પહેલાં સરકીને પલંગની નીચે જઈ બેઠું. સિલ્વાએ વાળ બાંધ્યા 'ને આડી પડીને સાવરણીની મદદથી એને બહાર કાઢ્યું.

'ઓહ, આ તો સિડના રિસેપ્શનનો ફોટો. ઉરેશ કેટલો યંગ 'ને હસમુખો લાગતો હતો.'

સિલ્વાની આંખ સામે એ સાંજ આળસ મરડીને ઊભી થઈ.

ઉરેશ બહુ ખુશ હતો. સ્ટેજ પરથી ઊતરીને તરત જ એણે સિલ્વાને ટૉન્ટ મરેલો 'અબ પછતાવે ક્યા હોત?!'. સિલ્વા ઘરે જઈને બાથરૂમમાં ઘણું રડેલી. સિડ એના પપ્પાના ખાસ ફ્રેન્ડનો છોકરો હતો. બન્નેમાં ગાઢ દોસ્તી હતી. પણ, ઉરેશને દાળમાં કાળું લાગતું હતું. સિલ્વાએ ઉરેશને ઘણી વાર સમજાવ્યો કે એવું કશું નથી. પણ, એને કદાચ સાચું સમજવું જ નહોતું. સિલ્વા ફોટો જોતી રહી. ઘડીમાં ઉરેશને 'ને ઘડીમાં સિડને. એણે, દોડીને આવતા આંસુને ધરાર પાછાં મોકલ્યા 'ને એક ગર્ભિત સ્મિત સાથે સિડને ફોન જોડ્યો.

## 120 એક આશ્રમમાં અજ્ઞાતની અસ્તિત્વલીલા!

ઉત્તરે નિર્ણય લઈ લીધો હતો. 'કશું જાણ્યા કર્યા વગર કશું કહી ના શકાય. એ શું છે જે મારા વ્યાપની બહારથી મને નડી શકે છે 'ને ક્યારેક અણધારી ખુશી પણ આપી જાય છે? ઍરિસ્ટોટલ કહેતા કે ઇન્દ્રિયોથી બધું જાણવાની લ્હાયમાં જ આપણે સહન કરવું પડે છે.'

રિસેપ્શન પર એણે વાત કરી. એને એક ફૉર્મ આપવામાં આવ્યું. ઉત્તર પૅન-પૅડ લઈને બેઠો. નામ, માતા-પિતાનું નામ, રહેઠાણ, ઈમેલ, ફોન નંબર, ઉંમર, મૅરિટલ સ્ટેટસ, ભણતર, કામધંધો, કઈ ભાષા જાણો છો, શું શોખ છે... ફોટો, આઇડી પ્રૂફ 'ને સહી!

'આ શું? શરીરની અંદર 'ને બહાર જે અશરીરી છે એને જાણવા માટે આ બધું જણાવવાનું? 'હું' ખરેખર કોણ છું એની માથાકૂટમાં અહીં આવ્યો ત્યારે આ લોકો મને પૂછે છે તું કોણ છું!'

## 121 રહસ્ય = નકરાત્મકતા!

અચાનક એક કાળો ડીબાંગ ચહેરો દેખાયો. હાઈકુને થયું અંધારામાં કાળો ચહેરો કેવી રીતે દેખાય? અચાનક રૂની પૂણી જેવું શ્વેત મુખારવિંદ પ્રગટ્યું એ સારું રહે. પણ, પછી? ડૅમ ઇટ! આ કથાકારોએ અચાનક 'ને અંધારા સાથે નેગેટિવ ઇન્સિડન્ટ એવા જડબેસલાક જોડી દીધા છે કે એ ચહેરો કશું સારું કરી જ ના શકે. કોઈ દૂત પ્રગટાવવો એ તંદ્રામાંય શક્ય નથી! ઊંઘ ના આવતી હોય 'ને રોજ નવા સપના જોવા હોય ત્યારે એનું એ માથામાં ડોકાયા કરે છે. હાઈકુએ આંખ બંધ કરી. ઊંડો શ્વાસ લીધો. લેટ મી બી પૉઝિટિવ. કદાચ પાવર ઓફ એટ્રૅક્ક્શનની થીઅરી સાચી હોય. 'ને સારા સપના જોવાથી ઊંઘ આવે કે ના આવે બંધ આંખે જાગવાનું સહેલું પડે. એણે ઑલટાઇમ ફેવરિટ ડૉલર્સ ભરેલી બૅગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. પરમ દિવસે એને એ બૅગ પબ્લિક ટૉઇલેટમાં મળી હતી. હાઈકુએ આજ માટે ઑપ્શન્સ વિચારવાનું ચાલુ કર્યું. સ્નોમાં? પણ, હું ક્યાં સ્નો ખૂંદવાની? નદીમાં તરતી? ત્યાં તો બીજું કોઈ પણ જોઈ શકે. અર્ધીરાતે લિફ્ટમાં? અને હાઈકુને જાણે કરંટ લાગ્યો. લિફ્ટમાં ગન જડી આવે 'ને એક પછી એક બધાં રહેવાસીઓના ખૂન થાય!

## 122 એન્કાઉન્ટર!

એણે આંખ ચોળી, ક્યાંક સપનું તો નથીને! બ્રોડ શોલ્ડર. લૉન્ગ નેક. શાર્પ આઇબ્રો. હેવી બ્રેસ્ટ. ફ્લેટ બેલિ. રૅમ્પ પર ચાલતી હોય એમ આવતી હતી. વાળ બેઉ બાજુ ચુસ્ત બદનને રણકાવતા ઝૂલતા હતા. એ એને ફર્સ્ટ ટાઇમ જોતો હતો. કપાળની ફૂલેલી લીલી નસ જાણે એનો ઇનર-પાવર શો કરતી હતી. નીચી વળીને એણે ડોર ખોલ્યું. ગ્રેસના મહોરા નીચે વલ્ગર સ્માઇલ આપ્યું. કારમાં ઑર્કિડની મહેંકની મદહોશી છવાઈ ગઈ. એ શેતાની આઈ-લાઇનર 'ને દૈવી આઇલેશિઝ વચ્ચે જકડાઈ જતો હતો ત્યાં એણે માંજરી નજર ચલાવીને 'હાઈ' કીધું. એ જવાબ વાળે એ પહેલાં જ એ એને વળગી પડી. ઘડી હોઠ ચૂસતી તો ઘડી ગાલ 'ને છાતી. એ એકદમ એક્સાઇટ થઈ ગયો. એક્સ્ટસી! એ પણ સામે વળગી પડ્યો. એના હાથ બેકાબૂ થવા લાગ્યા 'ને એણે હાથ પકડીને બહાર કાઢ્યા. એણે કાનમાં કીધું 'લેટ્સ ગો'. એણે જ ઇગ્નિશન માર્યું. કાર ધણધણી ઉઠી. હેડ-લાઇટ્સ ઑન થઈ. અને એનાથી જમણો હાથ સ્ટિઅરિંગ પરથી ઊઠાવી આંખ આગળ મૂકાઈ ગયો. એની આંખો અંજાઈ ગયેલી. એને થયું-

' કાશ! આ રીઅર-મિરર પણ ઑન-ઑફ થતા હોત!'

 © Gaurang Amin

## 123 નજર

સંધ્યા સરસ ખીલી હતી. કાંકરિયા તળાવની પાળની પાનીએ અથડાતું પાણી જાણે ડૂબતા સૂર્યને પોતાનામાં સમાવવા ઊછળ-કૂદ કરી રહ્યું હતું. મને થયું લાવ નીચે ઊતરી પાણીને અડું.

" ઠહેરો, યે ક્યા કર રહે હો?" એક સૂકવડિયા વડીલે મને બાવડેથી પકડ્યો " આપ યહાં સે કૃપયા યે તરફ આ જાયે."

" હુઆ ક્યા? મૈં ને ક્યા કિયા? આપ હો કૌન?" ગભરાઈને પણ ઊંચા અવાજે મેં પૂછ્યું.

" દેખો જીવન ઇતના ભી બૂરા નહીં હેં, આત્મહત્યા કરના પાપ હેં ઓર ગુના ભી હેં"

" અરે મેં કોઈ પાગલ હું જો આત્મહત્યા કરું?!"

" ભૈયા, આત્મહત્યા આપ જૈસે ગંભીર વ હટ્ટેકટ્ટે હી કરતે હેં. પાગલ તો હમ હેં જો જીતે હેં!"

કાકા દૂર જઈ નીચા મોઢે પાળી પર બેઠાં. પાણીની પેલે પાર સાગરનો છેડો શોધતાં હોય તેમ આંખ ઝીણી કરીને જોવા લાગ્યા. કદાચ તેમનું પોતાનું કોઈ... હું આગળ વિચારું એ પહેલાં મારી નજર ત્યાં લાગેલાં એક બૉર્ડ પર પડી.

"આત્મહત્યાનો પ્રયાસ કરતાં રોકનારને પંદરસો રૂપિયા ઇનામ"

## 124 રૅટ-ડે

એરટાઇટ બંધ રહેતા બંગલા. સિક્યુરિટીની ભરમાળ વચ્ચે ઊંચે ઊંચે જીવતા ઘર. અને એ બંનેમાં જ્યાં 'ને ત્યાં દવાઓ 'ને ગમે ત્યાં પાંજરા. ઉકરડા તરીકે વપરાતા વિવાદમાં પડેલા પ્લૉટમાં રહેતાં ઊંદરડા માટે જીના યહાં મરના યહાં એવો ઘાટ હતો. રોજ રાતે એકાદ વાર તો એકોએકને ઇચ્છા થઈ જતી કે કાશ એકાદા બંગલામાં ઘૂસવા મળે કે ત્યાં ઉપલા માળે ચઢી જાઉં. પણ, કુટુંબી- ઓળખીતાં પારખીતા ત્યાં ગયા પછી જીવતા ક્યારેય પાછાં આવ્યા નથી એ યાદ કરીને પાછાં એંઠવાડ શોધવા લાગી જતા. કિન્તુ, એક દિવસ જ્યારે આ ઉકરડો છોડીને એ લોકો દૂર દૂર રખડવા ગયેલા ત્યારે ભૂકંપ આવ્યો. ઉકરડો સાફ થયો 'ને ત્યાં ટેન્ટ લાગ્યા. બંગલા 'ને ફ્લૅટના લોકો ટેન્ટમાં રહેવા આવી ગયા. બધાં ઉંદર એ રાતે પાછાં આવ્યા તો એમની જમીન પર થયેલું અતિક્રમણ જોઈને પહેલા તો ગુસ્સે થઈ ગયા. પણ, પછી જે વિચારો આવ્યા એનાથી ગેલમાં આવીને બધાં નાચવા લાગ્યા. 'હવે ગટર લાઇનમાં ફાંફાં નહીં મારવા પડે. ઘરે બેઠાં કાજુ-બદામ ખાવાના. પાઉચમાં કે બૉટલમાં પીવાનું પાણી મળશે. અને કપડાય લીસા લીસા 'ને મઘમઘતા કાતરવાના!'

## 125 મહેનત

સૂર્ય યુવાન હતો ત્યારે એને જ્યોતિષ કહેતા કે તને મહેનત કર્યા વિના કશું જ નહીં મળે. અને એ ખુશ થતો કે ચાલો કિસ્મતમાં મહેનત કરવા મળશે એ નક્કી છે! સાઠના દસકમાં જેને અંગ્રેજી ભાષા આવડે એ વિદ્વાન ગણાતો ત્યારે સૂર્ય અંગ્રેજીમાં લખતો-વાંચતો એ તો ઠીક પરંતુ વિચારતો પણ અંગ્રેજીમાં. મિત્રો એને જીવતી ડિક્શનરિ કહેતા! અંગ્રેજી પર મહારત હાંસિલ કરવા એણે ખૂબ પરિશ્રમ કરેલો. સૂર્યનું સ્વપ્ન હતું કે એ સ્ટેજ પર ચઢીને મોટા ક્લાસમાં ઇંગ્લિશમાં લેકચર આપે. આખરે ધંધુકામાં નોકરી મળી ગઈ. બરોડાથી ધંધૂકા સૂર્ય એની લાઇબ્રરિ, ટાઇનું કલેક્શન 'ને ઉત્સાહ લઈને શિફ્ટ થઈ ગયો. સ્ટેજ ન્હોતું. ક્લાસ નાનો હતો. એય અર્ધો ખાલી. પરંતુ, સૂર્ય સર હિંમત ના હાર્યા.

" ગુડ મૉર્નિંગ ફ્રેન્ડઝ. આઇ એમ સૂર્ય પટેલ, યોઅર ન્યૂ પ્રોફેસર ઑફ સાઇકોલોજી."

" સાહેબ, ગુજરાતી... ગુજરાતી." ક્લાસમાં મંદહાસ્ય સાથે કૉરસ ગાજી ઊઠ્યું.

સૂર્યને ફરી એક વખત મનોમન ગુજરાતીમાં વિચાર આવ્યો-

'મને મહેનત કર્યા વગર કશું જ નહીં મળે!'

## 126 ઉદાહરણ તરીકે

ધીરુભાઈએ ધીરેથી ઝાંપો બંધ કરીને પ્રેમથી આંકડો ચઢાવ્યો. આખરે આ ઝાંપાને એમણે વાવેલો! નીચા મોઢે ધરા પર શ્રદ્ધા રાખીને એ ચાલવા માંડ્યા. રોજ જે બગીચાને બહારથી જોતાં તેમાં હિંમત કરીને અંદર ગયા. આજુબાજુમાં જોયું તો કોઈ રોકટોક કરનારું ન્હોતું! ઘડી ભર થયું હમણાં ક્યાંકથી દીકરો બૂમ મારશે કે વહુ છણકો કાઢશે. પણ, એવું કશું ના થયું. બાળકો રમતા હતા. ક્યાંક જરૂરથી વધારે મોટા થઈ ગયેલા વડીલો ટોળે વળ્યા હતાં. ચાલનારા ચાલતાં હતા. કશું  જ અજુગતું ન્હોતું. કદાચ એટલે બધું જ વિચિત્ર ભાસતું હતું. એવામાં તડકાએ અંધારપટ કરી દીધો. એમને થયું ટોપી-ગૉગલ્સ હોત તો સારું થાત. 'ને હા લાકડી! ધીરુભાઈ એક કપાયેલા વૃક્ષના આડા પડેલા થડ પર જઈને બેઠાં. નિ:શ્વાસ નાખીને ઊપર જોવા ગયાં તો પામની વાડની પેલે પારથી ડોકિયું કરવા જતી સ્ટ્રીટ-લાઇટ જાણે એમને પૂછતી હતી-

" અલ્યા, તું અહીંયાં શું કરે છે?"

ધીરુભાઈ બે ક્ષણ પછી બબડ્યા " બસ, એક ઉદાહરણ તરીકે બેઠો છું!"

## 127 વાર્યો ના વરે એ... !

ગુગલીએ કીધું કે ગારાના ઢફ્ફા બનાવીને મૂકી દ્યો તો છાપરું નહીં ઊડે. પણ, ધાર્યો કહે કે વાંદરા ભાંગી નાખે તો? છેક નદીએથી પાણા ઊંચકી લાવીને ગોઠવ્યા. સાઇકલ પર જતા હોય 'ને બે ઘંટડી ઘડી ઘડી મારે 'ને સાથે બ્રેક પણ માર્યા કરે. કહે કે કોઈ એકદમ સામે આવે તો? ખાવામાંય વાંધા પાડ્યા કરે. બહુ ના ખાતી, વાયુ થઈ જશે તો? ગુગલીએ એક દિ' કંટાળીને કીધું કે લોકો તમારું સાચું નામ શિલાજિત છોડીને તમે ધારણા બાંધ્યા કરો છો એટલે ધાર્યો ધાર્યો કરીને મશ્કરી કરે છે. પણ, ધાર્યો કહેતો કે એ તારી ખોટી ધારણા છે, બાકી લોકો સમજે છે કે હું સાચું ધારી શકું છું! ગુગલીએ એ જ દહાડે નક્કી કર્યું કે આમને મારે સીધા કરવા જ પડશે. રાતે ફાનસ મીંચીને ધાર્યો ગુગલી પાસે હળવેથી સરક્યો કે ગુગલીએ રાડ નાખી " આ ખાટલો તૂટી જશે તો?" આવેગમાં આવેલો ધાર્યો બઘવાયો. પણ, પાછો હાથ આગળ કરવા લાગ્યો ત્યાં ગુગલી ફરી બૂમો મારવા લાગી " કોઈ આઈ જશે તો?" ફૂંગરાયેલો ધાર્યો પાછો ત્રાટક્યો તો ગુગલીએ ચીસ પાડી " આ છાપરું પડશે તો?".

## 128 પ્રણયકલ્પ

ફેની બદલાઈ ગઈ છે... સ્તોત્ર ઘૂંટાતો હતો. એણે આખું મૂવિ વિચારોમાં પૂરું કર્યું.

" હિન્દી ફિલ્મ એટલે નરી સપનાબાજી. ફેંપ!" ફેની થિએટરની બહાર નીકળતા જ બોલી.

" હની, આપણે મજા કરવા ગયેલા. રિવ્યૂ લખવા નહીં!"

" અરે પણ હીરો એમ રાતોરાત કરોડપતિ થતો હશે? આટલાં પૈસા તો વારસામાં મળે તો જ શક્ય છે. એવું રિઅલમાં થતું હોત તો આપણે ક્યારના પરણી ગયા હોત."

સ્તોત્રનો પગ બ્રેક પરથી ખસી ગયો... શું ફેની મને છોડી દેશે?

" તું બહુ અલગ થઈ ગઈ છું. અમેરિકાનું પાણી છ મહિના પીધું એમાં આટલો ચેન્જ? " એણે એક્સેલરેટર દબાવ્યું.

" યપ, એન્ડ આઇ એમ હેપ્પી કે હું જે આટલાં વર્ષોમાં ના શીખી શકી તે છેક ત્યાં જઈને શીખી. લિસન સ્તોત્ર, પૈસા તો મસ્ટ છે. રિમેમ્બર, તને કે મને ભલે વારસામાં સ્ટ્રગલ જ મળી હોય પરંતુ, આપણે આપણા બાળકોને બેહિસાબ વારસો આપવો છે."


© Gaurang Amin

## 129 જ્વાળામુખી

શિનાએ યંત્રવત રીતે બેડરૂમનું બારણું બંધ કર્યું. એનો ન્હાવાનો કોઈ મૂડ ન્હોતો. ટી-શર્ટ 'ને જીન્સ ઉતારી કપબૉર્ડમાંથી નાઈટિ લેવા જતી હતી 'ને એને થયું સ્પેગેટિ 'ને શૉર્ટ્સ પહેરું. અંતે બારણું પછાડ્યું. 'ડૅમ ઇટ! મારે કોઈ નાઇટ-ડ્રેસની જરૂર નથી.' સ્પ્રિંગ-મૅટ્રેસની અંદર પોતાનો દેહ ખૂંપાવી દેવા મથતી હોય તેમ એ આમથી તેમ આળોટતી રહી. ઓશિકાને આંગળીઓ 'ને મોઢાથી પીસતી રહી. થોડી વારમાં એ ભડકીને બેઠી થઈ ગઈ. નાઇટ લૅમ્પ કરીને મિરરમાં દેખાતા પોતાના અર્ધ-નગ્ન શરીર પર જાણે ત્રાટક કરવા લાગી. મુઠ્ઠી પીસીને જોરથી બૂમ મારી "યુ બિચ!" 'ને ધ્રૂસકે ધ્રસકે રડતી ડાબા હાથથી જમણા હાથની આંગળીઓ પંપાળવા લાગી. શિના એ એક વીંટી કાઢી 'ને ફેંકી... બીજી... ત્રીજી... ચારેચાર વીંટી એક પછી એક કાઢીને એણે દીવાલો પર પછાડી.

શિનાના આંસુ વણથંભ્યા વહે જતાં હતાં. આખરે એણે ચીસ પાડી.

" ઓ ગોડ પ્લીઝ સેવ મી, આ મને કેમ જે મળે તેની જોડે પ્રેમ થઈ જાય છે?!"


© Gaurang Amin

## 130 નબળું પાકીટ વિ. સબળું સૌંદર્ય

" વામેશભાઈના ઘરે લગ્ન છે એમાં તું કેમ આટલી ઉત્સાહમાં આવી જાય છે?"

" લે ખરા છો! કુસુમબેન મને બહેનપણી માને છે."

" અને વામેશભાઈ? એમના મિત્રોને એ તારા વિષે શું કહેતા હશે એ તને કલ્પના નથી?"

" તમને તો શંકા કરવાની ટેવ પડી ગઈ છે."

" એમ? 'ને એ વામેશ તને કેવા મેસેજ ફોર્વર્ડ કરે છે એ તેં જ મને વંચાવ્યા છે એનું શું?"

" તો શું આપણે સંબંધ તોડી નાખવો છે? પૈસાનુંય નૂકસાન જશે, પછી મને ના કે'તા!"

" બસ મૂળે આ પૈસો જ! પેલા બિચારા સીતાભાભીના ઘરે પ્રસંગ હતો ત્યારે તને ફોન પર વાત કરતાય જોર આયું. અવનવા કારણોની આડમાં તું એમના એકે પ્રસંગમાં ના ગઈ. અને આ લોકો મોટી પાર્ટી છે એટલે તું થનગને છે!"

" દરેક સ્ત્રીને અમુક અરમાન હોય, સ્ત્રીને શું દરેક માણસને હોય. અને તમને વામેશના પૈસા પર ઝેર છે એમ કહોને! આપણી પાસે એટલા પૈસા હોત તો તમે આવું વિચારત?"

## 131 નંબરિયા

" ...એ જમાનામાં આટલી ભીડ નહોતી રહેતી. છતાં બહારવાળા બૉમ્બેને ભીડિયું શહેર કહેતા. ખેર, અત્યારે તો મુંબઈગરોને પણ એવું લાગે છે! હુંય બહારથી આવ્યો હતો. ચર્ચગેટ સ્ટેશન પર મારા બિસ્ત્રા સાથે ક્યાં જવું એ વિચારતો ઊભો હતો. મેં જોયું કે એક મહાશય ટ્રેનમાંથી ઊતર્યા 'ને ચાલવા માંડ્યા. પણ, ધક્કામુક્કીમાં એમનું પાકીટ નીચે પડી ગયેલું. મેં દોડીને એ ઉઠાવી લીધું 'ને બમણા જોરથી દોડતો એમને આપવા ગયો. એ ખુશ થઈને ઇનામ આપવા ગયા 'ને મેં બેધડક કહી દીધું કે હું મારી ફરજ ચૂકતો નથી 'ને હક્ક વગરનું લેતો નથી! એ વારી ગયા. મને એમનું કાર્ડ આપ્યું 'ને કીધું તને તારા હક્કનું કામ હું આપીશ! બીજે દિવસે હું પહોંચ્યો ત્યારે મને ખબર પડી કે એ મને ફિલ્મમાં રોલ આપવા માંગતા હતા! એ મારી પ્રમાણિકતાથી નહીં મારી સ્ટાઇલ... મારી અદાથી ઇમ્પ્રેસ થયાં હતાં! બસ ત્યારથી પેલો માંહ્યલો માણસ ત્યાં જ ઊભો રહી ગયો 'ને લોકોને દેખાય છે તે આ બાહ્યલો કલાકાર દોડતો થઈ ગયો."

વેટરન ઍક્ટર બુદ્બદાસ મહેરાની સ્થિર આંખોને ઇન્ટરવ્યૂઅર જોતો રહ્યો.

## 132 યથા સ્મરણ તથા ભ્રમણ

લગ્નના બે વર્ષ પછી પત્ની મૃત્યુ પામી ત્યારથી મિત ઘરમાં જ રહેતો. ડ્રોઇંગરૂમને જ એણે ઑફિસ બનાવી દીધેલી. કંટાળો આવે તો સંગીત, ચા 'ને વાંચન. ક્યારેક બારીની બહાર જોતો. થોડા સમયથી સામેના ફ્લેટમાં ક્યારેક એક છોકરી દેખાતી, એ જોતો. રાતે એ ઘણી વાર ગૅલરીમાં ઊભી રહેતી. એને થતું કે એ છોકરી એને જોવા જ ઊભી રહે છે. ભલે જાણીતી લાગતી પણ મિત એને અંધારાંમાં બરાબર જોઈ ન્હોતો શકતો. હા, છોકરી એને લાઇટમાં જોઈ શકતી. અઠવાડિયા વીત્યા. એક સવારે મિત જૉગિંગ કરતો હતો.

" હાય! હાવ આર યુ? ઓળખી મને?"

" ઓ યા. જસ્ટ ફાઇન." મિતના ચહેરા પણ અજાણતાં મુસ્કુરાહટ આવી ગઈ.

" તમે બહુ સ્મોકિંગ કરો છો. મને નથી ગમતું." છોકરી મિત જોડે જૉગિંગ કરવા લાગી.

" ઓહ ઇઝ ઇટ? કેમ નથી ગમતું?" મિતને થયું શું ગમે છે એ પછી પૂછું.

" તમે મારા પપ્પા જેવા જ દેખાવ છો. એ પણ બહુ સિગારેટ પીતાં હતાં."

## 133 ઘરડી બિલ્લી!

નાનાલાલે બ્રેક મારીને રોડની પેલી બાજુ ચાલતાં જતા મધુભાઈને બૂમ મારી " સાંભળો.".

અને સ્કૂટર મધુભાઈ પાસે લઈ જઈને કીધું " પેલાંને સમજાવોને, એને બોલવાનું ભાન નથી..."

" કોને ચંદુને? એને મેં કાલે જ તો ટોક્યો હતો તોય આજે ફરી?"

" અરે યાર, બેંતાલીસ વરસ પહેલાની વાતો કરીને બધાંની વચ્ચે મને નીચો પાડે છે."

ચશ્માના ઘસાઈ ગયેલા કાચમાંથી પરસેવે રેબઝેબ આંખો જોઈને મધુભાઈ બોલ્યા-

" નાના, તું ચિંતા ના કર, હું છું ને. ચાલ, પાછો આવ. ઘરે જઈને શું કરીશ?!"

બંને નિવૃત્ત નાગરિકો એમનાં રોજના બાંકડા-મંડળ તરફ પાછાં ફર્યા.

" કેમ'લા નાનીયા પાછો આયો?“ ચંદુકાકાએ ચાલુ કર્યું. પણ, ત્યાં તો મધુભાઈએ ચંદુકાકાને એક તમાચો ચોડી દીધો.

" અઢી હજાર માટે આ ઉંમરે આ મરેલાને મારે છે? તારામાં ત્રેવડ હોય તો તારા ઘરના ડ્રોઇંગ-રૂમના સોફા પર બેસીને તારા છોકરા કે વહુ જોડે એક ગ્લાસ પાણી તો માંગી બતાય."


© Gaurang Amin

## 134 પ્લાન

જિના દસ વર્ષના અમેરિકાના વીઝા મળવાથી ખુશ હતી. ઘરના સભ્યોને પણ હાશ થઈ હતી કે હવે જિના માટે નાતનો યોગ્ય સિટિઝન મુરતિયો જોઈને એને ત્યાં જ થાળે પાડી દઈશું. પરંતુ, મા-બાપની પીઠ પાછળ જિનાના મનમાં કોઈ ઓર જ પ્લાન ચાલી રહ્યો હતો. ન્યૂયોર્કમાં રહેતાં કેતુ સાથે મૅસેજ 'ને ફોન પર બહુ ચાલ્યું. હવે સમય હતો રૂબરૂ મળવાનો!

જિનાને રૂબરૂ મળીને કેતુ બહુ જ ખુશ થઈ ગયો. બંને વાતો કરતા રહ્યા.

" તારો કોન્ટ્રાક્ટ પતી ગયો એટલે હવે તારે બેંગ્લોરમાં જોબ કરવી પડશે એવું કેવું?!"

" એટલે જિના ડાર્લિંગ એવું કે હવે આપણે આપણા દેશમાં આપણો ઘર-સંસાર માંડીશું."

" વાઉ." જિના એટલું બોલીને ચૂપ થઈ ગઈ. એને મમ્મી-પપ્પાની ઇચ્છા યાદ આવી ગઈ 'ને ડાબી આંખમાંથી એક આંસુ નીકળવા જતું હતું ત્યાં એને એનું પોતાનું સ્વપ્ન પણ યાદ આવી ગયું, અમેરિકામાં જિંદગી વિતાવવાનું સ્વપ્ન!

## 135 જો અને તો

જોશ 'ને જૂથના જોરે અગિયારમામાં ભણતા સ્પર્શ 'ને એના દોસ્તો ઘણા આગળ નીકળી ગયા હતા. મન ચિંતા કરતું હતું. શરીર પણ થાક્યું હતું. ૬૦ ડિગ્રીના ઢાળ પર સૂતેલી આબુની ફેમસ ચીકણી માટી પર જો પગ સહેજ ઝોકું ખાય તો સરકીને સીધા આબુના પેટમાં! આસપાસ કૂદતાં જંગલી વાંદરા ગૌમુખની પાછળ ખોવાઈ ગયેલ આ મિત્રોના દીપડા 'ને રીંછના કલ્પન સઘન કરતા હતાં. એવામાં દૂર ખડકોની વચ્ચે બાંધેલી ધોળી ચાદર નજીક આવ્યા તો આકાશ થઈ ગઈ! ગુસ્સો 'ને ભય સૌના મગજ રમાડવા લાગ્યા.

" આમાં પેલી અઘોરીની ચોપડીની જેમ કોઈ ઓઘડ આવી ચઢે તો?!"

" અહીં જો કોઈ તાંત્રિકનું અસ્તિત્વ હશે તો કોઈ ભગવાનનું પણ હશે! એક કામ કરીએ, બે-પાંચ મિનિટ ધ્યાન... પ્રાર્થના કરીએ."

સ્પર્શે સમય વર્તીને કીમિયો આપ્યો. બે મિનિટ પછી બધાંએ આંખ ખોલી. 'ને માંડ પાંચ કદમ ચાલ્યા ત્યાં સીધો ડામરનો રોડ આવી ગયો!

સ્પર્શને થયું ' ફક્ત ચંદ મિનિટ વધારે જાત પર ભરોસો રાખ્યો હોત તો...'

## 136 મોક્ષ?... માય ફૂટ!

એક તો કટોકટીનો સમય અને એમાંય આખું રાજ્ય સામ્યવાદી. દોઢસો વરસ જુના મંદિર 'ને એંસી વરસ જુના આશ્રમમાં પોલીસ 'ને લશ્કર સિવાય જો કોઈ દેખાતું તો સરકારી દલાલો. જે સાધુને જ્યાં માર્ગ મળ્યો ત્યાં જતાં રહેલા. સ્વામી મોક્ષરાજ પણ ક્લિન શેવ કરીને શર્ટ-પેન્ટમાં આવી ગયા. કિન્તુ, કોના ભરોસે 'ને ક્યાં જવું? કટોકટી તો આખા દેશમાં! એમાંય સરકાર એમને શોધે. અંતે એ અઠે આશ્રમ કરીને એક પબ્લિક ગાર્ડનમાં ગયા. કચરો જોયો. ડાળખાં ભેગાં કરીને ઝાડું બનાવ્યું. સાફ-સફાઈ કરી. પોતાના કપડા ગંદા કરી થેલામાંથી ચાદર કાઢીને પાથરી. ઘાસ પર શબાસનમાં ધ્યાનઃસ્થ થઈને ભિક્ષા-યજ્ઞ આરંભ્યો. થોડા દિવસમાં એ ટેવાઈ ગયા. એમને સંસારત્યાગનો પળે પળે પૂર્ણતયા અહેસાસ થવા લાગ્યો. એક દિવસ કોઈ મૉડર્ન યુવાને ચાર આના નાખ્યા.

" અરે... તમે તો સ્વામીજી લાગો છો. આ શું? ચાલો મારે ઘેર." સ્વામીજીના ત્યાગથી અભિભૂત થઈ એ જરા મોટા અવાજે બોલી ઊઠ્યો.

" શશસસ... ના બેટા. કોઈને કહીશ નહીં. હવે તો સ્વર્ગ સિવાય મારે ક્યાંય નથી જવું."

## 137 જૂની સવાર, નવી રાત

છેલ્લી સિરિઅલ જોઈને બધાં સૂઈ ગયા. હર્ષિ બેડરૂમની ત્રણ બાય બેની ગૅલરીમાં આવી. સપ્તર્ષિનું ઝૂમખું જાણે એની રાહ જોતું હતું. ક્ષિતિજ પર રિંગરોડની પીળી લાઇટો એકદમ ફ્રૅશ દેખાતી હતી. આઠ ડિગ્રીમાં ટ્રક્સના હમિંગ કાન સુધી સાબૂત પ્હોંચતા હતા. થોડા દિવસ અગાઉ જે નીચેનું ખેતર કાળી ચાદર જેવું લાગતું ત્યાં હવે આરસીસીના બીમ-કૉલમમાંથી નીકળતા સળિયા અંધારાંમાં કોતરકામણી કરવા રાતપાળી કરતા જણાતાં હતાં. હર્ષિને થયું હમણાં ક્યાંક કૂતરું ભસશે કે હમણાં ક્યાંક ઘૂવડ બોલશે. પરંતુ, એમ ધાર્યું જ્યાં થાય એ તો સ્વપ્ન કહેવાય! અંતે એણે નિર્ણય લીધો, જવાબ આપી દઉં. મોબાઇલમાં ટાઇપ કરીને "સેન્ડ" ક્લિક કર્યું. પણ, "નેટવર્ક એરર"! ફાટી ગયેલા હોઠને કારણે હર્ષિ એનું સ્મિત પૂર્ણ ના કરી શકી. "રિસાઇકલ બિન", "સિલેક્ટ ઑલ" 'ને "ડિલીટ" ક્લિક કરીને અંદર આવી સૂઈ ગઈ. એ વાતથી બિલકુલ બેખબર કે સૂરજ ઊગતાંમાં "ગુડ મૉર્નિંગ"નો મૅસેજ શોધવા એ મોબાઇલ હાથમાં લેશે ત્યારે એનો સામનો "21 મૅસેજિઝ વિલ બી ડિલીટેડ"... "કૅન્સલ"... "ઓકે"થી થવાનો છે!

## 138 સંકર-ક્રાંતિ

" હું અને અમારા બધાં બૉર્ડ ઑફ ડિરેક્ટર્સ તમારા વિચારોથી પ્રભાવિત છીએ. આખરે દેશને કોઈ સિદ્ધાંતવાદી નેતા મળ્યો એનો અમને હાશકારો છે. અમે તમારી સાથે છીએ."

ઉદ્યોગપતિ મિ.સ્વર્ગેશ એમની બંધિયાર 'ને અહંકારી છાપ ત્યજીને મુક્ત મને તાજેતરમાં જ ભ્રષ્ટાચારના વિરોધમાં આકાર પામેલી પાર્ટીના નેતા મથુરાજી જોડે વાત કરતા હતા.

" જી, ધન્યવાદ! ભારતના ભ્રષ્ટાચારના મુખ્ય મૂળિયા વિદેશમાં છે. સ્વિસ બૅંક હોય કે વિદેશી મલ્ટિનેશનલ્સ, અમે કોઈને નહીં છોડીએ. ફરીથી આપનો આભાર."

મથુરાજીના પી.એ. શ્રીવાસ્તવ મિ.સ્વર્ગેશને કાર સુધી વળાવવા ગયા.

" શ્રીવાસ્તવ, લો આ બૅગ. વધારે જોઈએ તો ફોન કરી દેજો. "

" અરે સ્વર્ગેશ સર, તમે ચિંતા ના કરતા. ચૂંટણી પહેલા અમારે એટલે અમુક વાતો કરવી પડે કે ચૂંટણી જીત્યા પછી કોના માટે કામ કરવું એ અમને ખબર પડે!"

 © Gaurang Amin

## 139 વિનિંગ કાર્ડ!

પ્રેઝન્ટેશન ફરી ચેક કર્યું. સ્પીચનું રિહર્સલ કર્યું. રોમિલાને એના પાવર-પેક્ડ સીવી પર ભરોસો હતો છતાં થ્રી એક્સ્ઝી કોર્પ.ની ઇમેજ મુજબ ડિઝાઇનર લિબાસ ધારણ કર્યો. પાર્લરમાં જઈને રેડી થઈ. કૉન્ટૅક્ટ-લેન્સ, જ્યૂઅલરિ, પરફ્યૂમ... દરેક ચીજ ચોક્કસાઈથી પસંદ કરી. અરીસામાં કન્ફર્મ કર્યું કે એ સુંદર અને સૅક્સી લાગે છે.

"એક્સેલન્ટ! લુક્સ લાઇક યુ આર સમથિંગ. નાઉ ટેલ અસ એપાર્ટ ફ્રોમ ધીઝ કરિઅર થિંગ્સ, વૉટ એલ્સ કૅન યુ ડુ?"

રોમિલા આ જ મોકાની રાહમાં હતી. એના મતે આ જ ખરું વિનિંગ કાર્ડ હતું.

"આઈ કૅન ડુ ઍનિથિંગ. ઍનિથિંગ ફૉર ઍનિવન." એણે સૅક્સી અદાથી કીધું.

"મે'મ, યુ બૅટ વી વેર સ્યોર. તમને લાગે છે અમારા લેવલે કોઈને ફ્રી-સૅક્સની જરૂર હોય? વી ડોન્ટ નીડ યુ ફૉર સૅક્સ. ઍન્ડ વી ડોન્ટ નીડ એ ફ્રીમેલ લાઇક યુ ઇન અવર ફર્મ."

## 140 ધત્ત તેરી કી!

મિત્રોની નજર યુએસએ, કેનેડા કે ઓસ્ટ્રેલિયા તરફ હતી ત્યારે પ્રોનોંદની નજર યુરોપ પર હતી. કોલકત્તાના આર્મેનિઅન ચર્ચના કબ્રસ્તાનમાં આંટો મારતી વખતે તેના મગજમાં આખો પ્લૉટ ઊભર્યો. એ ખ્રિસ્તી ધર્મ અપનાવશે. ત્યારબાદ પાસપોર્ટ બનાવડાશે. તેના બાપદાદા આર્મેનિઅન હતા એવી ઍફિડેવિટ કરાવશે, જે અકબરના સમયમાં દીવ શિફ્ટ થયેલા જ્યાં તેની વડદાદીએ કોઈ પોર્ટુગીઝ જોડે લગ્ન કર્યા. આગળ પુરાવા માટે કોઈ પોર્ટુગીઝની બિનવારસી ગ્રેવ શોધીને એને વડદાદા સાબિત કરવાના. અને પછી સિમ્પલી પોર્ટુગીઝ રાઇટ્સ માટે અપીલ કરવાની. સમય જશે. પૈસા ખર્ચાશે. તકલીફ પડશે. પણ, કામ મજબૂત થશે. પ્રોનોંદ એકદમ ચેતનાવિભોર થઈ ગયો. જાંબુના ઝાડ પર પથ્થર મારીને જાંબુ ખેરવ્યા. સરસ મજાના પાકાં જાંબુ વીણીને એ ખાવા લાગ્યો. થોડી વારમાં હથેળી પર પડેલા જાંબુના ડાઘા ગાઢા થવા લાગ્યા. ડાઘ લગભગ કાળા પડ્યા ત્યારે એની નજર હથેળી પર પડી. 'ને પ્રોનોંદને પ્રશ્ન થયો કે આર્મેનિઅન 'ને પોર્ટુગીઝ ઍન્સિસ્ટ્રી હોય તો પછી હું આટલો કાળો કેમ?

## 141 નેહલે પે દેહલા

સાસુ-વહુના ઝઘડા ક્યાં નથી હોતા? જાનકીએ આ પ્રચલિત માહિતીનો બરાબર ઉપયોગ કર્યો હતો. પહેલા દિવસથી જ તેણે નક્કી કરેલું કે સાસુને કોઈ વાતમાં ના પાડવી નહીં. હસીને હા પાડવી. હા, પોતાને નુકસાન જાય તેમ હોય તો ત્રીજો રસ્તો સિફતથી કાઢી લેવો! એ માનતી કે હાર-જીત એ કૉમ્યુનિકેશનનો ખેલ છે. સાસુમાં ફોન પર શતરંજ રમવાના આદી હતાં. જાનકીએ ફોનની બીજી લાઇન તેના રૂમમાં નખાવી 'ને ફોન રેકોર્ડ થાય તેવું ગોઠવી દીધું. રેકોર્ડેડ વાતો સમય મળે એકાંતમાં સાંભળી લેતી અને વળતો દાવ ખેલતી! પણ, તોય એને પાક્કી જીત ન્હોતી મળતી. ખરો ડખો તો ત્યારે થયો કે જ્યારે સાસુમાના વજીર જેવી નણંદ બિસ્તરા લઈને પિયર રહેવા આવી.

" ભાભી, માએ મને ખાસ ફોન કરીને તેડી છે. એણે કીધું છે કે તમારે મને શિખવાડવાનું છે કે મારી સાસુ સામે મારે કેવી રીતે જીતવું! તમારી પાસે કોઈ ખાસ આવડત છે."

" અરે, મને એવું બધું ક્યાં આવડે?! પણ, મમ્મી સાથે તમારે આ વાત ક્યારે થઈ વળી?"

" ગયા મહીને સ્તો. કોઈને કે'તા નૈ, મારી જોડે વાત કરવા મેં માને મોબાઇલ આપ્યો છે."

## 142 લૉ ઑફ ચેન્જ

સ્વર્ણ ઈશ્વરમાં આસ્થા ધરાવતો. કર્મ 'ને પુનર્જન્મમાં માનતો. ભૂત-પ્રેતમાંય વિશ્વાસ કરતો. અલબત્ત! જીવન રંગીન છે કે લાઇફ ઇઝ ફન- એવી વાતો એને વાહિયાત લાગતી. જોકે જીંદગીમાં નાનપણથી પૂરતાં ઉતાર-ચઢાવ જોયા હતા એટલે મુશ્કેલીથી ગભરાય એમાંનો એ જરાય ન્હોતો. છતાં આજે એણે ઘણું વિચારીને નક્કી કરી જ કાઢ્યું. એ મૉલમાં ગયો. સુપરસ્ટોર શોધીને ઉંદર મારવાની દવાનું મોટું બૉક્સ લીધું. પૈસા ચૂકવીને પાર્કિંગમાં ગયો.

કાર જે-ટુ પર જ પડી હતી, જાય ક્યાં? સિક્યુરિટીને પૂછતાછ કરી. છેલ્લે પોલીસમાં કમ્પ્લેન કરવા ગયો. ચોકીને અડીને ગલ્લો હતો. ત્યાં ઓશોનો ફોટો જોઈને એણે મહિના પહેલા પર્ણિકાને "સંભોગસે સમાધિ તક" વાંચવા આપેલી એ યાદ આવ્યું. એણે રિંગ કરી.

" પર્ણ તું છે ક્યાં? મારો ફોન ખોવાઈ ગયો'તો. તું આજે... અત્યારે જ મળ."

" અને મળીને શું... ? એ પહેલા ક્લિઅર કર..."

## 143 પડવો?

નારિયેળના છોડાંથી ઘસી ઘસીને શિતિએ ટાઇલ્સ ચોખ્ખી કરી. ઘેરા ચટણી રંગમાં પરિવર્તિત થયેલી ફરશ લીલીછમ દેખાવા માંડી. શિતિને ગૃહ-પ્રવેશ યાદ આવી ગયો. કામિલ હોંશે હોંશે ઘર બતાવવા લાવ્યો હતો. ભાડાના ઘરમાંથી સ્કૂટર પર કેટલાંય ફેરા કરીને જૂનો સામાન પ્રેમથી આ ઘરમાં ગોઠવેલો. કેવા આશા 'ને ઉમંગના દિવસો હતાં! વરસો મોટા થતાં ગયા. આશા 'ને ઉમંગ પર કરચલીઓ પડતી ગઈ. કામિલ ઘણી દોડાદોડી કરતો પણ, નિષ્ફળતા એનો પડછાયો બનીને એની જોડે દોડતી. નાના નાના ખર્ચાથી બંને ડરી જતા 'ને એકમેક પર ત્રાટકતા. એવામાં ચિંતાની ધૂળથી પૂરાતાં શિતિની આંખોના તળાવમાં ફોને ફૂલ નાખ્યું.

"હું બોલું. મારો થેલો પેક કરી દેજે. આજે રાતે બૉમ્બે જવું પડશે."

"ક... કેમ?" શિતિએ બીતા બીતા પૂછ્યું.

"એક કામ મળે એવું છે. 'ને હા નવ્વાણું ટકા તારા માટે નવું પર્સ પણ લેતો આવીશ."

"જી!" શિતિની આંખો પર આરપાર ઝાકળ બાઝી ગયું.

 © Gaurang Amin

## 144 ચેઇન-ચક્કર

કાન્તને કારણ બતાવ્યા વગર બૉસ નોકરીમાંથી રૂખસત આપી દે છે. અમેરિકાથી કાન્ત ફોન કરી વૃશાલને ઇન્વેસ્ટ કરવાની છેલ્લી ઘડીએ ના પાડી દે છે. એકદમ ટેન્શનમાં આવી ગયેલો વૃશાલ તનેશને ફોર્સફુલી પીવા બેસાડે છે. બીજે દિવસે સવારે તનેશના પેટમાં ગરબડી મચવાથી એ બધો ગુસ્સો સ્નૂશા પર કાઢે છે. સ્નૂશા એની અકળામણ કામની શોધમાં ધૂંધવાયેલા દીકરા પૌરવ પર કાઢે છે. પૌરવ એની ગર્લફ્રેન્ડ સ્મરણીને તાત્કાલિક મળવાનો મૅસેજ કરે છે. સ્મરણી પહેરેલે કપડે સ્કૂટર ભગાવે છે. લાઇટ્સ કે પોલીસ વગરના ચારરસ્તા પર સ્મરણીને બચાવવા જતા અબ્બાસની રિક્ષા પલટી ખાતા બચી જાય છે. પણ, પાછળ આવતી બસને ચિચૂડાભેર બ્રેક મારવી પડે છે. બસમાં ઊભેલા યાત્રીઓના શરીર આંચકા સાથે એકબીજા પર પડે છે. ધર્મીબેન લાલપીળા થઈને એમની પર પડેલા પૂંજાકાકાને લાફો ચોડી દે છે. પૂંજાકાકા બૂમો મારતાં આગલું સ્ટેશન એમનું ના હોવા છતાં ઊતરી પડે છે અને બસ એમની થેલી સાથે કાન્તને મોકલવાના પૈસા લઈને જતી રહે છે.

 © Gaurang Amin

## 145 ગંભીર ફરિયાદ

લાઇબ્રેરિમાં કામ કરતા બધાં એને ઓળખતાં. લાખની વસ્તીના ગામમાં વાંચનારા કેટલા? એમાં ગીતલ અઠવાડિયાનું એક પુસ્તક નિયમિત લઈ જતો 'ને સમયસર પાછું આપી જતો. એક દિવસ પુસ્તક પરત કરવા આવેલા ગીતલને ગ્રંથપાલે એ પુસ્તક સાથે પોતાના કાર્યાલયમાં બોલાવ્યો. પુસ્તક ખોલીને એને બતાવ્યું.

" આ શું છે? તું જે જે પુસ્તક લઈ જાય છે એમાં આમ પૅન્સિલના લીટા કરે છે, લખે છે."

" સાહેબ, ભૂલ થઈ ગઈ. હું હવેથી આવું નહીં કરું. તમે કહો તો આ બધું હું ભૂસી કાઢું."

" ચાલ અત્યારેને અત્યારે મારે તારા પપ્પાને મળવું છે." સાહેબ મોટા અવાજે બોલ્યા. ગીતલે ઘણી આજીજી કરી પણ ગ્રંથપાલ એક ના બે ના થયા 'ને આખરે ગીતલનું બાવડું પકડીને એના ઘર સુધી પહોંચ્યા. પપ્પા ઘરે જ હતા.

" ભવદીય, હું એક ગંભીર ફરિયાદ લઈને આવ્યો છું. તમારો દીકરો આ ગામમાં રહેવાને લાયક નથી. મારી આંખ 'ને એનું વાંચન કહે છે કે એ આવતીકાલનો મોટા ગજાનો પત્રકાર કે સાહિત્યકાર બનશે. એને આગળ ભણવા શહેરમાં મોકલો."

## 146 પંખી, પશુ 'ને માણસ!

વિખેરાયેલા વાળ પર સિમ્પલ પોની-પિન. છ ફૂટ દૂરથી હણહણતું બૉડિ-સ્પ્રે. બિપાશા જેવી ફિગર. લો વેસ્ટ કૅપ્રિ પર ડિઝાઇનર સ્પગેટિ કરતા પૅડેડ બ્રા વધારે દેખાય 'ને ડૂંટી પર લાલ હોઠના ટૅટૂમાંથી બુટ્ટી ડોકાય. મોઢામાં હિન્દી કે અંગ્રેજી. ગુજરાતીમાં ફક્ત ગાળો! બાઇક પરથી ઊતરીને ગળામાંથી એસએલઆર કાઢીને ક્લિક કરે તો લાગે કે ગોળી મારે છે! ખીજડીયા તળાવ પાસે ફોટોગ્રાફી પત્યા બાદ આમથી તેમ ધૂંધવાતી ફરતી પરમીએ એક આધેડ વયના પુરુષને ખૂણામાં ઊભા ઊભા એને ઘૂરતા જોયો. એ સીધી ત્યાં ધસી ગઈ.

"ડુ યુ હૅવ લાઇટ? આપ કે પાસ માચીસ હેં?" સિગારેટ હાથમાં રમાડતાં એણે પૂછ્યું.

"એક લડકી હો કે... ઓર ઇતની યંગ એજ મેં... સંસ્કાર જૈસી કોઈ ચીજ હેં કી નહીં?"

એટલામાં ક્યાંકથી કોઈ ફંકિ ટીન-એજર આવ્યો. એણે પરમીને લાઇટર ધર્યું.

"આપ કે પુરુષવાલે સંસ્કાર તો મેંને દૂર સે હી દેખ લિયે થે, વો ભી ઇસ ઉમ્ર કે! ચાચાજી, દુસરે કો હેલ્પ કરને કી ઇન્સાનિયત ભી એક ચીજ હોતી હેં, વો યે યુવાન સે શીખ લો!"

## 147 દોઢસો વરસ પછી

" કહું છું આ તમારા ઝભ્ભા હવે બહુ જૂના થયા. નવા લ્યો! "

" અરે હા ખબર છે. બીજી ઑક્ટોબરે સેલ લાગશે એટલે એમાંથી લઈએ તો સસ્તું પડે."

" એ હા સારું યાદ આવ્યું. આ વખતે બીજી ઑક્ટોબરે શુક્રવાર છે 'ને પછી બીજો શનિવાર 'ને સન્ડે એટલે ત્રણ રજા સળંગ થઈ જશે તો કોઈ પ્લાન બનાવો."

" મૅડમ, રજા સ્કૂલ 'ને સરકારમાં. અમારે ધંધામાં તો દિવાળીની તૈયારીઓ. આ વખતે માલનો ભરાવો થયો છે."

" ઉફ્ફ. તો હું મારી કિટીપાર્ટીની ફ્રૅન્ડઝ જોડે આબુનો પ્રોગ્રામ કરી કાઢું. ઠંડીમાં મજા પડશે! બાય ધ વે, મારી ફ્રૅન્ડ્ઝ પૂછતી હતી કે નવો સ્ટૉક આવ્યો કે નહીં?"

" ઓ યસ! બૅંગકૉકથી વન શૉલ્ડર હાઈ કટ લેસિ ટૉપ્સ આવ્યા છે. 'ને નેટેડ ક્લબ સ્કર્ટ્સ આ વખતે યુરોપથી આવ્યા છે. તું કહેજે એ મુજબ બધું ઘરે લેતો આવીશ."

" વાઉ! મારા માટે કાલે જ મોકલાવો. આબુની ટ્રિપમાં બધાં જલીને રાખ થઈ જશે!"

## 148 દેહનું મૂલ્ય 'ને તિજોરીની કિંમત

કોઈ હિન્દી મૂવિ જેવું દ્રશ્ય હતું. એલાનની ફાઇવ-સ્ટાર સ્વીટ જેવી ઑફિસમાં પૉમ્પી પોતાની સહમતીથી આવી પહોંચી હતી. એક સમયે એલાન હાથે-પગે મુંબઈ આવ્યો હતો ત્યારે ગામની છોકરીના નાતે પૉમ્પીની આગળ-પાછળ ફરતો. કદી ઉધાર પૈસા માટે તો કદી મિત્રતાના મોહમાં. પૉમ્પીના પતિ સમ્મેદનો સિતારો એ વખતે બુલંદ હતો. પૉમ્પીના ગ્લેમરસ ફોટા દર વર્ષે મેગઝીનોમાં ચમકતાં. સમય ઊડતો રહ્યો. પણ, ગયા મહિને સમ્મેદનું શેર-બજાર કૌભાંડ પકડાયું. સરકારી સીલ વાગ્યા. સમ્મેદને જેલમાંથી છોડાવવા પૉમ્પી દોડધામ કરતી રહી. બધેથી એક જ જવાબ મળતો કે સરકારમાં પહોંચ હોય તો કશું થાય. પૉમ્પીને ત્યારે ખબર પડી કે એલાન ગૃહમંત્રીનો વહીવટ સંભાળે છે.

" મારું સર્વસ્વ હું તને સોંપું છું." પૉમ્પી નિર્વસ્ત્ર થવા લાગી. 'ને દેહ પર એક પણ કપડું ના રહ્યું ત્યારે એલાન બોલ્યો-

" બ્યૂટિફૂલ એન્ડ સેક્સી. બટ પૉમ્પી, યુ નો મને તારા સર્વસ્વમાં કોઈ રસ નથી. તારા આ દેહમાં આત્મા નથી 'ને તારી તિજોરીમાં પૈસા નથી."

## 149 બૉન્ડિંગ!

જન્મને સ્ટેજ પર ન્હોતું જવું. 'ત્રીજા ક્રમ માટે સન્માન ના કરવું હોય તો કઈ નહીં. પણ, હું શું કામ "સમસ્ત દલિતોમાં પ્રથમ"નું ઇનામ લેવા સ્ટેજ પર નીચો પડું?' પરંતુ, પ્રિન્સિપાલના હુકમ સામું એનો વિરોધ ક્ષુલ્લક ઠર્યો. માઇકમાંથી જ્યારે ઓપન-કૅટેગરિમાં ત્રીજા ઇનામ માટે ઑન પેપર ચોથા આવેલ ભૃગુનું નામ લેવાયું ત્યારે જન્મને સમજાયું કે એ જનરલના નામે વિશેષ કૅટેગરિ હતી. જો કે ભૃગુને લીધે પોતાને ગોલ્ડ-મેડલ મળશે એવું જાણીને એ જરી ખુશ તો થયો જ! અડીને બેઠેલા બે સહપાઠીઓએ ભૃગુની સાથે બીજા 'ને પહેલા ક્રમવાળા વિદ્યાર્થીના સન્માન વખતે જેટલી તાલીઓ પાડી એટલી એકબીજા માટે ન્હોતી પાડી. 'મને મેડલ પહેરાવશે ત્યારે આ બંને એક વાર તાલી પાડે તોય ઘણું!' જન્મને થયું કે 'આ બે આજે દલિત સાબિત થવાની ફરજ પાળીને સફળ થવાનો હક્ક મેળવે છે, શું કાલે હું દલિત તરીકે રિઝર્વ-કૅટેગરિમાં ફૉર્મ ભરીશ એ એમને ગમશે? કદાચ ત્યારે ભૃગુ આજે આ લોકો છે એટલો ખુશ થશે. આ દેશમાં 'ને આવા દેશબાંધવો વચ્ચે મારે જિંદગી પૂરી કરવાની?!'

## 150 એક આઝાદ સ્ત્રી!

તાજ ઉસ્માની મસ્જિદ જવાનું ટાળતો. ઘરે સમય મળે ત્યારે બંદગી કરી લેતો. કરાંચી ૧૯૪૭માં ભલે હિજરત કરેલી કિન્તુ સદીઓ પહેલા પુરખો બિહારમાં કાનુન્ગો શેખ હતાં. સમય સાથે સમઝોતો કરવાની વેપારી બુદ્ધિ એના લોહીમાં હજુ પણ ધડકતી હતી. પર્થમાં ફરી એક વાર મુહાજિર બનવું કદાચ સહેલું હતું પણ, એક કાયમી રહેવાસી તરીકે સફળ થવું કપરું હતું. ફક્ત ક્લીન-શેવ 'ને મોહેક હેરસ્ટાઈલ નહીં તાજે ઑસ્ટ્રેલિયન ઍક્સન્ટ પર કાબૂ મેળવીને ગોરી કંપનીમાં પગ જમાવ્યો હતો. પાર્ટીઝમાં યહૂદીઓ 'ને ખ્રિસ્તીઓની વચ્ચે વાઇન સાથે નૉન-હલાલ મીટની જ્યાફત ઉડાવતો મુસ્લિમ કોને પારકો લાગે?

પરંતુ, આજે તાજને એના ઘરે જ પરાયો કરી દીધો. ઑફિસમાં એને એક વરસ પૂરું થયું એ ખુશીમાં બૉસે પાર્ટી થ્રો કરેલી. તાજને ખાસ કીધું હતું કે 'યુ મસ્ટ કમ વિથ યોર વાઇફ.' પણ, બેગમ સાહિબા એમની જીદ પર અડેલા જ રહ્યા.

" મેરકુ આપ્કી તરહ તબદિલ નહીં હોના. મેં ગર આઉંગી તો સિર્ફ બુર્કે મેં હીં."

## 151 (ફ્રેશ એન્ડ ઑથેન્ટિક) ફૂડ!

અરિષ્ટની ઇન્ડિઅન રેસ્ટોરન્ટ ગોલ્ડ કોસ્ટના છેડા પર હતી. નેચરલી જે પહેલા ભૂખ્યા હોય 'ને પછી ભારતીય ખાણું ખાવા માંગતા હોય તેવા જ ગ્રાહકો માટે! બીજાં આઉટલેટ્સ- ટર્કીશ, ચાઇનીઝ 'ને યુરોપિઅન ડેલી, મુખ્ય બીચની બિલકુલ સામે હતાં. અરિષ્ટ કિચનમાં બેસતો. દરેક ઑર્ડર પર ધ્યાન આપતો. ઝીણામાં ઝીણી ડીટેલ પર.

ટેબલ થ્રી પરથી શિખ-કબાબનો ઑર્ડર આવ્યો. સિક્સ પર કસ્ટમર હજુ મેંનુ જોતાં હતાં. અરિષ્ટનું બ્રેઇન દોડ્યું 'ને એ જાતે ઑર્ડર લેવા દોડ્યો. સ્વીટ સ્માઇલ 'ને સ્પાઇસી ઇંગ્લિશ વાપરીને એ એના મનના બે ઑર્ડર પાક્કા કરી લાવ્યો. ચિકન-કરિ 'ને કિમા-નાન.

" પેલી ફ્રોઝન કરિ કાઢ અને થ્રી માટેના કબાબ સળિયા પરથી સરકાવી, ચપ્પુથી સળિયા ખોતરી 'ને સિક્સ માટે ચકાચક કિમા-નાન બનાવી દે. 'ને આ બાકીનો ઑર્ડર."

કૂક નીચા મોઢે કામે લાગ્યો. અરિષ્ટનું મોઢું સંતોષથી ઊંચું થયું.

 © Gaurang Amin

## 152 માવઠું

બધું સમયસર પતી ગયું. સગા, અડોશ-પડોશ 'ને મિત્રો એમના ઘર ભેગાં થઈ ગયા. રહી ગયા તે બેઉ ભાઈ 'ને એમના કુટુંબ! બંને ભાઈને એકબીજાની સામું જોવાનો સમય છેક હવે મળ્યો. લગભગ અઢાર વર્ષ પછી. પપ્પા જીવતા હતા ત્યારે એ કહી કહીને થાક્યા કે બંને બે હાથ જેવા છો, જોડે રહો. પણ, ના. એક મુંબઈ ગયો તો એક અમદાવાદ. ત્યારે એમને થતું કે ' વઢવાણમાં શું દાટ્યું છે?! આવા ગામડામાંય પપ્પા પોતાનું ઘર ના કરી શક્યા.' મમ્મી એ દેહ છોડ્યો 'ને આમણે ગામ. આજે બધું યાદ આવી ગયું. એકબીજાની આંખમાં આંખ ના મિલાવી શક્યા એટલે બેઉની નજર પપ્પાના અસ્થિકુંભ પર ભેગી થઈ.

" ભાઈ, જોડે હરદ્વાર જઈશું?" બોલતા નાનો ભાઈ રડી પડ્યો.

" હા ભાઈ, બધ્ધાં જોડે જઈશું. 'ને હવે ભલે એક શહેરમાં નથી રહેતા, જીવન એક જ જીવીશું."

" સારું થયુંને પપ્પા પાસે કોઈ જમીન-ઘર કશું જ ન્હોતું. નહીંતો આજેય આપણે ભેગાં ના થયા હોત, આપણે અને આપણું આ કુટુંબ, ખરેખર જુદા થઈ ગયા હોત."

 © Gaurang Amin

## 153 વેશપલટો

ચાર વર્ષના પ્રણયકાળ બાદ ભાગીને લગ્ન કર્યા ત્યારે નક્કી કરેલું કે ફૉરિન જઈશું. નવો જન્મ લઈશું. દિવસ-રાતની ભાગદોડ 'ને પૂજાપાઠ પછી એમની નાવ જ્યારે કેનેડા પહોંચે છે ત્યારે બે માસનો અજાણ્યો પ્રવાસી પણ સાથે જોડાય છે. બેઉ ચિંતામાં હતાં કે નવા દેશમાં સેટ થવાના કપરાં કાળમાં આ જવાબદારી તકલીફ આપશે. પણ, જન્મતા વ્હેંત આવનાર ત્યાંનો નાગરિક બનશે એ વિચારે મલકાઈ ઊઠતાં. ભાડાનું ઘર લીધું. નીલને કામચલાઉ નોકરી મળી. પણ, બે છેડા ભેગાં ન્હોતા થતા.

" રોશા, ચાલને દેશ પાછાં જતા રહીએ. એક પગાર પર અહીં ના જીવી શકાય."

" નીલ, ભગવાન કરેને એક વાર આ સિટીઝન થઈ જાય પછી તું કહે તેમ."

બીજે દિવસે સોનોગ્રાફિ કરાવી. ખબર પડી કે બાળક ગર્ભમાં જ અવસાન પામ્યું છે. હોસ્પિટલમાંથી ઘરે આવીને નીલે સૌથી પહેલાં મંદિરમાંથી તમામ ફોટા કાઢીને પેલું સોનોગ્રાફિનું પિક્ચર ગોઠવી દીધું. અને રોશાને ગુસ્સામાં કીધું-

" હવે હું કહું છું, એક વાર આ સિટિઝન થઈ જાય પછી તું કહે તેમ."

 © Gaurang Amin

## 154 પોથી પઢ પઢ જગ મરા, પંડિત ભયા ન કોય!

" તારું તન તિરથ તું આતમ દેવ... પરથી સાહેબ મને નરસિંહ યાદ આવ્યા. મોહ માયા વ્યાપે નહિ જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે, રામ નામ શું તાળી રે વાગી, સકળ તિરથ તેના તનમાં રે. 'ને એમાં ય ગીતા જોડીએ તો જેટલાં આતમ એટલાં દેવ એવું થાય."

" એ બધું કોર્સમાં આવશે એમ જોઈશું. અત્યારે અખાની વાત ચાલે છે. બેસી જા."

" પણ સાહેબ, નરસિંહ તો અખા પહેલા થઈ ગયા અને ગીતા તો સૌથી જૂની."

" આ સાહિત્યનો ક્લાસ છે ઇતિહાસ કે અધ્યાત્મવિદ્યાનો નહીં. જસ્ટ શટ અપ."

" સાહેબ, મહેરબાની કરીને મારી વાત તો સાંભળો..."

" ઓ મિસ્ટર વન પૉઇન્ટ ફાઇવ. હું પ્રોફેસર છું. પી-એચ-ડી. તું સ્ટુડન્ટ. ગેટાઉટ."

પેલો વિદ્યાર્થી વીલા મોઢે ક્લાસના બારણા તરફ ચાલવા લાગ્યો. વળી પાછું કંઈક સૂઝ્યું તે ઊભો રહ્યો 'ને બોલ્યો-

" સારું એકલા અખાની વાત કરું. સાહેબ એ કેટલું ભણેલા હતાં?"

## 155 અફવા અને અધિકૃતતા!

" તાલેબાની ગુરુ મુલ્લા ઓમર આંખનું ઑપરેશન કરાવતાં જીવતો મળી આવ્યો!"

હેડલાઇન વાંચીને ઍડવર્ડના હોશ ઊડી ગયા. લાંબા સમય પછી લીધેલા વેકેશન પર જાણે બૉમ પડ્યો. એણે સૅટલાઇટ ફોન કાઢ્યો 'ને ઍનક્રિપ્ટેડ લાઇન પર વાત શરુ કરી.

" આ ઇન્ફો લીક કરવાનું કામ મારું નથી."

" ઓકે, તો આ કોનું કામ છે એ શોધવાનું કામ તારું. એપ્રિલ ૨૩, ૨૦૧૩ પછી છેક ૨૦૧૫ સુધી એજન્સીએ એના ડેથના ન્યૂઝ કન્ફર્મ કરેલાં. આ કામ એજન્સીનું નથી."

ફોન કટ થઈ ગયો. મિલ્યન્સ ખાધા પછી પણ એજન્સીએ ઍડવર્ડને જીવતો છોડેલો એનું એક માત્ર કારણ આ જ હતું કે મુલ્લા જીવે છે કે નહીં એ વાત ઍડવર્ડની ટીમમાંથી બીજું કોણ જાણે છે એ એમને ખાતરી ન્હોતી. ઍડવર્ડને ખરેખર પ્રશ્ન થયો કે આ વાત લીક કેવી રીતે થઈ? શું એ ખરેખર મુલ્લા ઓમર જ છે? અને એને એક વિચાર આવ્યો.

'આ મુલ્લા ઓમર નથી, એનો જોડિયો ભાઈ છે.'

## 156 EMI

કિમ કાર્દિશ્યન જેવી ફિગર, જૅનીફર લોપેઝ જેવી અદા 'ને મેરલિન મનરો જેવી ટમાટો રેડ લિપસ્ટિકયુક્ત સ્માઇલ. વસ્ત્ર, અલંકાર 'ને સ્વર રેખાના. પીઆઇ સૂત્રેજા ફરિયાદીને

જોતા રહી ગયા. ફરિયાદ પણ શેની? રેપની! એય તે બિલ્ડર જે.પાલ સામે!

" ...ઍન્ડ આઇ વૉન્ટ કૉપિ ઑફ એફઆઇઆર રાઈટ નાઉ. મેં કાલે સવારે પ્રેસ બોલાવી છે. આખી દુનિયા સામે હું એને નાગો કરીશ."

સૂત્રેજાએ ડોર બંધ કર્યું. પ્રાઇવેટ નંબર પરથી નેતાજીને ફોન લગાવ્યો.

" સર, રાત્રી મૅડમ આવેલા અને..."

" ચૂપચાપ સાંભળ. મેં જ મોકલેલા. કેસ બરાબર ટાઇટ કરજે. આ જે.પાલને એમ્કે ચૂંટણી ગઈ એટલે નિરાંત! પાંચ વરસ માટે જાણે કરમુક્તિ મળી ગઈ. એ સમાધાન માટે આવશે. પાંચ ખોખા સુધી મને ફોન ના કરતો. 'ને હા તારો ફ્લૅટ નક્કી કરવાનું ના ભૂલતો."

 © Gaurang Amin

## 157 અસ્પૃશ્ય સંભારણું!

ગોપ્લો ગભરાયો. રજાઈ ઓઢીને સૂતેલો. રૂમમાં અંધારું હતું. એક બે જણના નસકોરાય સંભળાતા'તા. સાપ હશે કે? એણે ધીરેથી એનાં હાથ પગ વચ્ચે દબાવી દીધા. બાકી શરીર કડક જ રાખ્યું. એના મનને એમ કે મરેલાં જેવા પડ્યા હોઈએ 'ને ભૂત હોય તો કશું ના કરે. પણ, ચોથી સેકન્ડે ફરી એ સ્પર્શ થયો. એના સમસ્ત દેહની ચામડી જાગૃત થઈ ગઈ. એ હાથ એના હાથને ખેંચતો હતો. ગોપ્લાએ ખેંચાવા દીધો. કોણ હશે? બાજુની પથારી તો ખાલી હતી. લગ્નમાં આવેલા બધાને એ ઓળખતો ન્હોતો. 'ને ઉતારાનો આ ખંડ તો ફક્ત પુરુષો માટે જ હતો. અચ્છા, બારણું ખુલ્લું હશે એટલે... પેલો હાથ ગોપ્લાના બિનઅનુભવી હાથ પાસે જે ગોપનીય કાર્ય કરાવતો રહ્યો એનાથી ગોપ્લાને બહુ મજા આવવા લાગી. સમય પીગળતો ગયો. ગોપ્લો ક્યારે પૂરો રેબઝેબ થઈને સૂઈ ગયો એ એને ખ્યાલ ન રહ્યો. સવારે ભડકીને તરત બાજુની પથારી જોઈ. કોઈ નહોતું. ગોપ્લાએ નક્કી કર્યું એને શોધવી તો પડશે જ. કન્યા-વિદાય પહેલાં જ. ત્યાં તો બારણા પાસે આવીને કોઈ ચશ્માંવાળા જાડા 'ને કાળા કાકી મારકણું સ્મિત આપીને જતા રહ્યા!


© Gaurang Amin

## 158 સર્વિસ-ટૅક્સ, પાર્કિંગ-ફી 'ને સિવિક-સેન્સનો ચાર્જ

રવિવારે સાંજે સૌને વિશિષ્ટ ભૂખ લાગે. "ઑફિસ-ટાઇમ" કરતા "હૅંગઆઉટ-ટાઇમ"માં ટ્રાફિક વધારે હોય. એવામાં સાંઈના લારી-પાર્લરનું સીટિંગ ખોરવતી ગાડીએ એક ચેર તો કચડી જ કાઢી. સારું હતું એમાં કોઈ બેઠું ન્હોતું.

" અરે સા... હેબ! દેખો તો ખરા, કોઈને વાગી જશે."

" પાર્કિંગની જગામાં એક તો ઠેલો લગાવ્વો 'ને પાછો ઊંધો ચોટે છે?"

" સાહેબ, આ કૉમ્પ્લેક્સ બન્યું એ પે'લાનો અહીં ધંધો કરું છું. પાર્કિંગની મગજમારી તમારે કૉમ્પ્લેક્સવાળા જોડે કરવાની. આ સરકારી-રોડ છે 'ને આ લાઇસન્સવાળી લારી છે."

" મને કાયદો શિખવાડે છે? ઓળખે છે હું કોણ છું? હમણાં દબાણવાળાને બોલાવું છું."

" શોખથી બોલાવો સાહેબ, આ કૉમ્પ્લેક્સનો બિલ્ડર રોડનું પાર્કિંગ વાપરવાની ઇમ્પૅક્ટ-ફી નથી ભરતો 'ને આ ખુરશીઓ મૂકવાના અમે હપ્તા આપીએ છે, એ બધું ખબર પડી જશે!"

" જા જા હવે! તારું કામ કર હવે, એમ્તો જો અમે લારીઓ પર ખાવાનું બંધ કરી દઈએ તો તમનેય ખબર પડી જશે!"

## 159 ભ્રૂણનું સ્વપ્ન

કોઈ આવ્યું હોય એવું લાગતાં મેરીએ આંખ ખોલી. ધરતી પર થઈને કોઈ આકાશનું પક્ષી કબરમાં ઘૂસી આવ્યું હતું. મહાકાય. શક્તિશાળી. સુંદર. ગરુડ જેવું દેખાતું એ પંખી મેરીને હળવેથી પંજામાં લઈને સીધું વાદળા પાર સરક્યું. મેરી અજ્ઞાત સમય સુધી અવકાશમાં વિચરણ કરતી રહી. રસ્તામાં એણે નીચે ખરી જતાં તારા જોયાં. હવાને જન્મ આપતી વીજળી પણ. ધીરે ધીરે એના પર રંગબેરંગી પીંછા ઊગી ગયા. પાંખ 'ને ચાંચ પણ ફૂટી. મેરી આઝાદ થઈને ગગનવિહાર કરવા લાગી. ક્યારેક એ વાદળામાં ડૂબકી મારીને ધરતી પર ડોકિયું કરી લેતી. કવચિત છેક જમીન સુધી અડી આવતી, દરિયામાં પંજા ડબોળી આવતી, રણની રેતી વિખેરી આવતી. એવી જ રીતે એક વાર ઊંચેથી ઘના જંગલમાં નીચે ધસી આવતી મેરીને ધરા ફાડીને બે હાથ ઝપટ મારીને અંદર ખેંચી લે છે. એ કિકિયારી પાડતી રહી. ગૂંગળાતી રહી. મેરી અજાણ્યા કાલાંતર માટે લગભગ અંધ પણ થઈ ગઈ. અને અંતે મેરી પેલી જ કબરમાં પાછી પહોંચી. એ આંખ ખોલે છે તો જે વિશાળ હાથ એને અંદર ખેંચી લાવ્યાં હતાં એ કબરમાં મનુષ્યના કંકાલ રૂપે સૂતેલા પેલાં ગરુડના જ હોય છે. 'ને એ સદીઓથી હતી એની એ જ મેરી હોય છે.

## 160 યજમાન દેવો ભવ!

સંગિને બે વરસના હાર્ડ વર્ક પછી થ્રી બેડ-રૂમનું હાઉસ ખરીદ્યું. મેલબોર્નમાં આવીને પેઇંગ-ગેસ્ટ તરીકે રહેતો ત્યારથી એણે નક્કી કરેલું કે એક દિવસ એ પણ પેઇંગ-ગેસ્ટ નો બિઝનેસ કરશે. એની 'ને ક્ષાંતિની જોબ તો હતી જ. પણ, જોબથી મૉર્ગેજ ચૂકવાય, પૈસા ના બને! પોતાના અનુભવે એ પેઇંગ-ગેસ્ટ માટે સ્ટુડન્ટને જ પસંદ કરતો.

" ભારતથી દૂર આપણે અહીં આપણા સંસ્કારની રક્ષા કરવી જોઈએ. કાલે ઉઠીને તમારા લગ્ન થશે. છોકરા થશે. પણ, તમે અહીં રહો એટલે તમને ફેમિલી શું? છોકરાં કેવી રીતે

ઉછેરવા? એ અમારા જેવા જોડે રહો તો જ ટ્રેનિંગ મળે. દર શનિવારે તમારે ખાવાનું બનાવવાનું. અને રવિવારે સવારે અમારા બંને કિડ્ઝને પાર્કમાં રમવા લઈ જવાના. બપોરે શૉપિંગમાં હેલ્પ કરવાની... "

સંગીન 'ને ક્ષાંતિએ મહેમાનોનું સ્વાગત કર્યું. વિદ્યાર્થીઓએ સ્પીચ સાંભળીને ધન્યતા અનુભવી!

## 161 પારકા દેશમાં પોતાનું લોહી

આસ્થાબેન ટેબલ સાફ કરતા હતા એવામાં ટેબલ પરથી ટોસ્ટર છટકીને બરાબર અંગૂઠે થયેલા ગૂમડા પર પડ્યું. ચીસ પાડીને એ બેસી ગયા. જોયું તો થોડું લોહી કાર્પેટ પર લાગેલું. સાલ્લાથી ઘાવ જેમતેમ સાફ કરી, રસોડાનો કટકો પલાળીને કાર્પેટ સાફ કરવા પ્રયત્ન કર્યો. પણ, ડાઘ રહી ગયો હોય એમ લાગ્યું. કબાટમાંથી લિક્વિડ કાઢી કાર્પેટ સ્ક્રબથી સાફ કરી તો ચોખ્ખી થઈ ગઈ. પણ, એમના ધ્યાનમાં આવ્યું કે હવે બાકીની કાર્પેટ ગંદી દેખાય છે. ચિંતામાં એમણે ડાઇનિંગ એરિઆની આખી કાર્પેટ ઘસીને સાફ કરી. અંગૂઠાને સાથ આપવા કેડ પણ દુખવા માંડી. દીકરો 'ને વહુ આવી જાય એ પહેલા કાર્પેટ સૂકાય એટલે બારી બારણા ખોલી કાઢ્યા. અમેરિકનોને મન સમર પણ, આસ્થાબેન માટે તો દેશનો શિયાળો ચાલતો હતો. પવનમાં ઠૂંઠવાતા એ દૂર રૉકીઝ પર્વતમાળા જોતા હતા 'ને એમને એમનો બીજો દીકરો યાદ આવ્યો. બૅગમાંથી પહાડ ઊંચકીને ઊડતા બજરંગબલીનો ફોટો કાઢીને એ બોલ્યા "બેટા રક્ષા કરજે.".

 © Gaurang Amin

## 162 કાશ...

" ચલો જલ્દી જલ્દી બારીછ મેં ભીગને. બા... રીછ બા... રીછ." હ્રિદા દોડતી ફ્લેટના દાદરા ચઢવા જતી હતી. મુખ્ય રૂમમાં બેઠેલો નીંવ આનંદથી એને જોતો હતો. ત્યાં ચેલનાએ રસોડામાંથી રાડ નાખી

" નથી જવાનું. આ વરસાદમાં ન્હાવ તો તાવ આવી જાય."

" જા જા. તું તારે બારીછમાં ભીગવા જા. ભાગ... ભાગ." હ્રિદાને ધીમેથી કહીને નીંવ હસવા લાગ્યો.

‘ રિવાઇન્ડ કરીને આખું દ્રશ્ય જ ભૂંસી કાઢું. ચેલનાએ કીધું એ સાચું પડ્યું. કાશ, એની વાત મેં પ્રૅક્ટિકલિ લીધી હોત.’

" નીંવ, મારી સામું જુઓ. આંખમાં આંખ મિલાવી."

હ્રિદાના રૂ જેવા હાથમાં ઘોંચેલી લોખંડી આઈવી જોતી ભીની આંખ નીંવે અપરાધભાવ સાથે ઊંચી કરી.

" હું તમારું દર્દ સમજુ છું. તમે હ્રિદાને દોડતી, ઊડતી જોવા ઈચ્છો એમાં કશું કરતાં કશું જ ખોટું નથી. નીંવ, વ્હીલ-ચેરમાં બંધાયેલા રહેવું શું છે એ હું નહીં ફક્ત તમે જ અનુભવી શકો.”

## 163 પ્રાયોગિક પરીક્ષા

યુનિ. રૅંકર ખંડિશ ટી.વાય.માં અકાળે ડિપ્રેશનનો શિકાર બન્યો. લોકો કહેતા લોઢાના પાયે પનોતી ચાલુ થઈ છે. ખંડિશની માનવ મન 'ને મગજની તાકાત પરની શ્રદ્ધા ડગવા લાગેલી. આખરે, વિજ્ઞાનના સર એસ.એમ. એની વ્હારે આવ્યા. એમણે એને એકસો વીસ બુટ્ટીઓવાળો ચ્યવનપ્રાશનો ડબ્બો આપ્યો 'ને કીધું ' કેમિસ્ટ્રિની લૅબોરેટરીમાં જા અને આમાં કઈ કઈ વનસ્પતિ છે એ કહે.' ખંડિલ ત્રણ દિવસ મથ્યો. ટેક્સ્ટ-બુક્સથી લઈને ઑનલાઇન લાઇબ્રેરિ ફેંદી કાઢ્યા. જેટલી ફૉર્મ્યુલા મળી એ લૅબના અવેલેબલ રિસોર્સની મદદથી વાપરી. કાર્બન, સોડિઅમ, પૉટૅશ્યમ એમ અઢાર તત્વ મળ્યા. પણ, એકે વનસ્પતિ ના પકડી શક્યો. અંતે હારીને એ એસ.એમ. સર પાસે ગયો.

" જો બેટા, તું ફક્ત તારી પાસે હતા એટલાં જ સંસાધન વાપરી શક્યો. એટલે તને રિઝલ્ટ ના મળ્યું. જીવનમાંય એવું જ છે. તારી પાસે જે છે એનાથી તું જીવન નહીં ઓળખી શકે. તારે તારા સંસાધનનો વ્યાપ જીવન જેટલો વિશાળ બનાવવો પડશે."

અને ખંડિશની માનવ મન 'ને મગજ પ્રત્યેની શ્રદ્ધા પાછી પૂર્ણ દ્રઢ થઈ ગઈ.

## 164 સબળો નર!

બાળપણથી એક સોસાયટીમાં. પ્રેમ, સગાઈ 'ને પછી લગ્ન કરી ભારતમાં ત્રણ 'ને અહીં નવ વર્ષથી જોડે. અમે બે જ. એ માતા બની શકે તેમ નથી. અમે એના એ પણ, ઘર બદલાયા કરે. નવ વર્ષમાં બાર. ક્યાંક એને વસ્તી વધારે લાગે. ક્યાંક એકલતા. ચાર મહિના પહેલાં એનો મૂડ સ્વિંગ થયેલો રિલેશનશિપની સ્પેસ પર. બે માળનું ઘર લીધું. એજન્ટ 'ને ઓનર બેઉને મેં સમજાવ્યા ત્યારે આપ્યું. એને ઉપર રહેવું'તું. દસ દિવસ પહેલાં ક્હે ઘર ખાલી ખાલી લાગે છે. ડર દબાવીને મેં કીધું, ઓકે! મહેનત કરી, ડિઝાઇન 'ને ડીલ જોઈને ફર્નિચર લીધું. ઑફ કોર્સ, અમે જોડે. કાલે જ બધું ગોઠવાયું. સૅલ્ફિ લીધા. પાર્ટી કરી. હવે આજે સાંજે હું ઑફિસથી આવ્યો તો કહે કે ઘર બહુ ભરચક લાગે છે. સામાન, ફર્નિચર બરાબર છે પણ, બધું ડેડ લાગે છે, ચાર્મલેસ! એના સાઇકિએટ્રિકની સલાહ શબ્દશઃ મને યાદ. મેં ટાઇટ હગ આપીને કીધું કે રિલેક્સ, આપણે લાઇફને ચાર્મિંગ બનાવી દઈશું. અત્યારે રાતના બે વાગ્યા. ઘણું વિચાર્યું પણ કશું નવું સૂઝતું નથી. મને લાગે છે એને હું કાલે ફરી એક વાર બાળક દત્તક લેવાનું સમજાવી જોઉં. પણ, એ ક્યાંક ફરી આપઘાત...

## 165 પહેલો શ્વાસ

એઇટિઝની જુવાની. મિસકૉલનો નહીં બ્લૅંકકૉલનો સમય. પિઝાનો નહીં પાણીપુરીનો જમાનો. બાઇકનો નહીં સિટિ બસનો એરા. હું એને મોનિકા કહેતો. સોલ્ડર ટુ સોલ્ડર દુપટ્ટો પહેરીને આવતી છોકરીઓમાં એ અલગ પડતી. એક ખભા પર દુપટ્ટો 'ને બીજા પર વાળ. બસની લાઈનમાં હું એનાથી પહેલા પહોંચતો 'ને મારો નંબર આવે ત્યારે બાજુમાં ઊભો રહીને પાસ શોધતો, એનો નંબર આવતો ત્યારે પાસ શોધી કાઢતો! ત્યારે બૉડિ-સ્પ્રે બજારમાં ન્હોતા આવ્યા. પણ, મારી કઝિને લંડનથી મોકલાવ્યું હતું તે હું વાપરતો. બસની લાઈનમાં એની સુગંધ મોનિકાને મારા તરફ ખેંચી લાવશે એમ હું માનતો. એક દિવસ ઘણું શોધ્યું પણ સ્પ્રે જડ્યું જ નહીં. હવે શું થશેની ચિંતામાં હું બસ-સ્ટૅન્ડ પ્હોંચ્યો. મોનિકા ઑલરેડિ લાઇનમાં ઊભી હતી. એનો નંબર આવ્યો. બિલકુલ મારી જેમ એ પર્સમાં પાસ શોધવા લાગી. મારો નંબર આવ્યો. એને પાસ જડી ગયો. એ મારી એકદમ નજીકથી નીકળી. અને અમદાવાદી ઉનાળામાં એના પરસેવાએ મારા શ્વાસને જે ઠંડક આપી એ માણ્યા પછી મને યાદ નથી કે મેં પેલું બૉડિ-સ્પ્રે શોધવાની મહેનત કરી હોય!

 © Gaurang Amin

## 166 ત્રીજા!

સૈનિકોના ઘોડાની ધૂળ દૂરથી જોઈને માએ ભૂમાને ખેંચીને છાણાના ઢગલા પાછળ સંતાડી દીધો. ભૂમાને ખબર પડી ગઈ કે આખરે બાપુની ધર્મહઠ સામે રાજહઠે પંજો ઉગામ્યો છે. ગોમયની ગંધ વચ્ચેથી જે પણ આછેરું સત્ય નરી આંખે દેખાય એ ભૂમો જોતો રહ્યો. શિખા વડે બાપુ મંદિર તરફ ઘસડાતા હતા. અમુક સૈનિકો ઘરમાંથી પવિત્ર પ્રતો બહાર લાવી ગામ જુવે એમ સળગાવતા હતા. મા દેખાતી ન્હોતી. પણ, પિશાચી હાસ્ય ચીરીને અંતર વીંધી નાખતી એની કારમી ચીસો સંભળાતી હતી. બાપુની ગરદન અજાબલિની શિલા પર ગોઠવીને મુખ્ય સૈનિકે ત્રાડ નાખી ' હલાલ કરો'. આ શું? ખડગ લઈને જાન્શેરચાચા ઊભા છે? લાલ આંસુ ઊભરાતા ભૂમો દ્રષ્ટિશૂન્ય થઈ ગયો. ફક્ત શ્વાસ ચાલતા રહ્યા. ભાન આવ્યું ત્યારે ત્યાં કોઈ ન્હોતું. ઘર ખંડેર થઈ ગયેલું. મંદિર ધ્વંસ પામેલું. મા-બાપના લોહીયાળ મૃતદેહ જોઈને ભૂમો ફસડાઈ પડ્યો. 'ને ખભા પર લોખંડી હાથ પડ્યો.

" તેરે બારે મેં મેરે સિવા કિસી કો ના માલૂમ. આજ સે તું જાન્શેરકી ઔલાદ હૈં."

## 167 એક રહી ના શકે, બીજું કહી ના શકે

" ડિવોર્સ? આર યુ કિડિંગ? પ્રેમના નશામાં તું તારી ઉંમર ભૂલી ગઈ લાગે છે!"

" વિધાન, ક્યાં સુધી આવી રીતે જોડે રહેવાનું? નિજને છુપાઈ છુપાઈને મળીને હું થાકી ગઈ છું. આમ પણ મારા હોવા-ના હોવાથી તને ક્યારેય ફરક પડ્યો છે?"

" હેત પર આની કાયદેસર રીતે કેવી ગંભીર અસર પડશે, એ તને ભાન છે?"

" સમજવાનું તારે છે કે સોળ વરસના હેતને ખોટી આશા... ભ્રમમાં ક્યાં સુધી રાખીશું?"

કૅલેન્ડર દોડતું ગયું 'ને વાતચીતમાંથી ઊગી શબ્દો ઝઘડા બની બૂમાબૂમ સુધી મોટા થઈ મરણપથારીએ પ્હોંચ્યા.

" ઓકે શમા, આઈ થિંક છૂટાછેડા સિવાય આપણી પાસે કોઈ વિકલ્પ બચ્યો જ નથી."

" તને પણ એવું લાગે છે 'ને એ તું સ્વીકારે છે એ ગમ્યું. પણ, એક વાતનું દુ:ખ સદૈવ રહેશે કે તને ક્યારેય એ પ્રશ્ન જ ના થયો કે હું નિજ પાસે કેમ ગઈ?!"

વિધાન નજર મિલાવ્યા વગર પડખું ફેરવીને ભીના વિચારોથી સૂકી ભીંત ખોતરતો રહ્યો.

' મારું દર્દ તો તારું હૈયું સમજી શકશે. પણ, મારો રોગ તારું શરીર નહીં સમજી શકે!'


© Gaurang Amin

## 168 ખુલ્લી આંખ, દિવાસ્વપ્ન

અનાથાલયમાંથી ભાગીને કાશી જવાનો નિર્ણય મિન્ટુનો હતો. જેસંગ તો આંખેથી અંધ 'ને અનાથ. ઇચ્છા કરે તો પણ શેની? હા, જેસંગે 'એક વાર કાશી જવું છે' કહેલું. અને છેલ્લી વાર રડેલો. વૃદ્ધાશ્રમના ટ્રસ્ટે જ્યારે એની માનો અંતિમ-સંસ્કાર કરેલો ત્યારે તે હાજર ન્હોતો. આ બાજુ મણિકર્ણિક સ્મશાને કતારબંધ પડેલા શબમાં એક શબ ઉમેરાયું 'ને આ બાજુ જેસંગને ટ્રસ્ટે દિલ્હીના એક અનાથાલયમાં મોકલી આપેલો.

" જેસંગ, ગંગા કિનારે આવી પહોંચ્યા છીએ. હવે ડૂબકી મારીએ છે, હાથ ના છોડતો."

બન્ને નાહીને, સાચવીને બહાર નીકળી પગથિયાં પર બેઠાં.

" મિન્ટુ, દોસ્ત મારું તો કામ થઈ ગયું. મા ખુશ થઈ ગઈ હશે. હવે તારી ઇચ્છા તું બોલ."

" મારી શું ઇચ્છા હોય?! જેસંગ, મારે પણ તારી જેમ મા... મા... કરવું હોય પણ મારી પાસે તો મરેલીય મા નથી."

## 169 જસ્ટ અનધર હિટ!

રાતના ત્રણ વાગ્યા હશે. વરલી સી-લિંક પર ત્રીસની સ્પીડે લિમુઝિન જતી હતી. "કૅરલેસ વ્હિસ્પર"નું સૅક્સોફોન ગુંજતું હતું. શૅમ્પેનનો ત્રીજો ગ્લાસ ચાલતો હતો 'ને ક્રીમિ બોલી

" ઓપન ધ સનરૂફ." સિમ મનમાં બોલ્યો ' ક્રીમિ, તારી આ અલ્લડતા જ મને મોજ આપે છે.' સિમ પણ જોડે ઊભો થયો. સૅલ્ફી ખેંચી. ગાડી આગળ વધતી રહી. ફરી એક વાર ફાર્મહાઉસ પર અટકવા. નેક્સ્ટ ડે બેઉની તસ્વીર સોશિઅલ નેટવર્ક પર ફરતી થઈ ગઈ.

ડાયરેક્ટર સવન ચોપ્રાએ જોયું કે કેટલા ચાહકોને આ જોડી પસંદ પડી છે 'ને સિમ ખાનને ફોન કર્યો.

" ભાઈ, આર યુ હૅપી વિથ ધીસ વન?"

" સી રૉક્સ, લેટ'સ ગો વિથ ધીસ વન. થૅન્ક્સ. અને હા, હું આજે જ તમને દસ લાખનો ચેક મોકલાવી દઉં છું. બટ ફાઇન્ડ વન મૉર. માય સ્ટોરી ડિમાન્ડસ ટ્રાયો."

## 170 સધિયારો

દક્ષાબેન સ્કૂલે જવા નીકળે ત્યારે તેમના માથા પર એક નહીં સત્તર ભય નાચતા. આજે મને સરપ્લસ કરી નાખશે તો? આજે જીવણ સર એમની કૅબિનમાં એકલી બોલાવશે તો? આજે કોઈ છોકરો મને જોઈને સીટી મારશે તો? યુવાન 'ને રૂપાળી વિધવાના રણીધણી થવા ઘણા તૈયાર હોય છે, પરંતુ મિત્ર થવા એકેય નહીં. બાકી, રામુકાકાએ તો બીજા લગ્નની છૂટ આપી હતી પણ, હિતેશની જીવતી યાદ સમા બે વર્ષના દેવને એ શહેરમાં ભણાવવા માંગતા હતાં. નોકરી એ એમની લાચારી નહીં જરૂરિયાત બલ્કે ઈચ્છા હતી.

એક દિવસ થાકીને ઘરે આવી, એ હિતેશના ફોટા સામું દેવને ખોળામાં લઈને બેઠેલાં. 'ને ધડામ બારણું ખૂલ્યું. રામુકાકાએ આવીને દક્ષાબેન પાસે રૂપિયાનો ઢગલો કરી દીધો.

" આ શું બાપુજી? આખરે તમે જમીન વેચી કાઢી? તમારો એકનો એક સધિયારો..."

" મારી વહુ આટલું વેઠે 'ને હું જોયા કરું? બસ, હવે તું તારા પોતાના કલાસિસ શરુ કર."

## 171 દૂરી

" તમને યાદ છે? આપણે વર્ષો પહેલા જ્યારે સ્કૂટર પર ફરવા જતા ત્યારે કાર લઈને લૉન્ગ-ડ્રાઇવ પર જતા લોકો પર આશ્ચર્ય વ્યક્ત કરતા હતા. તું કહેતો કે..."

" ...ખુલ્લો પવન મોઢાં પર ના અડે તો ફરવાની મજા શું આવે?" શબ્દએ ભાષાની વાત પૂરી કરી. ભાષા વિન્ડ-સ્ક્રીન પરથી વાઇપર ખસેડે એ પહેલા સરકતા વરસાદને જોતી

રહી. શબ્દ વિન્ડ-સ્ક્રીન સાફ થાય એ પછી રસ્તાને જોતો રહ્યો.

" તને નથી લાગતું કે આપણે ઘણા સમયથી એકબીજાથી દૂર થઈ ગયા હોય?"

" મને જો એવું લાગતું જ હોય તો તો તમે મારા મનને સમજો છો એવું ના કહેવાય?"

" ઓહ! તું કાયમ વિનર જ રહીશ, કેમ?! જસ્ટ હા કે નામ જવાબ આપ. પ્લિઈઇઝ!"

" ઓકે. તમે સાચા. હા. એવું લાગે છે. પણ, કેમ આવું પૂછ્યું?"

" હાની આગળ પાછળ બહુ બોલી! સારું તો હવે આપણે ઘરે નથી જતા પણ, લૉન્ગ-ડ્રાઇવ પર જઈએ છે. જોઈએ તો ખરા એસીની અસ્પર્શ્ય હવામાં કેટલી દૂરી કપાય છે!"

## 172 ખુલાસો

જનુભાઈ વિષે ઘણાં બોલતા પણ પ્રેક્ષાએ ક્યારેય શંકા ન્હોતી કરી. એનેય પ્રશ્ન તો થતા કે મમ્મી પપ્પાને છોડીને કેમ જતી રહી? પપ્પાએ આટલાં વર્ષો એકલાં કેવી રીતે કાઢ્યા? એમને સ્ત્રીઓ જોડે જ કેમ વધારે ફાવે છે? પણ, પછી પપ્પાનો માસૂમ ચહેરો જોઈને એ બધું ભૂલી જતી. નડિયાદ કૉલેજમાં ઍડમિશન લીધું ત્યારે તેને ખબર નહોતી કે શાઇની આંટી 'ને જેમ્સ અંકલ જોડે પપ્પાને આટલાં ગાઢ સંબંધ છે. કૉલેજના બીજા વરસમાં એ આવી ત્યારે આંટીએ જ્યારે એને કીધું કે એમનું ઘર ખરેખર જનુભાઈના લીધે ચાલે છે ત્યારે પ્રેક્ષાએ વર્ષો બાદ એની મમ્મીને યાદ કરી. એને થયું કે આ જ એ બાઈ હશે જેને લીધે...

" આંટી તમે મમ્મીને મળેલા છો?" પ્રેક્ષાએ વાત ચાલુ કરી.

" હા, બેટા. અમે ચારેય દરેક વેકેશનમાં જોડે જ ફરવા જતાં. તારી મમ્મી હતી ત્યાં સુધી."

" અંકલને આ બધું જ્યારે ખબર પડી.... ત્યારે એ કેમ કશું?" પ્રેક્ષાએ સીધું પૂછી નાખ્યું.

" પ્રેક્ષા, મને લાગે છે કે તને તારા પપ્પા 'ને અંકલ વચ્ચેના મુખ્ય સંબંધની ખબર નથી."

## 173 માઈનસ ચોવીસ ડિગ્રીમાં સંજય ઉપશ્રુત

" ...ગામમાં એમના સિવાય કોઈએ "સરસ્વતીચંદ્ર"ના ચારેય ભાગ ન'તા વાંચ્યા. ચુનીબાને જોઈને જ બધાં ગુણસુંદરી કેવી લાગતી હશે એ કલ્પના કરતાં. બ્રહ્મવિહારીનાથજી એમને સંસ્કૃત ભણાવવાના બહાને ઘરે આવતાં. એ વખતે બાર વરસનો ફેર સામાન્ય ગણાતો..." પુરીબા બાર વરસના પૌત્ર સંજયને હજુ કહેતાં હતાં ત્યાં-

" પણ, બા પ્રપોઝ કોણે કર્યું? આઇ મીન, પ્રેમની વાત કોણે કરી?"

" તને ઉતાવળ બૌ કેમ? બચુડા, અતારે તારા જેવડા પોરિયા જેમ આઈ લવ યુ કઈ દે છે, એમ એ વખતે સિનિમામાંય તે કોઈ નો'તું કે'તું."

" કમૉન બા, 'સરસ્વતીચંદ્ર' ટીવી પર આપણે જોડે જોઈએ છે. તમે કહો છો એવો જમાનો ક્યાં હતો? ધે લુક ઇક્વલિ મૉડર્ન. ટીવીમાં ખોટું બતાવે?"

" ઉંહ, અમારા જમાનામાં તો હાચું હોય એ જ ચોપડીમાં લખાતું. તારા જમાનામાં તો ચોપડીમાં જે લખ્યું હોય એય આ ટીવી ખોટું પાડે છે! એક્વાર ભારત આય તો હાચું શું એ ખબર પડે." પુરીબા ઓચિંતા જ ચૂપ થઈ ગયા!

## 174 અંદરની વાત

જાસૂસી વિશ્વની દ્રષ્ટીએ જ્ફી પેઇતેન એક્સ-મોસાદ હતો. લેકેમનો એક્સ-હેડ હતો. પણ, દુન્યવી દ્રષ્ટીએ એ હિંદુ સાધુ હતો. છાસઠ વર્ષમાંથી છેલ્લા સોળ વરસ એણે ઉત્તરકાશીમાં કાઢ્યા હતા. અંતે એ સ્વામી પ્રજ્ઞાસ્મિનજીનો પટ્ટશિષ્ય બનેલ. સ્વામીજીના આશ્રમની સંપૂર્ણ જવાબદારી તેના હસ્તક હતી. તેમ છતાં સ્વામીજીના સાધનાખંડમાં સ્વામીજી તેને પ્રવેશવા ન્હોતા દેતા. ખંડ તો કહેવાનો બાકી એ મીની-ભવન જ કહેવાય. અર્થાસ્મિન ઉર્ફે જ્ફીની દૂરશોધનો અંત જો કે હાથવેંતમાં હતો. એણે પણ એના આવાસના અંતરંગ ખંડમાં કોઈના પણ આવવા પર પાબંધી ફરમાવેલી. સહુને એમ કે એ અંદર સાધના કરે છે પણ, અંદર સાચી સાધના એક એકથી ચઢિયાતા સાધનો- ઉપકરણ કરતા. આખરે અર્થાસ્મિને ત્રણ વરસની કઠણ તપસ્યાના અંતે સ્વામીજીની દૈવી શક્તિનું રહસ્ય શોધી કાઢ્યું. સ્વામીજીના સાધનાખંડમાં એક એલિઅન કેદ હતો. એની માની ના શકાય તેવી નાની છતાં પ્રચંડ શક્તિશાળી વન-સીટર સ્પેસ-શિપ સાથે. 'ત્યાં'ની સુપ્રા-ડિજિટલ સિસ્ટમ સાથે. તેના ત્રણ ઈંડા સાથે.

## 175 લાકડસી લાડુ

" પેન્ક્રિઆઝનું કે બ્રેઇનનું કેન્સર હોય તો ઠીક, આ તો બ્રેસ્ટનું હતું. વેરી નૉર્મલ! એના પ્રોગ્નૉસિસ સારા છે. મારા કઝિનની વાઇફને સોળ વર્ષ થયા, હજુ ફર્સ્ટ-ક્લાસ જીવે છે!"

" ડૉક્ટર, તું ગમે તે કહે. ટાઇમ આવે એટલે ભલભલાંએ નીકળી જ જવું પડે! શનિ મહારાજ કોઈને ના છોડે. આ મારી સામેવાળો વિન્દુડો, બેંતાલીસ માંડ થયા'તા 'ને..."

" વાત તારી હાચી પણ, એ તો ઍક્સિડન્ટમાં ગયો." મસાલો મમળાવતા ત્રીજો બોલ્યો.

" પાર્ટી, તમે એટલે જ આ બિન્દાસ ખાધે રાખો છો કેમ?! હાહાહા." બધાં હસી પડ્યા.

ત્યાં દેવેન્દ્ર બે હાથ જોડતો આવ્યો. " બેસણું કાલે ત્રણથી પાંચ આપણા ઘરે રાખ્યું છે. જય જિનેન્દ્ર."

સૌએ ચૂપ થઈ ગયા. મોટાભાગે બધાં બોલ્યા " જય જિનેન્દ્ર". દેવેન્દ્ર ધીમી ચાલે આગળ વધ્યો.

" અરે! આને અસ્થિ-બસ્થિ નથી લેવાના? આ તો પાર્કિંગ તરફ હેંડયો!"

" એને ના લેવા હોય તો ના લે, તારે લેવા હોય તો જા તું લઈ લે. હાહાહા."

બધાં ભાઈબંધો ફરી હસ્યા 'ને એકબીજાને 'કાલે મળીએ'નો કૉલ આપીને સ્મશાનેથી છૂટા પડ્યા.

## 176 યું હી કટ જાયેગા સફર...

" તમને કેટલી વાર કીધું કે પહેલેથી પ્લાનિંગ કરો. પણ, ના. તમારા આ સ્વભાવને લીધે આ ખટારાછાપ લોકલ બસમાં બફાતાં બફાતાં છેક આગ્રા જવું પડશે."

કોટિ શાંતિથી સ્પંદાની ફરિયાદ સાંભળતો રહ્યો. મોઢા પર પશ્ચાતાપના ભાવ દેખાડીને. પણ, એ અંદરથી હસતો હતો. ' તને શું ખબર કે પહેલેથી બુકિંગ કરાવાત તો એસી સ્લીપર વગર તું આવવા તૈયાર જ ના થાત. અને હૉટેલ પણ તું થ્રી-સ્ટાર જ બુક કરાવત. મને કંઈ અચાનક આગ્રા જવાનું સૂઝ્યું ન્હોતું! પણ, બુકિંગ નથી કરાવ્યું એટલે આ બસ કે પછી સાદી-સસ્તી હૉટેલ લેવી પડી એવું કહીને હું પૈસા જ બચાવું છું.'

" સૉરી સ્પંદા. હવે થઈ ગયા પછી શું? નેક્સ્ટ-ટાઇમ હું ચોક્કસ ધ્યાન રાખીશ."

" તંબૂરો નેક્સ્ટ-ટાઇમ! કાયમ તું આવું જ કરે છે!" 'તું' સાંભળીને કોટિને શાંતિ થઈ.

" ડાર્લિંગ! આ વખતે તારા માટે સરપ્રાઇઝ છે. હું તને શૉપિંગ કરવાના પૈસા આપવાનો છું. તારે જે ખરીદવું હોય તે ખરીદજે. તાજમહેલ સિવાય હોં કે! હાહાહા! "

## 177 યથાશક્તિ યોગદાન!

નાનપણમાં વાંચેલી કૉમિક્સમાં એતદે એવા હીરો જોયેલા જે ગુપ્ત રીતે કાયદો હાથમાં લઈને સમાજનું ભલું કરતા હોય. એતદને પરશુરામ કે કૃષ્ણ પણ એવા જ લાગતાં. કાયદાના દુશ્મન એવા આતંકવાદીઓ સામેની ગેરિલા-યુદ્ધની ચાલ પણ એતદને ખૂબ ગમતી. વિજિલાન્ટી મૂવિઝ એના ફેવરિટ. સ્કૂલમાં એ ઘણી વાર રોબિન હૂડ બની ચૂક્યો હતો. પણ, આ તો સાચુકલું જીવન. એતદને હસવું આવી ગયું કે મારી પાસે તો ઘોડોય નથી! અને નથી કોઈ ભાઈબંધો જે એને આવી કોઈ બળવાખોરીમાં ટેકો આપે. એતદ અરીસા સામે ઊભો રહીને એની છાતી ઝીલતી પાંસળીઓ જોતો રહ્યો. 'પપ્પાને જે રીતે સરકારી કામમાં આમથી તેમ ભટકવું પડે છે એ મારાથી નથી જોવાતું. કશુંક તો કરવું જ પડશે. ગોળી નહીં તો છરી.'

એ સાંજે એતદે અગિયાર સરકારી અધિકારીઓના વાહનના ટાયરો ચીરી કાઢ્યા.

## 178 થુપ્પીસ!

બૉન્યાના મનમાં લગીર પાપ ન્હોતું. મજા આવી હતી પરંતુ, જે થયું એનું દુ:ખ પણ હતું. હા, એટલી હાશ હતી કે પ્હેલ એણે ન્હોતી કરી. એણે તો નાચ પાડેલી. ધક્કોય મારેલો. એ તો સારું હતું કે બધાં કામકાજમાં હતાં 'ને ભૂલથીયે કોઈને શક સુદ્ધાં ના ગયો. પણ, બૉન્યો લાગણીશીલ. ભાઈ કે ભાઈબંધ વિનાનો એકલો જીવ. હુંફ મળી એવો સાથનો ભૂખ્યો થયો. ગ્રહ-શાંતિ દસ વાગે હતી. પણ, એ આઠનો તૈયાર થઈને પેલી માટે હેવાયો થયેલો. ઘરેથી ઉતારે 'ને ઉતારેથી હૉલ પર બે ચક્કર લગાવ્યા. પણ, પેલી કોઈ રીતે એકલામાં ના મળી. આમનો સામનો પાંચ વાર થયો. પણ, પેલી સામે હસીય ના. ઇશારો કરીને બૉન્યો ધાબા પરના એ ધૂળિયા સ્ટોર-રૂમમાં ગયો. રાહ જોઈ. પેલી ના આવી. બૉન્યાની નિરાશા ક્રોધમાં પલટાઈ. બપોરે લાગ જોઈને જેવી પેલી બીજે માળ બાથરૂમ જવા ગઈ કે ઘરબી લીધી 'ને બૉન્યો આઇ લવ યુ કહે એ પ્હેલાં જ પેલી બોલી-

" બકા, આપણી સગાઈ શું થાય એ તું દિવસે યાદ રાખ, આપણા રાતના સંબંધ તારે મને યાદ નહીં દેવડાવવા પડે. હજુ ત્રણ રાત કોરી પડી છે."

## 179 શોક થેરપી

નામ મમ્મીએ પાડેલું એનું બલરામને વિશેષ દુ:ખ હતું. એક મા પોતાના પૂર્વજોની વેદના ના સમજી શકી? માના અકાળે મૃત્યુ પછી પપ્પાની જોડે જીદ કરીને પોતાનું નામ "બલ" કરાવી નાખ્યું. 'જન્મ્યો પણ દલિત 'ને મરીશ પણ દલિત' એવું માનતા બલને બુદ્ધ કે ખ્રિસ્તી ધર્મમાં રસ ન્હોતો. સ્કૂલમાં બધાં એના વિચારો જાણતા. ખાસ તો એ ભણવામાં એક્કો એટલે. દરેક વિષયમાં એના હાઇએસ્ટ માર્ક્સ આવતા. સિવાય ખેમકર સરના વિષયમાં, ગુજરાતીમાં. બલને મનોમન ખાતરી થઈ ગયેલી કે ત્રિપુંડધારી સાહેબ શેષાંશ ઠાકર પર કૂણી દ્રષ્ટિ રાખે છે. પરંતુ, ખેમકર સર જાતિવાદ કે પ્રતિ-જાતિવાદથી નિરપેક્ષ, ફક્ત ભાષાને જ વરેલા હતા. બીજી પરીક્ષાના પરિણામ પછી બલને બે વાર મળ્યા 'ને એ પામી ગયા કે બલના મનમાં શું રમે છે. અનુભવી સરે વિચાર્યું 'અંતિમ પરીક્ષામાં બલની આ મન:સ્થિતિ પરિણામ સુધારવાને બદલે બગાડશે. બલની સાથે હવે સારી રીતે કે હસીને વાત કરીશ તો પણ એને દંભ જ લાગશે. અંદરથી ઘવાયેલા ક્યારેક સજ્જનતાની નહીં દુર્જનતાથી સ્વસ્થ થાય.' એમણે નક્કી કર્યું કે ક્લાસમાં એવું કશુંક કરવું કે જેથી પેલાં શેષાંશ ઠાકરનું થોડું ઘણું અપમાન કરી શકું 'ને એની ક્લાસમાં મશ્કરી થાય.

 © Gaurang Amin

## 180 વેરાન રણમાં જીવતો એક બારમાસીનો છોડ

શૃંગારીની ઓળખાણ જ ખોટી કરાવી. શરૂમાં સત્ય મર્યાદા રાખતો. એ અંદરના રૂમમાં હોય તો સત્ય અંદર ના જાય. પણ, પછી તો હું બહારથી પાછો ફર્યો હોઉં ત્યારે એની રૂમમાંથી જ એ નીકળતો. હજુ કાલે જ બંને જોડે બહાર આવ્યા. શૃંગારીના વિખેરાયેલા વાળ એના માંસલ વક્ષ:સ્થળને ઢાંકતા જ 'તા. પણ, પેલો વાળ ખસેડીને ટીશર્ટ સરખું કરે, એના સ્તન પર એણે પાડેલું ચાઠું છુપાવવા! મને- ખુદ ઉન્માદને બતાવવા. પછી એવીયા એ બેઠો એ સોફાના હાથા પર બેઠી. 'ને પેલો નીચ ઑરેંજ ખાતા ખાતા એવીયાના નિતંબ પર ચૂંટલો ખણે. જાંઘ પર થાપટો મારે! નાલાયક. પણ, શૃંગારીની લાલ લિપસ્ટિક જેવી નારંગી એ લાયો ક્યાંથી? ખાતો ત્યારે એવીયાના કોમળ હોઠનો રસ એના ડઠર હોઠ પરથી નીતરતો'તો. શૃંગારી આવી ન્હોતી. આણે જ બગાડી. એટલે મારો પિત્તો ગયો. નાનપણનો ભાઈ જેવો મિત્ર આવું કરે? ઉન્માદ 'ને સત્યની જોડી ભલે તૂટતી, છરીકાંટે 'ને છરીકાંટે એનું મોઢું એના જ લોહીથી રંગી નાખ્યું. મારી નાખ્યો સાલાને. પણ, ત્યારની શૃંગારી ગુમ થઈ છે તે હજુ ઘરે નથી આવી. જોકે હું એને પાછી શોધી કાઢીશ. પહેલાં જરા આ લાશના ટુકડા કરી લઉં.

## 181 સમાન હવા, અસમાન શ્વાસ

લંડનના ભારતીય રેડિઓ પર ગેરી વૈષ્ણવનું સન્માન કર્યાના સમાચાર સાંભળીને રુક્ષ બોલ્યો-

" ગિરીશમાંથી ગેરી થયેલા ખાદીધારીનું સન્માન થયું ભાઈ. તાળીઓ પાડો!"

" મશ્કરી શું કરવાની? ગાંધીવાદી તરીકે પાંચ દાયકા કાઢવા એટલે તને ભાન પડે છે?"

" ના, તું પાડી આપ! ગાંધીજીના પુસ્તકો ગોખી મારવા સિવાય શું?, એ ભાન મને જલ્દી આપ. એ છેલ્લા પંદર વરસથી તો દેશ છોડીને અહીં રહે છે. તંબૂરાનો ગાંધીવાદી!"

" આ વાત એમના મોઢે કહે તો પણ એ હસીને શાંતિથી તારી જોડે વાત કરશે!" શુકે કીધું.

" ઓહ, એવું તો અમારા ગામમાં કરિયાણાની દુકાનવાળા ગફૂભાઈ પણ કરતા. ગાળો દો તોય હસીને જ વાત કરે. અરે ચા-પાણીય પિવડાવે!" રુક્ષ અડગ રહ્યો.

" ગાંધીજીના સિદ્ધાંત એ ગેરીભાઈનું જીવન છે ધંધો નહીં. એમણે જાત ઘસી કાઢી છે."

" ઓ ભાઈ, ગફૂભાઈએ પણ એડમ સ્મિથના સિદ્ધાંત પર ચાલીને જિંદગી ઘસી કાઢી!"

" માય ડિઅર, પણ એ બધું એમણે એમના પરિવાર માટે કર્યું હશે, લોકો માટે નહીં!"

## 182 બ્લૂ રોઝ

" હુજૂર ઇસ કદર ભી ના ઇતરા કે ચલિયે, કોઈ મનચલા ગર પકડ લેગા આંચલ..." ગાતા ગાતા સ્યદ ધસી આવ્યો 'ને આંગીને પાછળથી પકડીને એનું સ્કિવી ખેંચીને કાઢી કાઢ્યું.

" વૉટ ઇઝ ધીસ? મારી ગેરહાજરીમાં..." સ્તન પરના લાલ ચકામાં જોઈને એ ઠંડો પડી ગયો.

" ઓહ! સ્યદ બેબી. મૂડમાં લાવીને મારો મૂડ ખરાબ ના કર."

સ્યદ આંગીનો હાથ પકડીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. આંગીની આંખોમાંથી પણ નિરંતર આંસુ વહેતા રહ્યા. ટ્યૂલિપ ક્લિનિકમાં બેડના બીજા ખૂણા પર તાજાં જન્મેલા શિશુની પેઠે આંગીનો રિપૉર્ટ આંખો મીંચીને સ્થિર પડ્યો હતો. ઇન્ફ્લેમટરી બ્રેસ્ટ કૅન્સર!

" આઇ ઍમ સૉરી. આંગી. મારી જાન. આ શું થઈ ગયું?"

" હવે હું અભરાઈ પરથી કશું ઉતારતી હોઈશ ત્યારે તું પેલી શાયરી નહીં બોલે કેમ? ઉનસે શીકે સે કોઈ ચીજ ઉતરવાઈ હૈ કામ કા કામ હૈ, અંગડાઈ કી અંગડાઈ હૈ!"


© Gaurang Amin

## 183 પસ્તાવો!

અરેન્જ-મેરેજમાં કોઈ મેળ જ ન્હોતો આવતો. એને કોઈ છોકરી ગમતી જ ન્હોતી. એક દિવસ એ એકાંતમાં બેઠો. કેમ મને કોઈ છોકરી ગમતી નથી? એણે જીવનમાં આવી ગયેલી બધી જ છોકરી વારાફરતી યાદ કરી. ગોરી ગોરી ગોળ મોઢાવાળી ધિરલી. કર્લિ વાળ 'ને તીણા નાકવાળી એકદમ હોટ નિરિકાડી. હેવી બટક્સવાળી હસમુખી 'ને બટકી ફૂતલી. મૉડલ જેવી હાઇટ-બૉડિવાળી મંદા. બૉયકટ 'ને બિન્દાસ હેત્લી. કાળી કાળી પણ સિલ્કી 'ને સૅક્સી કિટ્ટુડી. જેમ જેમ બધી યાદ આવતી ગઈ એમ એમ એ વધારે 'ને વધારે એક્સાઇટ થતો ગયો. એને પ્રશ્ન થયો કે આ બધીમાંથી બેસ્ટ, સૌથી વધારે ગમતી કોણ? થોડી વાર રહીને બબડ્યો કે બધે બધી મસ્ત જ હતી. એ બધીને લીધે જ મને કોઈ ગમતી નથી. મને એમના જેવી કોઈ સારી દેખાતી જ નથી. એનું મોઢું પડી ગયું. શું મારા લગ્ન નહીં થાય? હું તો ના પાડી દેતો. પણ, મને કોઈએ ના ના પાડી. કો'ક ના પાડત તો યાદ રહેત કે એ કેવી રીતે બોગસ હતી. 'ને કો'ક હા પાડત તો લગ્ન કરત. અને એને ભારોભાર પસ્તાવો થયો કે સાલું મેં એ બધીમાંથી એકેયને ક્યારેય પૂછ્યું જ નહીં!

## 184 અપરાધ-ભાવના

નાડાછડીની ગાંઠ ખોલી, કપડું હટાવીને નર્મદાના વહેતા જળમાં અસ્થિ પધરાવતા અર્ધી મિનિટ માંડ થઈ હશે. ત્રેસઠ વરસની જીંદગી બીજી બે મિનિટમાં તો નાવને આવજો કીધા વગર મોં ફેરવીને ચાલી નીકળી. કર્ણના આંસુ જાણે પિછો કરતા રહ્યા. પંડિતે કીધું કે વિધિ સંપૂર્ણ થઈ. પરંતુ, કર્ણનું મન જાણતું હતું કે પપ્પાની એક ઇચ્છા સદૈવ માટે અધૂરી રહી ગઈ.

આઠેક મહિના પહેલા જ રિપોર્ટ આવેલો. કર્ણએ પપ્પાથી છુપાવ્યું કે એમને કૅન્સર છે. જોકે પપ્પાને કઈ બીમારી છે એનાથી નહીં, ફક્ત મોત સાથે નિસ્બત હતી. ગાંધીવાદી મોતીભાઈએ ઘણા ખંતથી પથારીમાં રહ્યે બૉડિ-ડૉનેશનના પેપર્સ તૈયાર કરાવ્યા. કર્ણએ હસતા મોઢે દોડાદોડી કરી, ખાસ તો ખોટા સહી સિક્કા કરાવવા. પણ, કૅન્સરગ્રસ્ત શરીર સ્વીકારવાની હૉસ્પિટલે ના પાડી. એ વાતથી અજાણ મોતીભાઈ અંતિમવેળાએ જ્યારે કર્ણને કહેતા હતા કે બીજાની ઇચ્છાનો ખ્યાલ કરવો, મૃત્યુ પછી પણ બીજાના કામમાં આવવું, ત્યારે એમનાના મોઢા પર અદકેરો વિશ્વાસ, આનંદ 'ને ગર્વ છલકતો હતો.

 © Gaurang Amin

## 185 જામ સે જામ!

અંગિત માટે તો આ બૈલ મુઝે માર જેવી સ્થિતિ થઈ. પ્રકૃતિને નવા માર્ગે વાળવા એ યોગ ક્લાસમાં આવ્યો તો તેને તે ચારે બાજુથી સામે અથડાવા લાગી. ભરેલી ફી પાછી મળવાની ન્હોતી 'ને ડૉક્ટર પૂછશે તો શું જવાબ આપીશ? એ વિચારે એને ક્લાસ છોડતા રોક્યો. પરંતુ, તેને સતત ભય રહેતો કે એક જુઓને બીજી ભૂલો એવી કામિનીઓ વચ્ચે શું એ પોતાની અંદરના કામખોરને રોકી શકશે? એક દિવસે ક્લાસ પૂરા થયા પછી

" તમે દરેક આસન સરસ કરી શકો છો. તમારું બૉડિ પણ શેપમાં છે તો પણ તમે..."

શૂઝ પહેરતી વખતે પાછળથી એક મધુર સ્વર અંગિતના કાને પડ્યો

" વેલ, યસ. મારે ફિટ રહેવું છે એટલે. પણ, તમેય શું કામ આવો છો, એ પણ પ્રશ્ન છે!"

સામાન્ય વાતચીતનો કિસ્સો હોટલના કમરામાં જઈને ખાસ ઘટના બને તે પહેલાં એણે ઉમેર્યું-

" આઇ એમ એ વુમનાઇઝર. સો પ્લીઝ તમે મારાથી દૂર રહો તો સારું."

" હું પણ ડૉક્ટર મિત્રાની પેશન્ટ છું. ચિઅર્સ! આઇ એમ એ મૅનાઇઝર!"

## 186 કમળ

એને કોઈથી કમલીયો ના કહેવાય. મુકાદમ પણ કમલ કહે તો જ એ સાંભળે. મુકાદમનેય છૂટકો ન્હોતો. પાલિકાનું મશીન જ્યારે નિષ્ફળ જતું ત્યારે કમલ છેલ્લો વિકલ્પ બચતો. ઘરે પણ એનો ભારે દબદબો. ધીરી 'ને ગન્નો એ ઘરે આવે એ પહેલા ઘર ચોખ્ખું કરી અગરબત્તી ચાલુ કરી દેતા. એને સુગંધ બહુ જ ગમે. આંતરે દિવસે ક્યાં તો બા-બાપુના ફોટા માટે ફૂલનો હાર ક્યાં તો ધીરી માટે ગજરો લઈને ઘરે જતો. છાપરામાં બધાં દાતણ ઘસે પણ, એને પેસ્ટ વગર ના ચાલે! પાછો બ્રશ કરીને ઉચ્છવાસ ચેક કરે. સાબુ તો જોડેને જોડે રાખે. અલબત્ત, સુગંધીદાર સ્તો! દહાડામાં દસ વાર મોઢું ધોઈને ફ્રેશ જે થવાનું.

જોકે આજે એને ફરીથી મોઢું ધોવાનો સમય હજુ ન્હોતો મળ્યો.

" કમલ, બહુ ઊંડે ના જઈશ. આ ગમે ત્યારે તૂટી પડશે તો ભારે થશે."

" સાયેબ, હું નઈ જવું તો કૂણ જશે? તૂટી પડે તો હારું, દિલ દૈને ન'વાય તો ખરું."

ગટરમાંથી એક એક કરીને સાત ડોલ કચરો કાઢી 'ને ઝપાટા ભેર બહાર આવીને શરીર પર પાણી ઢોળ્યું. અને વરસાદ ચાલુ થાય એ પહેલા કમલ સાબુ દેવા બેસી ગયો.

## 187 પુનર્જીવન!

યુઆનને ખાવા પીવા તો બરાબર મળતું. પણ, જ્યારે 'ને ત્યારે ઘરમાં પાર્ટી થાય. ગેસ્ટ આવે. એણે એનો ફેવરિટ સોફો ખાલી કરવો પડે. જે 'ને તે પીધેલાંઓ ચેનચાળા કરે, અડપલાં કરે. આખરે એ નાસી ગઈ. જ્યાં ત્યાં સમય પસાર કરીને એણે મહેનત 'ને બુદ્ધિથી એક ઘર ખોળી કાઢ્યું. બુઢિયા એકલી રહેતી'તી. ધનિક હતી. ઘર પણ મોટું હતું. લાગ જોઇને યુઆન એક રાતે નિકલને બોચીથી પકડી 'ને પાછળ વાડામાં ઘસડી ગઈ 'ને મારી નાખી. ખાડો ખોદીને દાટી 'ને ઉપર પથરાં પાથરી દીધા. જાત પર ઘણો કાબૂ રાખીને ત્રણ દિવસ એ ઘરથી એ દૂર રહી. ચોથે દિવસે એકદમ ભોળી 'ને દુ:ખી બનીને પેલી બુઢિયા જ્યાં રોજ સવારે નિકલ જોડે બ્રેકફાસ્ટ કરતી ત્યાં પ્હોંચી. બુઢિયા સાવ ઘેલી થઈ ગઈ. જોકે એને દેખીતી જ ખબર હતી કે આ ચાઇનિઝ બ્રીડ છે 'ને એની નિકલ પ્યોર અમેરિકન હતી. પણ, એના માટે તો દીકરીની બેન પાછી આવેલી. યુઆનને થયું હવે બાકીની જિંદગી એશમાં જશે. પણ, બુઢિયા યુઆનના મૂળ માલિકની પીડાનું વિચારતી હતી. એ યુઆનના ગળા પરના પટ્ટા પર કોતરેલો નંબર હળવેથી વાંચવા લાગી.

## 188 દ્વંદ્વતા

વિન્ડોસીટ ખાલી થઈ. હું બહારની બાજુ બેસી રહ્યો. મારી ઍગ્ઝૅક્ટ સામે બેઠેલી માની જમણેથી યુવા પુત્રીએ પગ લાંબો કર્યો, મારી ડાબે. ત્યાં એક સરદારજી અંદરની એ સીટ પર ધસ્યા. મેં સ્વદેહ કાટખૂણે ઘુમાવ્યો. ‘ને પુત્રી બોલી-

" ઉપર સે પાણી ટપક રહા હૈં, ઇધર આગળ જગેહ ખાલી હૈં."

" કહાં? સીટ તો ડ્રાય દિખતી હૈં!" કહી એ સીટમાં અકળાઈને બેઠા. એમણે થોડીક જ ક્ષણમાં મારા ટેકાની આશામાં પાછી વાત છેડી " કહાં પાની ગીરતા હૈં? મૅનરલેસ યુથ!"

" ક્યા બોલે આપ? અંગ્રેજી હમેં ભી આતિ હૈં." યુવતીની મમ્મીથી ચૂપ ના રહેવાયું.

" ઇતને ઍજ્યુકેટેડ હો તો અપની બચ્ચી કો સંસ્કાર શિખાઓ."

નેક્સ્ટ સ્ટેશન આવ્યું ત્યાં સુધી વાંકયુદ્ધ ચાલતું રહ્યું. સરદારજી જતાં જતાં મારી સામું જોઈને ટેકાની આશામાં છેલ્લો પ્રયત્ન કરતા ગયા " ઉફ્ફ વિમેન!"

બસ ચાલી એવી દીકરી બબડી " આ નોન-ગુજરાતીઓ એમની જાતને શું સમજે છે?!"

મુંડી નીચી કરીને હું મોબાઇલમાં "તટસ્થતા"નો અર્થ શોધવા લાગ્યો.

## 189 રાષ્ટ્રપ્રેમ

આઝાદી પહેલા ખેતીવાડી છોડીને હરિલાલ અંગ્રેજી પોલીસથી બચવા કંપાલા આવ્યા ત્યારે એમની પાસે કશું ન્હોતું. પરંતુ વિનોબા ભાવેના ભૂદાન યજ્ઞમાં જોડાવા દેશ પરત ફર્યા ત્યારે પાછળ પાંચ દુકાન છોડીને આવેલા. બંને દીકરા જુવાન થઈ ગયેલા. આઝાદ ભારતના આઝાદ યુવાન. બેમાંથી એકેને ગામમાં ન્હોતું રહેવું કે ન્હોતી ખેતી કરવી. હરિલાલને જમીન દાનમાં આપવામાં કોઈ અંતરાય દેખાતા ન્હોતા. પરંતુ જ્યારે ઘરમાં એમણે વાત છેડી ત્યારે બધાંના ભવા ઊંચા થઈ ગયા. ખાસ તો દીકરી જ્યોતિના.

"પપ્પા, કાયદાના ચોપડે તમે આતંકવાદી હતા ત્યારે કોઈ ગાંધીવાદી તમારી મદદે ન્હોતો  આવ્યો. તમને સ્વાતંત્ર્ય-સેનાની ગણવાય સરકાર તૈયાર નથી. એવામાં આ પગલું ખોટું."

"બેટા, હું આઝાદી માટે લડતો હતો અને આઝાદી મળી ગઈ ત્યાં એ વાત પૂરી થાય છે. હવે જે આપણે કરવાનું છે તે આઝાદ હિન્દુસ્તાન માટે. ગાંધીવાદીઓ મારા માટે શું માને છે તેના કરતાં આપણે આપણા દેશ માટે શું માનીએ છે તે વધારે મહત્વનું છે."

## 190 ઇચ્છા અને નિર્ણય

" એણે ભૂલની માફી માંગી છે અને એને એની ભૂલનો પસ્તાવો ખરેખર છે."

" ભૂલ સ્વીકારી લેવાથી પપ્પા શું થાય? ભૂલ મટી જાય?"

" તું ઇચ્છે છે શું દીકરી? આખી જિંદગી ભૂલ સામે રાખીને બેસી થોડું જવાય?!"

" મા, હું મારું કરી લઈશ. તમે ચિંતા ના કરો." સ્તુતિ ફરીથી રડવા લાગી.

મમ્મી-પપ્પા બેઉ ભીની આંખે હિંમત રાખીને એને સમજાવતા રહ્યા. દિવસો વીતતા ગયા.

" બેટા આજે તો નિર્ણય લેવો જ પડશે. તું મને કહે કે તમે લવ-મૅરેજ કર્યા છે 'ને વર્ષો જોડે ફર્યા છે તો તું આજે પણ પ્રસાદને પ્રેમ કરે છે કે નહીં?"

" પપ્પા, હું સ્ત્રી છું. મમ્મીને પૂછી જુઓ અમે પ્રેમ અને નફરત બંને એકસાથે કરી શકીએ."

" ટૂંકમાં તું હજુ પણ દિલથી તો એને પ્રેમ કરે જ છે, એમ જ ને?!"

" હા, પપ્પા દિલથી હું ચોક્કસ પ્રસાદને પ્રેમ કરતી રહીશ, એની ના નથી. પણ, હકીકતમાં હવે ક્યારેય નહીં કરી શકું."

## 191 સ્લીપિંગ પિલ

શહેરનો વિચિત્ર ટ્રાફિક કાપીને અંતે પ્હોંચ્યો ખરો. સાયકલને સાંકળ વીંટાળી બીજું તાળું માર્યું. પાટલૂન ઘૂંટણ ઉપર ચઢાયું. સ્લીપરાં હાથમાં પકડ્યા. ગારાથી લદબદતા પથ્થરિયા રસ્તે આગળ વધ્યો. આજે એક પણ ઠોકર ના વાગી. જો કે એના ધ્યાનમાં એ ના આવ્યું. અંધારામાં ઢાળ અટક્યો 'ને એય અટક્યો. બહાર પડેલી કોઠીમાંથી ડબલું ભર્યું. હાથ પગ ધોયા. પાણી પીધું. ઓરડીનું બારણું વાસી બુશ્કોટ કાઢ્યો. દીવો પ્રગટાવ્યો. ઓરડીની વચ્ચે જાતે બનાવેલું ઘોડું મૂકી, એની ઉપર ચઢ્યો. અનુભવ સિદ્ધ કળથી છાપરામાં હથેળી સેરવી કટ ટુ કટ ગોઠવેલું પાટિયું કાઢ્યું. ઓરડીમાં સ્ટ્રીટ લાઇટનો રૂપેરી પ્રકાશ ધસી આવ્યો 'ને દીવો શરમાઈ ગયો. એય હસી પડ્યો. નીચે ઊતરી 'ને ખૂણામાંથી પ્લાસ્ટિકનું કૅલેન્ડર લીધું. અને પાછો ચઢીને જ્યાં પાટિયું હતું ત્યાં એ બરાબર ગોઠવી દીધું. ઘોડું બાજુમાં મુક્યું. ગાદલું પાથર્યું. દીવાને ફૂંક મારીને ઊંઘાડી દીધો. પોતેય આડો પડ્યો. અને દૂર દૂર ઊંચે આસમાનમાં બર્ફીલી ચોટીઓ, હર્યા ભર્યા વૃક્ષ, ઊડતા પક્ષીઓ, ખળખળતી નદી જોતાં જોતાં સૂઈ ગયો.

 © Gaurang Amin

## 192 વર્ગ-વિગ્રહ

આઠમામાં ભણતા શાણ સોલંકીની છાયા સાહેબ આખા વર્ગ સામે ફિલમ ઊતારતા હતા. " જુઓ આ જ્ઞાની વિચારક શું લખે છે- મારા સ્વપ્નનું સ્વર્ગ- મારી ચાલી! વાહ, શું નિબંધ લખ્યો છે. ભાઈશ્રીને ચાલીમાં આરસીસી રોડ જોઈએ છે. ચાલીની જમીન તારા પપ્પાની છે? આરઓનું પાણી! ચાલીમાં મહાદેવનું મંદિર! અલા, વેદ એટલે ખ્યાલ છે? વિદ્યાર્થીઓ માટે ટૅબ, લેશન કરવા. પાછું એમાં ઑનલાઇન મફતમાં આખા દેશની સરખી ટેક્સ્ટ-બુક્સ! અમારા સાહેબ થવું છે'લા? એ બધું તો ઠીક પણ ભૈ લખે છે કે સરકારે પ્રમાણિત કરેલો રેશન-કાર્ડ પર મળતો જડીબુટ્ટીઓમાંથી બનાવેલો દેશી દારુ. નીચ, ગાંધીજીના ગુજરાતમાં દારૂની વાત કરે છે? 'ને એ પણ સરકારી-દારુ? નિબંધમાં સિદ્ધાંત-સંસ્કારની વાત કરવાની હોય કે દારૂની? દારુ એટલે શું એનું તને લગીરે ભાન છે ડફોળબુદ્ધ?"

શાણ ઊભો થયો અને એના મૃત પિતાને યાદ કરતો નીડરતાથી બોલ્યો-

" હા, આ બધાં વિદ્યાર્થીઓ અને કદાચ તમારાથી પણ વધારે સારી રીતે."

## 193 ચોખ્ખું સ્વપ્ન

આશરે ચાલીસ થયા હશે. એની જન્મ તારીખ કોઈને શું એનેય ન્હોતી ખબર. હા, એને એનું નામ ખબર હતી. નાનો હતો ત્યારથી બધાં ચૂન્યો કહેતા. પણ, મોટો થયા પછી એનું નામ કચરાવાળો પડી ગયું. ખેર, ઘણા કચરો-વીણવાવાળો એવુંય કહેતા. ક્યારેક એ વિચારીને હસતો કે આવનારી મારી પેઢીની અટક કાચવાલા કે દારૂવાલાની જેમક્યાંક કચરાવાળા ના પડી જાય!

" ભાઈ, તારા પગ તો જો. લે આ રૂપિયા 'ને તારા માટે ચપ્પલ લઈ આવ."

ચૂન્યાએ કહેલું કરીને તરત પોતાના પગ ઘડી ભર જોયા 'ને પછી કીધું-

" જી સાયેબ. પૈસા તો મું લૈ લઉં પણ, ચપ્પલ પેરીન મારે ચૈ જવાનું?"

" ખરો માણસ છું. હું કહું છું 'ને પૈસા આપું છું તોયે?!"

" સાયેબ, ઇના કરતોં માર છોરાને ભણવાના ચોપડા લૈ આલો. ઈ ભણે તો ઈને બધાં ઇના નોમથી ઓરખે 'ને ઈની અટકય તે નો બદલાય."

કાલુગંગાની છીછરી છાલકો જોતા દિલશાદના મનમાં મુરીલાએ કહેલું રહસ્ય હિલોળા લેતું હતું. મુરીલા એટલે એની મા. અઢાર વરસ પહેલા, એ જન્મ્યો એના ત્રણ મહિના પહેલા એના પિતાને મારી નાખવામાં આવેલા. ફક્ત એ કારણે કે એ સિંહાલી હતા, એ બુદ્ધિસ્ટ હતા. '૮૧માં જાફના લાઇબ્રેરિ સળગાવવામાં એમનો હાથ છે તેવું માનીને '૮૬માં તમિલ ઉગ્રવાદીઓએ એમનું ઘર બૉમ્બથી ઉડાવી દીધેલું. ઇન્શાઅલ્લાહ મુરીલા ઘરમાં નહોતી. મુલ્લા સાહેબની મદદથી પેટમાં દિલશાદને લઈને એ દેશના બીજા છેડે રાતોરાત નાસી છૂટેલી. મુરીલાએ અલ્લાને પ્યારી થઈ ત્યાં સુધી આ વાત એટલે ન્હોતી છુપાવી કે એ મુસ્લિમ હતી 'ને દિલશાદના પિતા બૌદ્ધ. પરંતુ, મા એના લોહીની સંરક્ષા ચાહતી હતી. પતિ મહિંદા સંધાકારાના વંશની પ્રગતિ ઇચ્છતી હતી.

એક માસ પછી દિલશાદ જાફના રહેવા જતો રહ્યો. જૂનું ઘર પાછું મેળવવા. મૂળ ધર્મ ફરીથી ધરવા. દેવમિત્ર સંધાકારા નામ સાથે. તમિલો પ્રત્યે વેર 'ને હિંદુઓ પ્રત્યે ઝેર સાથે.

 © Gaurang Amin

## 195 હક્ક, ફરજ અને જવાબદારી!

" ઑફિસથી થાકી-કંટાળીને આવ્યો તોય થયું કે તું તૃષાને ભણાવી, એના તોફાનથી થાકી હોઈશ એટલે જમીને તરત હું ડિશિઝ કરવા લાગ્યો પણ તું..."

" હા, તો તમેય મને તમારું કામ આપો. મારો હક્ક આપો. મને પણ ઑફિસ જવા દો. હુંય ઘરે થાકી-કંટાળીને આવીશ. પણ, તમારી જેમ ફરજ પૂરી કરીને સંભળાવીશ નહીં."

" ફરીથી એની એ વાત ચાલુ કરી તેં? તો આ... આપણા ઘરની જવાબદારી કોણ લેશે?"

" કામ બંધાવી દઈશું. ઘરમાં પૈસા વધારે આવશે એટલે તૃષાનું ટ્યૂશન પણ બંધાવી શકીશું અને રસોઇયો પણ રાખી શકીશું. તમે સમજતા કેમ નથી? લાઇફ કેટલી ઈઝી થઈ

જશે! લોકોને જૉબ મળતી નથી અને મને મળે છે ત્યારે તમે આડા પડો છો."

વાસણો છાબડીમાં ગોઠવીને અમીર નૅપ્કિનથી હાથ લૂછતો કિચનમાંથી ચૂપચાપ બહાર નીકળી આવ્યો. ધીરે રહીને મમ્મીના રૂમનું બારણું ખોલ્યું. અને એમની પાસે બેસીને પૂછ્યું

" મા, આજે કેમ છે તને?"

## 196 અર્ધી ભેળ

પ્રાણાએ રસોડામાં આવીને પાણીનો ગ્લાસ ભર્યો. કાવો પીતી હોય એમ ધીમે ધીમે એક યાદ સાથે એક ઘૂંટડો ભરતી રહી. સૉનોગ્રાફિ વખતે ઑફિસમાં કામ હતું એટલે ન્હોતો આવ્યો. વંશને પ્હેલી વાર ઘરની બહાર લઈ જવાનો હતો ત્યારે બાઇક લઈને આવ્યો 'ને પપ્પાએ ગાડી લેવી પડી. જીજાજી કે મોટાભાઈ આવે ત્યારે વંશને આંટો મરાવાનું કહેશે, પોતે કદી નહીં મરાવે. વંશ દોડતો થયો તો બાજુમાં સ્વિતા આંટીને ત્યાં મૂકી આવવાનું કહે, પણ પોતે ના રમાડે. હું પ્રોડક્શન મૅનેજર 'ને એ શેઠ. મારે એમને પ્રોડક્ટ રૅડી કરીને આપી દેવાની! હવે વંશ ફિફ્થમાં આવ્યો ત્યારથી હું માત્ર એની આયા! ક્રિકેટના કોચિંગમાં એકલાં લેવા મૂકવા જશે. દીકરો સમજણો થયો ત્યારથી દીકરાની બધી યાદ પર ફક્ત બાપના જ કૉપિરાઇટ!

" અરે શું થયું? અમે રાહ જોઈને બેઠાં છે. ભેળ બની કે નહીં?!"

પ્રાણાએ દીકરા વંશને સમજ પડે, યાદ રહે એટલે ભેળનો બધો સામાન લઈને ટેબલ પર મૂક્યો.

" ડાર્લિંગ પ્લીઝ, બાકીની અર્ધી ભેળ તમે જાતે નહીં બનાવી લો?"

## 197 સંભવામિ વિયોગે વિયોગે

એકનો એક દીકરો ફ્રેન્ડશિપ બેલ્ટ, બેન્ડ 'ને રિંગ ફરી ગણતો હતો. એ ખુશ હતો કે એની પાસે એના ફ્રેન્ડઝ કરતા વધારે છે. એ ગાર્ડનમાંથી એક ડાળ તોડી લાવ્યો 'ને ક્રિસ્ટમસ-ટ્રીની જેમ એ ડાળ પર એનું આ મૂલ્યવાન કલેક્શન સજાવવા લાગ્યો.

" બેટમ્જી, સૂકાઈ જશે એટલે નાની ડાળીઓ ભારથી તૂટી જશે. એનાં કરતા રિઅલ પ્લાન્ટ પર જ સજાવી દોને."

" પપ્પા, તમેય શું? સાચા છોડ પર આ બધું ઊગે?" બાળક બોલ્યો.

" તો પછી ચાલ આપણે લોખંડના તારથી મસ્ત શો-પીસ બનાવી એના પર આ બધું લટકાવીએ. કાયમ માટે રહેશે."

" એ તો આર્ટિફિશ્યલ લાગે, આર્ટિસ્ટિક નહીં. પ્લીઝ, મને મારી રીતે કરવા દો."

સમય વીત્યો. ડાળખીઓ તૂટવા લાગી. ફ્રેન્ડશિપના ઘરેણાં નીચે પડવા લાગ્યા. પપ્પાને થયું કે માણસને સમય જ સમજાવી શકે કે એ અંતે તો એ એકલો જ હોય છે.

## 198 ફિલ્મી-ચક્કર!

મેરુને સંતુ ખાસ ગમતી હતી તેવું ન્હોતું. પણ, મેરુ પહેલેથી ફિલ્મોનો શોખીન. જ્યારે હીરો-હીરોઇન સ્લો-મોશનમાં એકમેકમાં સમાઈ જવા દોડતા ત્યારે મેરુના રૂંવાડાં ખડા થઈ જતાં! વસ્તીમાં કે નાતમાં કોઈ જુવાન છોકરી એની પ્રેમની ભાષા સમજતી જ ન્હોતી. બધીને સીધે માંડવે જ જવું હોય. 'ને મેરુએ નક્કી કરેલું કે હું પ્રેમલગ્ન જ કરીશ. એવામાં એને સંતુ મળી ગઈ! ફિલ્મમાંથી એ શીખેલો કે પ્રેમનો રોમાંચ મિલનમાં નહીં જુદાઈમાં હોય છે. પ્રેમ-પત્ર લખવામાં હોય છે. એ ગલ્લાવાળા ગોબ્બા જોડે પત્ર લખાવતો 'ને કોઈ ટપોરી જોડે સંતુને મોકલાવતો. સામે સંતુ પણ રંગીલી! એ ગલ્લા પર જવાબી પત્ર મોકલાવતી. સંતુનો પત્ર લખતી ભૂરી 'ને ગોબ્બાના લગ્ન થયા એ જોઈને સંતુએ લગનની જીદ પકડી. મેરુને લગન ન્હોતા કરવા એવું ન્હોતું. પણ, એને એક સમસ્યા નડતી હતી.

" એવું ચેવું હીધેહીધું પૈણવાનું? મારા કે તારા ઘરમાંથ કોય વિરોધ તો થાવો જોઇની? ઈમ્નીમ ભાગીને લગન કર્વાના? કોય પોલીસ કે ગુંડા પાસળ પડે તો પિક્ચર જોમે!"

## 199 વીઆઇપી ધીરજ!

"એસે વેઇટ કરતે રહોગે તો દર્શન છૂટ જાયેંગે!" ક્લૉક-રૂમમાંથી વર્દીધારી મહિલા બોલી. શ્રીનાથજીના સન્મુખ દર્શનનો અભિલાષી વિલોમ એમના કામુક લહેંકાથી ચલિત થયો.

"જી, મેં વીઆઇપી દર્શન કરનેવાલા હું. ન્યાસીજીકી વેઇટ કરતાં હું." મહિલાની આંખ સાથે એની આંખ મળી. બે-ચાર સેકંડ માટે મંગળાની ઠંડી ઊડી ગઈ 'ને એ બોલી પડ્યો

" ધીરજ કા ફલ હંમેશા મીઠા હોતા હેં!"

" ક્યા બાત હેં, યે યાદ રખના પડેગા!" કહીને મહિલા મારકણું હસી.

વિલોમે એનો મોબાઇલ આપ્યો 'ને ટોકન લીધું ત્યારે બંને વખતે બેઉની આંગળીઓ મળી!

મંદિરમાંથી બહાર આવીને પહેલાં સેંન્ડલ પહેરવાને બદલે ક્લૉક-રૂમ પર વીઆઈપી સેવાની આશામાં પહોંચી વિલોમે ભીડમાં કાણું પાડીને ટોકન સાથે હથેળી વટભેર સૌથી આગળ ધકેલી.

" ધીરજ કા ફલ હંમેશા મીઠા હોતા હેં!" સામું જોયા વગર બોલી પેલી મહિલા મરકી.

## 200 ઇન્વેન્શન ઑફ ઑપર્ચ્યૂનિટિ!

સ્કૂલમાં ઘણા સળકડી કહીને ચીડવતા. એક વાર "સપાટ-સુંદરી" એવી ફિશ્પોંડય આવેલી. ક્રોધે ભરાયેલી નિતુએ બૉડિ વધારવાના પ્રયત્ન શરુ કર્યા. પણ, લગીર ના ફળ્યા. ત્યારથી નિતુને લઘુતાગ્રંથિ થઈ ગયેલી. ફ્રેન્ડઝ અન્ડર-ગાર્મેન્ટસની વાત કરે કે એ ત્યાંથી ખસી જતી. નાહીને મુખ્ય કપડા પહેર્યા પછી જ એ અરીસા સામું આવી શકતી. દોસ્તો જોતા વ્હેંત પામી જશે એ બીકે એ પૅડેડ બ્રાથી પણ દૂર રહેતી. મિડલ ક્લાસ નિતુ ઇમ્પ્લાન્ટનું સપનુંય માંડ જોઈ શકતી. આજે કૉલેજની ફ્રેશર્સ પાર્ટીમાં એઇટિઝ્ની થીમ છે. ફ્લોર બક્સમ હૉટિઝથી ઊભરાશે ત્યારે...

નિતુ ન્હોતી જાણતી કે એ જાતને પીડી રહી છે યા ચાન્સ આપી રહી છે. જસ્ટ ટ્રાન્સ્પેરન્ટ સ્પેગેટિ 'ને ટાઇટ થ્રી-ફ્રોર્થ પહેરીને એ પાર્ટીમાં પ્હોંચી. થૂથું કરતી ગર્લ્સની નજરની નોંધ લીધા વિના સીધી બૉયઝ ઊભા હતા ત્યાં ધસી ગઈ. અને ઠંડા કલેજે જંગનું એલાન કર્યું-

" હુ હેઝ રિઅલ હાર્ડ ઇન્ટરેસ્ટ ઇન ટુડે'ઝ બૉનિ ઍન્ડ સ્કિનિ બેબ?!"

## 201 કોન્ટ્રાસ્ટ

પિત્તળ ગયું. સ્ટેનલેસ સ્ટીલ આવ્યું. કલાઈ કરવાનો પેઢી જૂનો ધંધો હાંફી ગયો. પણ, નવસારની થાકેલી સફેદ ધૂણી ખાઈને દર્શ્યાંના હબસી ફેફસાં વધારે લડાયક થઈ ગયા હતાં. એના છોરાંએ કામ છોડી દીધું. પણ, એણે પકડી રાખ્યું. લોકો નવી ફેશનના રંગે ફરી જૂના વાસણો વાપરવા લાગ્યા 'ને દર્શ્યાંની લોઢાની કિસ્મત ફરી ચાંદીની થઈ ગઈ. દૂધિયાં બંગલામાંથી સીધી નાહીને કોરા કપડા પ્હેરીને આવેલી ગૃહિણી શ્વેત હાથથી શ્યામ વાળ બહેલાવતી પૂછતી-

" કેમ ભાઈ આટલાં બધાં રૂપિયા? એવા તે કયા હીરા-મોતી જડે છે આમાં?"

" બ્યન, આ તો પૈહા કે'વાય! આ કલઈનો હીરો 'ને આ પરસેવાના મોતી તમ્ને ચ્યોંય નો મલે. આ કાળા શશ્માં ઊતારીને જોજો, દિ સઢે ઈમ ઓની સમકય સઢસે!"

કોલસો બળતો જાય 'ને દર્શ્યાંનો કાળો રંગ ઑર ઠરતો જાય. વધુમાં એનાં મેલાઘેલા કપડા ધુમાડાને સ્હેજે ઓછું ના આવવા દે. અંતે, જોનારની બેઉ કીકીમાં કલઈ છવાઈ જાય એટલે પૂનમના અનન્ય ચંદ્ર પરથી સઘળાં વાદળાને ગુમ થયે જ છૂટકો!

## 202 ત્રિકોણ

રસ્તા પર ખરેલા પાંદડાનો ઢગ સળગતો હતો. એમાંથી ઊઠતા ધુમાડામાં સૂર્યના કિરણો ગણી શકાતા હતા. એ જોઈને એને વિચાર આવ્યો ' કોઈ એવું નથી જે તમામ સચ્ચાઈમાં માનતું હોય. કોઈ એવું શક્ય જ નથી જે સર્વે સત્ય સાથે સહમત હોય. દરેક વ્યક્તિ એક ધારણા માત્ર છે. ધારણા, વ્યક્તિ 'ને વાસ્તવિકતા એકમેક પર આધારિત છે.' એણે ગાંઠ વાળી કે આ પળથી હું જે ડેલિ જીવું છું તેનાથી અલગ જીવીશ. મૉર્નિંગ-વૉક પતાવીને ઘરે જવાને બદલે એ કીટલીએ ગયો. ઘરે જઈને નહાવાની જગાએ જમવા બેઠો. જમીને નહીને કલાક વહેલો ઑફિસ જવા નીકળ્યો, એ પણ બસમાં. ઑફિસમાં રૂટિન કામ છોડીને કશું નવું જ કરતો રહ્યો. આખો દિવસ ટાઇમ-ટેબલને એના અહંકાર સાથે ટકરાવતો રહી મોડી રાતે રૂમ પર આવ્યો. ટીવી ચાલુ ના કર્યું. કદી સૂતી વખતે ચા ના પીવે, પણ આજે પીધી. પહેરેલા કપડે નક્કી કર્યું કે સૂવાનો સમય થયો પણ સૂવું નથી. 'ને વિચારે ચઢેલો તે ક્યારે ઝોકા ખાવા લાગ્યો તેનાથી બેખબર તે બીજે દિવસે સવારે રૅગ્યુલર ટાઇમે ઊઠી ગયો ત્યારે જાણી શક્યો કે કાલે તો રોજના સમયે જ હું સૂઈ ગયેલો.

## 203 સંતોષ-અસંતોષ

ચારુબાનું બેસણું અંત્યેષ્ટિના બીજે જ દિવસે વૃદ્ધાશ્રમના હૉલમાં હતું. હિરાકાકાએ જાતે માઇકની વ્યવસ્થા કરાવી હતી. એમણે ઔપચારિકતા છોડીને મૂળ વાત ચાલુ કરી

" ભાઈઓ 'ને બહેનો. કાલે પહેલી રાત હું ચારુ વગર રહ્યો. મને ના ગમ્યું. હું હવે અહીં રહેવા નથી માંગતો. કદાચ તમે પણ આગળની વાત સાંભળીને સહમત થશો. અમારે કોઈ  સંતાન નથી. હતું પણ નહીં. અમારો પુત્ર અમને તરછોડીને અમેરિકા જતો રહ્યો છે એ નર્યું જુઠ્ઠાણું હતું. પણ, એ જુઠ્ઠાણું મારું હતું. ચારુનું નહીં. ચારુને આખી જિંદગી વસવસો હતો કે આપણે નિ:સંતાન છીએ. કેમે કરીને એને એ અફસોસ જતો ન્હોતો. એ જિંદગીના છેલ્લા મહિનાઓમાં નિ:સંતાન હોવું કેટલા સદ્ભાગ્યની વાત છે એ સમજી શકે 'ને સંતોષથી દેહ  છોડી શકે એટલે આ જુઠ્ઠાણું ચલાવી હું એને અહીં રહેવા લાવેલો. ખેર, આજે હું કબૂલું છું કે તમારા સૌનો સંતાનપ્રેમ જોયા પછી હું મારો દેહ સંતોષથી નહીં છોડી શકું. અલબત્ત! એ માટે હું તમારો ખાસ ઋણી રહીશ. મારા જુઠ્ઠાણાં માટે તમે ભલે મને માફ ના કરતા પણ ચારુને પ્રાર્થના કરજો કે એ મને માફ કરી દે..."

## 204 પ્રેમનું ઊગવું

સિરિઅલનો સીન થોડો પોતીકો લાગતાં લબ્ધિએ પ્રાપ્તને યાદ કર્યો. 'એ પણ આવું જ કરે છે. મૂડમાં હોય ત્યારે વખાણ કરશે, કિસ કરશે 'ને પોતાના વિચાર કે કામમાં હોય ત્યારે એને ગમતો ડ્રેસ પહેર્યો હોય તોય ભાન નહીં પડે. રાહ જોયા કરું ત્યારે એક પણ મૅસેજ ના હોય 'ને જે સમયે એને ખબર હોય કે હું ઘરના કામમાં મમ્મી જોડે હોઉં કે લેક્ચરમાં બેઠી હોઉં ત્યારે ફોન પર ફોન કરશે!'

ફોન કરીને બધી ભડાસ કાઢી પછી લબ્ધિએ પ્રાપ્તને મોકો આપ્યો.

" ટૂંકમાં એક જ પ્રશ્ન- આર યુ સીરિઅસ અબાઉટ અસ?"

" લબ્ધિ, હું જે કરું છું એ કરું છું, એમાં મજાક શું 'ને ગંભીર શું? આ તે કાંઈ પ્રશ્ન છે?!"

" તું મારા પ્રેમમાં છું કે નહીં? એ સવાલ કેવો રહેશે?!"

" ના, હું 'તારા' પ્રેમમાં નથી. હું પ્રેમમાં છું. હું 'આપણે'ના નશામાં, તારામાં હોવા માંગું છું. 'ને લબ્ધિ, હું પ્રેમમાંથી જોઈ રહ્યો છું કે તું હજુ પ્રેમની બહાર ઊભી છું! ડાર્લિંગ, પ્રેમમાં પડ. છોડી દે તારી જાત. રસ્તામાં હું હાથ પકડી લઈશ 'ને પછી? જોડે પડીશું!"


© Gaurang Amin

## 205 માઈન્યૂટ બેંગ્સ આઉટ સાઇડ ઑફ ઇન્ફિનિટી

મહદ ઘરની મોટી મોટી બારીઓ ખુલ્લી જ હોય. ફક્ત કાચ લગાડેલો હોય. એટલાં તે હવાચુસ્ત કે દ્રશ્યો રંગબેરંગી રહે પણ, બહારના માટે સંવાદ મૂંગી ફિલ્મના પણ ના રહે. અંદરની વાતો કાચ પર લખાયેલી થોડી આવે? કાચ જીવતા પણ, સ્ક્રીન જેવા યાંત્રિક નહીં. વિદેશમાં નૉર્મલી કોઈના ઘરમાં કોઈ ડોકિયું ના કરે. કોઈ જોઈ ના જાય એની તકેદારી રાખનારાં દિવસે પણ પડદા ઢાળી દે. હું ચાલતો ફરું, ડાફોળિયાં મારતો રહું એટલે મને ખબર. પણ, એ એક ઘરના ડ્રૉઇંગ-રૂમમાં મેં જે જોયેલું એ હંમેશા યાદ રહેશે. રાત હતી, ઠંડી હતી તોય કર્ટેન પડ્યા ન્હોતા. સોડિયમ લાઇટને નિર્વીર્ય કરતો ઝરમર વરસાદ 'ને આજુબાજુના ઘર મૃત. રાતના નવ એટલે અંદરના રસ્તા પર લગભગ હું એકલો.

ઘરડું દંપતિ ઉગ્રતાથી ઝઘડતું હતું. સાઇન લૅંગ્વેજમાં. બંને દેખીતા બહેરા-મૂંગા હતા. મને કશું સમજાતું ન્હોતું. કાચ ના હોત તોય ફર્ક ના પડત. અને મને વિચાર આવ્યો કે આ બોલવું 'ને ખાસ કરીને સાંભળવું હોત જ ના તો શાંતિની ખરી વ્યાખ્યા માણસને સમજાત.

## 206 નવાણું લાગણીશાળી ભેગો એક બુદ્ધિશીલ!

બે દિવસ પછી કર્ફ્યૂમાં છૂટ મળી. ઘરના બધાં કોઈના કોઈ કામે બહાર નીકળ્યા. ૧૪૪ની કલમને કારણે વારાફરતી નીકળવું પડ્યું એટલે ચાવી પહેલા નીકળેલું બીજું કોઈ લઈ ગયું 'ને તાળું છેલ્લા નીકળેલા દીદી પાસે રહ્યું. અંતે દીદી ના છૂટકે ચીટીયાના ભરોસે ઘર મૂકીને ગઈ. ચીટીયાને તો સોનામાં સુગંધ ભળી. ઘર-બહાર બંને કર્ફ્યૂમુક્ત! એણે બારણું અંદરથી વાસ્યું. રસોડામાં ગયો. અભરાઈ પર છૂપાઈને સૂતેલા તડબૂચ કાપવાના છરાને શોધતા બે ઘડી માંડ થઈ. કમરમાં હથેળી વીંટાળી એને જોડે લીધો. બારણું ખોલી ચીટીયો ઘરની બહાર પ્રવેશ્યો. આજુબાજુ જોતો વિચારવા લાગ્યો 'મારી દબાયેલી લાગણીને છૂટી મૂકવાનો આવો મોકો ફરી નહીં મળે. કદાચ પકડાઈ જઉં તોય શું વાંધો? આ લોકો મને ગાંડો ગણે છે. અને આમ પણ દિલથી ગાંડા હોય એ ભૂલ કરે 'ને મગજથી ગાંડા હોય એમનાથી ભૂલ થઈ જાય! મારું મગજ નબળું છે દિલ નહીં.' પેલો છરો ચૂં કે ચાં કર્યા વિના ડાબી છાતીના ટેકે જૅકેટમાં બેસી રહ્યો. અને ચીટીયો રમખાણમાં વગોવાયેલા વિસ્તાર તરફ ધસમસતો આગળ વધ્યો.



© Gaurang Amin

## 207 ડીસન્ટ પ્રપોઝલ!

સૂતાં પહેલાં સંતુષ્ટ થયેલી માણ્વિકાને ખાતરી થઈ ગઈ. એ ઘટના ફર્સ્ટ ટાઇમ ફક્ત ઊડતી ધ્યાનમાં આવેલી. બીજી વખત શંકા પડેલી. માણ્વિકાએ નક્કી કર્યું કે હવે આ ઘટના ચોથી વાર એ જાતે ઘટાવશે. એને લેશ માત્ર ચિંતા ન્હોતી કે રૂપિત એને છોડીને ચાર્વાકિ જોડે જશે. એને પાક્કો અનુભવ હતો કે રૂપિતને એના વગર ચાલે જ નહીં! 'ને ચાર્વાકિએ તો પોતે જ એને વાત કરેલી કે રૂપિત એને જસ્ટ સ્ટેઅર નથી કરતો પણ, આંખથી આખે આખી માણે છે. માણ્વિકાએ નક્કી કર્યું હવે એ ચાર્વાકિ જોડે સંબંધ વધારશે. વાર-તહેવારે નહીં પણ ચાલુ વીકમાં પણ મળવાનું થાય, રૂપિતની હાજરીમાં એવું ગોઠવવું પડશે. જે દિવસે એ ચાર્વાકિને ધરાઈને જોવે છે, મારી એ રાત સારી જાય છે. જરૂર પડે તો ચાર્વાકિને પણ દિલ ખોલીને કહી દઈશ કે સૉરી, હું તને બૅટ તરીકે વાપરું છું. પણ જો તું રૂપિતની ફૅન્ટસીમાં જીવંત રહે 'ને મારી સૅક્સ-લાઇફને પુનર્જીવન મળતું હોય તો એમાં ખોટું શું છે? અરે, મારો ઠંડો પડી ગયેલો મરદ માંડ મને મળતો હોય ત્યાં જો તું મિત્રતામાં આ ના કરી શકતી હોય તો તું તારી ફી બોલ!

 © Gaurang Amin

" તમારા અબ્બાએ કીધેલું કે એ વાર-તહેવારે જ નમાજ પઢે છે. હી ઇઝ નૉટ અ ટ્રુ ફૉલોઅર ઑફ ઇસ્લામ. સો યોર ફાધર કૅન્ટ બી અ ફૅનૅટિક. બીજું કોઈ કારણ હશે."

" ના, પાર્શ્વ જૈન હતો એ એક માત્ર કારણ હતું. મેં અબ્બાને સમજાવેલા કે આપણા અંચુંવનાથરમાં રહેતાં મૂળ પરિવાર સૈકાઓ પહેલાં જૈન જ હતાં. 'ને અમે વિદેશ જતા રહીશું પછી શું? પણ, એ ના માન્યા. માલ્ય જાણતો'તો હું અબ્બુની સામે નહીં પડું. એણે તો એક વાર એવું પણ કીધેલું કે એ ઇસ્લામ અંગીકાર કરી લે. પણ, મેં ઘસીને ના પાડેલી."

" ઓહ, આઇ કૅન નૉટ ઍકઝેટલી ગેટ ધીઝ ઑલ. ઑફ કોર્સ, હું અંદાજે થોડું સમજી શકું છું. તમે હવે શું ઇચ્છો છો? આઇ મીન મને મળવાની હા પાડી તો..."

" અબ્બા 'ને તમારા ફૅમિલીની ઇચ્છા સર આંખો પર. હું તમારી સાથે નિકાહ પઢવા તૈયાર છું. બસ, એક જ શર્ત- હું કદી માંસ-મચ્છી કે ઈંડા સુધ્ધાને હાથ પણ નહીં લગાડું."


© Gaurang Amin

## 209 ટાઇમ-ડિફરન્સ!

રંજનબેને એકલાં હાથે જયને મોટો કર્યો, અમેરિકામાં વિઝિટર વીઝા પર રહી ગેરકાયદેસર ઘર-ઘરાઉ કામ કરીને ભારતમાં રહેતા જયની નીડ વત્તા વૉન્ટ પૂરા કર્યા. લગ્ન કરાવ્યા. 'ને એક ધનતેરસે એ કાયમ માટે પાછાં આવ્યા.

" અરે મમ્મી તું? જોરદાર સરપ્રાઇઝ આપી. અમે હમણાં જ પૂજન કરીને ઊઠ્યા."

" આશીર્વાદ બેટા. વહુ બેટાના આવ્યા પછી પૂજાપાઠ કરતો થઈ ગયો એમ્ને?! હાહાહા."

" હા મમ્મી, એમને તો જોર આવે પણ હું મારી જીદ પૂરી કરીને જ છોડું."

" સારું સારું. આ બેગો ખોલો. થયું આખો પરિવાર પેલ્લી વાર દિવાળી સાથે કરશે 'ને હવે તો પાછાં જવાવાનું નથી એટલે તમારા માટે લવાય એટલું બધું લઈ આવી છું!"

" પણ મમ્મી, અમે તો આજે ગોવા જવા નીકળીએ છે, તો આવીએ એ પછી ખોલીએ તો કેવું?" બેટાએ ગંભીરતાથી કીધું પછી વહુએ ઉમેર્યું-

" હા, મમ્મી. અમે અંદર પૅકિંગ કરવાજ જતા'તા. બોલો ત્યાંથી તમારા માટે શું લાવીએ?"

## 210 સમાધાન યા સોદો?

મોટાભાઈ સાડા ચાર કરોડનું બેંકમાં દેવું કરીને ભાગી ગયા. કંપની ફડચામાં. હાર્દ નાદાર. મમ્મીની નાજુક તબિયતને કારણે હાર્દ સામે દેવું ચૂકવવા દેશમાં જ રહીને પેટે પાટા બાંધવા સિવાય વિકલ્પ ન્હોતો. હાર્દની નાજુક માનસિક સ્થિતિમાં તેને સાથ આપવાને બદલે નૃપી એને ટોણા માર્યા કરતી કે 'તારા કરતા તારો ભાઈ હોશિયાર 'ને તું માવડિયો તે માની સોડમાં ભરાઈ રહ્યો.' નૃપી થાકી હતી. નબળી સ્થિતિમાં મોટી થઈ 'ને પરણ્યા પછી સુખના બે દિવસ જોયા ના જોયા ત્યાં પત્તાનો મહેલ તૂટી પડ્યો. પરંતુ, હાર્દ માટે પૈસાની સાથે સમાજે સાથ છોડ્યો ત્યારે ફક્ત નૃપીનો સાથ જ મહત્વનો હતો. એને રડવા માટે ખોળો જોઇતો હતો. હિંમત વરસાવતો માથે ફરતો હાથ જોઇતો હતો. મનોચિકિત્સકની ગોળીઓ ખાઈને પણ એને રાતે ઊંઘ ન્હોતી આવતી. અને નૃપી હાર્દમાં અડધી રાતે મર્દાનગી તલાશતી રહેતી. એને પાણીદાર ઘોડીને નાથી અને અસવારી કરે એવો નરબંકો જોઇતો હતો. આખરે હાર્દ હારી ગયો 'ને એણે ક્રિવાનીને હા પડી દીધી.

 © Gaurang Amin

## 211 વે આઉટ

બસ હજુ ઊપડી જ હશે 'ને ભાઈ ચાર્જર લઈને ઊભા થયા. એક્ઝીક્યુટિવ શર્ટમાંથી ફ્રેશ પર્ફ્યૂમ રેલાયું. મને થયું કે બિઝી માણસ હશે, પાવર-બૅંક ચાર્જ કરશે. પણ, લૅપટૉપ જોડાયું. હું ઇમ્પ્રેસ થયો. સમયનો પ્રૉપર યુઝ! ના જોવું હોય તોય દેખાતું હતું કે એ ઇમેલ્સ ચેક કરતાં હતાં. મને થયું હું મૂર્ખ છું કે એક બુક પણ મારી જોડે નથી. સાલું, આટલી હાઇફાઇ લક્ઝરી છે પણ, મૅગઝિન્સ નથી રાખતાં. મેં મોબાઇલમાં નેટ ચાલુ કરીને બાજુ વાળા ભાઈની નજર પડે તો? વિચારીને ગીતાજીની વેબસાઇટ ખોલી. બસ ત્યારે એ ભાઈએ પ્હેલો ફોન જોડ્યો. ફક્ત મને સંભળાય એમ અંગ્રેજીમાં ખખડાવતા હતા. ગંદી પશ્ચિમી ગાળો સાથે. પછી તો ત્રીજો, ચોથો એમ ફોન ચાલ્યા. આ બાજુ કૃષ્ણ કર્મ ત્યાગ કરવાની ના પાડતા'તા. મેં કર્મ બદલી કાઢ્યું. મોબાઇલ બંધ કરી 'ને આંખ મીંચી. ત્યાં લૅપટૉપ વાતો કરવા લાગ્યું, મદ્રાસીમાં. મને થયું કે હું મ્યૂઝિક સાંભળું કે પોર્ન જોઉં? પણ, ફરીથી કર્મ સાવ બદલી નાખવાનું મને ના જચ્યુ. મેં એક નવું કર્મ હુંકાર સાથે ઉમેર્યું, શેઅર કર્યું. એમને મારા ઇઅર-પ્લગનું દાન આપી, હું એમના આશીર્વાદ લઈને સૂઈ ગયો.

## 212 પ્હેલી વારનો એકરાર

પાર્ક કરી, અચ્છરાએ નાહીને બાથરૂમ મિરરમાં જોતી હોય તેવા ગર્વથી બંગલો જોયો. ઝાંપો ખોલીને ગાર્ડન પર શેરો મારતી હીંચકા ખાતા બાળકના ભાવથી ડોરબેલ પર પહોંચી.

" અરે આવ બેટા, પ્રશીલ તો નથી! પણ આવ અંદર આવ." ફ્યૂચર મધર ઇન લોએ કીધું.

" જી આંટી, મારી એક ડીવીડી એની પાસે છે, તે લેવા આવી હતી."

એ પ્હેલી વાર પ્રશીલની ગેરહાજરીમાં ડ્રોઇંગરૂમનું રોયલ ઇન્ટિરિઅર નીરખતી રહી.

" હું ઉપર એના રૂમમાં જો ડીવીડી હોય તો જોઈ લઉં." કહીને એ પ્રશીલના, એના ભાવિ શયનખંડમાં આવી. વૉર્ડરોબ ખોલ્યો. પ્રશીલના પહેરેલા કપડા જોયા. પણ, એનું ચિત્ત ક્યાંક બીજે હતું. સુનહરા કર્ટન. રૂપેરી કાર્પેટ. સુપર કિંગ સાઇઝ સિલ્કી બ્લૅક બેડ. એણે ફૂદકો મારીને પિલોમાં શરમાઈને મોઢું નાખી દીધું. ઘડી આળોટીને વહુરાણીની આંખોથી ઍન્ટીક ઝુમ્મર જોવા લાગી. ક્રિસ્ટલ્સમાં ઠંડા પવનના ટકોરાથી જાણે તણખા ઝરતા હતા. ત્યારે પ્હેલી વાર અચ્છરાને અહેસાસ થયો કે વાસ્તવમાં એ પ્રશીલને નહીં એનાં મકાન, એનાં પૈસાને પ્રેમ કરે છે.

## 213 ઑપરેશન

ડૉક્ટર કેતન અગ્રવાલની છાપ સજ્જન માણસ 'ને સારા ડૉક્ટરની. ગરીબ-મધ્યમ વર્ગની જીવાદોરી જેવી છ માળની અત્યાધુનિક હૉસ્પિટલ ચલાવતા શહેરના સૌથી મોટા ટ્રસ્ટના એ મૅનેજિંગ ટ્રસ્ટી હતા. તબીબી વ્યવસાયમાં એમને ત્રણ દાયકાથી વધારે સમય થયો હશે. અને રાજકારણમાં લગભગ ત્રણ વરસ. આજે એમના માટે આંનદનો દિવસ હતો. દીકરી ડૉ.ઝલકની પસંદગી એવા ડૉ.વિનેશનું ભણવાનું ગોલ્ડ-મેડલ સાથે પૂરું થયું.

" તારું સ્પેશ્યલાઇઝેશન પૂરું થયું એ માટે કોંગ્રેચ્યુલેશન્સ બેટા!"

" થેંન્ક યુ પપ્પા, તમારા આશીર્વાદથી! હવે હૉસ્પિટલ ક્યારથી જોઇન કરું?"

" સબૂર ડૉક, મારા કસ્ટમર્સ 'ને હવે તો મારા મતદારોમાં પણ તમ્ને ભાગ નહીં મળે. હાહાહા! ડોન્ટ વરી સન. પુઅર 'ને મિડલ ક્લાસ મેં સંભાળી લીધા છે. તારે ક્રીમ-ક્લાસને ટાર્ગેટ કરવાનો છે. નેક્સ્ટ મંથ ક્લબમાં ફૂલ બૉડિ ચેક-અપ કૅમ્પ કર. ફ્રી. અને હા ધ્યાન રાખજે જેટલું મોટું પાકીટ એટલો મોટો રોગ શોધી કાઢવાની જવાબદારી તારી."

## 214 'જ'થી છેક 'ર' સુધી

" કૅન યુ સ્વિમ, સ્ટડ... બૅકસ્ટ્રોક?" ક્યૂ એઇટનો કાચ ઊતારીને આંટીએ પ્રશ્ન કર્યો.

" વિથ પ્લેઝર!" પરાગે વાક્ય પૂરું કર્યું કે તરત દરવાજો ખૂલી ગયો.

"અન્ચન્સ"ના કૉર્નર પર ઊભેલા પરાગને ઘણું બધું યાદ આવતું હતું. ઍમજી રોડ પર બાઇક પર ફાંફાં મારવાના દિવસો, રોમી મૅ'મનુ બ્યૂટિપાર્લર 'ને ફાર્મની સ્ટ્રિપ પાર્ટીઝ. અને છેક સાડા સાત વર્ષની સૅક્સ-કૅરિયર પછી રિઅલ લવ થયો ત્યારે બધું કબૂલ્યું હતું તે પણ. સ્ટેજ વન એચઆઈવી પૉઝિટિવ છું. એ કામ હવે છોડી દીધું છે. હું ક્યારેય તને ટચ નહીં કરું. બહુ સમજાવી. પણ, ના. શરીરની પીડા થકી પૈસા અને દિલના દર્દ થકી આનંદ, કુદરતને પાછાં આપવા જ પડ્યા. સિવાય કે છેલ્લું એક ચૂકવણું.

પરાગે બાજુની સીટ પર પડેલી ઝેરની બૉટલ છેલ્લી વાર જોઈ.

## 215 વિશ-લિસ્ટ

ધબકવું. વિચારવું. શ્વાસ લેવો. આંખ ખોલવી. જોવું. સ્મિત કરવું. હસવું. પેશાબ કરવો. રડવાનું ના રોકવું. હાથપગ મોં ધોવા. પાણી પીવું. બ્રશ કરવું. સૂર્યપ્રકાશમાં રહેવું. દૂધ પીવું. બિસ્કિટ કે ખાખરા ખાવા. બરાબર સંડાસ જવું. નહાવું. ચોખ્ખા કપડાં પહેરવા. બહાર જવું. કોઈ મળે તો વાતો કરવી. લોકો 'ને આજુબાજુનું અવલોકન કરવું. સુખ 'ને દુ:ખ અનુભવવું. જમવું. કશું કામ કરવું. સંગીત માણવું. વાંચવું. કોઈ જૂની જગા કે કુદરતી સ્થળે જવું. લખાય તો લખવું. ફોટા ના પાડવા. મોબાઇલ ઇમર્જન્સીમાં જ વાપરવો. ટીવી ના જોવું. મલ્ટિપ્લેક્સ ના જવું. રાતે સૂઈ જવું. સૂર્યાસ્ત પહેલા હળવું જમવું. હા, બપોરે ચા પીવી, જરી નાસ્તા સાથે. સવારે પણ ચા મળે તો સારું. કસરત પણ થાય તો સારું. દવા જરૂર પડે લેવી. કોઈનું સારું થતું હોય તો કરી શકાય, પંખી-પ્રાણીનું પણ. સૂતી વેળા ચંદ્ર-તારા દેખાય તો ઉત્તમ. ઊંઘ તૂટે તો મૂડ ના બગડે એવું થાય. આ સિવાય પાંચ-દસથી વધુ ઇચ્છા ના કરવી પડે. સંતોષ 'ને આનંદ છે જ, એવું સમજુ. ઈશ્વર હોય તો હરતો ફરતો હોઉં ત્યારે મળે. ના હોય તો કદી સામનો ના કરું. મરું ત્યાં સુધી જીવું. જીવ્યા પછી મરી જઉં.

 © Gaurang Amin

## 216 ઇન્ડિઆ અનચેન્ડ!

" આજે એકવીસમી સદીમાં આ કૉફિ-શૉપમાં નજર ફેરવો 'ને ઓગણીસમી સદીના ઈરાની-કૅફેને યાદ કરો. પાની કમ ચાય, ખારી 'ને કપ-કેક્સ! ઑલ ઓવર અવનવી સૂચનાઓ- નો સ્પિટિંગ, નો ટેલિફોન, નો ટૉકિંગ લાઉડ, નો ન્યૂઝ-પેપર, નો ચેન્જ!"

" નો કૉમ્બિંગ! 'ને અહીં ચારેબાજુ પોસ્ટર્સ જુઓ તો હેઅર-સ્ટાઇલની ટિપ્સ મળી જાય! એ સૂચનાઓ પરથી એ વખતનું એક વિઝન મળે છે. શું ત્યારે નો કૅચ અપ કે નો સુગર એવું કશું હતું કે?!"

" ઓહ, ડોન્ટ ટેલ મી નો સુગર? સુગર કોણ માંગે એ જમાનામાં?! ગાંધીના ટાઇમમાં સૉલ્ટ 'ને આ પારસીબાવાઓના સમયમાં સુગર, સુરક્ષા... સંપતિનું પ્રતીક હતાં. અને અત્યારે? કોઈબી કૉફિ-શૉપમાં સૉલ્ટ-સુગર જોઈએ એટલી મળી જાય!"

" યા, ઇન્ડિઆ ઇઝ ચેન્જ્ડ... વાઉ! ધીસ ઇઝ ઑસમ સૉંગ."

સામે એલ.ઈ.ડી.માં શાકિરા નાચતી હતી. પાછળ ડોરની બહાર સોએક મીટર દૂર એક એર-ટાઈટ ઑફિસની અદ્રશ્ય ઍન્ટિ-ચેમ્બરમાં કોઈ છોકરી 'હેલ્પ...હેલ્પ' ચીસો પાડતી હતી.

## 217 ત્રણ અનુભવનું તારણ

પોતાની પસંદગીથી લગ્ન કરવા જતો શરદ ત્રણ વાર ડિવોર્સ લઈ ચૂકેલા વૃદ્ધ પિતાના આશીર્વાદ લેવા આવે છે.

" બેટા ખુશ રહે. હું તને મારા જીવનનો સારાંશ કહું તેમાંથી જે યોગ્ય લાગે એ શીખજે. હું નાનો હતો ત્યારે તારા દાદા મને ચોપાટી ઘોડે-સવારી કરવા લઈ જતા. મને બહુ શોખ હતો. હું ઘોડેસવારના ખોળામાં બેસીને કહેતો 'ભૈયા ઓર ચાબુક લગાવો' જેથી ઘોડો દોડે! પછી જુવાનીમાં દિલ્હી રહેવા ગયો ત્યારે રોજ પગ-રિક્ષામાં આવ-જા કરું 'ને રોજ રિક્ષા-ચાલકને 'જોર લગાવો' બૂમો મારું! જ્યારે બાઇક લીધી ત્યારે આ શહેરના ટ્રાફિકમાં કે હાઈવે પર, એની મૅક્સિમમ કેપૅસિટિ ઓકાવવામાં હું ગર્વ અનુભવતો! તેં ધંધો સંભાળ્યો... હું બધી રીતે રિટાયર થયો. હવે ફરજિયાત નીકળવું પડે તો જ બહાર નીકળું છું. હવે બેંગાલૂરુના આપણા આ ફાર્મથી શહેરના રાજમાર્ગ પર ડ્રાઇવર ગાડી ચલાવે 'ને ક્યારેક ભૂલથી પણ ઉતાવળ કરે, ક્યાંક હોર્ન મારે તો હું એને પ્રેમથી ટોકું છું! બસ બેટા એટલું જ."

## 218 જશન-મુબારક

આરાબેન માટે કેટલા વાગ્યા એ મહત્વનું ન્હોતું. હોલેંન્ડમાં ટ્યૂલિપના કલરવતા ખેતરમાં જીવનભર નોકરી કરીને રિટાયરમેન્ટમાં સીધા મુંબઈના ઘોંઘાટમાં પટકાયા બાદ ચોરાસી વરસનો દેહ લઈને ઘરની બહાર ક્યાં જવું? વીસીઆરમાં એકની એક કૅસેટ ચઢાવીને ત્યાંના ટ્યૂલિપ્સ બ્લૅક ઍન્ડ વ્હાઇટ ટીવીમાં દિવસમાં ગમે ત્યારે લહેરાતા જોઈને એમને શાંતિ મળતી. શરૂમાં પૈસા હતા ત્યારે ઘરના ખૂણે ખૂણે ત્યાંથી લાવેલા નાના-મોટા ફ્લાવરવાઝ ટ્યૂલિપ્સથી શોભતા. શૌહર બુર્ઝીનજીની આંખો પાછળ બચત વપરાઈ ગયા પછી હવે એકમાત્ર ફૂલદાન ટ્યૂલિપ્સથી ભરેલું રહેતું- ટીવી! ટીવીમાં પણ પ્યારા ટ્યૂલિપ્સ નિહાળી ના શકતા બુર્ઝીનજી પત્નીનું સળગતું કાળજું જોઈને બળતા રહેતાં. એક દિ' આરાબેન બપોરે સૂઈ ગયા ત્યારે બાજુવાળા જમશુને બોલાવીને એમણે બંધ શોકેસમાં ખાલી પડેલા બધાં ફૂલદાન વેચીને જે પૈસા મળે એનાથી પ્લાસ્ટિકના ટ્યૂલિપ્સ લાવી પૂરા દિવાનખંડને સજાવવા વિનંતી કરી. બેએક કલાક પછી આરાબેનને ચુંબન કરીને ઊઠાડતાં બુર્ઝીનજીએ ઊંડા શ્વાસ ભરતાં કહ્યું-

" નૂર-એ-બુર્ઝીન! બારે આઇ જુઓની, ટમારા કેટલા બધાં પોઇરા ટમોની મલવા આઇવા છે!"

## 219 અધૂરી વાર્તા!

પ્રમથ ચાલાક હતો. પ્રૉફિટ છૂપાવે 'ને લૉસ ઝૂમ કરીને દેખાડે. પત્ની શૈવિક્ષા દર બે દહાડે ચિંતામાં આવી જતી કે આ ગાડી બંગલો બધું રહેશે તો ખરુંને? અંતે દીકરાના ક્લાસ-મેટની મમ્મીના જ્યોતિષ પાસે ગઈ. જ્યોતિષ કહે બાપના કાલસર્પ યોગ 'ને દીકરાના માતૃદોષની વિધિ કરાવો. કાલસર્પની વિધિ ચાણોદમાં પૂર્ણ કરી. પણ, માતૃદોષ માટે એ કહે સિદ્ધપુર નહીં ગયા જવું પડશે. ચાણોદ માટે ટાઇમ 'ને બજેટ માપમાં રહ્યા. સિદ્ધપુર પણ દૂર નહોતું. પણ ગયા? અત્યાર સુધી મનની મનમાં રાખીને બેઠેલાં પ્રમથે વિચાર્યું કે વાર્તા મારે જ આગળ લખવી પડશે. એણે બે દિવસ પછી શૈવિક્ષાને ભર ઊંઘમાંથી ઊઠાડી.

" સપનામાં પરદાદા આવેલા, દાદાનાય દાદા. એ ક્હે આ જ્યોતિષ કે વિધિથી કશું નહીં થાય. આપણા ખેતરની બાજરીનો રોટલો મને ખવડાવો એટલે પત્યું. હવે, દાદાએ વેચી મારેલા ખેતર શોધીએ, માલિકને વેચવા રાજી કરીએ, ખરીદવાના પૈસા ભેગાં કરીએ, ખરીદીએ પછી આપણે બાજરી વાવી શકીએ. શૈવિક્ષા તું જ કહે હવે શું કરીશું?"

## 220 એક ઇન્ટેલેકચ્યૂઅલ જર્નાલિસ્ટનું બિઝનેસ પેઇન!

જૈવિકની ઇચ્છા તો થર્ટી ફર્સ્ટની જ હતી. આખો દેશ નવું વરસ ઊજવતો હોય 'ને રોડ પર ઠંડીના માર્યા ઊંઘી ના શકતા લોકો તાપણું તાપતા હોય! સ્ટોરી ટીવીથી વધુ સોશિઅલ મીડિયા 'ને નેટ પર છવાઈ જાય. કિન્તુ, પાર્ટીમાં સૅરીના 'ને ફ્રોઝન સ્કૅન્ડિનેવિઅન વૉડકા હોવાનું જાણીને પોસ્ટપોન કરેલ. હવે ઇન્ટરનેશનલ કાઇટ ફેસ્ટિવલ વખતે સરકારને ખુલ્લી પાડવા ઉતરાણની આગલી રાતે અઢી વાગે જૈવિક ગરીબોની વચ્ચે તાપવા બેઠો.

" શહેરમાં આટલો પૈસો છે પણ તમને પૂછનાર કોઈ નથી, કેમ?!"

" અમને ફૂણ પૂસે ભાયા, તમિ પૂઈસું ઈ બૌ! કઈ આલો તો કિરપા."

" પણ, સરકાર કાં કૈ કરે?" પ્રાણિકે દસ દસની છ નોટો વહેંચીને સળી કરી. " ...તમારી તો એ હાલત થઈ ગઈ છે કે ના છત ના રોટલો 'ને ના ઓઢવાનું!"

" અરે ભાયા, તમે અમાર બાપદાદાની હાલત જોઈ સે? આ તો હારુંસ કે રોડ-રહતાં થ્યા તે ટેમ્પા 'ને ટ્રક પકડીન સ્હેર હુધી તો પોંઇકા! આજ નૈન કાલ હૌ હારાં વાના થાહે!"

જૈવિકને થયું આ પીપલને દસ દસ નહીં સો સો આપીશ તોય એમનો ઇકોનોમિક્સ કોશન્ટ નહીં સુધરે.

## 221 વૃત્તિ

" ડ્યૂડ, તારા આ રીસન્ટલિ યુઝડ ઈમોજીના લિસ્ટમાં આ લિપ્સ, બિકીનિ, પીનિસ... અને આ સરદારજીનો ઈમોજી? કોની જોડે આવું ચેટિંગ..."

" પોપ્સ, તમને મારો મોબાઇલ મમ્મી જોડે વાત કરવા આપેલો. સ્પાઈંગ કરવા નહીં."

" અબે, મારે શીખવું છે. સરદારજી સિવાય બીજા કઈ કઈ જાત-ધર્મના ઈમોજી આવે છે?"

પપ્પા સમજીને એમના રૂમમાં જતા રહ્યા. એમને સાઠના દસકની એમની જુવાની યાદ આવી ગઈ. મહિનામાં એક વાર આવતા મૅગઝીન. એમાં આવતા ફૂલ પેજ ન્યૂડ ફોટોઝ. જુવાની ગઈ, પત્ની છોડી ગઈ પણ, બુઢાપો ક્યારેય ના આવ્યો. એમનું દિલ દરિયાના મોજાના તાલે ઊછળવા લાગ્યું. 'જે દીકરાની જોડે બૉટલ શેઅર કરી, જેને કહે ત્યારે બહાર જતા રહીને ખાલી ઘર આપ્યું, એ દીકરો પણ એના બાપમાં રહેલા પુરુષને સમજી નથી શકતો. શરીર તો ખાસ કામનું ના રહ્યું પણ, મરતા પહેલા મનને કેવી રીતે નિવૃત્ત કરું?'


© Gaurang Amin

## 222 એક બળેલું પાનું (ધોળા અમેરિકાનું)

મૅશોને તેડીને ઝિલ્લા બારી પાસે આવી. જોયું કે જૉબ ટટ્ટાર થયો. ડોકી ઊંચે કરી. ડોળા કાઢ્યા. 'ને મોટા અવાજે માલિક મિસ્ટર હૅમ્મંડની સામું બે હાથ બીડીને મુઠ્ઠી ઉગામી કીધું-

" હું તમારો ગુલામ છું, પણ ભગવાન નથી કે તમે જે ચાહો એ બધું જ હું કરી શકું."

મિ. હૅમ્મંડ ક્રોધે ભરાયા. ચાબુકથી ફટકારવા લાગ્યા. જૉબનું જંગલી ઘોડા જેવું કાળું શરીર થોડી વારમાં ચોમાસી મેઘની જેમ તૂટી ગયું. ત્યાં જૉબની જુવાન પત્ની બહારથી આવી. એણે મિ. હૅમ્મંડની માફી માંગી. 'ને મિ. હૅમ્મંડ એને લઈને એમના ઘર તરફ નીકળી ગયા.

" પા માલિક સામે કેમ ગુસ્સો કરે છે? એમ્નું કામ કર્વુ એ એમ્ની ફરજ છે. હુંય મોટો થૈને એમ્નું કામ કરીશ." પપ્પાથી ખફા દીકરા મૅશોએ ઝિલ્લાદીદીને પૂછ્યું.

" તને ના ખબર પડે. તું મોટો થા, પછી સમજાશે."

" હું સમ્જુ છું. મા ડાહી છે, માલિકની સેવા કર્વા એમ્ના ઘરે ગૈ! માલિક તને સેવા કર્વા બોલાવે તો તું ના જાય?"

'ને હજુ માસિકમાં ના બેઠેલી ઝિલ્લાની બોચીમાંથી પરસેવો ફૂટીને કરોડ પરથી રેલાતો નીચે ઉતર્યો.

## 223 દર્શન

પ્રવિણચંદ્રની જુનવાણી રહેણીકરણી 'ને ધાર્મિક નિત્યક્રમોથી નીનાબેન ત્રાસી ગયેલા. પ્રવિણચંદ્ર બેઉ છોકરા મોટા થાય એની રાહ જોતા હતા 'ને નીનાબેન અમેરિકાની ફાઈલ ખૂલે એની. બાકી છૂટાછેડા લેતા એમને કશું રોકતું ન્હોતું. પરિવાર અમેરિકા શિફ્ટ થઈ ગયું. છોકરા કૉલેજમાં સેટ થયાં એટલે પ્રવિણચંદ્ર એકલાં પાછાં ભારત આવી ગયા.

" હેલો પપ્પા! કેમ છો?" દીકરીએ અમેરિકાથી પપ્પાને કૉલ કર્યો.

" બસ, રુકમણી બેટા આંયા તો મોજ જ મોજ! હમજને આખો દા'ડો સત્સંગમાં નીકળી જાય."

" તમને આમેય ભારત સિવાય કશે ના ફાવે! ...પપ્પા, મેં છોકરો પસંદ કરી લીધો છે."

" અરે વાહ! કોણ છે? કયા ગામનો છે?" પ્રવિણચંદ્રએ ગંભીરતાથી પૂછ્યું.

" પપ્પા... એફ્રો-અમેરિકન, ની... ગ્રો છે. મમ્મી બૌ ગુસ્સે છે. એકદમ ઘસીને જ ના પાડે છે." આનલ પહેલા અચકાઈ. પણ, પછી એકી શ્વાસે રડમસ અવાજે બોલી ગઈ.

" તેં તો ભારે કૈરી. બેટુડી તું કાળિયા ઠાકુર લૈયાવી એમક્યેને. એને લૈને તુંતાર આંય આવ્તીર્યે. પછી બધું જોયું જશે."

## 224 સ્વપ્ન-ભંગ

બ્રિજના કૉર્નર પાસે ટર્ન લે ત્યારે બસ આખી ભરેલી હોય તો પણ ધીરી પડે જ. એમાં આ તો ડબલ-ડેકર! દોડીને મેં દરવાજા પાસેનો હાથો ઝડપી પાડ્યો. મારો એક પગ બીજા અનેક પગ વચ્ચે સેરવીને ધરતી શોધી કાઢી! છેલ્લા સ્ટૅન્ડે ઉતારવાનું છે કહેતો કહેતો હું ઉપલા માળે આગળ ધસ્યો. દૂર ફ્રન્ટ-વિન્ડોના તૂટેલા કાચ જોઈને મને શાંતિ થઈ. અંદર વરસાદના છાંટા આવતા હશે. ત્યાં કોઈ નહીં બેઠું હોય! ઑબ્વિઅસલિ મેં જીન્સ પહેર્યું હતું. આંખો બંધ કરીને હું બેઠો. મોઢા પર થતાં અભિષેકે મારું કામ શરુ કરી આપ્યું. રાહ જોતો ભૂતકાળ પણ આવી પ્હોંચ્યો. વરસાદનું પાણી ખારાશ ધોવા લાગ્યું. હું અને એ! એકમેકને જોવું, હસવું, ઝવેરી દાગીનો ત્રાજવામાં મૂકે એ નજાકતથી કાનમાં અર્થ મૂકવા 'ને અડકવું!

" વૉટ એ પ્લેઝન્ટ સરપ્રાઇઝ!" કરીને ત્યાં તો એ અચાનક પ્રગટી 'ને બાજુમાં બેસી ગઈ.

" ઓહ! હું તને જ યાદ કરતો હતો."

" તો સારું છે ને, હિઅર આઇ એમ!"

અલબત્ત! ફ્લૅશબૅક પર પૂર્ણવિરામ મૂકાયેલું જોઈને મેં ચૂપ રહેવાનું પસંદ કર્યું.

 © Gaurang Amin

## 225 પુનરપિ...

વિવેકાનંદ-કેન્દ્રમાં પ્રથમ વખત એ બે મળેલાં. પ્રેમનું બીજ ફૂટેલું પણ ખીલે એ પ્હેલાં નેમિએ જાહેર કરેલું કે તે સાધુ થવા માંગે છે. છેલ્લી મુલાકાતમાં શરીરનો મોહ ભવિષ્યમાં માથું ના ઊંચકે એમ વિચારી નેમિએ રૂઢિને વશ થઈને તેને ત્રણ કલાક ધરાઈને પ્રેમ કર્યો. આજે દિલ્હીથી મુંબઈ આવે રૂઢિને છ મહિના થયા હશે. મુંબઈ બૉમ્બ-બ્લાસ્ટમાં માર્યા ગયેલાની સ્મૃતિમાં જે શોકયાત્રા નીકળી તેમાં રૂઢિએ નેમિને જોયો. નેમિના હાથમાં એક સ્ત્રી 'ને તેના પુત્રનો ફોટો હતો. એ નેમિ પાસે ગઈ. ચૂપચાપ ચાલતી રહી. નેમિએ તેને જોઈ. આંખો ભીની થઈ. રૂઢિના મનમાં જે ચાલતું હતું તે નેમિ સમજી ગયો.

" આ મારી બ્હેન છે... હતી. બનેવી અમેરિકા એટલે... તું અહીં?"

" કેમ ખાલી સાધુનું જ દિલ વિશાળ હોય છે?! એમની... સિતાંશુની બદલી અહીં થઈ છે."

" ઓહ! તેં લગ્ન કરી લીધાં? ભગવા ઊતાર્યા પછી કલકત્તા જઈને તને બહુ શોધેલી પણ...!"

" નેમિ, તું સંસારમાં પાછો આવ્યો હોઈશ, હું તો પહેલેથી સંસારી જ હતી."

 © Gaurang Amin

## 226 પાક-શાંતિ!

"જય જિનેન્દ્ર. આજે હજારો જીવોના કત્લ થયા હશે. જીવદયા અથવા અમારી પાલન આપણા કર્તવ્ય રૂપે અબોલ જીવોની શાંતિ માટે સૌ જૈનોએ બાર નવકાર ગણવા નમ્ર વિનંતી."

મૌસમ પોસ્ટ વાંચી કે તરત ઊકળી ઊઠ્યો. કૉમેન્ટમાં ગાળો લખવા જ જતો હતો 'ને એને સાહેબની શીખ યાદ આવી ગઈ. એણે મનોમન ક્ષમા પ્રાર્થી અને શાંતિથી વિચારવા લાગ્યો કે કશુંક તો કરવું જ પડશે.

મૌસમે છ મહિના લીધા. ગાય, ભેંસની ચરબીનો ધંધો બરાબર જાણ્યો 'ને શરુ કર્યો. પોતાનું પાક્કું અન્ડર-ગ્રાઉન્ડ નેટવર્ક પણ ઊભું કર્યું. અને ગાયના ઘીનો કારોબાર કરતા ફક્ત જૈન વેપારીઓને સાધ્યા. ઘીમાં ટૅલો મિક્સ કરવા. બે ચાર મહિનામાં એ જૈન વેપારીઓને પૂરાં પ્લાનિંગ સાથે રેડ પડાવીને જેલ ભેગાં કરવા.

## 227 ગંભીર લાગણી!

થોડે દૂરથી એક મહિલા માથે મોટુંમસ પ્લાસ્ટિકનું ટબ ઊચકીને આવતી હતી. એક હાથ ટબને ટેકો આપતો 'ને રૂમાલ પકડેલો બીજો હાથ ધીરેથી હવામાં આંટા મારતો. એણે જોયું કે બેન મમ્મીની ઉંમરના છે. લીમડાની છાયામાં બાઇક પર બેઠેલા એને થયું 'આટલાં તડકામાં આટલી મોટી ઉંમરના વ્યક્તિએ ચાલતા જવું પડે છે, એમાંય સ્ત્રી જાત. બિચારાં! કેટલાં થાકેલા દેખાય છે. સાડી પરથી ગરીબ જેવા લાગે છે. એમના છોકરાં 'ને પતિને શરમ આવવી જોઈએ. આટલું બધું વજન માથે ઊંચકીને તડકામાં ચાલવું એટલે? રિઅલિ ટફ. એમને બાઇક પર મૂકી આવું? પણ, આટલાં મોટા ટબ સાથે નહીં ફાવે. એમને કહું, લાવો હું ઊંચકી લઉં? પણ, એમનું સ્વમાન ઘવાય તો? બિસાઇડઝ, વ્હાય શુડ શી ટ્રસ્ટ મી?' બહેન થોડા નજીક આવ્યા ત્યારે એને થયું કે સારો કૅમરો હોત તો હું ફોટો પાડી લેત. એ ગંભીર લાગણીથી વિચારતો રહ્યો. પેલી મહિલા એની સામેથી પસાર થઈ. એમને જતા એ જોતો રહ્યો. દુ:ખી નજરે. ભારે હૈયે.


© Gaurang Amin

## 228 કલાની સરાહના!

" રાજવતી જિમખાના"નો "રિઅલ ઇન્ડિઅન ક્લાસિક ફિલ્મ ફેસ્ટિવલ" શહેરમાં ધૂમ મચાવતો હતો. શહેરના નંબર વન બિલ્ડર સત્નીલ પટેલ કાર્યક્રમના આયોજક હતા એટલે સ્વાભાવિક રીતે બિલ્ડર-લૉબીએ જાહેરાતમાં પુષ્કળ પૈસો ખર્ચેલો. પરિણામે આમ જનતાનો ધસારો ઘણો રહ્યો. કલા-સાહિત્યના પ્રેમીઓ તેમજ પત્રકારો માટે તો જાણે કે રોજની બેઠક થઈ ગઈ! રાજ્યના મોટા નેતાઓ 'ને અધિકારીઓ સુદ્ધાં આવતા. અને, "દો બીઘા જમીન" વખતે તો બહાર ગાર્ડનમાં એક્સ્ટ્રા-સ્ક્રીન મૂકવો પડ્યો. મંત્રીજી એ કીધું, એ પણ સામાન્ય લોકોની સાથે જ બેસશે. લોકોએ તાળીના ગડગડાટથી એમને વધાવી લીધા.

" સત્નીલભાઈ, જોરદાર આયોજન! કોણ કહે છે ગુજરાતમાં કલાની સરાહના નથી થતી?"

" જી મંત્રીજી! ચૂંટણી માથે હોય ત્યારે હવે પ્હેલાની જેમ ખાલી ઝૂંપડામાં દારુ વહેંચે કાંઈ ના થાય. હા જો, ઝૂંપડાની વાત થઈ તો યાદ આવ્યું કે અત્યારે પ્રોપર્ટી-પ્રાઇસ પિક પર  છે, પેલી ફૂલવાડીની ઝૂંપડપટ્ટીની મારી ફાઇલ ક્લિયર કરવા માટે આ રાઇટ ટાઇમ છે."

## 229 પ્રાઇવેટ-ઇન્ટરવ્યૂ

તજજ્ઞા એ પાંથી બદલીને સાઇડમાં કરી. નેલ-પોલિશ રિમૂવ કરી મોઢા પર સહેજ પણ મેકઅપ નથી એ ચેક કર્યું. 'સારું છે આઇબ્રો-અપરલિપ્સ નથી કરાવ્યા!' લિપસ્ટિક બરાબર ઘસીને દૂર કરી. એરિંગ્સ કાઢી નાખ્યા. ભાઈનું બ્રાઉન-ચેક્સનું શર્ટ ચઢાવી બાંય વાળીને ભાઈનું જ પર્ફ્યૂમ લગાવ્યું. આફ્ટરશેવ પણ. જીન્સ પર મર્દાના બેલ્ટ 'ને પગમાં પુરુષો પહેરે તેવા ઑફિસ-શૂઝ.

લોન્જમાં ઇન્ટરવ્યૂની રાહમાં બેઠેલી અન્ય છોકરીઓ એને જોઈને ગુણગુણ કરતી હસતી હતી કે મે'મની પી.એ. થવા નીકળી છે પણ, એમની આઇકનિક ઇન્ડિઅન ટ્રેડિશનલ ડ્રેસિંગ સ્ટાઇલ જોઈનેય એમને શું ગમશે એની એને કોઈ સેન્સ નથી! સામે થોડે દૂર ધીરગંભીર મુદ્રામાં બેઠેલી તજજ્ઞા એ બધી પર મનોમન મરકતી હતી.

'હે સ્ટાઇલ-ક્વિનો, તમારા માટે મિસ વીરિકા ફક્ત ગ્રેટ ફેમિનિસ્ટ છે, પણ મારા માટે એ સિમ્પ્લિ એક લેસ્બિઅન એમ્પ્લોયર છે.'


© Gaurang Amin

## 230 સિસ્ટમ એટલે વ્યવસ્થા!

આકડો 'ને વાસી ફરીથી એની એ ચિંતામાં ગરકાવ થઈ ગયા. સરકારી દવાખાનાના ડૉક્ટરે કીધું એમ સમયની રાહ જોઈ તોય ખોરડામાં એજ જૂનો સૂનકાર વ્યાપેલો રહ્યો. ભૂવાજીએ બધાં નડતર દૂર કરી દીધા. પણ, કોઈ પરિણામ ના આવ્યું. વાસીના માથે હાથ ફેરવતો આકડો બેઠાં બેઠાં ઝોકા ખાવા લાગ્યો. વાસી એના ખાલી પેટ પર હાથ દઈને સૂઈ ગઈ. ત્યાં આકડાને આકસ્મિક એક વિચાર ઝબકયો 'ને વાસીને ઢંઢોળતો કહેવા લાગ્યો

" આપણે કો'ક અનાથ છોરુંને ખોળે લઇયે તો ચેવું?"

સવારે આકડો રોજ પર ના જતા સીધો અનાથાલય પ્હોંચી ગયો. ઑફિસ ખૂલી કે-

" સાયેબ, અમાર છોરું દત્તક લેવું સે?"

અંગ્રેજોના જમાનાના જાડ્ડા ટેબલ પારથી એક વેધક નજર આકડાને ઉપરથી નીચે જોતી રહી.

" તારે?! તારા તો ઠેકાણા નથી 'ને... બીજું તો ઠીક, એ તો કહે કે કઈ જાતનો છું તું?"

## 231 ટ્વિસ્ટર્સ-એ-ટ્વિન

પહેલાએ બીજાને કચ્ચીને લાત મારી. એમાં એ પોતેય ગડથોલું ખાઈ ગયો. પણ બીજો તો લાત ખાઈને ઊંધો થઈ ગયો. આવું થતું એટલે જ એ બીજો 'ને પેલો પહેલો. બીજો મનમાં રડ્યો. એને થયું મારે હકારાત્મક રહેવું જ પડશે. પહેલામાં શક્તિ વધારે એટલે મારે નમ્ર થયે જ છૂટકો. જો કે પહેલો આમ તો પોતાનામાં મસ્ત રહેતો. પરંતુ, એને જ્યારે બીજાનો અહેસાસ થતો ત્યારે પાછો બગડતો. ખાવાના સમયે એ તૂટી પડતો. બીજો સરખામણીમાં નબળો જ રહેતો એમાં શી નવાઈ?! ખેર, બીજાને પ્રેમભર્યું ગાન ઘણું પુષ્ટ કરતું. શબ્દ કે અર્થની એને સમજ નહીં પણ નાદમાં એ ખોવાઈ જતો. ત્યારે પહેલો હવામાં મુક્કાબાજી 'ને લાતાલાતી કરતો. દીવાલની પેલી બાજુ ગાનારને એમ કે અંદરથી ખુશીની મારી ઊછળ કૂદ થઈ રહી છે. એનો ગાવાનો જોશ બમણો થઈ જતો. અંતે પહેલો કંટાળીને સૂઈ જતો. ગાયન બંધ થતું. ત્યાં બીજો તડપથી છટપટાવા માંડતો! એવામાં હૂંફાળો પ્રકાશ અડકીને મર્દાના સ્વરમાં પૂછતો ' મજામાં ને?' અને બીજો હર્ષવિભોર થઈને શાંત થઈ જતો. પરંતુ, એ જ વખતે પહેલાની ઊંઘમાં ખલેલ પડતી 'ને એ ફરી ધમાલે ચઢતો.

## 232 ત્રણ સામાન્ય માણસ

પારકા શહેરમાં કોઈ સગું-વહાલું ના હોય 'ને વિપદા આવી પડે ત્યારે કોઈ મધ્યમવર્ગીય બેરોજગાર યુવાનની જે દશા થાય એ દશા સુહાસની હતી. પેન્શન પર કુટુંબ નભાવતા પપ્પા ભોળાભાઈનો આઈ.સી.યુ.માં ત્રીજો દિવસ હતો. મમ્મી માળા ફેરવવા સિવાય કઈ કરી શકે તેમ ન્હોતી. અને પંદરસો કિલોમીટર દૂર વતનમાંથી કોણ આવે? હા, બે-એક જણે ફોન પર કઈ કામ હોય તો કહેવાનું એક વાર કીધેલું. છ દિવસ પછી રજા આપતા પહેલા ડૉક્ટર છેલ્લી વાર મળવા આવ્યા.

" તમને હવે ટોટલી સારું છે. આમ્તો આઈ.સી.યુ.માંથી સીધા ઘરે અમે લગભગ મોકલતા નથી. પણ, તમારા કિસ્સામાં વાંધો નહીં આવે. દવાઓ લેતા રહેજો. 'ને કોઈ કરતા કોઈ વાતની ચિંતા નહીં કરવાની. ભલે ગમે તે થાય! કૃષ્ણએ કીધું છે એમ સ્થિતપ્રજ્ઞ રહેવાનું!"

મમ્મી ડૉક્ટરની કૃષ્ણવાળી વાત તરત સમજી ગયા. સમજવાનો પ્રયત્ન કર્યા વિના સુહાસે જયશ્રી કૃષ્ણ કીધું. અને ભોળાભાઈ જયારે રિસેપ્શન પર સહી કરવા આવ્યા 'ને બિલ દેખાયું ત્યારે છેક સમજ્યા.


© Gaurang Amin

## 233 ગ્રીન સિગ્નલ!

એને પહેલી નજરની પ્રિતનો કૉન્સેપ્ટ ક્યારેય ગમ્યો ન્હોતો. અધરા સાથે મ્લાન વાતો કરતો રહ્યો. સનસેટ વખતે બ્લૅક સૅન્ડના દરિયાની મજા ખાસ હોય છે. કોકોનટ એકદમ રાઉન્ડ હોય તો એમાં પાણી વધારે હોય 'ને મીઠું હોય. સીગલ્સ બોલે એના પડઘા નથી પડતા પણ મોજાના અવાજમાં એકબીજાની વાત સાંભળી શકે એટલે એ લોકો એ રીતે બોલે છે. ક્યાં ક્યાંથી એ વાતો કાઢતો રહ્યો. અધરા એની દરેક વાત ધ્યાનથી સાંભળતી. એન્જૉય કરતી. થોડું થોડું વચ્ચે બોલતી પણ ખરી. મ્લાનનું મગજ અધરાની દરેક વાત- એકેક શબ્દ ગ્રહણ કરતું, પરંતુ મન સતત જાગૃત રહેતું કે એ અધરા ફોકસમાં આવે એવી કોઈ વાત જીભ પર ના આવી જાય. સૂર્ય સંપૂર્ણ ઢળી ગયો. કોકોનટના બે રાઉન્ડ પૂરા થયા. સીગલ્સ ઘર ભેગાં થઈ ગયા. મ્લાને મોબાઇલમાં કેટલા વાગ્યા એ જોયું. 'ને સવા કલાક વીતી ગયો એ જાણીને એના મગજે એના મનને એક રૅડી મૅસેજ સેન્ડ કર્યો-

" કોંગ્રેચ્યુલેશન્સ મ્લાન! નાઉ યુ આર ઇન લવ વિથ અધરા!"

## 234 પૂમડાની શોધ!

ટેવ મુજબ રાત પડી એટલે વર્ધમાન વિચારે ચઢ્યો.

" શબ્દ ઉર્ફે અવાજ જ બ્રહ્મ કેમ? દ્રશ્ય કેમ નહીં? ઈશ્વરના પ્રાગટ્યની કે મૂર્તિની વાત હોય ત્યારે પહેલા દર્શન આવે પછી પ્રાર્થના કે વરદાનના શબ્દ. વીજળી દેખાય પહેલા પછી તેની ગડગડાટી સંભળાય. લાખો વરસની ઉત્ક્રાંતિ પછી હજારો જીવ એવા છે જેને આંખના પોપચાં મળ્યા છે જેથી એ આંખ સચવાય, દર્શન અંગે નિર્ણય કરી શકે. જ્યારે કાન મનુષ્ય ઇચ્છાનુસાર ખોલબંધ નથી કરી શકતો. તેવું જ સ્પર્શનું. સ્પર્શની અનુભૂતિ ઇચ્છા પર આધારિત નથી. નથી શ્વાસની! ફક્ત દર્શન ઇચ્છા પર અવલંબિત છે..."

એટલામાં એના પપ્પાએ નીચેથી બૂમ મારી " ક્યાં મરી ગયો ગોલ્યા?!"

વર્ધમાન જાણે કોઈ બીજા ગ્રહથી પાછો ધાબા પર પટકાયો હોય એમ ભડક્યો 'ને બબડ્યો-

" ખરું, શબ્દ ઉર્ફે અવાજ જ બ્રહ્મ! ચાલ ગોલ્યા નીચે, ધરતી પર દર્શનની આપલે કરવા!"

## 235 પુઅર જૂલિઅટ!

બ્રોડ ફોરિડ. ઊંચા અંબોડામાંથી હવામાં લટકતાં થિક, જેટબ્લેક 'ને કર્લિ હેઅર. ઘેરી ભ્રમર. શાર્પ નોઝ-બૉન 'ને હેવી જો એના ટાઇટ સોલ્ડરને બિલકુલ મૅચ કરતાં હતા. એક પછી એક સ્ટેશન આવતા ગયા પણ એ પીઠ અઢેલીને મૅગઝીન વાંચતી રહી. જગ્યા મળતાં સાકિ સામે બેઠો. એણે મૅગઝીન ફેસથી દૂર ખોળામાં લઈ લીધું. લાઇન મળી ગઈ છે એવું લાગતાં માથે ભમરાતા દિલ્હીકરોને ભૂલીને સાકિ બિન્દાસ એને ઝાંખતો રહ્યો. એનું સ્ટેશન ગયું. પણ, સાકિ દંડની ઐસીતેસી કરીને બેસી રહ્યો. છેલ્લું સ્ટેશન આવ્યું. એ ઊભી થઈ. પાંચેક જણા છોડીને સાકિય ઊતરવાની ક્યૂમાં જોડાયો. અને સાકિની ધારણા મુજબ પાછું ફરીને એણે જોયું. એ પ્લૅટફૉર્મ પર ચાલવા લાગી. સાકિ પાછળ જ હતો, એણે ફરી જોયું. એ સ્ટૉલ પર ઊભી રહી. ડ્રિંક લીધું. બાંકડે બેઠી. સાકિએ સહેજ ક્રૉસમાં ઊભો રહીને મોબાઇલ અનલૉક કર્યો. એણે પણ મોબાઇલ પર્સમાંથી કાઢ્યો 'ને સાકિને વાઇલ્ડ સ્માઇલ આપ્યું. સાકિ ઇમોશનલ થઈ ગયો. સીધો દોડ્યો "મેન્સ" તરફ. 'ને ફટાક ફોન જોડ્યો.

" મમ્મા, એક બહોત હી બુરી આંટી મુજે ગંદી નજર સે દેખ રહી હેં. અબ મેં ક્યા કરું?"

## 236 યુ નેવર નો 'હાઉ' લકિ યુ આર!

જોનારો ગૂંચવાડામાં પડી જાય કે માંજરી આંખો સુંદર છે કે એનો દેહ કામણગારો છે એવી મિસ્મીએ ફિલ્મ લાઇનમાં આગળ વધવા પોતાનું બધું દાવ પર લગાવી દીધેલું પણ અંતે નાના પડદા પર કામ સ્વીકારીને હિંમત ટકાવવી પડેલી. તેર વરસમાં સોળ વાર જુદી જુદી કૅટેગરિમાં એવૉર્ડ માટે નૉમિનેટ થઈ. કિન્તુ, એક એવૉર્ડ ના મળ્યો. મિસ્મી તદ્દન હતાશ. પરંતુ, જ્યારે "નાચ ભારત નાચ"માં બેસ્ટ ડાન્સિંગ-કપલનો જૉઇન્ટ એવૉર્ડ મળ્યો ત્યારે તે જાહેરમાં રડી પડી. જજ 'ને દર્શકોની પણ આંખ ઓગળી ગઈ. બસ એક ઇન્સાન મરકતો રહ્યો. મિસ્મીનો સાથી ડાન્સર રફ્તાર.

એવૉર્ડ-સેરિમિનિ પૂર્ણ થયો એ રાત્રે પ્રાઇવેટ બેઠકમાં-

" રફ્તારભાઈ, તમે બેસ્ટ મેલ ડાન્સરનો એવૉર્ડ જતો કરીને આ જૉઇન્ટ એવૉર્ડનું સેટિંગ કેમ કર્યું?"

" સીધી વાત છે, બેસ્ટ ફીમેલ તો મારી યોગીલાને જ મળવાનો હતો 'ને હું પેલી રેકિ બિચને આ બેમાંથી એક પણ એવૉર્ડ ના મળે એ માટે કટિબદ્ધ હતો."


© Gaurang Amin

## 237 ઓહ! કોલકટા

દિલ્હી એરપોર્ટ પર ઊતરીને કોલકટાની ફ્લાઇટ સમયસર છે કે નહીં તે ચેક કરવા પેરી સ્પ્લિટ-ફ્લેપ ડિસ્પ્લે બાજુ ગયો. લાઇબ્રેરિના રૅકમાંથી પુસ્તકો પડતા હોય તેમ અક્ષરો 'ને આંકડા પડતા જોઈને થોડો ગૂંચવાયો. ઘડિયાળ જોયું 'ને નજદીકની બેન્ચ પર બેઠો. 'અમદાવાદથી છેક કોલકટા ફક્ત બેસણા માટે જવું કેટલું યોગ્ય છે? નોપ, ધીઝ ઇઝ મૅટર ઑફ સેન્સિબલિટિ.' પણ, બે દિવસ બેસણાને બાદ કરતા કોલકટામાં શું કરવું? એ પ્રશ્ન પેરીને હેરાન કરતો હતો. મોબાઇલમાં નેટ ચાલુ કર્યું. કોલકટાના ટુરિસ્ટ ઍટ્રૅક્ક્શન્સ શોધ્યા. પણ, એનું મન ના માન્યું. ' ચહલ વગરનું કલકત્તા? ચહલ વગરની જિંદગી? જેના જીએમના મૅસેજથી સવાર પડતી 'ને જીએનના મૅસેજથી રાત એ ચહલ હવે મને ક્યારેય નહીં મળે?' શું કરવું એ પેરીને સૂઝતું ન્હોતું. આંગળીની મસલ-મેમરી કહેતી હતી કે મૅસેજ કર. કિન્તુ કોને? ચહલ તો ફેસબુક નહીં પણ આ દુનિયા છોડીને ચાલી ગઈ છે. એ પણ પૂછ્યા વગર. બાય કીધાં વગર. એક પણ વાર રૂબરૂ મળ્યા વગર.

## 238 રૅશનલી સ્પિકિંગ, નેચરલી ડુઇંગ!

" સૅક્સ-વર્કર્સ ઍન્ડ સોસાઇટી" નામના પરિસંવાદમાં ધાર્યા કરતા ઘણી ભીડ થયેલી. હોલમાં પુરુષો 'ને સ્ત્રીઓ બન્ને સરખાં પ્રમાણમાં જણાતા હતા. રમેશલાલે કડક સૂચના આપી હતી કે આવનાર સૅક્સ-વર્કર્સને અલગ બેસાડી તેમની સાથે ભેદ ના કરવો, આખરે પ્રોગ્રામ આમંત્રિત માટે જ છે. કોઈ સ્વાગત-વિધિ વગર રમેશલાલે સીધી કાર્યક્રમની રૂપરેખા આપી. પછી સ્લાઇડ-શો. બાદમાં ત્રણ પ્રવચન. છેલ્લે પ્રશ્નોત્તરી, જે કાર્યક્રમની પરાકાષ્ઠા બની રહ્યો. યુનિસૅક્સ, ગે, કિન્નર... સર્વે વર્કર્સ ભીડમાંથી અલગ તરી આવ્યા. એમાંય હાઇ-સોસાઇટી લુક ધરાવતી જાજરમાન ખંજનના જવાબોએ સૌના દિલ જીતી લીધા. ટીવીના પત્રકારે પણ રમેશલાલ સિવાય ખંજનનો વિશેષ ઇન્ટરવ્યૂ લીધો. અને પૂર્ણાહુતિ થઈ. સૌ પાર્કિંગ તરફ જવા લાગ્યા. અમુક પોતાના વાહનને બદલે બીજાના વાહન તરફ જતા નજર આવ્યા. રમેશલાલ પોતાની કારમાં જ બેઠાં. બારણું ખોલીને ખંજનને બેસાડ્યા પછી સ્તો!

 © Gaurang Amin

## 239 લોખંડી ભીખ કે સોનેરી દાન?

" ચાલ ભાગ અહીંથી... નાલાયક!"

હોમિકે એક દેખીતાં ભિખારીને ધુત્કારી કાઢી મૂક્યો એટલે શિનલને આશ્ચર્ય થયું કે આટલાં મોટા ધનિકનો છોકરો 'ને જે પ્રેમની મોટી મોટી વાતો કરે છે એ આવું કરી શકે?

" હોમિક. વૉટ ઇઝ ધિસ? પૈસા ના આપે તો કંઈ નહીં પણ, આમ અપમાન તો ના કર."

હોમિકે ફરીને શિનલ સામું સ્મિત ફરકાવ્યું. એસ્પ્રેસોનો સિપ મારીને કપ કારના બૉનેટ પર ગોઠવ્યો. ખિસ્સામાંથી સિગારેટ કાઢી, સળગાવી 'ને એક ઊંડો કશ ખેંચ્યો.

" ડાર્લિંગ, તું આ લોકોને નથી જાણતી. ભીખના પૈસે આ લોકો દારૂ ઢીંચે છે."

" ઓફ્ફ... ઇડિઅટસ!"

માંડ બે ડગલા દૂર ગયેલો પેલો ભિખારી આ સાંભળીને જરા પાછું વળ્યો 'ને બોલ્યો-

" સર... મૅડમ, પરસેવાની કમાણી કરવાનો મોકો આપો તો અમેય કૉફિ 'ને સિગારેટ પીએ!"

## 240 મર્યાદા જવાનોત્તમ

ઉપરથી આવેલા પ્લાન મુજબ મેજર ચાકીએ ઢગલો ટીવી કૅમરા સાથે પત્રકારના વેશમાં આર્મીના માણસો ખડકી દીધા. દરગાહમાં ભરાયેલા ત્રાસવાદીઓને હાશ થઈ કે જે થશે તે વિશ્વ જોશે. દરગાહ પર હુમલો ના કરનારી 'ને મુસ્લિમ બંધકોની પણ પરવા કરનારી ભારતીય આર્મીને હિંદુ આર્મી ધારીને સુફીના વેશમાં એમના બે નેતાઓ હાથ ઉપર કરીને બંધકો મુક્ત થયાં હોય એમ બહાર આવ્યા. મેજર ચાકી મૂછોમાં હસ્યા. ત્રાસવાદીઓને ભાન ન્હોતું કે દરગાહના મુખ્ય સુફી સંત લશ્કરના તંબુમાં મોજથી બેઠાં હતાં. વળી ચાકી પોતે સૂફી સંતોના આશિક હતાં. એ જાણતા હતાં કે ખરો સૂફી સંત આમ દુન્વયી બંદૂકોના ડરથી કે કૅમરાની ચાહતમાં બે હાથ ઊંચે કરીને સાવચેતીથી આગળ ના વધે. ચાકી 'ફાયર'નો ઑર્ડર આપવા જ જતાં હતાં. પણ, એમને બંધકોનો વિચાર આવ્યો. એ પેલાં બેને આવકારતા હોય એમ આગળ વધ્યા. અને એક એક મુક્કો મારી બેઉને ચત્તાપાટ કરી 'ને એમનો વેશ ઉતારી નગ્ન કરી કસીને દાઢી પકડીને મેજર ચાકીએ ત્રાડ પાડી-

" સીધે બહાર નિકલો વર્ના અંદર આ કે યે દો કાફિર બંદીઓ સે ભી બદતર હાલ કરુંગા."

## 241 ભીનો ગરમાવો

લિફ્ટ વિનાના ક્વાટર્સના ત્રીજા માળેથી ઈશાવી દોડતી નીચે પ્હોંચી તો વરસાદ!

" અલી બબ્લી, તાર પપ્પાનો રેન્કોટ ફેંક્તો."

" હેં માં?" ગેલરીમાંથી બબ્લીને આછાં અંધારામાં વરસાદનો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો.

" તાર પપ્પાને ક્યે એમ્નો રેન્કોટ આપે... એ તું નીચે નાખ."

રેનકોટની પ્યાસી ઈશાવીની ઊંચે જોતી આંખ વર્ષાબિંદુને પોંખી રહી. રેનકોટ નીચે તરતો તરતો આવ્યો. એ હાથ ફેલાવીને આમ તેમ થતી એને બાઝી પડી. અંદર બહાર નીતરતી ઈશાવીએ વરસાદમાં જ ઊભા ઊભા શાંતિથી રેનકોટ પહેર્યો. 'ને ફૂદકાભેર ચાલવા માંડી.

" એક થેલી દૂધ." બોલીને એણે રાહ જોઈ. પણ, દુકાનદારે કશું ના પૂછ્યું એટલે ઈશાવી શરમાઈને બોલી-

" મારા એમ્નો રેન્કોટ છે."

'ને હસતી હસતી ઈશાવી હરણફાળ ભરતી એના એ માટે ચા બનાવવા દોડી.

 © Gaurang Amin

## 242 હકારાત્મક ઉકેલ

વૃપ્તિને આઠ વરસ થયા. પણ અત્યાર સુધીમાં ઘરમાં આઠસો ઝઘડા જોઈ ચૂકી હશે. સવાર, બપોર કે સાંજ, વૃપ્તિને થતું કે ઘરમાં કાયમ જ કકરાટ જ હોય છે. ક્યારેક એને એની જાત પર પણ ગુસ્સો આવતો કે અમુક વાર તો એના લીધે જ... પણ, પછી થતું કે દિશાના ઘરે કે પ્રસારના ઘરે તો કાયમ શાંતિ જ હોય છે. જીદ તો એ લોકો પણ કરતા જ હશેને! એક દિવસ પપ્પા મૂડમાં હતા ત્યારે એણે પૂછ્યું-

" પપ્પા, અલિશકાકા કે બકુલંકલના ઘરે આપણે જ્યારે જઈએ ત્યારે બધાં ખુશ જ હોય છે. એમના ઘરે આપણા ઘરની જેમ કેમ કોઈ કકલાટ નથી થતો?"

" બેટા, આપણે એમના ઘરમાં મહેમાન કહેવાઈએ. અને મહેમાન આવે ત્યારે બધાં હસતા જ રહે." પપ્પાએ ભારે હૈયે શક્ય એટલી ઠાવકાઈથી જવાબ આપ્યો.

વૃપ્તિ પહેલા રોજ પ્રાર્થના કરતી હતી " હે ભગવાન, અમારા ઘરમાંથી કકલાટ કાઢો."

પણ, હવે વૃપ્તિ રોજ પ્રાર્થના કરે છે " હે ભગવાન, અમારા ઘરે રોજ મહેમાન મોકલો."

## 243 વેલ પ્રોગ્રામ્ડ મશીન

મનસ્કને એની માર્કેટિંગની જૉબ ગમતી. ખાસ તો ઇન્ટરનેશનલ ટ્રાવેલિંગ રહેતું એટલે. એક એરપોર્ટથી બીજા એરપોર્ટ પર ઊડતાં રહેવું. કોઈ જાતના સંબંધ વગરના કોઈના કોઈ પ્રકારના ઈગોધારી મુસાફરોની વચમાં બેસવું. ચાવી ભરેલી મૅનિકિન જેવી એર-હોસ્ટેસનું સ્મિત. ફૅક્ટરીમાં બનાવ્યું હોય એવું ખાવાનું. પછી, પારકી હૉટેલમાં રહેવાનું. જ્યાં 'ને ત્યાં પ્લાસ્ટિક કાર્ડની શક્તિ પર જીવવાનું. દિવસભર ટાઈથી બાંધેલા માથાંઓને પાઈ-ચાર્ટમાં ડુબાડવાના 'ને પુસ્તકિયા બૉડિ- લૅંગ્વેજ ફોલો કરીને ચૈતન્ય તરતું રાખવાનું. રાત પડે પબમાં જઈને તાજાં જન્મેલા શિશુનું તરવરાટ ધરીને વળગી પડતા બિઅરના ફીણને ચૂમવાનું. અને મોસ્ટ ઇમ્પોર્ટન્ટ ઑફ ઑલ- કોઈ પણ પ્રકારની સામાજિક સંવેદનના પ્રદર્શન વગર અવનવું કામણ પાથરતી ડાન્સર્સના દેહને દૂરથી કે નજીકથી શત પ્રતિશત શરીરથી જ અનુભવવાનો! મનસ્કને પૂર્ણતયા ભાન હતું કે જીવન ટૂંકું છે. ઘર ઘણું દૂર છે. મારું દિલ મુઠ્ઠી જેવડું નાનું છે. નૉર્મલ છે. નબળું છે. એટલે જેટલો સમય હું મારી પ્યારી પત્ની સર્વિતા પાસે હોઉં એટલો સમય જ એણે યંત્રની પેઠે ધબકવા સિવાયનું કામ કરવાનું!

© Gaurang Amin

## 244 જાણીતું નસીબ

"આ પારેવાં ઇરિટેટ કરી કાઢે છે. હું ઓશરીમાં જ્યાં સૂવું છું ત્યાં જ માળો બાંધે છે. નાલાયકો પોચું ભાળી ગયા છે."

"હાહાહા! તું તો બીજે માળ રહે છે. મારું તો ગ્રાઉન્ડ-ફ્લોરનું ઘર. સાલા માળીયામાં માળો બાંધે. જોકે મેં તોડ શોધી કાઢ્યો. એક ખાલી ડોલ માળીયામાં રાખી દઉં. આ બબૂચકો એમાં માળો બાંધે એટલે હું ડોલ ઊંચકીને બહાર કમ્પાઉન્ડમાં મૂકી દઉં. પછી એમનું નસીબ એ જાણે 'ને બિલાડા-કૂતરાં જાણે. તુંય એવું કરને."

સુકરને આઇડિઆ ગમી ગયો. ઉનાળામાં અંદરના પંખામાં ઉજાગરા કરીને એ થાક્યો હતો. એણે ખાલી ડોલ ઓશરીમાં મૂકી. પોચું ભાળીને પારેવાંએ એમાં માળો બનાવ્યો. સુકર ગેલમાં આવી ગયો. એમણે ઈંડા મૂક્યા. સુકરને હાશ થઈ. એણે ડોલ ઉઠાવી 'ને પિલર પર સાત ફૂટ ઊંચે તાજાં ઠોકેલા ખીલ્લામાં ડોલ લટકાવી દીધી. 'ને મનમાં બોલ્યો 'આમ્નું નસીબ તેલ લેવા ગ્યું, પણ એમ્ને મારા લીધે કંઈ થાય તો મારા નસીબનું શું?!"

## 245 ચોવીસ કલાક જીવેલું રહસ્ય

" તારા સમ, આ એરિંગ વિષે મને કશી ખબર નથી. મારું કોઈ ચક્કર ફક્કર નથી તું..."

વિમર્શ મોટા અવાજે અસીને જવાબ આપતો હોય છે ત્યાં નાનકડી ત્રિશા આવે છે.

" મમ્મા, આ એરિંગ મને મારા ક્લાસમાંથી મળેલાં. ભાવિની ચેર નીચેથી."

બંને ચૂપ! બેઉ ભેગાં થઈને ત્રિશાને સમજાવા લાગ્યા કે કોઈની વસ્તુને અડાય પણ નહીં. અસીએ ભાવિની મમ્મીને ફોન કરીને પૂછ્યું તો એમણે કીધું કે એરિંગ એમના ન્હોતા. અસીએ એરિંગ કચરામાં નાખી દીધા, ચોવીસ કલાક પહેલાં ઘટેલી એક અજાણી ઘટના સાથે!

પ્રેય ડોર ખોલીને અંદર આવ્યો. ડોર પાછળથી યેશા એને બાઝી પડી. પ્રેયે ચુંબનનો પ્રતિસાદ આપતા શૂઝ કાઢ્યા. યેશાના એરિંગ પ્રેયના શૂઝમાં પડી ગયા. સાંજે ઘરે ભાગતાં પ્રેયને ખ્યાલ ના રહ્યો કે પગમાં કશું ખૂંચે છે. પપ્પાના સૉક્સ પર ચોંટેલું પ્લાસ્ટિક ગમી જતાં ભાવિએ એને કંપાસ-બૉક્સમાં સંતાડી દીધું. 'ને સાથે પપ્પાનું રહસ્ય પણ!

## 246 એક સિવિલાઇઝ્ડ બિલાડી

સોશિઅલ મીડિયામાં "બકરો બનાવવો" એ રૂઢિપ્રયોગ પર વિરોધ ઊમટેલો. સામે બકરી-ઈદ પર ચોકલેટની બકરી બનાવવી જોઈએ એ ચાલતું હતું. એમાં ત્રીજું ઉમેરાયું કે "બકરી બનાવવી" એવું કેમ નથી? બકરી-ઈદ નહીં બકરા-ઈદ જ હોવી જોઈએ. વિપક્ષી પ્રવક્તાએ પોતાનું કશું ના કીધું પણ સરકારે આ મુદ્દે સ્પષ્ટતા કરવી જોઈએ એવી માગણી કરી. તો વિવિધ માતાજીના ભક્તો તૂટી પડ્યા કે બકરી 'ને બકરો માતાજીનું વાહન છે, હવે અજાવંશ હત્યા નહીં ચાલે. એ પછી નાસ્તિકો બેફામ બન્યા. અમુક કહે વાહનોનું ધ્યાન રાખવા જઈએ તો બધા પશુ-પક્ષીને જીવતા છોડવા પડે 'ને લાખો લોકો ભૂખે મરી જાય. અમુક બોલ્યા માનવી માટે નુકસાન કારક હોય તેવા જીવનો બલિદાન લઈને તહેવાર મનાવવો જોઈએ, દા.ત. મચ્છર. એવામાં એક ઑસ્ટ્રેલિઅન પ્રવાસી બોલ્યો આ જંગલી દેશની વસ્તી ઘટાડવા માનવબલિ ફરી ચાલુ કરવી જોઈએ. અને આખો દેશ લગભગ એક થઈને એની પાછળ પડ્યો. એ જાન બચાવી નાઠો. ત્યાં એની સરકારે એને ખાસ સુરક્ષા આપી. એ સેલિબ્રિટિ બની ગયો. એથી વિશેષ બે જ માસમાં એ મિલ્યનેઅર થઈ ગયો.


© Gaurang Amin

## 247 લાસ્ટ આઇડિઆ!

મિરાલી હંમેશા ફર્સ્ટ રૅન્ક લાવતી. અગિયારમાના ફર્સ્ટ સેમમાં અકસ્માત ના થયો હોત તો એણે સાયન્સ સ્ટ્રીમ જ લીધી હોત 'ને ઇચ્છા મુજબ ડૉક્ટર બની હોત. પપ્પાએ સમજાવી પણ કૉમર્સની ઍલર્જી એટલે ઇંગ્લિશ લિટરેચરમાં એમએ કર્યું. મમ્મીના કાકાની કૉલેજમાં લેક્ચરરની જૉબ મળતી હતી તોય એણે જીદ કરીને સમાજ સેવા કરવી છે કરીને એમએસડબ્લ્યૂ જૉઇન કર્યું. ભણવાનું ચાલુ હતું 'ને ડ્રામામાં કામ કરવાનો મોકો તથા મજા બંને મળ્યા તે અધૂરું છોડીને ફિલ્મ લાઇનમાં જવા મુંબઈ દોડી. બે મૉડલિંગ અસાઇન્મન્ટ માંડ મળ્યા 'ને હારીને પછી આવી. કહે હવે બુટિક ખોલવું છે. મમ્મીએ કીધું ધંધો કરવો હોય તો બ્યૂટિ સલૂન ખોલ. પપ્પા કહે તને વિદેશ મોકલું, ત્યાં કશું કરજે. પણ, જીદ્દી મિરાલી એમ માને? છેવટે બુટિકનો માલ ખોટ ખાઈને વેચવો પડ્યો. ફ્રૅન્ડ્ઝ બધાં સેટલ થઈ ગયેલાં. માબાપ થાક્યા ન્હોતા પણ એમની ઉંમર વધતી હતી. બૅંક એકાઉન્ટ પણ સુકાતું જતું હતું. અને એક દિવસ મિરાલીને નવો જ આઇડિઆ આવ્યો.

'આ બધી જફામારી કરું એનાં કરતાં હું લગ્ન જ કરી લઉં.'

## 248 પેટા નહીં ગૌણ સમાચાર

સુરંગ વાટે ભાગવાનો ચવાઈ ગયેલો છતાં એવરગ્રીન પેંતરો તો હતો જ. પણ, ઉલ્માખે ના પાડેલી. બાકીના ૩ આતંકવાદીને થતું કે ભાઈ બીજું શું કરશે? હૉસ્પિટલનો રૂટ કાઢશે. એમને ભાન હતું કે એમના માટે કોઈ અપહરણ કરે 'ને છોડાવે એ શક્ય ન્હોતું. સુનવણીની તારીખ નજીક આવતી હતી. પાકિસ્તાન વિરોધી જુવાળ 'ને મીડિયાની ભૂખ વધતી જતી હતી. પણ, ઉલ્માખના પેટનું પાણી ન્હોતું હલતું. કોઈ નવી ઘટના ના બની અને ચુકાદાની તારીખ આવી ગઈ. અને શાયદ જન્મટીપના ફેંસલા પહેલાનું ઉલ્માખ એન્ડ કમ્પનીનું છેલ્લું ટિફિન. સમસ્ત સરકારી મશીનરી કોર્ટ તરફ પારણાં કરવા તમામ ઇન્દ્રિયો ફેલાવીને બેઠી હતી. બધું કલ્પના મુજબ ચાલતું હતું. બસ ત્યારે જ જેલમાં એક મહા-ધમાકો થયો. લગભગ અર્ધી જેલના ભુક્કા બોલી ગયા. મેઇન ન્યૂઝમાં ઉલ્માખ 'ને બાકીના ૩ મૃત્યુ પામ્યા. પેટા સમાચારમાં અન્ય ૨૪ કેદી 'ને ૭ જેલના કર્મચારીએ દેહ છોડ્યો. એ ૨૪માં અબજોના રેવન્યૂ-સ્કૅમનો સૂત્રધાર હર્ષાયનમ પણ હતો. કિન્તુ, એ સમાચાર ગૌણ હતાં.

## 249 જેવાને મળી તેવી!

ચોખ્ખું આંગણું. ક્યાંક ઝબકતી રોશની. ભૂંગળામાંથી આવતું સંગીત. અગરબત્તીની સુગંધ. માથે ઓઢેલું હતું તોય આભલીને આ વાતાવરણ ગલગલી કરતું હતું. એ ખોરડાના પગથિયા ચઢી 'ને ખૂણામાં નજર પડી. ચકચકતી બે નાળી. એને હાશ થઈ કે વિજ્યો આંય આવ્વાની હિમ્મત નૈ કરે, મું પિયર જઉં તાં હુધી ભલે મારી ભૂખે મર્તો.

ગોર આવીને ગયા. વિધિ પતી. વાળું પત્યું. આભલીને લઈને એનો ઘરવાળો ઓરડામાં ગયો. બારણું બંધ કર્યું. ત્યાં બત્તી ગઈ. ઘરવાળો ક્યે ગર્મીમોં બાઇણું થોડું અધૂકડું રાખ્યે, કોય આવ્વાનું નથ 'ને અંધારમાં કોય જોવાનુંય નથ. અર્ધી કલાક પછી આભલી કપડાં પ્હેરીને સૂઈ ગઈ. પણ, દસેક મિનિટમાં મર્દાની ભૂખે પાસી ઈને ઢંઢોળી. ઈ કપડાં ખેંચ્વા લાઇગા. આભલી ક્યે મુયા આ અંધારાંમોં ફરી કપડોં કાડવાન ચ્યોં જરૂર? પણ, ઈ નો માઈના. બારમી મિનિટે તો આભલી ભડકી કે એક રાતેય પૂરી નથ વીતી 'ને ઈમ્ને મૂસો ઊગી જૈ 'ને ઈય આવડી મોટી? કોંય ઓંધો નૈ, હવાર ઓરખી નાખીશ. બીજું હું તાણ!

## 250 સામાજિક અંકગણિત

ગામમાં સવા વીઘો જમીન કેટલું ખવડાવે? ભર્તુંભાઈ પટેલે દીકરાને બી.કોમ. ભણાવી શહેર મોકલ્યો. પણ, ગોભદ્રને નોકરી ના મળી. મને કમને ઉછીના પૈસા ભેગાં કરીને ગોભદ્રએપાન-બીડીનો ઠેલો ચાલુ કર્યો. મોટો ગલ્લો થશે એ આશામાં દહાડા કપાતા હતા.

" એક કાચી એકસોવીસનો મસાલો બનાય."

ગોભદ્ર યંત્રવત રીતે મસાલો બનવા લાગ્યો.

" એ ડફોળ... મફતમાં આપે છે? તમાકુ સરખી નાખ... બુહા જેવો."

" સાહેબ, નાખું છું પણ ગાળો ના દો. કોઈ હાલી મવાલી નથી, પટેલનો દીકરો છું."

" હાહાહા! પાનવાળો એ પાનવાળો જ રહે, પટેલિયા.... બુહા બુડથલ બોલ શું કરી લઈશ?"

ફળજી કરિયા મસાલો ચોળતા ચોળતા ધૂરકીને સામું જોતા રહ્યા. ગોભદ્ર પટેલ નીચા મોઢે ગામના ખેતરમાં મજૂરી કરવાનું સપનું જોતો રહ્યો.

## 251 હું કેવી મા છું?

સવારે શીના ઊઠીને ટેવ મુજબ સીધી દૂધ લેવા જતી હતી. સાસુમાએ ચેકિંગ કર્યું- "સૂક્તિને ઉઠાડી?"

મનમાં 'રોજે હું જ ઉઠાડું છું, મારી જાતે!' બોલીને એ ડોકું હલાવી આગળ વધી. પંદરેક મિનિટ પછી જ્યારે સૂક્તિને દૂધ નાસ્તો આપતી હતી ત્યારે પપ્પા કમ પતિ પ્રવચન મુદ્રામાં પ્રકટ્યા.

" શીના તને કીધેલું કે મિક્સ-ગ્રેનના બિસ્કિટ લાવ્જે તોય તું આ મેંદાના જ?! આટલું સિમ્પલ કામ પણ નથી થતું?"

સૂક્તિ સ્કૂલે ગઈ. પપ્પા ઑફિસે. સાસુમા મંદિરે. શીનાને થયું લાવ મમ્મીને ફોન કરું.

"આખો દિવસ કઈની કઈ, બેઉ મા-દીકરો સલાહ જ આપ્યા કરે છે."

"જો બેટા, છોકરા એમનેમ મોટા નથી થતા. બધી બાજુનું ધ્યાન રાખવું જ પડે!"

શીના ફોન મૂકીને વિચારતી રહી-

'હું કેવી મા છું? એ બાબતનું સર્ટિફિકેટ જે મારા પેટમાંથી નથી નીકળ્યા એ બધાં અત્યારથી લખવા માંડ્યા છે! ખબર નહીં મારી દીકરી પોતે મા બનશે ત્યારે મારા વિષે શું રિપોર્ટ આપશે!'

## 252 પ્યાર કી હથકડી

અવિએ ડાયરી હાથમાં લીધી. એ ડાયરી કે જેમાં એણે લગ્ન પહેલાં જોયેલી બત્રીસ છોકરીઓની માહિતી એણે સંઘરેલી. ઇન્ટરવ્યૂમાં થયેલી વાત સાથે ફોટા પણ ચોંટાડેલા.  આંગળી ફેરવીને બુકમાર્ક રૂપે મૂકેલો પોતાનો ફોટો પકડ્યો. પેજ ખોલ્યું. એકાદ ક્ષણ પૂરતો લગ્નવિષયક માટે સ્ટુડિઓમાં પડાવેલ ફોટામાં જુવાન અવિને જોયો. યાંત્રિક સ્મિત આપીને આજની ડેટ વિષે વાંચવા લાગ્યો. સુનંદા. વાન ગોરો. હાઈટ ૫' ૪". સરસ મજાનો ચોટલો. મોટા હોઠ. તીણું નાક. નો મેકઅપ. અવાજ આશા જેવો. ફિગર રીનારોય જેવું. એકમાત્ર હોબી સંગીત. ખાવામાં ભાજીપાઉં ફેવરીટ. અવિએ બુકમાર્ક આગળના પેજ પર ખસેડીને ડાયરી બંધ કરી. મોબાઇલ પર ભાજીપાઉંનો ઑર્ડર આપ્યો. કૉમ્પ્યૂટરમાં ઘણા ગીત ફંફોસ્યા પછી રિનારોયનું " ડિસ્કો સ્ટેશન..." મૂક્યું. ઊભો થઈને નાચતા નાચતા સામેની દિવાલે ગયો. રોજની જેમ ફોટા પર લાગેલા હારને અડ્યો. પછી હસીને બોલ્યો-

" તારા કરતા તો આ સુનંદા જોડે પરણ્યો હોત તો સારું થાત. એ જીવતી તો હોત!"

© Gaurang Amin

## 253 જીભની પ્રજનનશક્તિ

અમે મૉલમાં જોડે ફરતા હતા. નૉન-વેજ સેક્શન આવ્યું. એમાં ફીશ 'ને અન્ય સી-ફૂડનું.

"જબ્બર ગંધ મારે છે!" બોલીને એણે નાક પર હાથ મૂક્યો.

મને આશ્ચર્ય થયું. આ પ્રકારનો મારો પહેલો અનુભવ હતો.

"કેમ? આ તો તારું ખાવાનું. તને તો સુગંધ લાગવી જોઈએ. તને તો ક્યાંક મરઘી ફરતી હોય કે કોઈ તળાવમાં માછલી જોવે તો ભૂખ લાગવી જોઈએ!"

એ ચિડાઈ ગયો. ગુસ્સે થયો. અને અમારી ચર્ચા હિંસા-અહિંસા તરફ વળી. મારું મગજ પણ ગયેલું 'ને એને મચ્છર બહુ કરડતા એ મને ખબર હતી. તે મેંય વળી જીભ હુલાવી દીધેલી કે તું જે ફીશ ખાય છે એ બીજા જન્મમાં મચ્છર બનીને તને કરડયા કરે છે. થવા કાળ એને મહિના પછી ડેન્ગ્યુ થયો. બિચારો મૃત્યુ પામ્યો. મને પસ્તાવો થયો. બીક પણ લાગી કે એ મચ્છર બનીને મને ના કરડે. પણ, પછી થયું કે એ ફિશ જ બનશે. 'ને હું? કેળું બનીશ કે કેળાની લૂમ? મને કોણ મારશે? ખેડૂત? લાઇવ વેફર બનાવનારો? હું વિચારોમાં સૂઈ ગયો. ઊંઘમાં આખા શરીરે મને કાતરતી ઈયળો વળગી. 'ને એ સપનામાં પેસ્ટિસાઇડ બનીને આવ્યો!

## 254 નિખાલસતા!

મણીબાએ નવો ચાંલ્લો કર્યો. સાડી પણ માતાજીને ધરાવીને નવી જ પહેરી. છેલ્લી ઘડીએ તિજોરીમાંથી કાઢીને સ્પ્રે પણ સાચવીને લગાડ્યું. એમના હોઠ મંત્રજાપથી ફફડતા હતા કે ગભરામણમાં એ નક્કી કરવું મુશ્કેલ હતું. આખરે એમનો નંબર લાગ્યો. બે હાથ જોડીને એ મલકાયા.

" વૉટ ઇઝ ધ પર્પઝ ઑફ યોઅર વિઝિટ?" ગોરાએ અંગ્રેજીમાં ફાયરિંગ ચાલુ કર્યું.

" ફફરવા. ફરવા. અમ્રિકા મસ્ત છેન? એટલે ફર્વા." ભાષાંતરકાર સામું બાએ ગર્વથી જોયું.

" વ્હેર વિલ યુ સ્ટે? ડુ યુ હેવ એનિ ક્લોઝ રેલેટિવ્ઝ ડેર?"

" બૌ બધાં છે. આખા અમ્રિકામાં. વરસ શોન્તીથી નીહળી જાય." બાએ ખુશ થઈને કીધું.

" યુ આર ફની." પ્રશ્નકાર આગળ વાત કરે એ પહેલા મણીબા ઉત્સાહમાં વચ્ચે કુદ્યા-

" નો નૉટ ફની. માઈ નેમ ઈજ મણી... મણીબા." પેલો ગોરો ડઘાઈને વિચારવા લાગ્યો

' શી ઇઝ જસ્ટ મેડ ફોર ઇન્ડિઆ.' અને કીધું " કંગ્રેટસ ફનીબા!"


© Gaurang Amin

## 255 એક બિહારી પાન

શેકેલી માટે ખૂન કરવું એ સામાન્ય વાત હતી. બલ્કે એ જ એનો પેશો હતો. પણ, આ મૅટર સાવ નવી હતી. એ ખૂનનો પ્રયાસ માત્ર કરશે 'ને રંગે હાથે ષડ્યંત્રના રચયિતા નેતાજીના જ બંને બૉડિગાર્ડસ એને પકડી લેશે. જેલ જવું પડશે પણ, જીવનમાં ફરી કોઈ સોપારી નહીં લેવી પડે એટલી દોલત મળશે. અને નેતાજી ખુદે વચન આપેલું કે આ બનાવને કારણે ઉમેટેલી સહાનુભૂતિથી એ જીતી જશે તો એને જેલમાં ફાઇવસ્ટાર ટ્રીટમેન્ટ મળશે 'ને એ જલ્દી બહાર કાઢી લેશે. શેકેલી રૅડી થઈ ગયો.

નેતાજી ગ્રૂપ-મીટિંગ લેતા હતા. પેલાં બે પણ હાજર હતા. શેકેલી ફર્સ્ટ રોના કૉર્નર પાસે પ્હોંચ્યો. રિવૉલ્વરમાંથી નેતાજીને ના વાગે એ રીતે એમની બાજુ ફાયર કર્યું. પણ, પેલાં બેમાંથી એકે ના હલ્યા. નેતાજી બેઉ સામું ગભરાઈને જોઈ રહ્યા. કિન્તુ, શેકેલી કાચો ન્હોતો. એ પામી ગયો કે બંને ફૂટી ગયા છે. એ વાયુ વેગે બીજી હરોળ તરફ ફર્યો. ત્રણ પાકી ગોળી નેતાજીના જમાઈમાં ધરબી દીધી. 'ને તુરંત બાકી બે પેલાં બેને વ્હેંચી આપી.

## 256 કામયોગ

કટકમાં પરિવાર છોડી મિજોય બેંગલૂરુ આવ્યો ત્યારે એમ.બી.એ.ની ડિગ્રી સિવાય એની પાસે કાંઈ ન્હોતું. ચારેક વરસની તપશ્ચર્યા પછી એ મૅનેજર બની ગયો. એની સફળતામાં મંછાના સાથનો ફાળો ઘણો મોટો હતો. કૉર્પોરેટ-પૉલિટિક્સની થાપટનો શિકાર બની મિજોય હારીને રૂમ પર આવતો ત્યારે મંછા એક રિંગમાં હાજર થઈ જતી 'ને મંછાનો આત્મવિશ્વાસ 'ને બેફિકરાઈ ભૂખ્યા મિજોયની નસનસમાં રોપાઈ જતો. એક દિવસ-

" મંછા, મારે તારી સાથે મેરેજ કરવા છે."

" હાહાહા! કેમ પૈસા બચાવવા છે?! ડાર્લિંગ, લગ્ન પછી તો વધારે મોંઘી પડીશ."

" આઇ એમ નૉટ જૉકિંગ. આઇ એમ સીરિઅસ."

" લગ્ન પછી તું મારું કામ ચાલુ રાખવા દઈશ? બેરલભઠ્ઠીના ઉકરડામાં પડેલા ગટરના ભૂંગળામાંથી શરુ કરીને આ ઊંચાઈએ પહોંચવા મેં ઘણી તપસ્યા કરી છે. મિજોય, આ કામ મારી કેરિઅર... મારું વજૂદ છે. એન્ડ આઇ એમ પ્રાઉડ ઑફ વૉટ આઇ એમ ડુઈંગ."

## 257 શિટ્ટ... ઇડિઅટ!

દશાશ્વમેધઘાટ પર મુખ્ય વિધિ પતી. બ્રાહ્મણોને દક્ષિણા આપવાનો સમય થયો. મુંજાલભાઈ 'ને મંજરીબેને દીકરાને કીધું, તું પણ હાથ અડાડ. પણ, ફોટા કોણ પાડશે? આજુબાજુ નજર કરતાં એક મજૂર ચાલતો જતો હતો. એને બોલાવીને હાથમાં કૅમેરો આપી દીકરા પૉન્ટીએ ફોટો કેવી રીતે પાડવો એ સમજાવ્યું. બધું પત્યું. ફોટોઝ નેટ પર અપલોડ પણ થઈ ગયા. ગાય-કૂતરાનેય ખવડાવી દીધું. પરંતુ, પંડિતે કીધેલું કે નવ હરિજનને ભોજન કરાવવું. એટલે પરિવાર એ નવને શોધવા નીકળ્યા. થોડે દૂર આઠ-દસ જણ બેઠાં હતા. હરિજન જેવા લાગતાં, મુંજાલભાઈએ એમને જમવા માટેનું પ્રયોજન કીધું. કૅરિ-બૅગમાંથી ફૂડ-કન્ટેનર્સ કાઢી ત્રણે જણ આપતા હતા એવામાં મુંજાલભાઈનો હાથ એક જણને અડી ગયો.

" શિટ્ટ... ઇડિઅટ! અડે છે શું કામ? મેરે કો ફિર સે સ્નાન કરના પડેગા."

" સા'બ, દસ મિનિટ પ્હેલે ફોટો ખીંચવાના થા તબ આપકા બેટા ભી મેરે કો છૂઆ થા. ઉસકો ભી નહાને લે જાના!"


© Gaurang Amin

## 258 બીજો જન્મ

હમસના પોતીકા વિસ્તારમાં જન્મ્યો 'ને જીવતો, પણ કોગી હમસને નફરત કરતો. અતઃ ત્રણ દિવસથી ચાલતા સામસામી હુમલા દરમિયાન કોગીએ ઘરમાં ભરાઈ રહેવું પડેલું. બહાર દેખાય તો ઈઝરાએલી ગોળી પછી પહેલા પોતાનાના જૂતાં ખાવા પડે. એને ગે, હીજડો કે કાફિર જાહેર કરતાં બની બેઠેલા ઇસ્લામના રખેવાળોના. ચોથા દિવસે પરોઢિયે કોગીએ ઘરની બહાર નીકળવું જ પડ્યું. એક બૉમ્બ એની પત્ની 'ને બાળકોને ભરખી ગયેલો. ભાંગી પડેલા કોગીને થયું ક્યાંક દૂર નાસી જાઉં. પણ ક્યાં? એને ઇન્ડિઆ યાદ આવ્યું. સાથે ભણતી ભારતીય છોકરી યાદ આવી. 'હિંદુ હોવું એટલે કેટલી શાંતિ! બંદૂકબાજી વગરની જિંદગી. મન ફાવે તેમ જીવો છતાં તમે હિંદુ રહી શકો. કોઈ બાહ્ય ચિન્હો કે રિવાજો ફૉલો ના કરો છતાં તમે હિંદુ કહેવાઓ.' કોગીને થયું હું ભારત જઈને એક સામાન્ય માણસ, એક હિન્દુની જેમ જીવું. પણ, ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ની એ સવાર પછી ભારતમાં બનેલી ઘટનાએ કોગીને ફરીથી કોકબ ગિસારી બનવી દીધો. અને એ ઈઝરાયેલને ધ્રુજાવી દેનાર ૨૭ માર્ચના પાસઓવર સ્યૂસાઇડ બૉમ્બિંગ મિશનમાં જોડાઈ ગયો.


© Gaurang Amin

## 259 કરે કોઈ, ભરે કોઈ!

સવારે માટલું ભરે ત્યારે કે બપોરે વાસણ કરે ત્યારે કે સાંજે શાક લેવા જાય ત્યારે, માત્રાને દિવસમાં અનેકો વાર તેના સાસુ-સસરાએ તેમના દીકરા માટે કેટ-કેટલું કર્યું એ સાંભળવું પડતું. એમના વર્ષો જૂના બલિદાનની વાતોનો એક જ સાર રહેતો- માત્રાએ આજે 'ને રોજ્જે બલિદાન આપવું એ તેની ફરજ છે 'ને માત્રાનું બલિદાન લેવું એ તેમનો હક્ક છે. આ બે કલમથી માત્રા ગળે આવી ગઈ હતી.

ગઈ કાલે બપોરે માત્રા પંખાની સ્પીડ વધારવા જતી હતી ત્યાં-

" લાલુ નાનો હતો ત્યારે પંખો વધારીએ કે એને શરદી થઈ જતી. ત્યારથી અમને... "

અને માત્રા એ શ્વાસ રોકી એમનું વાક્ય વચ્ચેથી ફગાવીને સંભળાવી દીધું-

" આટલી ગરમીમાં બે પર પંખો રાખીને ઑફિસમાં બેઠેલા બત્રીસ વરસના લાલુને શરદીથી બચાવશો? બસ કરો હવે! તમારા છોકરાને મોટો કરવા તમે જે ભોગવ્યું હોય તેનો બદલો તમારે એની જોડે લેવાનો, મારા ઉછેર કે લાલન-પાલનમાં તમારું રતિભાર પણ યોગદાન નથી. "

## 260 ઇલેક્ટ્રોનિક મેચસ્ટિક!

અલ્પન સેવ-ઉશળ લઈને નો-પાર્કિંગના થાંભલા પાસે ઊભો રહ્યો. પહેલી ચમચી સાથે જીભનો સમાગમ કરાવવા ડોક નીચી કરી ત્યાં નજર નીચે પડેલી યુએસબી પર પડી. આજુબાજુમાં જોયું. કોઈ જોતું ન્હોતું. એણે યુએસબી ખિસ્સામાં સેરવીને ફટાફટ નાસ્તો પૂરો કર્યો. ૬૪જીબી. જસ્ટ વાઉ! ઑફિસે પહોંચીને લેપટોપમાં ઇન્સર્ટ કરવા ગયો પણ એને થયું ક્યાંક વાયરસ કે કોઈ લોચો હોય તો? એ ગયો સાઇબર-કેફે. યુએસબી ઓપન કરી. ૫૩૭ ફોટા. એક એકથી ચઢે તેવા. એક વર્ડ ફાઇલ પણ મળી. ફોટોગ્રાફરનો સીવી હતો. થોડું વિચારતા એને લાગ્યું, આટલું જબ્બર કામ કોઈનું એળે ના જવા દેવાય. એણે ફોન કરીને વાત કરી. મળવાનું નક્કી કર્યું. રોડસાઇડ સ્નેકબારમાં બંને મળ્યા. ફોટોગ્રાફર હતી કે મૉડલ એ નક્કી કરવું અલ્પન માટે દુષ્કર હતું. અને એમાંય આભારની લાગણી પ્રગટ કરીને એ જે ફ્રેન્ડલિ થતી હતી એ જીરવવું એથીય વધુ ચેલેન્જિંગ હતું. જોગાનુજોગ અલ્પનની કોઇપણ ફેન્ટસી કરતા સુંદર રીતે જતી આ ફિલ્મ દૂરથી પાણીપૂરી ખાતી એની પત્ની જોઈ ગઈ. અને એનો શક યકિનમાં બદલાઈ ગયો!

## 261 ભોજનમ ભક્ષતિ ભક્ષિત:

" અમાર ધર્મેન્દ્રભાય માંસ-મચ્છી નો ખાય. એમ્ની તર્કારી અલગ આવેસ!"

" જી, અખ્તરબાપુ. અમુક નિયમ છે તો જીવન છે! લોમડા, તું ખાને ભાઈ ખાતો હોય તો."

લોમેશ થોડો અચકાયો. પણ, ના રહેવાયું. એણે ટંગડી ઊઠાવી જ લીધી 'ને તરત બોલ્યો-

" સરસ બન્યું છે! આદુ-લસણ ભરાવીને મેરિનેડ કર્યું લાગે છે."

" બાપુ, ગીર આયા છીએ તો સિંહ બતાવજો પાછાં." બે હાથથી ખાતાં લોમેશ પરથી પોતાની નજર હટાવીને ધર્મેન્દ્રએ મૂળ વાત પર બાપુનું ધ્યાન ખેંચ્યું.

" ખેલ જોયા કરો. સાત્સોમાં નક્કી કર્યું છે. ઓલો ધાનપણીયો ખરોન? એની એક ગાય હવે દૂધ નથ દેતી. આજ રાતે એનું મારણ ગોઠવ્યુંછ. ધરાઈને શિકાર જોશું. શૂટિંગય કરશું!"

ધર્મેન્દ્રના જીવમાં જીવ આવ્યો. ફટાફટ અન્નાગ્રહણ મંત્ર બોલીને એણે ઉત્સાહ અને ઉતાવળની બેવડી તાકાતથી બાજરીના રોટલામાં બટાકાનું શાક ભર્યું 'ને ગર્વથી કોળિયો મોમાં મૂક્યો.

 © Gaurang Amin

## 262 ફર્સ્ટ ટાઇમ?!

એકનું એક વાંચીને દ્યુતની આંખો દુ:ખી ગઈ. ભમતા માથામાં દિવસોથી એની એ વાત મનને ઘેરતી હતી. 'શું આવું કરવું યોગ્ય છે?' એ ધ્યાન કરવા બેઠો. પણ, ગુરુજીના શબ્દો ચમક્યા કે 'મન કહ્યામાં ના હોય તો ધ્યાન ન કરવું.' દ્યુતને જોકે તેના તન પર શંકા હતી. વિચારોમાં વારંવાર ના કરવાનું કરવાથી ગિલ્ટ અનુભવતો એ પડખા બદલતો રહ્યો.

ફટાફટ તૈયાર થઈને દ્યુત નિયત સ્થળે પહોંચ્યો. આંખમાં ખુન્નસ 'ને અંગેઅંગમાં જંગલી ઉત્તેજના લઈને એ દોડ્યો. કાસ્નિને નીચે પટકી એની પર ચઢી બેઠો. કુર્તી ફાડીને લાળથી ખદબદતા મોઢે એ કાસ્નિને લોચતો રહ્યો. કાસ્નિ ચીસો પડતી રહી. એવામાં પાછળથી કલ્પના બહારનું કોઈ આવી 'ને દ્યુતને માથામાં ડંડો ફટકારે છે.

"આંખો ખોલ હવે! પડદો પડી ગયો!" દ્યુતને હચમચાવતી કાસ્નિ બોલી " ત્રીજા અંકની તૈયારી કરીશું?! બાય ધ વે, કોઈ માને ના કે તેં ફર્સ્ટ ટાઇમ રેપ કર્યો હશે. હાહાહા!"

 © Gaurang Amin

## 263 હવે

" મને કોઈ વાંધો નથી, પણ પછી તને કોઈ વાંધો પડશે તો મનેય પડશે!" સ્વધા હસીને બોલેલી. શોધ ત્યારે તો ચૂપ થઈ ગયેલો પણ, આજે એણે નક્કી કર્યું હતું કે સ્વધા પિયર ગઈ છે 'ને ઘરમાં કોઈ નથી ત્યારે હું એની ડાયરી શોધી 'ને વાંચીને રહીશ. ઘણી મહેનત પછી ડાયરી હાથ લાગી. એ આખી રાત વાંચતો રહ્યો. ઝોકા ખાતાં ખાતાં એણે સાત વાગવાની રાહ જોઈ. સાતને પાંચે તેને ખાતરી થઈ કે વિન્સી સ્કૂલે જવા નીકળી ગઈ હશે એટલે એણે સ્વધાને મોબાઇલ જોડ્યો.

" મેં ડાયરી વાંચી. ઘણું દુ:ખ થયું. અમુક વાતો આપણે રૂબરૂમાં ક્લિયર કરી શકત."

" સૉરી તને દુ:ખ થયું એટલે. બાકી, હજુ પણ રૂબરૂમાં ઘણું ક્લિયર થઈ જ શકશે. ના કરવું હોય તો મને કોઈ વાંધો નથી. મેં કીધું'તું એમ તને વાંધો ના પડવો જોઈએ!"

" હું શું વાંધો પાડું 'ને એ પણ હવે? તેં જે લખ્યું છે તે ભૂતકાળ છે. સત્ય એક જ છે કે હવે મારા જીવનમાં ફક્ત તું જ છે. યષ્ટિ લગ્ન કરીને કાયમ માટે ફ્રાંસ જઈ રહી છે."

## 264 ચાણક્યનીતિ

હરાભાઈ 'ને ગેરુભાઈ, બે પેઢીથી દુશ્મનો હતા. સામાજિક પ્રસંગ હોય કે ચૂંટણી હોય, બંને પિતરાઈઓ હંમેશ એકબીજાની સામે જ રહેતા. કદી એકનું પલ્લું ભારે થતું તો કદી બીજાનું. ગઈ લોકસભામાં હરાભાઈનો પક્ષ વિજયી બનેલ. આખો તાલુકો જાણતો હતો કે હરાભાઈના કામ 'ને મહેનતથી જ એ જીત મળેલી. પણ, આ વખતે પાર્ટીએ સીટિંગ-મેમ્બરને કાપીને સવાસો કિલોમીટર દૂરનો કોઈ બહારનો ઉમેદવાર પસંદ કરેલો. ગામમાં હોહા મચે એ નક્કી હતું. પરંતુ, પાર્ટીને ખાતરી હતી કે છેવટે ગેરુભાઈને હરાવવા હરાભાઈ થાંભલાનેય જિતાડે.

બપોરે મોટાભાગનું ગામ સૂતું હતું ત્યારે મૂળી ફળિયામાં એક ડેલીની સાંકળ ખખડી.

" ઓહો નેતા તમે આવ્યો છોને. ભારે હિંમત, અમારા આંગણામાં ઘૂસ્યા! પધારો!"

" જો ગેરુ, આપણી દુશ્મનીનો લાભ બહારનો ના લેવો જોઈએ. આપણા ગામ, તાલુકાનું પ્રતિનિધિત્વ આપણો માણસ કરવો જોઈએ, બહારનો નહીં. આ વખતે હું તારી સાથે છું!"

" અરે, કોઈ ગમે તે કહે પણ તું તો મારો ભાઈ છે ભાઈ!" કહીને ગેરુભાઈ હરાભાઈને ભેટી પડ્યા.

## 265 એ ટ્રાન્સ્ફોર્મિંગ ટચ!

દાદા પોલો રમતા ઘોડા પરથી પડી ગયેલા 'ને શું થયેલું એ ઝિનાને યાદ હતું. એણે ઘોડે સવારી કરવાની ના પાડી 'ને બીચ-સ્કૂટર પસંદ કર્યું. રાજ ઘરાનાની પુત્રી તેર વર્ષની થઈ પણ, પ્હેલી વાર આમ લોકો વચ્ચે ફરવા નીકળી હતી. ઝિનાને આગળ બેસાડી 'ને બીચ-સ્કૂટરનો ગોઆનિઝ માલિક સૂચનાઓ આપીને હંકારી ગયો. ઊછળતા મોજાની સવારી કરતી ઝિના અત્યંત રોમાંચિત થઈ ઊઠી. સ્કૂટર દૂર નીકળી ગયું. કિનારે પપ્પા-મમ્મી ખુશ થઈને બચપણથી ગભરુ પુત્રીના હર્ષની કલ્પના કરતા એને ક્ષિતિજ પર શોધતાં રહ્યા. ઝિના ખરેખર ખુશ હતી. ઊંડા દરિયાના ઊંચા હિલોળાને કારણે એ સ્કૂટર-ચાલકના ખોળામાં આવી ગયેલી. કુટુંબના સભ્ય સિવાય કોઈ નરને અડકવાનું જેણે સ્વપ્નમાં પણ વિચાર્યું ન્હોતું એ ઝિના પોતાની સમજને પાર સાચુકલી મર્દાનગીનો નક્કર સ્પર્શ માણતી રહી.

"એન્જોય્ડ બેટીજી? બીજી કોઈ ઇચ્છા હોય તો ફરમાવો." ટુવાલ આપતા મમ્માજી બોલ્યા.

"યપ! ઓકે... પાપાજી તમે ના, ના પાડતા. આઇ વૉન્ટ ટુ ડ્રિંક વિથ યુ ટુડે!"

## 266 પિક્ચર પૂરું થયું!

ધૈર્યએ દસેક દિવસથી જૉગિંગ ચાલુ કરેલું. હવે એને એના એ ટીશર્ટસ 'ને શૉર્ટ્સ પહેરવાની શરમ ન્હોતી આવતી. એ સમજી ગયેલો કે કોઈ આ બધું જોવા નથી આવતું, બધાંબતાવવા જ આવે છે! હવે એણે શૂઝનીય ચિંતા મૂકી દીધેલી. ભલે ફાટતાં. દોડવામાં મજા આવે છે. આત્મવિશ્વાસ વધે છે. જીવન જીતી લેવાની ઇચ્છા થાય છે. એ ઘરેથી નીકળે એટલે પહેલી નજર પચીસેક મીટર પછી આવતા બંગલા પર પડે. પછી, આગળ જાય એટલે સ્પૉર્ટ-કાર દેખાય 'ને એમાંથી ઊતરતી સુડોળ છોકરી! એની પાછળ દોડતા દોડતા આગળ વધે એટલે શાનદાર ઑફિસ-કૉમ્પ્લેક્સ આવે. પછી, મોંઘાંમાંના ઑર્ગેનિક સૂપનું કાઉન્ટર. બાજુમાં પ્રોટીન શેકનો સ્ટૉલ 'ને વિવિધ નાસ્તાના ઠેલા. ધૈર્ય દોડ્યા કરતો. એની ગોળમટોળ આંખ ઘડી રોકાતી પણ ખાલી ખિસ્સાવાળી ચડ્ડીથી ઢંકાયેલા એના પાતળા પગ કશે જ રોકાતા નહીં.

ત્રણેક મહિના પછી શૂઝ સાવ જ ફાટી  ગયા. બંને. એ સવારે ધૈર્ય એનું પાકીટ જોઈને પાછો સૂઈ ગયો.

 © Gaurang Amin

## 267 કોને ખબર સાચું શું 'ને ખોટું શું!

બે માસથી સંતાકૂકડી ચાલતી હતી. જીનીને એમ કે પૂજ્યને કહી દીધું છે કે મયમ યુએસ ગયો છે એ વાત એ માની ગયો છે. પણ, પૂજ્યને પાક્કી શંકા હતી કે જીની જુઠ્ઠું બોલી છે. મયમ અહીં, બલ્કે આ શહેરમાં જ છે. 'ને આ બે મળે જ છે. પૂજ્યએ ત્રણ ચાર વાર જીનીનો પીછો કર્યો, જીનીનો મોબાઇલ ઉથામ્યો. પણ, કોઈ સફળતા ના મળી. લાસ્ટ મન્ડે તો એ જીનીને મયમની સાથે અંધારા ખૂણામાં ઊભેલી જોઈ ગયો. ફોટો પાડ્યો. પણ, મયમના સિક્સ પેકની બીકે ફ્લેશ ન્હોતી યુઝ કરી તે ફોટામાં કશું ના આવ્યું. એને ખબર ન્હોતી કે જીનીય એને જોઈ ગયેલી. જીની ત્યારથી સેફ રમતી હતી. આજે મમ્મીને ત્યાં જઉં છું કહીને બે બસ બદલી, છેલ્લે રિક્ષા કરીને મયમને મળવા હૉટેલ પ્હોંચી. પૂજ્યની બાઇક બંધ ના પડી હોત તો આજે જીની પકડાઈ જાત. બાઇક ચાલુ થઈ કે પૂજ્ય આગલા ચાર રસ્તે અસમંજસમાં ઊભો હતો. ત્યાં  કોઈએ ધબ્બો માર્યો. મયમ ગુસ્સામાં હતો.

" તારી બૈરી ડાહી છે, પછીય મને મળે છે. પણ, તું સાવ હલકો નીકળ્યો. વિધિ તો સમજો અમેરિકામાં થઈ, પણ, અહીં રાખેલા મારા બેસણામાંય તું ના આયો?!"

## 268 ઘરનો છેડો

" ...પણ પપ્પા તમે સમજતા કેમ નથી? ધીઝ ઇઝ નૉટ યોર ઇન્ડિઆ. ધિસ ઇઝ જર્મની. અહીં તમે આમ ધોતી, તમારું જવાહર જૅકેટ 'ને આ રુદ્રાક્ષની માળા પહેરીને રોડ પર નીકળો અને એય તે આવડો મોટો ચાંલો કરીને, એ ના ચાલે."

" અને ડૅડી તમને જૅકેટ પણ સૅફ્રન કલરનું જ મળ્યું? દિશાંત, કાલથી રાગને સ્કૂલે મૂકવા-લેવા હું જ જઈશ. ભલે મારી જૉબના અવર્સ કપાય. કેટલા ભાવથી... ખર્ચો કરીને તમારા સને તમ્ને તેડ્યા 'ને એના સનનું ધ્યાન રાખવાનું આવ્યું ત્યારે તમે..."

શ્રેષ્ઠા મોં બગાડીને બેડરૂમમાં જતી રહી. દિશાંતનો મૂડ ઓર બગડ્યો.

" ચાલો એક વાર અમે એવું માની પણ લઈએ કે તમે સાચા. તમે હિંદુ-ફેનૅટિક નથી. પણ, ખરી વાસ્તવિકતા એ છે કે અમારે અહિંયાં રહેવાનું છે." દિશાંત શ્રેષ્ઠાને મનાવવા દોડ્યો.

દશરથકાકા વિચારતા રહી ગયા. ' એટલે મારે અહિંયાં નથી રહેવાનું? "મારું" ઇન્ડિઆ. "મારો" ધર્મ. "મારી" સંસ્કૃતિ. "મારા" સનનો સન. બસ, આ ઘર જ "મારું" નહીં.'

 © Gaurang Amin

## 269 એકલો ચાલ્વે રે...

"આપણે ખરેખર આ બંને લોકો વચ્ચે ફસાયા છીએ. હવે થાય પણ શું? આ રૉકીભાઈ જુઓ ત્યાં જૈને સુખી થૈ ગ્યા! કોઈ કોમી-ફોમી નહીં. તમે બહુમતીમાં હો પછી શું ચિંતા?"

સન્ડે-માસ પછી ચર્ચના પ્રાંગણમાં બધાં પોતપોતાના વૃંદમાં વાતો કરતાં હતાં. ચા-કૉફિના કાઉન્ટર પાસે જે ગ્રુપ ચર્ચા કરતુ હતું તેમાં કાયાભાઈ આ વાત માર્ટિનને કહેતાં હતાં.

ચાની ચુસ્કી મારતા માર્ટિનનું મગજ વંટોળે ચઢ્યું. 'એક બાજુ વી ધ પીપલથી શરુ થતું બંધારણ. બીજી બાજુ લવ ધાય નેબર કહેતા ઈસા મસીહ. ત્રીજી બાજુ હિંદુ લોકો. ચોથી બાજુ મુસ્લિમ લોકો. 'ને વચ્ચે આ મારા ભાઈઓનું જૂથ! આંમાં હું ક્યાં? માસ હોય કે ક્લાસ આખરે ટોળું. 'ને ટોળામાં વ્યક્તિનું અસ્તિત્વ કદાપિ સંભવિત નથી. આજ પછી હું એકલો જ રહીશ.'

માર્ટિને અધૂરી ચા સાથે કપ કચરા-ટોપલીમાં નાખ્યો 'ને ત્યાંથી ચાલતી પકડી.

## 270 મિસિંગ સીન

દીબા સાથે બ્રિરારનું આ ત્રીજું મૂવિ હતું. પડદા પર બંનેની કેમિસ્ટ્રિ પ્રેક્ષકોને ખૂબ પસંદ આવતી.. એનું એક કારણ એ પણ હતું કે વાસ્તવિક જીવનમાંય બંને લિવ-ઇન રિલેશનશીપથી જોડાયેલા હતાં. પરંતુ, ફક્ત એ બે જ જાણતા હતા કે દોઢ મહિનાથી એમના વચ્ચે તિરાડ પડી હતી. દીબા પ્રેગ્નન્ટ હતી. 'ને એ ગર્ભપાત કરાવા માંગતી હતી.

" હું તારા વગર કેવી રીતે જીવી શકીશ?!" દીબા બોલી.

" હું તો આપણા આવનાર બાળક વગર મરી પણ નહીં શકું. પ્લીઝ, આઇ બેગ..."

" તને ખાતરી છે કે આપણે ત્રણે ખુશ રહી શકીશું?"

" મને મારા કરતા તારા પ્રેમમાં વધારે વિશ્વાસ છે."

" કટ... કટ... કટ"

ડાયરેક્ટર જોરથી બૂમો મારતો રહ્યો. પણ, દીબા અને બ્રિરાર એકબીજાને વળગીને ક્યાંય સુધી રડતા રહ્યા.

## 271 વ્યૂહરચના

પ્રાશ્વિએ નાની નણંદ તરીકે નહીં પણ, ભાભીને ઘરની વહુ તરીકે જોયા ત્યારે સમજાયું કે એનાં સખ્ત પપ્પા 'ને હોંશિયાર મમ્મી સાથે એક ઘરમાં રહીને ભાભી સુખી લગ્ન જીવન કેવી રીતે જીવે છે. ભાઈને સસરા વિરુદ્ધની વાતમાં ભાભી કેવી રીતે ટૅકલ કરે છે, ભાઈ સાસુ-વહુના ઓપન તેમજ સિક્રેટ વૉરમાં કેવી રીતે પત્નીનો પ્રિય થઈને રહે છે એ પણ પ્રાશ્વિએ માર્ક કર્યું. એણે મમ્મીને ભાભીની ગેરહાજરીમાં જુઠ્ઠી કમ્પ્લેન કરીને ખોટા આંસુ પાડતા પણ જોઈ. પ્રાશ્વિએ નિર્ધાર કર્યો કે મેરેજ તો ઇન-લૉઝ જોડે રહેતા હોય એ ઘરમાં જ કરાય. એક શું બે નણંદ જોડે રહેતી હોય તોય ચાલશે. આખરે, ઘરમાં જેટલા માણસ વધારે એટલા દુશ્મન વધારે 'ને જેટલા દુશ્મન વધારે એટલી રમત લાંબી 'ને ઊંડી. એક પાત્ર સામે હોય તો બે પાત્ર જોડેય હોય. આજની લાઇફમાં જો દોષનો ટોપલો બીજા પર ઢોળવા ઘરમાં હાથવગા પતિ સિવાય પણ માણસો હોય, ચૉઇસ હોય તો એનાથી રૂડું શું? પતિ-પત્ની જોડે બેસી ઘરના બાકીનાની ખોદણી કરીને ઈઝીલિ એકબીજાને સારા લાગી શકે. અને દુ:ખ જાણીતું 'ને નજર સામે હોય તો સુખની સામે અદલા બદલી કરવાનુંય ફાવે.

## 272 ખો-ખો

બેડરૂમનું બારણું વાસી 'ને તરત બત્તી બુઝાવી દીધી. બેઉ એકમેકને વળગી પડ્યા.

" કૈરવી, તું મને બહુ જ ગમે છે. કૈરવી કૈરવી, આઈ લવ યુ!"

" શૈવમ, આઈ લવ યુ ટુ. શૈવમ હું તારા વગર નથી રહી શકતી!"

પડદા ખોલીને હેમાએ પંખો બંધ કર્યો 'ને ચોરસાને ગડી વાળતા વાળતા બોલી

" મિસ્ટર મિતેશ, ઊઠો હવે. ઑફિસ નથી જવાનું?!"

અર્ધઊંઘમાં પતિદેવે પડખું ફરીને પત્નીનો હાથ પકડીને એને બેડ પર ખેંચી લીધી.

" ડાર્લિંગ, શું ઉતાવળ છે?! પહેલા અહીં તો આવ."

" આંખો ખોલો મિસ્ટર! અત્યારે આપણે પતિ-પત્ની છીએ. અને પ્રેમી તરીકેનો રોલ આપણે રાતે નિભાવીશું. જ્યાં સુધી તમે કૈરવીને પૂરેપૂરી માણી ના લો અને હું શૈવમને સંપૂર્ણ રીતે પામી ના જાઉં ત્યાં સુધી ધોળા દિવસે મિતેશ 'ને હેમા પ્રેમી ના બની શકે. યુ નો ઇટ."


© Gaurang Amin

## 273 કોર્પોરેટ-ગિફ્ટ

આજનો ટાર્ગેટ પૂરો થયો એટલે એ મોજમાં હતો. બૉસ બાજુની જ બાઇક પર બેઠાં હતા.

" આ ડૉક્ટર ઓઝાને એક નહીં બે સ્કૂલ-બૅગ આપવાની હતી. એમને બે છોકરાં છે."

" સર, જેવું તમે કહો. કાલે જઈને આપી આવીશ. ત્રણ-ચાર એક્સ્ટ્રા સ્કૂલ-બૅગ પડી જ છે."

" ઓકે. ઑલ લુક્સ ગુડ. કાલે પણ આવી જ મહેનત કરજે."

" યસ સર! આખરે પાપી કમિશન કા સવાલ હે!" વૈષ્ણવ હસીને બોલ્યો

" હાહાહા! સારું ડિઅર એમઆર, હવે ચા-નાસ્તો મંગાવ."

લઘરવઘર હાલતમાં એક છોકરો ચા 'ને મસ્કાબન લઈને આવ્યો.

" બૌ થાક્યો લાગે છે, એક મસ્કાબન તુંયે ખૈ લે." વૈષ્ણવે કૉન્ફિડન્સથી ઉદારતા બતાવી.

" ખાવાનું તો શેઠ આલે છે. સાહેબ, દાન આલવું હોય તો આ એક સ્કૂલ-બૅગ મને આલો."

" ઓય તારું કામ કર કામ. આ દાન લેવા તો ભણીગણીને ડૉક્ટર થવું પડે!


© Gaurang Amin

## 274 કડવો કાગળ

આવી નીચતા? ઍસિડ નાખવાનો? જન્મ્યો ત્યાં મોટો થયો 'ને ત્યાં જ જીવતો'તો. શાંતિથી. એકલો. હું ક્યાં લોકો માટે લડવા નીકળેલો કૅપ્ટન કાલિયા હતો 'ને આ ક્યાં પાકિસ્તાની હતાં તે મને આમ રિબાવી રિબાવીને મારે છે. આનાં કરતાં તો સ્ત્રી-ભ્રૂણ થઈને જ્યાં ખાપનું રાજ ચાલતું હોય તેવા ગામડામાં જન્મ્યો હોત તો સારું હોત. સીધો સટ ફેંસલો! મને તો પેલાં આપઘાત કરતા ખેડૂત જેટલીય આઝાદી ના મળી. બંગલો કપાતમાં ગયો. રોડ પ્હોળા થયા. હું રસ્તા પર આવી ગયો. 'ને સરકારી મુઆવજામાંથી મારા મૂળ માલિક જે ગાડી લાયા એ પાર્ક ક્યાં કરવી, એમાંથી ખરું ચાલુ થયું. 'આ લીમડો અહીંથી કાઢો જ કાઢો.' જતા આવતા થૂંકે, મૂતરે એની કોઈને પરવા નહીં. પણ, હું રસ્તામાં નડું છું એમ કહીને ધૂત્કારે! મારી જ છાયામાં ઉભા રહી મારું કાસળ કાઢવાની વાત કરે. મને નિચોવીને ચૈત્રમાં પીનારા મને જ હોળીમાં ધીરે ધીરે સ્વાહા કરતા રહ્યા. તોય હું અડીખમ રહ્યો. પણ, આજે તો હદ જ થઈ ગઈ. સોસાયટીના બજેટમાંથી લાવેલા ઍસિડથી જાણે મારા પર બધાંએ અભિષેક કર્યો. હવે હું કોના માટે જીવું? સત્યાનાશ જાય એ સરકારી કાયદાનું જે મને સીધી સાદી રીતે મારી નાખતાં આ લોકાને રોકે છે.

## 275 બેસ્ટમાંથી વેસ્ટ!

" હેલો, શું કરતી'તી? આજે તો તારો ફોન જ ના આયો. બહુ બિઝી છું કે?"

" નારે, ડિન્કુની ઍક્ઝામની તૈયારીમાં પડી છું. એને હિસ્ટ્રી નથી ફાવતું, ટ્યૂશન છે તોયે. એને કૌ છું ગોખી માર પણ, સમજતી જ નથી. મને ક્હે તમે ભણાવો! હવે આમાં હું શું ભણાવું?"

" આ ઇતિહાસનો વિષય હોય છે જ શું કામ એ મને આજ દિન સુધી નથી સમજાયું! રાજા 'ને નેતાઓ વિષે જાણીને શું કરવાનું? રાજાઓએ ખાધું, પીધું 'ને રાજ કરવા લડ્યા કર્યું. 'ને નેતાઓ ખાય, પીવે 'ને ઝઘડ્યા કરે છે! હાહાહા."

" ખરી વાત. છાપું ખોલીએ એટલે ફલાણાએ આમ કીધું 'ને ઢીકણાએ તેમ કીધું. ખાલી વાતો કર્યા કરે છે. કોને દેશની પડી છે?! દેશ કેવી રીતે ચલાવવો એનું ભાન તો છે નહીં!"

" એક્કો એક ચોર છે. ફરજ નિભાવતા જોર આવે. ભાષણ આપશે પણ લોકો માટે કોઈ કશું કરતું નથી.છોડ એ લોકોની વાત. હેય હું શું કહું છું, મને એક આઇડિઆ આયો છે! નેક્સ્ટ કિટીપાર્ટીમાં આપણે હિસ્ટ્રી-થીમ રાખીશું? મહારાણી બનીશું. ઇટ્‌વિલ બી એ ગ્રેટ ફન!"

## 276 બુઢો બાળક

શિકાગોનું મંદિર જોઈને શાહીબાગનું મંદિર યાદ કરશે. સ્નો જોઈને મનાલી યાદ કરશે. એમના હાથમાં ગ્રીનકાર્ડ આવ્યું ત્યારે એમણે સ્કૂલનું આઇ-કાર્ડ યાદ કરેલું! દીકરો 'ને વહુ એમનું આ વર્તન જોઈને હસતા તો ક્યારેક અકળાઈ પણ જતાં. સુરતી પાપડીના મોંઘાંમાંના ફ્રોઝન પૅકેટ લાવ્યા તો કહે કે ગામડે લોકો પાપડી ખેતરમાંથી તોડી, ત્યાં જ ખાડો કરી, ડાળખાં સળગાવી પકાવે 'ને મોજથી ખાય! ફોલેલી અખરોટનું વૅક્યૂમ પૅક ખૂલે એવું એ કહેશે, વૈષ્ણોદેવીથી બે કિલો આખી અખરોટ ઘરમાં આવેલી 'ને બારણાં પાછળ તોડતાં આંગળી આવી ગયેલી એટલે આ નખ આવો છે! 'ને કૅલિફૉર્નિઆના મોટા 'ને મીઠા સિંગદાણામાંથી તાત્કાલિક લીલી મગફળીની કઢીથી કઢી બનાવી નાખે.

" પપ્પા, તમે કેમ અહીંની દરેક વાત ઇન્ડિયા 'ને તમારા પાસ્ટ સાથે જોડી દો છો? અમે એક્ચ્યુઅલિ તમને અહીંનું બેસ્ટ, ખુશી આપવા માંગીએ છે." દીકરાએ લાગણીથી કીધું.

" બેટા, મને ખબર છે. પણ, તમે તમારા બુઢા બાપની ખુશી માટે જે જે કરો છે એ જોઈને મને મારો બાપ યાદ આવી જાય છે, એમાં હું શું કરું?!"

## 277 મુસાફિર હું યારો...

" ...સફર ક્યારેક ગણતરીના ડગલાની જ હોય છે. જો ચાલતા આવડે તો એ સફરમાં વર્ષો દૂરની મંજિલનો ઓટલો મુઠ્ઠીભર પળમાં મળી જાય અને ના આવડે તો એ ગંતવ્ય તમને ઠોકર મારીને ત્યાંને ત્યાં એવા ભોંય ભેગાં કરે કે એ પછી તમારી ચાલાકી ભલે ચાલે, પણ તમે ચાલીને તસુભર પણ આગળ ના વધી શકો..."

સ્ટેશન પરના બુક-સ્ટૉલ પરથી રૅન્ડમ ખરીદેલી બુક પણ કશું કામનું કહી જાય છે. સુરેન ફરીથી ઈના વિષે વિચારવા લાગ્યો. હું લેવા જઉં છું, પણ એ પાછી ના આવે તો? સારું છે છોકરા નથી કર્યા, બાકી... એણે બુક બાજુમાં મૂકીને ઘડી બારી બહાર સામે અથડાતું, એ જતો હતો તેનાથી ઊલટી દિશામાં દોડતું જગત જોયું. અજાણતાં જ ડોક ફરી. ડબ્બામાં પેલી બાજુની બારી પાસે બેઠેલી હમઉમ્ર યુવતી પર નજર પડી. એને ગમી ગઈ. મન શાંત થયું. એ યુવતીએ એની સામે જોયું. સુરેનનું મન આનંદિત થયું.

' હજુ છ કલાક ટ્રેન ચાલશે, જોઈએ સફર શું કરે છે 'ને મંજિલ શું કરે છે!'

## 278 અતિક્રમણ

" બેન, એકદમ તાજો માલ છે. આ જ માલ તમને મૉલમાં મસ્ત પૅકિંગ કરેલો મળે. અહીં છૂટક મળે. એ લોકો જાહેરાતના પૈસા વસૂલે. અમે સંબંધમાં નફો  વહેંચીએ."

" શેઠ, ગયા વખતે જે દાળ લીધી'તી એ ચઢતી જ નો'તી. પાણી 'ને દાળ જુદા પડતા'તા."

" પાછી લાવવી જોઈએન્તો. તમ્ને બેન કહું છું, આમાં ફૂલ ગૅરન્ટી છે."

સીઝનમાં શાંતિલાલ રાતે અગિયાર વાગ્યા સુધી હસીને કાચુંપાકું જૂઠું બોલતા રહેતા. પૂર્ણવિરામે ગંભીર થતાં. આજે વકરો રોજ કરતા વધારે હતો એટલે વધારે ગંભીર થયા.

' કૅશ લઈને આ રાતમાં નીકળવું કે પછી દુકાનમાં જ મૂકી રાખવી?'

ઘરે જતાં રસ્તામાં દેરાસર પાસે સ્કૂટર ઊભું રાખ્યું 'ને એ હાથ જોડતાં બબડવા લાગ્યા-

" હે નાથ, રક્ષા કરજે. મારી મહેનતની કમાણી નારિયેળના થેલામાં સંતાડીને મૂકી છે."

## 279 લો બોલો!

જીવનમાં પ્રથમ વાર ગામ છોડીને એ શહેરમાં આવ્યો 'ને એ પણ દિલ્હી! મરજાદી સંસ્કાર પ્રત્યે હેમુને કોઈ લગાવ ન્હોતો પણ એની નસનસમાં એ અજાણતાં જ જડાઈ ગયા હતા. કૅમ્પસના પાર્કિંગમાં પ્હેલી વખત એક કપલને લાઇવ કિસ કરતા જોયા ત્યારે એ થડકી ગયેલો. અંતે એક સમય આવ્યો એને પણ ડેટિંગ પર જવાની ઇચ્છા થઈ. કિન્તુ, દોસ્તીથી આગળ હેમુ વધી ન્હોતો શકતો. રૂમ-પાર્ટનર કાદરે એને રેડલાઇટમાં આંટો મારી આવવા કીધું. એ ગયો પણ ખરો. પરંતુ, નિષ્ફળ નીવડ્યો. કાદર એની સ્થિતિ સમજી ગયો. એણે એની રૂમ પર હેમુની જાણ બહાર ફુલ-નાઇટ પ્રોગ્રામ ગોઠવ્યો. એની ફેવરિટ રંભાને બોલાવી. હેમુને જ્યૂસમાં વૉદકા પિવડાવી 'ને એ બહાર જતો રહ્યો. પણ, સવારે પાછો આવ્યો ત્યારે કાદરને ખબર પડી કે મોડી રાત સુધી એ બન્ને વાતો કરતા રહ્યા હતા!

" હેમુ ભૈયા, તું કિસી ડૉક્ટર કો દિખા દોસ્ત." કાદર અકળાઈને બોલ્યો

" નહીં રે. અબ સૅક્સ કી કોઈ જરૂરત નહીં હૈં. આઈ થિંક રંભા ઇઝ ઇન લવ વિથ મી."

## 280 વંશવ્યવસ્થા

રાજેશ સિત્તેરના દાયકામાં અમેરિકા ગયેલો. ભણી 'ને પૈસા કમાઈને ત્યાંના સમાજમાં એક મોભો મેળવ્યો. બે-ત્રણ પેઢીથી ત્યાં રહેતા ગોરા-કાળા પણ રહેણી-કરણી બધી રીતે અમેરિકન રંગે રંગાયેલા મિસ્ટર રાજને રિસ્પેક્ટ આપતા. રાજને ત્યાં બાર્બેક્યૂ પાર્ટી હોય એટલે ઇન્ડિઅન ફૂડની લિજ્જત માણવા પચાસ માઇલ દૂરથી પણ લોકો આવતા. નેક્સ્ટ મંથ ઇન્ડિઆમાં થનાર ઇલેક્શનને લઈને રાજે એવી જ એક પાર્ટી આજે રાખી હતી. રાજ, સ્થાનિક કોંગ્રેસમેન 'ને ભારતથી આવેલા સત્તાધારી પક્ષના નેતા ડ્રિંકસ લેવા બેઠાં.

" .... બટ ઇન ઇન્ડિઆ કાસ્ટીઝમ ઇઝ સ્ટિલ એ બિગ પ્રોબ્લેમ."

" યા યા, યુ આર રાઇટ!" હસતા હસતા ભારતીય નેતાએ કોંગ્રેસમેનની વાતમાં હાએ હા કરી. પરંતુ, ચાર દાયકાથી અમેરિકાનું અન્ન ખાતા રાજે ચોપડાવી દીધી-

" ઇટ્સ લાઇક- આઇ ઈટ નોનવેજ, ડ્રિંક એલક્હોલ, ગો ટુ ચર્ચ... આયેમ એન અમેરિકન સિટિઝન. બટ સ્ટિલ આઇ કેન્ટ બી એ વ્હાઇટ ઓર એ બ્લેક? કેન આઇ?!"

## 281 ચોરસ

મિષ્ટી જૈસેથે પોલીસની ગાડી તરફ ધસીને ચિલ્લાવા લાગી-

" અમે બે પ્રેમી અહીં મજા કરીએ છે, એમાં તમારે શું છે? વી આર એડલ્ટસ. અને હું એક ક્રિમિનલ લૉયરની છોકરી છું. એટલે જે બોલો તે વિચારીને બોલજો."

પોલીસ તરત જ કરિયાણાનાં વેપારીની જેમ વાત કરવા માંડી. વૈભવ દંગ રહી ગયો.

અધિની સામું મિષ્ટીએ એ રાતનું આખું દ્રશ્ય ખડું કરી દીધું. એણે બધું જ બેધડક કહી દીધું.

" તમે બંને નાનપણના મિત્ર 'ને પ્રેમી હતા તો લગ્ન કેમ ના કર્યા?" અધિએ પૂછ્યું.

" આખી વાતમાં તને બીજો એક પ્રશ્ન પણ થવા જેવો હતો. એ રાતે વૈભવ બાઇક પર બેસી રહ્યો, એણે કેમ પોલીસ જોડે વાત ના કરી? અધિ, આ વાત અત્યારે એટલે કાઢી કે તારામાં પણ આપણા સંબંધને નામ આપવાની જિગર ના હોય તો હવે હું આ ચૅપ્ટર પર ફુલસ્ટૉપ મૂકવા માંગું છું. તું કૅલી જોડે ખુશ રહેજે. હું અંકિત સાથે જેમતેમ ગાડું ગબડાવ્યા કરીશ."

 © Gaurang Amin

## 282 ચોખ્ખો ગાભો

ગાભો રહેતો એ ખૂણાને શેઠ સર્વન્ટ-ક્વાટર કહેતા. ગાભાને ઇંગ્લિશ ના આવડે. એ એને ઘર કહેતો. બંગલાનું બાંધકામ પૂરું થતાં જે ઈંટો વધેલી એ એણે જાતે ગોઠવેલી. વધેલી રેતી-કપચી માટીમાં ગૂંદીને જાતે હાથથી લેલા મારેલાં. બાકી શેઠે એમની ફેક્ટરી પરથી જૂનાં પતરાં લાવી આપ્યા 'ને ઘર તૈયાર. તકલીફ ખાલી એક જ. સંડાસ તો સિક્યુરિટીવાળાનું વાપરી લેતાં, પણ બાથરૂમ? બંગલો ઊઠે એ પહેલાં ગાભા 'ને એના પરિવારે નાહી લેવું પડતું. ખુલ્લી ચોકડીમાં.

" બેન, તૈણ દાડા થ્યા. ચોકડીએ પોણી જ નથ આવ્તું. ચકલીવાળાને બોલાવોને."

" અલ્યા ગાભા, તમારે આમેય સવારથી સાંજ ગંદા જ થવાનું હોય છેને."

" બેન, અમાર ચોક્કા થાવુંસ એટલે નથ નાવું. પણ, અમને આમ ગંદા શરીરે 'ને ગંદા કપડે સાફ-સફાઈ કરવું નથ ગમતું એટલે કૌ સું."

 © Gaurang Amin

## 283 ફીલિંગ 'ને ફિલિંગ

"આ જો હોલિવૂડની 'બેટમેન'માં હિરોઈન હિરોને ક્યે છે કે યોર ફાધર વિલ બી અશેમ્ડ ઑફ યુ, એટલે ત્યાંય છોકરાં બાપાને કેવું લાગશે એની ચિંતા કરતા હોય છે. સમજ્યો?"

"ઓહો, તમે રાજેન્દ્રકુમારના પિક્ચર છોડીને ઇંગ્લીશ મૂવિ ક્યારથી જોવા માંડ્યા?!"

"જ્યારથી રિમોટ તારા હાથમાં ગયું ત્યારથી! 'ને તું... હિન્દી ફિલ્મની વાત ના કરીશ."

"આમે એમાં હોય છે શું? વિચિત્ર વિલન હોય, પ્રેમલા-પ્રેમલી ગીતો ગાતા હોય 'ને કકરાટ!"

"તમને યંગસ્ટર્સને ગીત-સંગીતનું ભાન જ ક્યાં છે! આ અંગ્રેજી હમ્બગ ફિલ્મો જોઇને..."

"હમ્બગ છે તો શું લેવા એના ડાયલૉગ સાચા માનીને મારા પર પછાડો છો?!"

"બેટા, જરા આ ડબ્બો ઉતારી આપને 'ને તમે જલ્દી બ્રેડ લૈ આવો, પછી ટ્રાફિક થૈ જશે!"

રસોડામાંથી બાજી સંભાળતા મમ્મી હસી પડી... મારા બાપુ મને રામલીલા જોવાય માંડ જવા દેતાં 'ને આ બેને ઘરે બેઠાં જોડે એક પિક્ચર જોતાં જોર આવે છે. બેઉને બાંધીને રાજા ભરથરી ‘ને ગોપીચંદ જોવા બેહાડી દેવા જોયે!

## 284 સરકાર, પત્ની 'ને બાજુવાળા

' બંધ કરો, તમારા બોલ્વાથી શું થવાનું છે? તાકાત હોય તો તમે કશું કરીને બતાવોને, બીજાને શું કામ કહો છો?' વારિ કાંટાળી બનીને કહેતી. બર્હિનને ત્રણ વરસ પહેલાનો જીવરાજપાર્કનો ફ્લૅટ યાદ આવ્યો. રાતે પાણીમાંથી ઘસડીને લાવેલા સ્કૂટરને સવારે કિકો મારતી વખતે નિરાશામાં સરકારને ગાળો દેતો હોય 'ને વારિ ટકોરે ત્યારે પાછી ઝબકે કે સરકાર એટલે "અમે" નથી, "એ લોકો" છે. આ મારું ઘર, મારું કુટુંબ, જીવન છે. સરવાળે સૅટેલાઇટમાં આ છેંતાલીશ લાખનો ફ્લૅટ લીધો. ભલે હપ્તા ચાલે. નાની કાર પણ લીધી. વારિ હસતાં મોઢે નીચે વળાવવા આવે, ટિફિન લઈને. પછી એ પાર્કિંગમાંથી ગાડી બહાર કાઢે. આ વખતે ચોમાસું ચાલુ થયું ત્યારે તો એવું જ હતું. નૉર્મલ. પણ, ગઈ આખી રાત વરસાદ પડ્યો 'ને સીન બદલાયો. પાણી ઘૂંટણ સુધી ભરાઈ ગયા. ગાડી ક્યાંની ક્યાં મૂકીને બર્હિન ઘરે આવ્યો. નાહીને 'હવે ગરમાગરમ આદુવાળી ચા પીશ!' એમ વિચારતો વાળ ઓળતો હતો ત્યાં આરસીમાં વારિનો ચહેરો ડોકાયો, કચકડા જેવો બરડ.

" બાજુવાળા એસયુવી લાવ્વાના છે. કહેતા'તા કે અમદાવાદના ચોમાસામાં એસયુવી વગર જીવી જ ના શકાય."

## 285 પ્રાઇમરી સંસ્કાર

ખડિંગ! કશું પડ્યું 'ને તૂટ્યું. ચિલ્કાએ જોરથી ભેંકડો તાણ્યો. જલ્પા દોડતી આવી.

" શું થયું બકા? રડે છે કેમ?"

" દીદી, હું સાફ કરવા જતી હતીને ભૂલથી પડી ગયા. ભગવાન મરી ગયા..."

" અરે, પે'લા રડવાનું બંધ કર. એતો રમકડું હતું, માટીનું! તૂટી ગયું તો શું થઈ ગયું?!"

" ના..ના... માલા ભગવાન મરી ગ્યા." ચિલ્કા હીબકાં લેતાં લેતાં બબડી.

" બકા, આપણે તાલા માટે નવા નક્કોલ ભગવાન લૈ આવીશું. તું પહેલા શાંત થા."

જલ્પા મનમાં કચવાવા લાગી-

' આને કેવી રીતે સમજાવું કે જૂનાં ભગવાન મૃત્યુ નહીં પામે તો નવો અવતાર લેશે કેવી રીતે?!'

## 286 આઉટસેપ્શન!

બેટ દ્વારકામાં ધક્કો જે કિનારે છે તેના બિલકુલ ઑપોઝિટ કિનારે રેતાળ કાંઠા પર ચાદર બિછાવીને કંડીલ બેઠો હતો. સ્થાનિક શું કે પ્રવાસી શું, ડાબે કે જમણે એકેય બાજુ કોઈ નજર ન્હોતું આવતું. 'ને સામે માઇલો સુધી ફક્ત અરબી સમુદ્ર! બપોરે ગામમાં ઓળો 'ને રોટલા દાબીને ખાધાં હતા. લસણીયા 'ને મરચાં સાથે. 'ને પછી ગાયના દૂધની છાસ! તનને ભોગ લગાવ્યો એ પહેલા મંદિરે દર્શન કરીને મનને પણ લગાવેલો. અલબત્ત, કંડીલને આ બે ભોગ જ નડી ગયા. ઘરથી દૂર એકલતા માટે આવેલો કિન્તુ, અહીંયાંય એને ભારતીયતા ઘેરી વળી. સૂમસામ વર્જિન્ બીચ પર મોજાનો કોલાહલ મંદિરના ઘંટના પડઘા દબાવી શક્યા પરંતુ, પેટમાં પડેલું ગામઠી ભોજન હજુ ડકારતું શ્વાસમાં દોડતું હતું. વિદેશ જવાના પૈસા હોત તો અહીં ઘર આંગણે વિદેશી પાર્શ્વભૂમિકા વાળી નૉવેલ લખવા થોડો આવત?! બૅકપૅકમાંથી અસ્પૅરગસનું ટિન્ કાઢી એ દેશી સ્વાદ કચડવા માંડ્યો. એક એક પૂંઠાં પર માર્કરથી મોટા અક્ષરે "મોરેશિયસ" લખીને, રેતીમાં સીધી નજર પડે ત્યાં ખોસ્યું. ગૉગલ 'ને હૅટને અડ્યો. કંડીલને હાશ થઈ. લૅપટૉપ ચાલુ કરીને એણે નૉવેલ આગળ વધારી- " સોનેરી વાળ ખંખેરતી સમંથા ફક્ત સારોંગ વીંટીને... "

## 287 ફેમિલી-પ્લાનિંગ!

" તમે પ્રેમ કરતા હો તો મને તમારું સંતાન આપો બસ. અત્યાર સુધી આપણે એમ્નેમ સેક્સ કર્યું જ છેને!"

" અરે તને ખબર જ છે એ સંભવ નથી. આપણે જંગલમાં નથી રહેતાં. આપણું સંતાન થાય પછી એના ઉછેરનું શું?

" એ જવાબદારી મારી."

" એવું કોર્ટ ના માને. અને સત્ય તો એ છે કે સમય આવતા તુંય ના માને કે સંતાન પણ ના માને. તારો પતિ ભલે હું ના કહેવાઉં પણ સંતાનનો બાપ તો હું જ રહેવાનોને!"

" હું તમને લેખિતમાં આપી દઉં, કાયદેસર. પછી?"

" તારા અને મારા એવા કાયદેસરના લખાણ સંતાન શું કામ ભોગવે? લગ્ન એ એક જ કાયદેસરની અને સામાજિક પ્રક્રિયા છે જેમાં આવનાર સંતાને મા-બાપની પરસ્પરની સહમતિ ભોગવવી પડે. હજુ માનવ સંસ્કૃતિ કે કાયદો એટલા આગળ નથી વધ્યા કે જેમાં સંતાનને માબાપ પસંદ કરવાની આઝાદી હોય. સંતાન એ પ્રેમનું નહીં લગ્ન કે સેક્સનું પ્રતીક છે."

## 288 બીજી એપ્રિલ!

લખોટી સોડાથી ઊભરાતા ગ્લાસથી ચિઅર્સ કરતાં સૌ મિત્રો મોજમાં હતાં. કરણને એપ્રિલ-ફૂલ બનાવવાનું કાવતરું સફળ રહ્યું. બધાંની સાથે શચી પણ કરણ પર હસતી હતી.

" કરણ, તને હું ગમું છું એ વાત મને આજે જ ખબર પડી! હાહાહા..."

" બિચારો કરણ! શચી, તને કોણ ગમે છે એ અમને ક્યારે ખબર પડશે?" મિતાએ પૂછ્યું.

" અરે મિતા, હજુ તને ના ખબર પડી? મને કરણ ગમે છે. હાહાહાહા!"

દોસ્તોની સાથે તાલ મેળવવા હસતો કરણ અંદરથી ખૂબ રોષે ભરાયો હતો. શચી પર એને વિશેષ ગુસ્સો આવતો હતો પણ, એણે કાબૂ રાખીને વિચાર્યું કે ' શચી, તારી હાલત તો હું મારાથી પણ બદતર કરીશ.' બધાં છૂટા પડ્યા પછી રાત્રે બારને એક મિનિટે વૉટસ ઍપ ગ્રૂપમાં બધાંને એક વિડિઓ મૅસેજ મળ્યો. શચી આંખમાં આંસુ સાથે કહેતી હતી.

" કરણ, આઇ ઍમ સૉરી. હું બાર વાગવાની રાહ જોતી હતી. વિલ યુ મૅરિ મી?!"

કરણે મોબાઇલ સામું જોયું. મૅસેજ ડિલીટ કર્યો.

"થૅન્ક્સ!" બોલીને મિતા એને વળગી પડી.

## 289 બે માણસ

સર્જુએ ફક્ત કાચ સાફ કર્યો. લાંબા વખતથી પડી રહેલી ગાડી મહામહેનતે સ્ટાર્ટ કરી બાને લેવા નીકળ્યો. બા પડી ગયા છે એવું જાણ્યું ત્યારથી એ ગભરાયેલો હતો. એક્સેલરેટર પર એ બધી ચિંતા ઠાલવતો જતો હતો ત્યાં ગલીમાંથી એક સાઇકલવાળો ઓચિંતો પ્રગટ્યો. ચીચૂઈઇઇ...ડ!

" એ હડફા, જોઈને ચલાયને." બે સેકન્ડ માટે બંને વાહનચાલકની આંખ મળી. સર્જુને ઉતાવળ હતી એટલે એ ગમ ખાઈને આગળ વધ્યો. ત્યાં રેલ્વે-ફાટક બંધ થયું. એવામાં બિલકુલ બાજુમાંથી પેલો સાઇકલવીર સરક્યો. ફાટક પાસે સાઇકલ ઊંચકીને પેલી બાજુ મૂકી. અને પેડલ મારી આગળ વધતો હતો ત્યારે એણે પાછળ વળીને જોયું. પછી સાઇકલ ભગાવી. એને સીધા જવું હતું પણ ડાબે વળીને હાંફતો હાંફતો ફરીથી નૉર્મલ સ્પીડ પર આવીને વિચારવા લાગ્યો-

' હવે પેલો મારી આગળ નહીં વધી શકે! પણ હવે અહીંથી એલ.જી. હૉસ્પિટલ પ્હોંચવું કયા રસ્તે?'

## 290 એ કોમન-ફાધર ફ્રોમ ફિલાડેલ્ફિયા

ઑસ્બોર્ન બ્રિજટાઉન-પાઇક 'ને લેંગહોર્ન-યાર્ડલિ રોડના ઇન્ટરસેક્શન પર ઊભો રહ્યો. જતી આવતી ગાડીઓની લાઇટમાં ભીનો રોડ 'ને રોડની બાજુમાં જમા થયેલ સ્નો કરતા એનો કાળો સ્યૂટ વધારે ચમકતો હતો. પણ, ઑસ્બોર્નની નજર જમીન પર દટાયેલી હતી. સ્નો ખસેડ્યા પછીની સીધી-સાદી જમીન પર. જ્યાં એનો સત્તર વરસનો દીકરો અકસ્માતમાં મૃત્યુ પામેલો. 'ગ્લેનને પૉલનની ઍલર્જી હતી 'ને ઈશ્વર પ્રત્યે નારાજગી. હું ફૂલો ભેટ ધરું કે ક્રોસ લગાવું, એ એને નહીં ગમે. શું એની ગમતી વાઇનની બૉટલ મૂકું? જેને કારણે એ...' મનોમન ગૂંચવાતો એ ચૂપચાપ ક્યાંય સુધી ઊભો રહ્યો. વાહનોની આવજા લગભગ બંધ થઈ. પુત્રને અંજલિ આપવા શું કરવું?, એ જીવંત પ્રશ્ન સાથે એ કારમાં બેઠો. બેલ્ટ પહેર્યો. પાર્કિંગ-લાઇટ્સ ઑફ કરી, સાઇડ-સિગ્નલ્સ ઑન કરી 'ને બંને બાજુ જોઈને રોડ પર આવવા ગયો ત્યાં કાર સ્કિડ થઈ. ઑસ્બોર્નને થયું કે ગ્લેન કશું કહેવા માંગે છે. એક્સેલરેટર પરથી પગ હટાવીને એણે ફરીથી પેલી જમીન તરફ જોયું. 'ને ઑસ્બોર્નને સ્ટ્રાઇક થઈ-

'જ્યારે જ્યારે અહીં સ્નો પડશે, ત્યારે ત્યારે હું અહીં આવીશ. અને મારી જાતે બધો સ્નો ખસેડીશ. જેથી ભવિષ્યમાં અહીં ફરી કોઈ ગ્લેન..."

 © Gaurang Amin

## 291 બ્લાઇન્ડ-ડેટ!

યુક્ત પ્હેલી વાર રસમને લઈને ઘરે આવ્યો. સામાન્ય વાતચીત કરીને પ્રાશિબેને આખું ઘર બતાવ્યું. દીકરીની જેમ એને રસોડામાં લઈ ગયા. રસમે ચા બનાવી. ત્રણે જણે ચા સાથે હળવો નાસ્તો લીધો. ચાલીસેક મિનિટ પછી રસમને છોડવા જવા યુક્ત ઊભો થયો. પ્રાશિબેન છેક ઝાંપે વળાવવા ગયા. રસમના હાથમાં એકાવન રૂપિયા મૂક્યા.

ખુશખુશાલ યુક્ત ઘરે આવીને સીધો માને ભેટી પડ્યો.

" મા, તારો આ આભાર પણ હું ક્યારેય નહીં ચૂકવી શકું!"

" રિઅલ થૅન્ક્સ તો તું આની જોડે બ્રેક-અપ કરે ત્યારે કહેજે. આ જમાનામાં આટલો બધો સંસ્કારનો શો-ઑફ?! છોકરી ટ્રેઇન્ડ છે. ચપ્પલ, ડ્રેસ, ચાંલ્લો- બધું જ વેલ-રિહર્સ્ડ! ચાલીસ મિનિટમાં એણે એક વાર પણ મોબાઇલ કાઢીને ના જોયો! શી ઇઝ બ્લડિ ડ્રામા-આર્ટિસ્ટ!"

યુક્તને થયું ' કાશ! રસમનું કહ્યું માનીને એને રિઅલ રસમ રહેવા દીધી હોત!'

## 292 નૉર્મલ રૂટીન!

એમને ઘરનું કામ કરવામાં પહેલેથી જ કોઈ નાનમ નહીં. ઉપરથી એમને ગમે. હસીને કહે કે મદદ કરું તો દાદાગીરી કરી શકું! પણ, મૂળે મને ઇમ્પ્રેસ કરવાનોય ઇરાદો ખરો. એ સમજે કે મારે ફૂલ-ટાઇમ જૉબ 'ને એમને ઘરમાં જ સ્ટૂડિઓ. એમના આ સ્વભાવને લીધે જ આમ તો હું જૉબ કરતી રહી, બાકી ક્યારની છોડવી પડત. પણ, સમય જતાં મેં જોયું કે ઘરનું કામ કરવા પાછળ મને હેલ્પ કરવા 'ને ખુશ કરવા સિવાય પણ એક કારણ હતું. એ એમનો શોખ છે. ઘરમાં બધું પોતાની રીતે કરવા- રાખવામાં એમને પૂર્ણ કલાકાર હોવાનો આનંદ મળે છે. રસોઈમાં અવનવા પ્રયોગો કરે. સૂકાયેલા કપડા સાવ અલગ રીતે જ વાળે. એક વાર ટીવી ડ્રૉઇંગ-રૂમની છત પર જેમ તેમ કરીને લગાડી દીધું! વગર પંખે રોમૅન્ટિક મૂવિ જોવું પડેલું. આ બધું પાછું મારે વખાણવાનું! કહે તું કામ કરે એ હું નથી વખાણતો? કોઈ વાત એમ સમજે જ ના. જુઓને, કાલે જ ઘરના બધાં કાચના ગ્લાસ વિન્ડો-ગ્લાસ ક્લિનરથી સાફ કર્યા! આ તો સારું થયું કે મને સ્મેલ આવી ગઈ. મેં ગુસ્સે થઈને કીધું કે આ શું? આ ગ્લાસ છે, ગ્લાસ. તો કહે એૅઝેક્ટલી, આ પણ જસ્ટ કાચ જ છે, કાચ!

## 293 રાગ-રોગાન!

રવિવાર હતો. સશેષ સવા નવે ઊઠ્યો. બેડ-ટી પીધી. છાપાં પર નજર ફેરવી મોબાઇલ મંતરવાનું ચાલુ કર્યું. 'ને લીનાએ રણકાર કર્યો 'નાહી લ્યો!' ત્યારે ખરેખર ઊઠ્યો. 'બ્રશબશ પછી. કેટલા દહાડે શાંતિથી નાહીશ!' કરી બાથ-ટબ ભરવા માંડ્યો. કપબૉર્ડમાંથી ફોમ કાઢ્યું. લવંડર! યુ-દે-કલોનની શીશીમાંથી બે ઢાંકણા ડોલમાં નાખ્યા. એલો-વેરાનો ગ્લિસરીન સોપ ખોલીને મૂક્યો. જાપાનિઝ-ચેરી શાવર જૅલ 'ને વાયોલેટ સ્પન્જ રૅડી રાખ્યા. બાકી પછી. ડબલાથી અમી છાંટણા કરીને શાવર પૅનલ ચાલુ કરી. અચાનક બંધ કરીને સિસ્ટમ ઑન કરી. પછી પૅનલના સેટિંગ્સ બદલીને એક ગીતની મોજ માણ્યા બાદ એક ગીત રેઇન-શાવર માટે! લાસ્ટલિ ટબમાં ત્રીજું ગીત ફીણ વચ્ચે. ચોથું ગીત અધૂરું છોડીને બાથરોબ પહેરીને સશેષે બારણું ખોલ્યું, ખરજમાં બોલતા બોલતા-

'...જન્મ મૃત્યુ જરા રાગૈ પીડિતમ કર્મ બંધનૈહી...'

## 294 ઉલમાંથી ચૂલમાંથી...

ઍરિક, ટીકુ 'ને ગૌરેશ કોઈ ફેક ગુરુથી હારીને નીકળેલા, જીવનનો અર્થ શોધવા! ગીરના જંગલની કાયદાકીય હદ ઓળંગી બમ્બેશ્વર મહાદેવ જઈને સહીસલામત રેવન્યૂ વિસ્તારમાં પાછાંય આવી ગયા. પણ, ભૂલથી એમની એક થેલી એ લોકો જંગલમાં ભૂલીને આવ્યા.

" સર, ખરેખર અમે એમ જ ગયેલાં!" વિધવિધ રીતે ત્રણેયે કીધું. પણ, ડી.એફ.ઓ. એમ માને? દેખાવ, વાત કે મોબાઇલ-લૉગથી ચોખ્ખા લાગતા'તા. કિન્તુ, જે થેલી મળી'તી એમાં શાહુડીનું પીછું, સ્પ્રે, સોપારીનો ડબ્બો, સ્લીપર્સ, લાલ શાલ 'ને ચવાણું મળ્યું હતું. સાહેબને ખાતરી હતી કે જરૂર આ કોઈ તાંત્રિક વિધિનો જ સામાન છે. છ કલાકના ટૉર્ચર પછી એ લોકો જુઠ્ઠું બોલ્યા કે હા અમે તાંત્રિક છીએ. ત્યારે સાહેબ ખુશ થયાં. પીગળ્યા. અને માફી માંગતા કગરવા લાગ્યા-

" જંગલની સરકારી જિંદગીથી થાક્યો છું. જે કોઈ પણ તમારા ગુરુ હોય, મને પણ તેમની શરણમાં લઈ જાવ તો તમારી મહેરબાની!"

## 295 આવડે તો છે પણ...

વાંચવાનો શોખ તો હજુય એટલો જ, એવું એ કહે. ભલે, કશું વાંચે નહીં. જોકે સાવ એવુંય નહીં. હેડલાઇન્સ, શેરના ભાવ 'ને ફોટા નીચે લખેલું એ વાંચે. જાહેરાત. વૉટસ-ઍપ પર જોક્સ. બિલ્સ. દસ્તાવેજો. ઘણું. ભલે, પાર્શ્વને હવે એના છોકરાનું રિઝલ્ટ વાંચવાનો સમય નથી હોતો. ચર્ચા થાય તો એ કાયમ કહી દે 'આ રૅકમાં દેખાય છે એ બધી બુક્સ એમ્નેમ નથી લાયો.'. ઘણી વખત તો એવુંય બોલે 'આ તો હું લખતો નથી, બાકી કવિતા શું કે વાર્તા શું?!'. આજે અનુ સ્કૂલમાં આવ્યો પછી સામુદ્રી પ્હેલી વાર પિયર ગઈ છે.

" પપ્પા, મને રીડિંગ કરાવોને. મને નથી ફાવતું."

" બેટા, રીડિંગ જાતે જ કરવાનું હોય. કંઈ નહીં, રીડિંગ આવડે ત્યારે રીડિંગ કરજે."

" તમને તો મેં કોઈ દિવસ રીડિંગ કરતા નથી જોયા. તમને તો વાંચતા આવડે છે ને?"

પાર્શ્વએ ધૂંધવાઈને સીધો સામુદ્રીને ફોન જોડ્યો.

" તું ઘરે ક્યારે પાછી આવે છે?"

## 296 અરસપરસની વાત

ચૂંટણી-પંચના આદેશ મુજબ પ્રચારનો આજે છેલ્લો દિવસ હતો. ચૂંટણી મહાનગરપાલિકાની હતી પણ વાતાવરણ એટલું ગરમ થઈ ગયેલું કે જાણે લોકસભાની ચૂંટણી! બે ટર્મથી ચૂંટાતા લોકપ્રિય ઉમેદવારની સામે પ્હેલી વાર ચૂંટણી લડતા યુવા ઉમેદવાર શરણભાઈ પર ઘણાને આશા હતી તો ઘણાને શંકા. આગલી રાતની એક મીટિંગમાં-

"બે ટર્મ તમે એમને જિતાડ્યા. તમને જો પૂરેપૂરો સંતોષ હોય તો કોઈ પ્રશ્ન નથી. બાકી હું એટલું કહું છું કે તમે મને તક આપશો તો બીજી ટર્મ ફરીથી જિતાડશો એવું કામ કરીશ."

લોકોએ તાળીઓ પાડી. આજુબાજુની પાંચેક સોસાયટી-ફ્લેટના ઘણા લોકો ભેગાં થયા હતા. સહુ લગભગ એકબીજાને ઓળખતા હતા. બધાંએ અકુભાઈને કીધું એટલે એ ઊભા થયા.

"તમે પૈસા નહીં ખાઓ એની શું ગૅરન્ટી?!" સભામાં થોડો ઘણો સોપો પડી ગયો. પરંતુ, ચોથી સેકન્ડે તો-

"ભાઈ અને બહેનો, એના કરતાં તમે મને ગૅરન્ટી આપો કે તમે કોઈ કામ માટે મને પૈસા ખવડાવવા નહીં આવો તો મારે ગૅરન્ટી આપવાનો અવકાશ જ ના રહે!"

અને સભામાં પૂરેપૂરો સોપો પડી ગયો.

## 297 શેઈગિ મિરર

લિપોપ્લાસ્ટિ કરાવ્યા પછી કિઆરામાં એક્સ્ટ્રા જોમ ઉમેરાયું હતું. નમિથ કામ પરથી થાકીને ઘરે આવતો પણ કિઆરાને એ નારાજ ન્હોતો કરી શકતો. એ જાણતો કે કિઆરા નિમ્ફમેનિઆની દર્દી છે. રોજ રાતે સૂતા સરેરાશ દોઢ વાગી જાય! દિવસે નમિથ ઑફિસમાં ઝોકા ખાતાં વિચારે કે કિઆરા ઘરે મોજથી સૂતી હશે. પણ, કિઆરા ઇન્ટરનેટ પર લૅન્જરી ઑર્ડર કરતી હોય કે કોઈ શક્તિ વર્ધક દવા શોધતી હોય કે વિડિઓઝ જોઈને સૅક્સમાં પિએચ.ડી. કરતી હોય! એક દિવસ કિઆરાને ખબર પડે છે કે તે પ્રૅગ્નન્ટ છે.

" આઈ જસ્ટ ડોન્ટ વૉન્ટ ધીસ." કિઆરાએ રડતા રડતા ચીસ પાડી.

" હું પણ થોડો ટેન્શનમાં આવી જ ગયો છું, પણ હવે સમય થઈ ગયો છે કે ઘરમાં..."

" નોપ. આઈ જસ્ટ ડોન્ટ ટ્રસ્ટ યુ. તું મારાથી ધરાઈ ગયો છું? તારે બીજા કોઈ જોડે જવું છે? યુ સૅક્સ-મેનિઆક. તારા લીધે જ મને આ બચ્ચું રાખતા બીક લાગે છે."

## 298 ત્રણ ટિફિન

ત્રણેય અલગ અલગ ગામના હતા. એમની જાત પણ આમ તો એક ન હતી. નોકરીય જુદા જુદા વિભાગમાં કરતા હતાં. પરંતુ, જમવા જોડે જ બેસતાં. કારણ જનો, કિશો 'ને ખીરો ત્રણેય પટાવાળા હતા. સચિવાલયમાં સ્તો!

" મને તો થાય્ય, મુંયે ઓલા કાટોડીની જેમ રાજકારણમાં જૈન નેતા થૈ જાઉં." જનો બોલ્યો.

" એવા મોં માથા વનાનાં વસાર હું કરવાનાં? મારતો અમાર દરપરિયા કરીને ક્લારક સે. ઈ થાવું સે. કૈબી કામ હોય ઈ ક્યાંતો સાયેબના મોથે નોખે કી મન બૂમ મારીન ક્યે. પોતે ખુરશી પરથી હલે જ નૈન. પ્યૂનમાંથી પરમોશન તો થાવું જ જોવેને! ખીરા તું શું ક્યેસ?"

" મન્તો ભાય કોય હપનાં નથ આવ્તા. હવારહાંજ હાચ્ચુકલી દુન્યામાં જે સાયેબ જોઉં સું, મન્તો નિંદરમાંય ઈ જ દેખાય 'ને ક્યે કે હુઈજા ભૂંડા. કાલ નોકરીએ નથ આવ્વાનું કે?!"

'ને ત્રણેય ખડખડાટ હસી પડ્યા.

## 299 ઇટ્સ ડેમ ઈઝી!

ઉદારામ માટે આ નોકરી સંજીવની અને કસ્તુરી બંને હતી. રોજના 3000 પગથિયાં ચઢીને રોપ-વે માટેના કામનું સુપર્વિઝન કરવાના બહાને માતાના દર્શન કરવાથી શ્વાસની 'ને સામાન્ય જૉબ કરતા વધારે મળતા પૈસાથી દેવું ઊતરવાની હાશની, એમ ભરતી જ ભરતી! બચત નામે ભલે મીંડું પણ પ્યારી દીકરીને અમેરિકા મોકલ્યા પછી ના કોઈ નવો ખર્ચો કે ના નવું દેવું. કિન્તુ, બાપ એટલે બાપ! પહાડ પરથી ઊતરી 'ને ગામમાં આવે ત્યારે દુકાનો બંધ થઈ જાય તેથી બીજી વાર ભલે ચઢવું પડે કરીને એક બપોરે ઉદારામ કેટલાંય દહાડાથી જોયેલી એક્સ્પૉર્ટ ક્વૉલિટીની બાંધણી ઉધારીમાં ખરીદી પાડે છે.

" બેટુ, તારા માટે સરસ બાંધણી લીધી છે!" બૂથમાંથી ઉદારામે ખુશ થઈને ફોન કર્યો.

" ઓહ... પા તમેય! હવે હું અમેરિકામાં રહું છું. હું ફ્ક્ત વેસ્ટર્ન જ પ્હેરું છું."

" બેટુ, એવું બધું તો અહિંયાં ક્યાંથી મળે?"

" પા, તમે ક્રેડિટકાર્ડથી એક ચપટીમાં બધું જ ઑનલાઇન શૉપિંગ કરી શકો છો. ઇટ્સ ડેમ ઈઝી!"

## 300 સમંદર પર ઊડતો સફેદ બગલો!

પિયરમાં રહે રિતલને નવ મહિના થયા હશે. શીતેન એ દરમિયાન ત્રણ વાર આવેલો. રિતલને સંતોષ હતો. ભાવનગરથી ઇન્દોર આવવું સહેલું નથી. અને એય ધીકતો ધંધો

છોડીને. રિતલ સમજતી હતી કે એના ગયા પછી એકલા હાથે પ્રોવિઝન સ્ટોર ચલાવવામાં શીતેનને કેટલી તકલીફ પડતી હશે. કુટુંબના પહેલી ડિલિવરીના રિવાજની આડમાં

એની પોતાની ગુપ્ત યોજનાને કારણે એ ઇન્દોર આવેલી. બાકી, પર્યુષણમાં પણ ભાવનગરથી પાલિતાણા જવાનું કહેવું એય એના માટે એક મૂરખનું સ્વપ્ન હતું. ખેર, હવે રિતલ

ત્રણ ગણી ખુશ હતી. એક તો એ ઘરે જવાની. બીજું એ શીતેનને 'ને શીતેન દીકરાને પામીને આંનદ વિભોર થઈ જશે. અને ત્રીજું કે એણે જે નવ મહિના દરમિયાન પેન્ટિંગ્ઝ બનાવેલા  એ જોઇને શીતેન આભો બની જશે. એની પર વારી જશે. એ પણ કશુંક છે એવું સ્વીકારશે.

" અરે વાહ વાહ! માની ગયો મારી રાણી તને. કહેવું પડે, તેં સમયનો ખરો ઉપયોગ કર્યો હોં. નાખી દેતાય આ દરેક ચિત્ર કમ સે કમ પાન્સો પાન્સોમાં વેચાશે."

## 301 ભૂખે ભજન થાય પણ સેવા...

મેહુલને કકડીને ભૂખ લાગી હતી. તોયે મંદિર જવાનું ના ચૂક્યો. પ્રસાદ લઈને બાઇક ભગાવી સીધો ઘેર. લિફ્ટ પાસે આવ્યો તો સાઇન-બૉર્ડ લટકતું હતું-

"આઉટ ઑફ ઑર્ડર". અંતિમ ગ્રાસે મક્ષિકા એવું ગણીને પગ ઉપાડ્યા. ...હમમ! પંજાબી સબ્જી... વઘારેલી ખીચડી... દાળ- આંબલી વાળી... વાઉ! ભજિયા... ભાજીપાઉં..., દરેક ફ્લોર પર તેને ખાસ સુગંધ આવતી હતી! ...આજે કંઈ સારું બનાવ્યું હોય તો મજા પડી જાય.

" આવી ગયા? ક્યારની રાહ જોતી હતી." બિના ફટાફટ બોલી ગઈ.

" જલ્દી ખાવાનું કાઢ. ભયંકર ભૂખ લાગી છે. ઉપવાસ ખરેખર ભારે પડે છે!" હાંફતા હાંફતા એ બોલ્યો.

" પણ, કહું છું આપણે  હૉસ્પિટલ જવું પડશે. જીમાસાના પપ્પુને ઍક્સિડન્ટ થયો છે."

" ઓહ... ક્યારે? કેવી રીતે?"

" સાંજે. બ્રિજ પર. બ્લડની જરૂર પડશે કદાચ."

" હા તો કઈ હોય તો ફોન કરજે. અત્યારે તું જતી આવ. હું જાતે ખાવાનું લૈ લઈશ."

## 302 પ્રશ્ન-જવાબ... પોતપોતાના!

જ્યારે સ્વાંશુએ મૅરેજ માટે પ્રપોઝ કરતો મૅસેજ કર્યો ત્યારે કેતાને એક વાર તો થયું કે આજે જ મૉમ-ડૅડને આર્જવની વાત કરું. પણ, આર્જવના ફોટા મોબાઇલમાં જોતા જોતા એનું મન ચકરાવે ચઢ્યું કે જો હું આર્જવ સાથે લગ્ન કરીશ તો મને શું મળશે? ખાલી પ્રેમ! સામે સ્વાંશુ પાસે શું નથી? એ પ્રશ્નનો કોઈ જવાબ નથી. એણે આર્જવને ફોન કર્યો.

" બેબી, શું કરીશું? તું જ કહે મને તો કોઈ રસ્તો નથી દેખાતો. મૉમ-ડૅડ ના જ પાડે છે."

" યુ નો મી. હું મુકેશના ગીતો નહીં સાંભળું પણ, 'ના'ને જવાબ તરીકે નથી સ્વીકારવાનો."

" તો તું, આઈ મીન આપણે કરી પણ શું શકવાના? એના કરતાં પ્રેમથી છૂટા..."

" હાહાહા... આખરે પૈસો બોલ્યો એમને?! સારું ઍન્જોય. બાય!" આર્જવે ફોન કાપી નાખ્યો. કેતાનું મન પ્રશ્ન પૂછતું રહ્યું કે આર્જવે આટલું સરળતાથી કેમ સ્વીકારી લીધું? જવાબ એને છ માસ બાદ લગ્નના દિવસે મળે છે જ્યારે આર્જવ મહેમાન બનીને આવે છે 'ને એની ઓળખાણ સ્વાંશુ તેના ધંધાના નવા ભાગીદાર 'ને ભવિષ્યના બનેવી તરીકે આપે છે. અને ચમકતાં ચહેરે અભિનંદન આપતો આર્જવ કેતાનો હાથ મુઠ્ઠીમાં લઈને ભીંસવા લાગે છે.

## 303 એ હેલ્થ-કૅરિઅર!

પીટીનો પિરિઅડ પ્હેલી વાર પૂરો થયો ત્યારે જ્ઞાનના ઝીણા મગજમાં આશ્ચર્ય થયેલું કે આ રમત 'ને કસરત તે કાંઈ ભણવાની વસ્તુ છે? એ હંમેશા પુસ્તકોમાં જ ખોવાયેલો રહેતો. કોઈ પૂછે કે મોટા થઈને શું બનવું છે તો તરત કહેતો, શું હોય? ડૉક્ટર કે એન્જિનિઅર. પણ, છઠ્ઠા ધોરણમાં એનો નિર્ણય બદલાઈ ગયો. ક્લાસ પિક્નિક પર ઝાંઝરી ગયો હશે. અને એણે નદીમાં બધાંને ડૂબતા જોયા પણ એ કશું ના કરી શક્યો. બાજુના ગામનો કોઈ મજબૂત શરીરવાળો યુવાન નદીમાં કુદ્યો 'ને ડૂબતાં છોકરા-છોકરીને બહાર કાઢ્યા 'ને છાતીમાંથી પાણી કાઢીને બચાવ્યા. સૌએ એ યુવાનનો આભાર માન્યો. પૈસા પણ આપ્યા. બીજા દિવસે એ બધાંનો 'ને ખાસ કરીને પેલાં યુવાનનો છાપામાં ફોટો આવ્યો. જ્ઞાને ત્યારથી નક્કી કર્યું કે સુપર સ્ટ્રોંગ બૉડિ બનાવવું. સ્વિમિંગના માસ્ટર થવું. આજે જ્ઞાન ફુલ ટાઇમ સ્વિમિંગ-કોચ છે. એ એટલો હોંશિયાર થઈ ગયો છે કે સ્વિમિંગ શીખનાર પૂલમાં પહેલી ડાઇવ મારે એ પહેલાં એક જ નજરમાં કહી દે કે કોણ સ્વિમિંગમાં આગળ આવશે, કઈ યુવતીને એના પર્સનલ કોચિંગથી વિશેષ ફાયદો થશે!

## 304 ધડામ!

નિર્વસ્ત્ર અનુરિતની છાતી પર હડપચી ગોઠવી ઊંધી સૂતેલી નિર્વસ્ત્ર ધારિત્રી સાંભળતી હતી.

" પૈસા હાથથી અડી શકાય એવા ના હોય. ફક્ત ફિંગરપ્રિન્ટ-કરન્સી. બૅન્કિંગ પણ ફિંગરમાં ભરાવેલી ચિપ જોડે કનેક્ટેડ. ફૂડ પણ વેજ્ઝ કે ગૅસથી જ ઇન્ટેક કરવાનું. બૉડિમાં કોઈ પ્રૉબ્લેમ લાગે તો એક લાઇટ-પિલ લેવાની જે પેટમાં જાય એટલે આખું શરીર અંદરથી પ્રકાશમાન થાય 'ને ક્યાં શું ઇસ્યુ છે એ દેખાય. આ ગાડીઓના પોંપીં કરતાં હૉર્નની જગ્યાએ મોબાઇલની રિંગ ફિટ કરી દેવાની. મોબાઇલ રિંગની જગ્યાએ ટ્રાફિકનો ઘોંઘાટ. હેલ્મેટ ટ્રાન્સ્પેઅરન્ટ લેટેક્સની બનેલી હોય. ગાડીની પણ આરપાર દેખાય. સીટ બુદ્ધિના બાલની. કાળા ડામરના રોડની જગ્યાએ સોફિસ્ટિકેટેડ લોન. બિલ્ડીંગો પણ આરપાર."

" તો તો ડાલુ આપણે સૅક્સ કરીએ એ પણ બહારથી બધા જોઈ જશેને?!"

" ભલેને જોવે, એ લોકો કરતા હશે એ આપણનેય દેખાવાનુંજને!"

ધારિત્રી હસતાં હસતાં ઊભી થઈ 'ને કપડાં પહેરતાં પહેરતાં બોલી-

" તારા ઘરે આપણા લગ્નની વાત કરવાનું તારી ગાંDમાં છાણ છે? કે એય આરપાર છે?!"

 © Gaurang Amin

## 305 ઑફ ધ સેલ્ફ, ફોર ધ ફેમિલી, બાય ધ સોસાયટી

પહેલી પ્રસૃતિ માટે ગામ, પોતાના પિયર આવેલી પુનિતાનો નાનો ભાઈ પુત્ર સંતાનને લઈને કાલે ઊઠીને દીદી દહેજની અગ્નિમાં ના સળગે કે ગર્ભપાતના ચૂલામાં ના શેકાય એટલે ઠંડા કલેજે અવતરેલી દીકરીને બાજુના ગામમાં એક ગરીબ ખેત-મજૂરને નક્કી થયેલા પૈસા સાથે આપીને તેનો પૌત્ર બદલામાં લઈ આવે છે. પુનિતાને ભાન આવે એ પહેલા આ કામ પૂરું કરવામાં મદદ કરતા પિતાજી બોંશીદાને કૃષ્ણ-જન્મ ના યાદ આવ્યો પણ, પુનિતા જન્મી હતી એ દિવસ યાદ આવી ગયો.

ઘરમાં સૌ ખુશ હતા. અરે, એ પહેલા તો ઘર જ ક્યાં હતું? પુનિતાના પાવન પગલા શ્રીજાના પેટમાં પડ્યા ત્યારે પોતાનું ખોરડું મળ્યું હતું. 'ને ઘરમાં હતું કોણ તે દીકરીના જન્મથી નાખુશ થાય? આગલી સાલ પતિ-પત્ની પુરી દર્શને ગયેલા ત્યારે માઘ નદીનું પૂર ચૂપકેથી પીઠ પાછળ આવીને બંનેના કુટુંબને શી ખબર ક્યાં લઈ ગયું! પુનિતા આવી ત્યારે જોકે મનોમન થયું હતું કે સારું છે, અમારા બે સિવાય કોઈ નથી. બાકી, આ કુટુંબ જેવું કશું હોય ત્યારે સમાજના મોઢા બંધ કરવા ધરમ 'ને કાનૂન બેઉને મુખાગ્નિ ચાંપવો પડેને!

 © Gaurang Amin

## 306 બૉસ એટલે બૉસ!

ચિત્રગુપ્તને ખોટું લાગ્યું'તું કે ભિખારી બાળકના આશીર્વાદ કેમ જમા ના થાય? ઉપરથી દાન આપ્યું 'ને તરત અકસ્માતમાં જાતકનું મૃત્યુ થયું. ઍટ લીસ્ટ આઈસીયુ તો પ્હોંચવો જોઈએને! ઈન્દ્ર ક્હે ' એ ભિખારી પુખ્ત ન્હોતો. પુણ્યબળ વિનાનો હતો. 'ને જાતકે એને અગાઉ જે વીસની નોટ આપેલી એ ભિખારીના માલિક પાસે ગયેલી. એણે દારૂવાળાને આપેલી. દારૂવાળો એ લઈને એને ગમતી વેશ્યાને જમવા લઈ ગયેલો. વેશ્યાને ફૂડ-પૉઇઝનિંગ થયેલું 'ને પીડાના પ્રભાવમાં એણે નિ:સાસો નાખેલો કે પેલાના પૈસાનું ખાધું એ પૈસાનું સત્યાનાશ જાય. અને એ પૈસાના જનક જાતકનું બ્લડ-પ્રેશર એકદમ ડ્રોપ થયું, એનાથી કન્ટ્રોલ ના રહ્યો 'ને અકસ્માત થયો. ઑફ કોર્સ, અકસ્માત બીજા કારણેય થવાનો જ હતો પણ, બમ્પ ઉતરી જાત એ પછી થાત. મૃત્યુ આઈસીયુમાં થાત.' કિન્તુ, ચિત્રગુપ્ત હિસાબનો પાક્કો, એણે પૂછ્યું કે તો હૉસ્પિટલનું ઋણ બાકી રહ્યું એનું હવે હું શું કરું? આ જાતક તો હવે ગાય બનવાનો છે! પણ, ઈન્દ્ર એટલે ઈન્દ્ર! કહે એ હૉસ્પિટલમાં કૅન્ટીન છે, જે ચા-કૉફિ બને એમાં એના દૂધ પેટે જમા લઈ લેજે.

## 307 કદર!

એક જણ કહે 'ભાજીપાઉં'. બીજો બોલ્યો 'છોલેપુરી'. ત્રીજાએ કીધું 'વેડમી'. ખંડેરની ખખડધજ છત તૂટી પડે એનો કોઈને વિચાર ન્હોતો આવતો. કારણ બહાર ધુંઆધાર વરસાદ ચાલુ હતો. કેમ્પ-ફાયરને ફરતે એક લેવલમાં ગોઠવાયેલા નાના-મોટા કર્મચારીઓ ખુશ હતા. એટલામાં નીગળતા રેઈનકોટમાં સ્વીકાર આવ્યો. બે માઇલ નીચે ખીણમાં આવેલા ગામમાંથી નૂડલ્સ લઈને. બધાંની આંખો ચમકવા લાગી. બૉસ યશપાલસિંહ બોલી ઊઠયા-

" શાબાશ યુ પ્રેસિયસ સ્ટડ. લો ભાઈ બધાં પોતપોતાના ગમતા મસાલાના પાઉચ, આ આગમાં નૂડલ્સને ચઢતા વાર નહીં થાય."

સ્વીકારને થયું ' હાશ, બૉસ પ્રસન્ન તો થયા!"

ચોથા દિવસે સ્વીકાર બૉસ યશપાલસિંહની ઑફિસમાં પ્રમોશનની ભૂખ સાથે આવ્યો.

" તું સ્ટ્રોંગ છું. પથ્થરમાંથી પાણી કાઢે એવો, એ મેં જોઈ લીધું. એટલે જ તારી હું રૂરલ ઝોનમાં ટ્રેન્સ્ફર્ કરું છું. ત્યાંની વિષમ પરિસ્થિતિમાં કંપનીને તારા જેવાની જ જરૂર છે."

## 308 યાદ-ફરિયાદ

એ કોઈના પણ ઘરે ભીંતે ટાંગેલા મા-બાપના ફોટા જોવે તો મનોમન મોઢું મચકોડતો. દોસ્તારી હોય તો હસીને બોલી કાઢતો 'આનો શો અર્થ?!', પછી પાછો જે કોઈ જવાબ આવે એ સાંભળવાને બદલે વાત બદલી નાખતો. એને મમ્મી-પપ્પા પ્રત્યે પહેલેથી જ ફરિયાદ હતી. જેમાં મૂળ ફરિયાદ એક જ 'મારા મમ્મી-પપ્પાને હંમેશા મારી સામે કોઈની કોઈ ફરિયાદ હોય જ છે.' એક સમયે તો એને પેરન્ટસ નામની આખી સિસ્ટમ પર વિરોધ થઈ ગયો હતો. પણ, એ બાપ બન્યો પછી ધીરે ધીરે બદલાવા લાગ્યો. ખમજ જન્મ્યો ત્યારે એના મમ્મી-પપ્પા જીવતા હતા. એણે કુરિયરમાં ફ્રેમ કરેલો ખમજનો મોટો ફોટો મોકલાવેલો. ત્યારે એ બેઉએ ફરિયાદ કરેલી-

'તારો અને વહુનો ફોટો પણ જોડે મોકલ્યો હોત તો...'

આજે ખમજને સ્કૂલના પ્રથમ દિને ઘરના મંદિરમાં બા-દાદાને પગે લગાડતાં એ રડી પડ્યો.

'મમ્મી... પપ્પા... હવે ફરી ફરીને તમે બહુ યાદ આવો છો.'


© Gaurang Amin

## 309 સ્પિરિટ ઓફ લાઇફ!

દોરા ધાગા ચાલતા હતા ત્યાં સુધી જૈમા કમ સે કમ અડધો દિવસ તો ચિંતા મુક્ત રહેતી. અને ક્યારેક તો એનો આખો દિવસ મંદિર જવામાં, પાઠ કરવામાં 'ને રોજીંદા કામમાં પૂરો થઈ જતો. વર્ષે બે ચાર વાર બહારગામના કોઈ સ્થાનકે જવાનું થાય, સાથે થોડું હરે ફરે એ નફાનું. પણ, જ્યારથી એ સાબિત થયું કે એનામાં કોઈ પ્રેતાત્મા નથી આવતો ત્યારથી સમસ્યા બદલાઈ. વાસ્તવમાં સમસ્યાની સંખ્યા પણ વધી ગઈ. અકારણે રડી પડશે. એક સમય પણ માંડ થોડું ખાશે. ઊંઘમાંથી બેઠી થઈને બબડ્યા કરશે. કોઈ અજાણ્યાનેય આપવીતી કહેવા લાગશે. દવા આપો તો જ લે. લગીરેય સ્મિત ન આપે. જૈમાને ભગવાન નામે જ સૂગ થઈ ગયેલી. શ્રદ્ધા તો ગઈ પણ જોડે આશાય લેતી ગઈ. ડૉક્ટરને અંદર ખાને પસ્તાવો થતો હતો કે મેં મારી ડૉકટરી ખોટી ધુણાવી! પહેલા તો એક જ શરીર રૂપે ત્રણ માણસ સાથે રહેતા. હવે તો એક જીવતી લાશ માત્ર. 'મેં એને દર્દી બનાવી એ પ્હેલાં મારે છેલ્લી એક વાર પણ વિચારવા જેવું હતું કે બાકીના બેને કાઢવામાં ક્યાંક હું મારી એકની એક પત્ની ના ખોઈ બેસું. આ તો ભૂતની સાથે ભવિષ્ય પણ ગયું.'

## 310 વહેમનું ઓસડ!

જ્યારથી ડૉક્ટર આચાર્યે હૉસ્પિટલ એક્સ્પાંડ કરવા માર્કેટ-રેટથી વધારે દામ આપીને જોડેનો પ્લૉટ લીધો ત્યારથી કેટલાંક બિલ્ડરની આંખમાં એ ખૂંચતા હતા. એમણે ભેગાં થઈને કૉર્ટમાં ખોટો કેસ પણ કર્યો 'ને ઉપરથી અફવા ઉડાડી કે હૉસ્પિટલમાં પિશાચ છે! અફવાની હવામાં હૉસ્પિટલમાં ચકલાં ઊડવા લાગ્યા. બિલ્ડરો પ્લૉટ ખરીદવા દબાણ કરતાં રહ્યા. ડૉક્ટર ત્રાહિમામ પોકારી ગયા. એવામાં લંગોટિયો દોસ્ત મળવા આવ્યો.

" હું તને કહેતો'તો કે વાસ્તુ જોયા વગર ડીલ ના કરીશ. પણ, તું તો વીર નાસ્તિક ખરોને!"

" દાઝ્યા પર મલમ લગાડ્યા વગર કોઈ રસ્તો હોય તો બોલ."

" કોર્ટમાં તો તું જીતી જઈશ પણ, આ ભૂત-પ્રકરણનું કશું કરવું પડશે. આપણે એક કામ કરીએ- નવા પ્લૉટમાં એક શિવલિંગ દાટી દઈએ 'ને પછી સ્વયંભૂ શિવલિંગ મળી આવ્યું એમ કરીને ત્યાં ખૂણામાં એક મંદિર બનાવી દઈએ... પિશાચનાથ મહાદેવ!"

## 311 ઇન્ડયા ગૉટ ટૅલન્ટ!

ડૉક્યુમેન્ટરી મેકર્સ 'ને ફોટોગ્રાફર્સ સમજાવી ગયા. આરએફઓએ પણ સમજાવ્યો. પણ, બૂડોના માન્યો. એ તો એની મોજમાં જ મસ્ત. પ્હેલી વાર સર્પ યુગલની નૃત્યમય કામક્રીડાનો વિડિઓ ઉતારી વૉટસ ઍપ પર મૂકેલો 'ને એની જે વાહવાહી થયેલી, છાપે ચમક્યો'તો ત્યારથી એ વન્યજીવનના અવનવા વિડિઓ ઉતારી વહેતા મૂકતો. દિવસો ખૂબ મહેનત કરીને કશું નવું શોધી કાઢતો. આજે પણ એ કશું શોધી જ કાઢત. પણ, પરોણાના હાથાવાળું ધાળિયું નાગથી બચાવે કે બહુ બહુ તો દીપડાથી. પણ, બાઇસનથી? ત્રણ જંગલી આખલા એની પાછળ પડ્યા. બૂડો બચવાનો રસ્તો શોધતો જાય નાઠો. ક્યાંય સુધી સરખું ઝાડ ના જડ્યું. અંતે એક કડક શીમળો દેખાયો. ધાળિયું હેઠે ફેંકી મોબાઇલ ઘાલ્યો ગજવામાં. 'ને બૂડો કાંટામાં હથેળી ભરાવતો ધાડ ધાડ ચઢી ગયો ઉપર. અલબત્ત, લોહી નીતરતા હાથની પીડા કરતા નીચે ચોકી કરતા બાઇસનનો ભય ચઢી જતો હતો. ત્યાં બૂડાની નજર પડી સહેજ આગળના ઝાડ પર. સપ્તમુખી બીલી! અને ભય 'ને પીડા બાજુમાં મૂકીને મોજનિષ્ઠ બૂડાએ રોમાંચથી ધ્રુજતાં ધ્રુજતાં મોબાઈલ એક હાથમાં લીધો.


© Gaurang Amin

## 312 અવિરત ક્ષણ

પથારીવશ માને છોડીને બાપુ મરી ગયા પછી મુઆએ નાછૂટકે દહાડિયે જવાનું ચાલુ કરવું પડ્યું. અઢી હજારના ગામમાં પાટિયાં ચીતરવાની મોજ છોડીને મુઓ કુટુંબનો જવાબદાર પુરુષ બની ગયો. પણ, કલ્પનામાં રાચતો માંહ્યલો એમ હેઠે ના બેસે! મુઓ ક્યારેક વહેલી સવારે તો ક્યારેક ગોરજ ટાણે તળાવ કિનારે જઈને બેસતો. જેટલા રંગ બચ્યા'તા એનાથી એ તળાવ, પાછળનાં ડુંગરા, વૃક્ષો, પંખી, પશુ બધાંયમાં પોતાના મનમાં આવતા એ ફેરફાર કરતો રહેતો. મુઆનાં એક માત્ર કૅન્વાસ એવા લખાભૈની દુકાનના જૂનાં પાટિયાં પર એના સ્વપ્નની દુનિયાના ન જાણે કેટલાં પડ ચઢી ગયા હશે!

'ને એક દિવસ મુઆની માએ દેહ છોડી દીધો. તળાવની ધારે જ સ્મશાન. એ રાતે એ ત્યાં જ બેસી રહ્યો. પ્હેલી વાર ચાંદનીમાં એણે તળાવ નિહાળ્યું. પ્રથમ વખત એને થયું કે આખા વિશ્વમાં એ એકલો જ છે. એ વિચારવા લાગ્યો કે ' હું મારી ઇચ્છાનું સ્વર્ગ ચીતર્યા કરતો હતો પણ વાસ્તવનું સ્વર્ગ તો આ રહ્યું! ફક્ત સમય બદલાયો છે. સ્થળ તો એનું એ જ છે.' 'ને પરોઢ થતાં મુઓ એક નિર્ધાર સાથે ઊભો થયો- અંદરના સમયથી બહારનું સ્થળ ચીતરવા કરતા બહારના સમયથી અંદરનું સ્થળ ચીતરવું એ જ ખરી કળા!

## 313 ફાઇનલ ટેસ્ટ!

પ્રાઇવેટ ડિટેક્ટિવ ધરોયાએ છેલ્લું પુસ્તક ટાઇકૂન સી. બાસુનું વાંચ્યું હતું. બાસુની વાત 'ધીરજ સૌથી મોટું હથિયાર છે' શરૂમાં ગમી. પણ, પેજ ફરતા ગયા તેમ શંકા પેદા થવા લાગી. ધીરજની વાત કરે છે પણ પોતે ફક્ત ચાર વરસમાં કરોડોનું એમ્પાયર બનાવ્યું! ધરોયા કલકત્તા પ્હોંચ્યા. બાસુના જૂનાં ઘરના પડોશી, સ્કૂલના મિત્રોને મળ્યા. બધાં એક જ વાત કરતા કે ક્ષિરૂપાજીના મૃત્યુ પછી એમનો વારસો બાસુને મળ્યો એટલે એમને એમની ક્ષમતા બતાવવાનો મોકો મળ્યો. ક્ષિરૂપાજી બાસુના દૂરના ફોઈ થતા હતા. ધરોયા બાસુને મળ્યા. બાસુએ હસવામાં કીધું કે માનનારા એવું માને છે કે હું ક્ષિરૂપાજીના મરવાની રાહ જોતો હતો. ધરોયાને અપમાન જેવું લાગ્યું. એમણે બાસુની રજેરજ ફેંદી નાખવાનું નક્કી કર્યું. એ બાસુના સામ્રાજ્ય વિષે વિચારતા રહ્યા. યસ! કંપનીનો સિમ્બોલ. સર્ચ કરતા જાણ્યું એ સાઉથ અમેરિકામાં થતા ધતૂરાનું ફૂલ હતું. નાની માત્રામાં એના બીજ લાંબો સમય ખાવામાં આવે તો ચેતાતંત્ર નકામું થઈ શકે. ક્ષિરૂપાજીનું મૃત્યુ હેમરેજથી થયેલું. 'ને ત્યાં જ ધરોયાના મોંમાં આળોટતા બાસુએ ભેટ આપેલા સંદેશે મીઠાશ છોડી દીધી.


© Gaurang Amin

## 314 કાણપણ!

કાણો ખાલી નામનો કાણો હતો. હકીકતે તો એ સમય પહેલાં દૂરનું વર્તી જતો હતો એટલે એના ભાઈબંધોએ એનું નામ કાણો પાડ્યું'તું. વખતમાં કાણું પાડીને કાણી આંખે કાલનું આજે જોઈ લે એ કાણો! પરંતુ, આ વાતમાં બધાં કાણાની વિરુદ્ધમાં, ડમરીની પડખે હતા. એક પછી એક પાંચે ભેરુએ કાણાને ઘઘલાયો. પણ, કાણો કશું બોલે તો વાત આગળ વધેને! થાકીને દામુ છેલ્લા ઉપાય તરીકે કાણાને ડમરીથી દૂર એકલાંમાં લઈ ગયો.

" કાણા, હાચ્ચેહાચું કઈદે, છે હું? નઈતર રિક્ષામથી તારો ભાગ સૂટો."

કાણાએ આંખ ફાડીને દામુ તરફ જોયું. બે ચાર ક્ષણ વીતી. 'ને કાણો રડવા લાગ્યો.

" અરે શું કૌ દામડા, આવીયા ડમરી આપણે ધારીયેસ એવી નથ રઈ. બંગલાવાળાઓને ન્યાં કામ કરીકરીને બગડી ગૈસે. કો'કને તૈથી સોકલેટી હુગંધીવાળું રબ્બરિયું ઠોકી લાઈ 'ને મન બતાવીન ક્યેકે આઇ લબ યુ. દામડા ઇન્ગ્રેજીમાં ક્યે કે આઈ લબ યુ. બોલ, હવ તું જ ક્યે ઇનો ભરોહો કરાઇ?"

## 315 રંગરેખા

મિથિલ માટે આ નવો જન્મ હતો. મોટાભાઈએ બોલાવ્યો. 'ને એ પણ કામ સાથે. બિહાર ક્યારેક જ યાદ આવતું. સવારે વહેલા નવ કિલોમીટર સાઇકલ ચલાવી ઑફિસ પહોંચીને પાછું મોટાભાઈ કહે ત્યાં કલર-પીંછી બધું લઈને સાઇટ પર જવાનું. રંગકામ કરવાનું. સમય મળે ટિફિન ખાઈને પાછું કામ. રાતે ખોલીમાં સૂતા સૂતા પૈસા ગણતા ગણતા આંખ મીંચાય એટલે ફરી પડે સવાર. આમાં મિથિલ બચારો જોરુ-બચ્ચાંને યાદ કરે તોય ક્યારે? પણ, વક્ત એમ ના છોડે. ક્યારેક તો એને એ ગામમાં કેવી છાતી કાઢીને ફરતો હતો એ યાદ કરાવી જ દે!

"એ આ શું કઈરું? આંયા આ કલર નો'તો કર્વાનો. ટનપા જેવા ચ્યાંથી આઈ જાય સે!"

"શેઠ, ગલતી હો ગઈ તો સુધાર દેંગે. પર ઐસન વૈસન બાત મત કરિયો."

"મારા ઘરમાં મારા પૈસે કામ કરે 'ને તુ મેરે સામને બોલેગા? દો કોડી કે નોકર સાલે..."

"ઓ તેરી તો... કમજાત. હમ ઠાકુર હું. હમસે એસે બાત કરેગા તો માર... "

## 316 ખમિયાજા

દુકાળ હતો એટલે સૌ ખુશ હતા. જાહેરમાં નીકળી ટાઢકથી જમતાં. પણ, શિકસ્તસિંઘનું ઉકળતું મન ગંભીર હતું. ફક્ત, એને જ યાદ હતું કે એ ખરેખર કોણ છે. પંડાખાનને પણ એ એકલો જ ઓળખતો હતો. લોકોને તો એમ કે એ એક રાક્ષસી જીવ, ઘો. શિકસ્તસિંઘે આ વખતે બદલો લેવાની પાકી યોજના બનાવી હતી. જોગાનુજોગ રાણીમાનો હુકમ પણ એ સૂકા ઝાડ પર હલ્લો કરવાનો હતો. અકાળના આગમનને પારખી પંડાખાન ચોમેરના જીવને આક્રાંતિયો થઈને ભક્ષી દર-એ-ખાસમાં જાણે શીતનિદ્રા માણતો હતો. શિકસ્તસિંઘને સ્મૃતિ થઈ કે ગામ પર એની ફોજે આક્રમણ કરેલું ત્યારે અમેય ઊંઘતા હતા. દેવ પણ પોઢેલા હતાં. ગામ, દેવસ્થાનનો નાશ કર્યો ત્યાં સુધી ઠીક પણ બળાત્કાર, બાળ-હત્યા 'ને પુરુષોને જીવતા દફન કરવાના? શિકસ્તસિંઘે બરાબર મોરચો તૈયાર કર્યો. સર્વે સાથીઓને સમજાવી દીધું કે ઝાડ ક્યાંથી ખાવાનું શરુ કરી ક્યાં પ્હોંચવું. ભલે એક પણ ઉધઈમાં બુદ્ધિ ના હોય પણ આ વખતે કોઈ કેસરિયા નહીં. ઝાડ પડે ત્યારે એક પણ ઉધઈને ખરોચ ના આવવી જોઈએ. ફક્ત પેલી ઘો નામે પંડાખાન જ દટાઈ મરવી જોઈએ.

  © Gaurang Amin

## 317 રવિવારની બીકમાં રોજનું અપ-ડાઉન

સાડા સાત વર્ષ પહેલાં ઘર છોડ્યું હતું. બીજા દિવસે પગફેરો કરાવીને મને ખાતરી આપવામાં આવી હતી કે મેં ઘર છોડ્યું નથી પણ માત્ર બદલ્યું છે, હવેથી પિયર એ મારું જૂનું ઘર 'ને સાસરી એ મારું નવું ઘર. આજે મારો એકનો એક દીકરો કાવ્ય હૉસ્ટેલથી તેના ઘરે પાછો જવાનો છે. અને હું? હું મારા ઘરેથી નીકળીને મોટેલમાં જઈ રહી છું! જોકે એમાં દુ:ખ શેનું? 'ને એ પણ એકાદ વર્ષની ટેવ પછી. વળી, રાતના આઠથી સવારે દસ સુધી તો હું કાવ્ય 'ને એના પપ્પા સાથે હઈશ જ ને! એટલે કાવ્યનેય દુ:ખ નહીં લાગે. આમેય એને તો એમ જ છેને કે હું રોજ સવારે દસથી રાતે આઠ ઑફિસ જઉં છું 'ને પાછી ઘરે આવું છું. એય ટેવાઈ ગયો છે. અને એ તો આવતીકાલ એટલે રવિવારની રાહ જોતો હશે. ઓહ... આ રવિવાર! મારે દસથી આઠ પણ મોટેલમાં જ રહેવું પડશે.

## 318 ઇન્ડિઆ 'ને ઇન્ડિઅન!

મને, મેંદર લવારને કોણ ના ઓળખે? પૂછનારને ખાતરી હતી કે એ સ્વયં જેને જેને ઓળખે છે, એ બધાં જ એમને ઓળખે છે! પરંતુ, એ યાદીને નહોતા ઓળખતા. એના પપ્પા ભલે એમના ઘરે રહીને મોટા થયેલા, પણ યાદી અમેરિકામાં જન્મેલી. મમ્મી-પપ્પાથી દૂર ફર્સ્ટ ટાઇમ ભારત આવી ત્યારે મોટા પપ્પા એવા મેંદર લવારના ઘરે રોકાઈ. બાર વરસની ઉંમર 'ને ચોવીસ દિવસનું રોકાણ. યાદી માટે પૂરું નહીં તો ઓછામાં ઓછું અર્ધું ભારત એટલે મેંદર લવારનું ઘર. અલબત્ત! મેંદર લવારને ઓળખવા યાદીને એટલાં બધાં દિવસની જરૂર ના પડી. રોકાણના બીજા દિવસે સવારે યાદી શૌચાલય જવા ઊભી થઈ. અંદર મોટા પપ્પા હતા. થોડી વાર પછી એ નીકળ્યા એવી એ દોડીને ગઈ. પણ, દોડીને તરત જ પાછી બહાર આવી.

" શું થયું? અંદર ગરોળી કે વંદો છે?" મોટી મમ્મીએ હેતથી પૂછ્યું.

" નો મોટીમા, ફ્લશ નૉટ ડન."

" અરે!" મોટી મમ્મીએ ગુસ્સે થઈ 'ને રાડ નાખી-

" વહુ... પપ્પાજી ટૉઇલેટ જયાવ્યા તો ફ્લશ કેમ નથી કર્યું?"


© Gaurang Amin

## 319 બાકી, દીકુ બૌ ડાહી!

શોધિત સાઇકલ પર પ્હેલી વાર માર્કેટિંગ કરવા નીકળેલો ત્યારથી એને બહુમતી જાતિના લોકો હેરાન કરે છે તેવું લાગતું. ઘણી વાર તો એને થતું આના કરતા તો એ દલિત હોત તો સારું. પ્રેમ-લગ્ન કરવામાંય મૂળે એ જ નડેલું. લગ્નના ચાર વરસ બાદ પણ એને પારકા હોવાનો અહેસાસ અકળાવી મૂકતો.

" પપ્પા, તમે કાકીને કહી દો ફરી કંકોત્રી મોકલાવે. 'સર્વે' લખીને."

" દીકુ, આ શું? કુટુંબમાં આવા ફાલતુ વાંધા-વચકા? ક્યારેક અમને બેને જ કેમ બોલાવ્યા. ક્યારેક અમને ફોન કરીને આમંત્રણ ના આપ્યું. ક્યારેક જમવાનો આગ્રહ ના કર્યો..."

" એ તમને એવું લાગે. એમને શું ફીલ થાય એ તો હું જ સમજુ." દીકુએ ફોન કાપી કાઢ્યો.

દીકુના પપ્પા 'ને શોધિતના સસરા બબડ્યા-

" આ જમ-આઈને પિયરમાં કોઈ બોલાવતું નથી 'ને સાસરિયું ગાંડું કર્યા કરે છે!"


© Gaurang Amin

## 320 ચોખ્ખું ચણાક ઘર

પતિ-પત્ની બધું કામ જોડે કરતાં. એક શાક સમારે. તો બીજું વઘારે. એક કપડા પલાળે તો બીજું ધોકાવે. એક કચરો કાઢે. તો બીજું પોતું કરે. એક દીકરાને નહડાવે તો બીજું ગણવેશ પહેરાવે. પૈસા કમાવામાં પણ જોડે. બંને ઍસિડ-ફિનાઈલ વેચવા ઘરે ઘરે જતાં. બસ ત્યારે જુદા પડતાં. પણ, હિસાબમાં પાછાં ભેગાં.

" આ મોટા ફ્લેટમાં તો અંદર જાવા જ નથ દેતાં."

" તન પચ્ચી વાર કીધું ઘહાયેલી સાડી પેરીન ના જા. લીપીસ્ટીક કર. પાલરમાં જૈન ઓલું ફેસ્યલ કરાય. પણ, તું હમ્જે તોન!"

" એવા પૈસા નો બગાડાય. તમ્ને ગમું છ એટલું બૌ છ. અની એવું હજી ધજીન બાઈ માણા જાય ઈ હારૂં નો લાગે. ઉપરથી આવા લઘરવઘર જાયી તો કોય દયા ખચ્નેય લૈલે!"

" તો મની ક્યમ રોજ હારા પેન્ટશર્ટ પ્યેરીન મોકલે છ? જા તાર જોડે હું ને બોલું!"

" જાઓ તાર હુંય નૈ બોલું!"

એટલામાં દીકરો રમીને ઘરે આવ્યો. બેમાંથી એકેને ખ્યાલ પણ ના રહ્યો 'ને બેઉ બોલતાં થઈ ગયા!

## 321 રોલ-પ્લેઇંગ

" સાચી લીટી આવી હોવી જોઈએ, વૈષ્ણવજન તો તેને કહીએ જે સુખ પોતાનું જાણે રે..."

નાથદ્વારામાં લક્ઝૂરિઅસ-ફ્લેટની સ્કીમ મૂકનાર બિલ્ડર બકુભાઈ ફોન મૂકતા બોલ્યા.

" કેમ શું થ્યું? પાર્ટી વાંધા પાડે છે?" મિત્ર પ્રકાશે પૂછ્યું.

" અરે, આ બાવારાજ બધાં રૂમમાં એસીનો પૉઇન્ટ માંગે છે! આંયા ભગવાન ભજવા આવે છે કે સહેલગાહ પર?!"

" તું ર્યો રૅશનાલિસ્ટ એટલે તને તો એવું જ દેખાવાનું. તું ધરમ વિરોધી પ્રવૃત્તિ કરે છે એ આ બધાંને ખબર પડે તો તારી સ્કીમને તાળા વાગી જાય. હાહાહા!"

" કેમ, હું એ લોકો ધાર્મિક છે તો એમની જોડે ધંધો નથી કરતો?"

" તારે માલ સાથે મતલબ, સિદ્ધાંતની પડી હોત્તો તું ધાર્મિકોનો કાંણો પૈસોય ના લે. તું અહીં જમીન જ ના ખરીદેત!"

" ફર્ક છે, આ લોકો ધર્મના નામે અહીં આવે છે 'ને હું ધંધો કરવા, સિદ્ધાંતના નામે નહીં."

" ભાઈ, એ તાર્કિક નીતિ થઈ, નૈતિક તર્ક નહીં. ખેર, ઇટ્સ ઑલ એબાઉટ રોલ-પ્લેઇંગ!"

## 322 બિચારો કે બિચારાં?!

નાનપણથી સ્ફૂર્જના જીવન પર ત્રિહાભાની ઘણી અસર હતી. લખવા-વાંચવાનો શોખ કે દેશી દવાઓ કે જાફી મૂછો! મિત્રોને થયું ત્રિહાભાની વાત સ્ફૂર્જ નહીં ટાળે. બાકી આમને આમ ચાલ્યું તો સ્ફૂર્જને કોઈ સાઇકિએટ્રિક પાસે ઘસડી જવો પડશે. બધાં માણસ પર શંકા કરે છે. કોઈ પણ ઘટના હોય નેગેટિવલિ જ લે છે. દરેક બાબતના એણે નિયમ બનાવી કાઢ્યા છે. એના મનમાં જે ચિત્ર હોય તે મુજબ જ એક્કેએક વાત તોલે છે.

ત્રિહાભાએ મિત્રોની વાત સાંભળી. એ સમજી ગયા કે સ્ફૂર્જ પૂર્વગ્રંથિનો રોગી છે. એમણે પ્રેમથી સ્ફૂર્જને મળવા બોલાવ્યો. ચાપાણી કર્યા પછી વાત માંડી.

" સ્ફૂર્જ, તું સહતંત્રી થઈ ગયો, હું બહુ ખુશ છું. પણ બેટા આમ-જનતા સાથે નાતો બનાયેલો રાખજે. એમની વાસ્તવિકતા એ જ જીવનની ખરી પ્રત્યક્ષતા છે અને..."

" ત્રિહાભા, તમને બોંતેર થયા. હવે આ બધી જૂની વાતોમાંથી બહાર આવો અને મોજ કરો."

© Gaurang Amin

## 323 પણ...

સામાન્ય ઘરેલું ચકલીઓની વાતને દેવચકલી, બુલબુલ, દરજીડા જેવા પક્ષીઓએ પણ ટેકો આપ્યો. કાગડા, કોયલ, કાબર જેવા ઘણા પક્ષીઓ મતદાનથી અળગાં રહ્યા. સામાજિક પક્ષી-સમાજની લાગણી ચકલીઓ તરફ હતી. પણ, કબૂતરોનું સંખ્યાબળ જ એટલું હતું કે છેવટે ટાઇ પડી. આખરે ચકલીઓએ મનુષ્યનો મત વિનિંગ-વોટ તરીકે સ્વીકારવો પડ્યો.

વાત જાણે એમ હતી કે પિકાસોના લિથોગ્રાફથી ૧૯૪૯માં પ્રથમ વાર કબૂતર પર યુરોપે શાંતિદૂત તરીકે મહોર મારી ત્યારે 'ને ૧૯૫૮માં માઓએ ચકલીઓને મારી નાખવાનો આદેશ આપ્યો ત્યારે પણ ચકલીઓ ચૂપ રહી પણ જ્યારે આ વર્ચ્યૂઅલ-સેંચુરિમાં મોબાઇલ ટાવરને ચકલીની ઘટતી જતી વસ્તી માટે દોષી ઠેરવવામાં  આવ્યા ત્યારે ચકલીઓ નક્કી કર્યું કે એમનું ચણ ખાઈ જતા 'ને એમનો માળો બાંધવાની જગ્યા પચાવી પાડતા આ કબૂતરાના સ્થાને જો એમને "શાંતિદૂત"નું બિરુદ મળે તો એમની જાત જીવતી બચી જાય. પણ...

## 324 કૃત્ય વિરુદ્ધની સૃષ્ટિ!

રજત માટે પ્રેમ કહો આનંદ કહો કે સુખ એ એની રખડપટ્ટી. વાડાના દોસ્તારો સાથે રમવું એ જ જીવન. ઘર એટલે ઊંઘવા માટેનું ખોરડું. મા એટલે શું એ પ્રશ્ન એને હજુ થયો જ ન્હોતો. અને એને પૂરતા અનુભવ હતા કે બાપ એટલે શું. બૅન્ડમાં કામ કરતા એના બાપને સંગીત 'ને શરાબ સિવાય ત્રીજું કશુંય ક્યાં ખપતું?!

" તુમ્તો ઠેરે રિવર્સિંયે..." ગાતો ગાતો રજત ખોરડામાં આવ્યો અને સીધી લપાટ પડી.

" ગધેડા, શું ગાય છે એ ભાન છે?"

" પણ, બાપુ બધાય ગાય છે. 'ને અલ્તાફ રાજા તો તમ્ને ગમે છે."

કોણ બાપુ? એ તો એનો બાપો હતો બાપો. આંસુ મરી ગયા ત્યાં સુધી માર્યો. એ જેમતેમ કરીને ભાગ્યો. સામે બચ્ચા-ટોળીનો બૉસ ભાઉ મળી ગયો. એને ભેટતાં જ રજતના આંસુનો સ્વાદ બદલાયો.

" મેં તો સિર્ફ તુમ્તો ઠેરે રિવર્સિંયે ગા રહા થા. યે રિવર્સિંયે કા મતલબ ક્યા હૈં ભાઉ?"

" ચલ મેરે સાથ... મેં તુઝે સમજાતા હું રિવર્સિંયે કા મતલબ ક્યા હોતા હૈં."

 © Gaurang Amin

## 325 પ્રેમનું પ્રૂફ

"ડબલ પૈસા આપું તોય ના ચાલે? આવાતે રૂલ્સ હોતાં હશે? તારી કમ્પ્લેન કરવી પડશે."

"જી, મારા શેઠ કે એરપોર્ટ મૅનેજર જેને ફરિયાદ કરવી હોય એને કરો, મારું નામ ક્રિશ છે. બાકી આ મૅડમ પૌલી સિન્હાને ત્યાં બુકે મોકલવો હોય તો તમારું કોઈ ફોટો આઈડી બતાવો અથવા ક્રેડિટ-કાર્ડથી પેમેન્ટ કરો. ધૅટ્સ ઈટ."

કસ્ટમર કોપાયમાન થઈને ફ્લાવર-શૉપ પરથી ડિપાર્ચર તરફ ચાલવા માંડે છે.

"ક્રિશ તુંયે શું! આપણું કામ ફૂલો વેચવાનું છે. કોણ કોને મોકલે તેનાથી આપણે શું?"

"બકા, આજે વૅલન્ટાઇન ડે છે. આ માણસે એની રિઅલ પત્નીને ફૂલો ડિલિવર કરવાનું કીધું હોત તો હું દસ ટકા ડિસ્કાઉન્ટ પણ આપત. પરંતુ તું કહે છે તેમ, આપણે ફૂલ વેચીએ છીએ, કાંટા નહીં. એટલે એને પૂછ્યું કે તું ખરેખર છે કોણ?"

## 326 જમવા માટે 'ને જમ્યા પછી!

વારાફરતી બધાં ફોટા એણે બતાવ્યા, વિવિધ સુંદર દ્રશ્ય પર અવનવા ઉમદા ક્વૉટેશન્સ લખેલાં. એ સિવાય બે-ચાર નાના બાળકોના 'ને બાકી બધાં ભગવાનના કે ધર્મ-સ્થળના.

" આટલાં જ છે? બીજા નથી?!"

" બેન, આત્લામથી તમની જોવે એ મલી જાહેની." ફેરિયો ઑલમોસ્ટ ભીખ માંગતો હતો.

" આ સુવાક્યો તો રોજ વૉટસ-એપ પર ફરતા હોય છે, એને શું કરવાના?!"

" કોય ભગ્વાનનો ફોટો લી લો. કોઇની આપવાય કોમ આવ્હે."

" હમમ! રાધા 'ને કૃષ્ણ મ્હેલ પાસે ગાય પર બેઠેલા હોય એવો કોઈ ફોટો છે?"

" આ દેખો, ઓમાં કૃષ્ણ ભગ્વાન ધ્યોનમાં બેઠાંછ. આ ફોટો બૌ જોવા ની મલે."

" હું શું કહું છું, ઇન્ડિઆનો મૅપ હોય તો લઈ લે. લાલ્યાનું 'ને આનું બન્નેનું કામ થઈ જાય!"

જમ્યા પછીનો મસાલો મસળતાં મસળતાં પતિએ અગમ્ય ડેઝર્ટ શોધતી પત્નીને ઉકેલ આપ્યો.

 © Gaurang Amin

## 327 આંખ, કાન 'ને મોં

દુનિયાથી દૂર ડુંગરોમાં બાળકોને એ ઉછેરતા હતા. કૌટુંબિક કે સામાજિક પ્રાણી નહીં પૂર્ણ મનુષ્ય બનાવવા. ગુરુ હતાં છતાં ગુરુ તરીકે પેશ ન્હોતા આવતા. દર ત્રણ દિવસે સૌના નામ 'ને કામ બદલાય. મીરમાંથી રાલ્ફમાંથી શ્યામ. કુંતામાંથી લ્યુસીમાંથી આસ્માં. કુમારે કુમારી 'ને કુમારીએ કુમાર પણ બનવાનું. વસ્તુના નામ માણસોને, માણસોના નામ વસ્તુને મળે. સૂર્યને પીપળો, દૂધને માર્સ, હસવાને ચાલવું કહેવાનું. વસાહતમાં સૌની, બધી બાબત-વસ્તુની ઓળખ બદલાતી રહે. ગુરુની પણ. વલ્કલ વસ્ત્ર. આદિમ જીવન. દરેક ક્રિયા ખપ પૂરતી કરવાની. ના ઈશ્વર, ના શાસ્ત્ર. કોઈ વિચારો પણ ના કરે. સૌ ખુશ હતાં. પણ, એક દિવસે કોઈ માંદું પડ્યું. કોઈ રીતે સાજું ના થતાં "ગુરુ" બહારના વિશ્વમાંથી વૈદ્ય લાવ્યા. વૈદ્યે દર્દી જોયું, વાત કરી. 'ત્યાં'ની દવા આપી. વૈદ્યના ત્રીજા ફેરે એ સાજું થયું. કિન્તુ, 'ત્યાં'થી હારેલા વિષાણુ "અહીં" પોચું ભાળી જાય છે. વારાફરતી બીજું બે રોગી થયું. 'ત્યાં'થી વૈદ્ય-દવા આવ્યા 'ને સાજું થયું. પણ, એ ત્રણે બદલાઈ ગયું. એમણે બીજાને બદલ્યા. હિંસા થઈ. અંતે જીવતા બચેલા 'ત્યાં'નો નાશ કરીને "અહીં" સામાન્ય જીવન જીવવા આવી ગયા.

## 328 સ્ટિઅરિંગ

એકધારી જતી રિક્ષામાં પપ્પા ઘડીમાં ટટ્ટાર થતાં તો ઘડીમાં ફસડાઈ પડતાં.

" આજે તો એને રંગે હાથ પકડવી છે. તું ચિંતા ના કર. બધું સારું થશે."

" મનેય વિશ્વાસ છે. એનું જુઠ્ઠાંણું પકડાય એટલી જ વાર." મમ્મી પણ ચિંતિત હતા.

દસ મિનિટથી વાતો સાંભળી રહેલો રિક્ષાવાળો પામી ગયો કે દીકરીને કોઈ છોકરો ગમે છે. પણ, મા-બાપને પસંદ નથી તેથી એ છુપાવે છે. 'ને આજે એની કૉલેજ છૂટે એ પહેલાં આ બંને પહેરેદાર થઈને ત્યાં અડીંગો જમવવા માંગે છે. સ્હેજ મરકીને એ ગંભીર થઈ ગયો. ડાબો હાથ ખિસ્સા પર મૂક્યો. ખિસ્સામાં રહેલો ફોટો જીવતો થયો 'ને એની દીકરી રડતા રડતા હાથ પકડીને કહેવા લાગી ....પપ્પા, માની જાવ ને! રિક્ષાવાળાએ આંખો મીંચી પણ પંખે લટકતી દીકરી દેખાતા આંખો તરત જ આપ મેળે ખૂલી ગઈ. એણે ફ્લાયઓવર ચઢાવવા ગીઅર બદલ્યો 'ને નક્કી કર્યું કે તમને આજે સમયસર કૉલેજ પહોંચવા દઉં તો હું મારી લાડલીનો બાપ નહીં.

## 329 સામાન્ય જાત અનુભવ!

સિલ્વર જ્યૂબિલી પછી લગ્ન જીવન અમાસ તરફ આગળ વધતું લાગતા ચિંતિત દંપતિ એક વાતે સહમત થયા કે મેરેજ કાઉન્સલરને મળીએ. કાઉન્સલરે વારાફરતી બંનેની ફરિયાદ સાંભળી તો બંનેને એકબીજાથી સેમ કમ્પ્લેન્સ હતી. સંબંધમાં ગરમાવો નથી, ખાલીપણું છે. બીબાઢાળ જીવન. એના એ ગમા-અણગમા પર એની એ દલીલો. વગરે. કાઉન્સલરે થોડું વિચાર્યું. 'ને પતિને કીધું કે તમે અહીં બેસો. અને પત્નીને કીધું કે તમને હું બીજા કાઉન્સલર સજેસ્ટ કરું છું. કારણ કે બંનેને હું એક સરખી સલાહ આપીશ તોય અંતે એક દિવસે પરિસ્થિતિ આની આ આવી જશે. પત્ની ગઈ એટલે પતિને એમણે કીધું-

"એ જે કાઉન્સલર પાસે ગઈ છે એ મારી પત્ની છે. મને ખબર છે એ શું સલાહ આપશે. ફક્ત તમારી જાણ માટે કહું છું કે હું પણ એ જ સલાહ આપવાનો છું. પણ, આવું કરવાથી ફર્ક એ પડશે કે એને એવું ફીલ નહીં થાય કે એણેય તમારે જે કરવાનું છે એ જ કરવાનું છે. એને સ્વતંત્રતાનો અહેસાસ થશે. 'ને તમારે એ કરે એને જ ફોલો કરવાનું. એડવાન્ટેજ એટલો કે એ તમે એ બધું મારા થકી પહેલેથી જાણતા હશો, પણ લીડ તમે નહીં લો."

## 330 કાયમની નિરાંત!

બાધાને અઠવાડિયામાં બે દહાડા માંડ કામ મળતું. ખાવાના તો ઠીક ચા-બીડીનાય વાંધા થઈ ગયેલા. મહેનત કરવાથી એ દૂર ન્હોતો ભાગતો પણ કામ મળે ત્યારે મહેનત કરેને! એક દિ' ભૂસાએ એને કીધું ચાલ હું તને કો'કને મળવા લઈ જઉં.

" મેંસીભાય, આ મારો ભેરુ સે. ઈને વખ કેમે કરીને હાથ નથ આલ્તો. પેટમાં પોણી પડે તોય વાગે ઈંવા હાલ થ્યા સે. ઈને નિરાત થાય એવું કાંક કરો."

સીધા સાદાં દેખાતા ગૃહસ્થ એવા મેંસીભાય સાધુ કે જ્યોતિષ ન્હોતા. ભેદ-ભાવ કે વીંટી, દોરા-ધાગામાં એ ના માને. પણ, કોઈ ઉપાય બતાવે. લોકો એમને બહુ માનતા. બાધા જોડે થોડી વાતો કરી, વિચારી 'ને એમણે બાધાને કીધું-

" મહાદેવને ચોક્ખું મધ, ગાયનું શુદ્ધ ઘી, હાચું કેસર વત્તા જાયફળ, એલચી, જાવંત્રી, તજ નો ભુક્કો, સાથે શેરડીનો રસ ચઢાય. પછી, લિંગ ધોઈને સોના કે ચાંદીનો વરખ પધરાવજે. આટલું જ્યાં સુધી બરકત ના આવે ત્યાં સુધી કરવું."

બાધાને થયું આટલું એક વાર પણ કરી શકું તોય હું કાયમની નિરાંત પામી જઉં!

 © Gaurang Amin

## <u>331</u> ના, કૂણાં ભીંડા કે પાક્કી બ્રોકલિનોય તે ચાલે!

" નાઆઆ... એ હેં કશો અવાજ આયો?" વશીબેને જાળી ખોલી બાજુનો ફ્લૅટ ડોરબેલ વિના ઠોકયો.

" શું ક્હો છો? હું તો આ ટૉપનો મેચીન દુપટ્ટો શોધતી'તી. પણ... અવાજ થયો ખરો."

" ના, બૉટલ જેવો અવાજ આયો. હું તો પાઠ કર્તીતી 'ને મેં કું, હે ભગ્વાન આ વળી શું? ફટાફટ ગૅસ્નું બર્નર બાંધ દીધું!"

" હુંય કોક બંધ જ રાખું છું. આપણે એક તો બારીબારણાં બંધ હોય."

" ના, કૌ કદાચ નીચે કોય ટેમ્પો આયો હશે 'ને સામાન આમ્તેમ કર્તા અવાજ આયો હશે."

" પણ, અવાજ તો ઘણો મોટો હતો. પ્રાઇમસ ફાટ્યો હોય એવો."

" ના રે, હવે કોં પ્રાયમસ વાપ્રે? કૌ, ગૅસનો બૉટલ. બર્યું, આ ટોપ હારું છે. આન્જોડે વરીઆરી દુપટ્ટો જોયે. માર્જોંડે છે."

" હું વિચારતી'તી પોપટી વધારે જામશે. અમાર એમને ઘાટ્ટો રંગ જોયે."

" ના, પોપ્તીતો ધોવૈન ઝાંખોજ થૈ જાય. એનાં કર્તા આવો કાચો કેરી લે... આવો."

વશીબેને ફિટ પકડેલી પાઠની પુસ્તિકાના પૂંઠા પરના કેળના પાનનો રંગ બતાવતા કીધું.


© Gaurang Amin

## 332 તબિયત, ફિતરત 'ને કુદરત!

પથારીમાં પડેલા ફૈઝની નાભિમાંથી ઊઠતા સિસકારાથી પરવાનાની સવાર પડતી. જેટલી મજબૂતાઈથી ફૈઝના પ્રત્યેક મસલ પૅરૅલિસિસને પોતાની ગિરફ્તમાં રાખતાં એટલી જ મજબૂતાઈથી એ પરવાનાના એક એક સ્નાયુને મીરની સેવામાં દોડાવતાં. તારીખિયું ડિજિટલ સ્પીડે ઊડતું પણ પરવાનાની આજ ક્યારેય કાલમાં ન્હોતી બદલાતી. એને ગર્વ હતો, સંતોષ હતો કે એ એક અચ્છી બીબીનો રોલ કરી રહી છે. ભલે શૌહર તરીકે ફૈઝ હવે અચ્છા-બુરાના બંધનની બહાર નીકળી ગયો છે. બેશક 'હવે'!

કિન્તુ, ફૈઝ જ્યારે દિનમાં દવાની અસર હેઠળ સૂતો રહેતો ત્યારે પરવાનાને પોતાનું હોવું ખોજવું પડતું. કહાં હૈં લહૂ સે દહેકતી જીંદા ચમડી કા છૂના? આતિશ-એ-જિન્ન જેવા જિગરમાં ભડકો કરતા ઉચ્છ્વાસ ક્યાં ગયા? આ ઘર છે કે તાબૂત? એ કડો સંઘર્ષ કરતી. પણ, જેવી મીરની દેખભાળ કરવા નર્સ ઘરમાં પ્રવેશે કે એને આર્જેન્ટૈન ટૅંગોના ક્લાસ યાદ આવતા. પરવાનાને એનો જોમવંતો ડાન્સ-પાર્ટનર પુકારતો.

## 333 ત્યારની વાત ત્યારે!

ગુણુકાકા સાડત્રીસ વરસ ન્યૂ જર્સી રહીને ભારતમાં પાછાં સ્થાયી થયા હતા. પૂરતો પૈસો લઈને આવેલા એટલે કામ કરવાની કોઈ એવી જરૂર ન્હોતી. એમના મતે પાછાં વળવાનું મુખ્ય કારણ હતું- ભારતીય સંસ્કૃતિ. એમનો બંગલો "રઘુવંશમ" એમણે મ્યૂઝિઅમ તેમજ કલ્ચર-સેન્ટરમાં તબદીલ કરી કાઢ્યો. ઑફિસ-ટાઇમમાં ભારતના કળા-સાહિત્યની ઘણી પ્રવૃત્તિ ત્યાં થતી. આજે ફાઇન-આર્ટ્સના વિદ્યાર્થીઓની બેઠક હતી.

" ...ભારત પશ્ચિમી કલાના પગલે ચાલીને પોતાની મૂળ કળા ભૂંસીને ભૂલ કરી રહ્યું છે, એ તમારે ધ્યાન રાખવું જોઈએ. પેન્ટિંગ કે શિલ્પ વેચાય એટલાં માટે નથી સર્જવાના..."

ત્યાં એક વિદ્યાર્થી ગુણુકાકાના લાંબા ભાષણની અધવચ્ચેથી ગળચી પકડતા ખાંસ્યો-

" કાકા, અમારેય પેટ, ઘર 'ને સપના હોય! અમે જ્યારે તમારી જેમ વિદેશમાં વર્ષો કાઢી, ઢગલો પૈસા બનાવ્યા પછી આવી વાતો કરીશું ત્યારની અમારી મજા ભલે અલગ હશે!"

 © Gaurang Amin

## 334 વર્ગ-નિગ્રહ

લાચારીમાં બે સ્કૂલ અધૂરેથી બદલી 'ને ગર્વથી બે કૉલેજ પૂર્ણ કરીને શાણ સોલંકી આધુનિક સમાજ નામે કૉર્પરટ વર્લ્ડમાં દાસત્વ સ્વીકારવાના સ્થાને કન્સલ્ટન્સીના સ્વામી બનવાનું પસંદ કરે છે. લિફ્ટ વિનાના જૂનાં બિલ્ડિંગમાં ઑફિસ ભાડે લે છે. માથે તેલ, ગાલ પર ખીલ 'ને આંખે પુરાણી ફ્રેમના ચશ્માં એના ઑનલાઇન કામમાં નડવાનાં ન્હોતા. કે ન્હોતા નડવાનાં રોડ પરથી લીધેલાં સામાન્ય પેન્ટ-શર્ટ. અલંગનું ટેબલ, બે મોલ્ડેડ ચેર 'ને તાકાતવર પીસી ચોથે માળ ચઢાવવામાં કોઈની હેલ્પ ના લીધી. પણ, માળિયામાં ચેર પર ચઢીને જોયું તો બે-ચાર માળા, ઢગલો પીંછા, તૂટેલા ઈંડા 'ને મરેલાં બચ્ચાં. ઝાડુ વિહોણાં સૂકવડિયા શાણે બિલ્ડિંગના સફાઈ કામદારની રાહ જોઈ. ઝાડુ કાઢતા બેન બારણે પ્હોંચ્યા. પચાસની નોટ ધરીને કીધું કે જરા આટલું સાફ કરી આપો તો મહેરબાની. પરંતુ, બેને ચોપડાવી કે હું કાંઈ તમારી કામવાળી નથી! શાણને એક વાર થયું કે કહી દઉં કે હુંય દલિત જ છું. પણ, એને થોડી વધુ રાહ જોવાનું મુનાસિબ લાગ્યું. દિવાળી આવી રહી છે. એ બેન મને જરૂર સાહેબ કહેશે. મારી સામું હસશે. અને વંદન કરીને બોણી પણ માંગશે.


© Gaurang Amin

## 335 સ્ટ્યૂપિડ સેલ્સમેન

રૂટીન મુજબ દ્રોણે નીકળ્યાનો રેડી મેસેજ ઈવંશાને સેન્ડ કર્યો પછી ઑફિસના લોકમાંથી કી કાઢતા યાદ આવ્યું કે કાલે માર્ટીનીનો બ'ડે છે. માર્ટીની! દ્રોણ જેમ્સ બૉન્ડનો ફેન 'ને રમ્યા એનો નશો એટલે માર્ટીની! સવારે નવની ગાંધીનગરની મીટિંગ પછી સાડા દસે થોળ લેક પર માર્ટીની સાથે ઉજવણી છે. ગિફ્ટ લેવા અત્યારે જ જવું પડશે. ગેમા-મૉલ. લિફ્ટની રાહ જોયા વિના બીજા માળે દોડતો એ શૉપમાં પ્હોંચ્યો. સેલ્સમેન ઓળખી ગયો 'ને હસ્યો.

" પેલો પ્રીમિયમ સૅટ આપ. ૩૮બી, ૪૪. બ્લૅક!" સેલ્સમેન ઊંધો ફર્યો ત્યાં પાછી બૂમ મારી

" સેમ બીજો વ્હાઇટમાં, ઘરવાળીને રંગીન પસંદ નથી!" અને આંખ મારીને ઉતાવળે વાત આટોપી.

પાંચમાં ગિઅરમાં ઘર બાજુ ઊડતાં દ્રોણે ટોટલ માર્યું કે મોડા પ્હોંચવાની ડાંટ પડવાની જગ્યાએ પત્નીશ્રી ખુશ થઈ જશે! પણ, દ્રોણે સપનામાંય ન્હોતું ધાર્યું કે રાત્રે ૧૨ વાગે માર્ટીની ઉર્ફે રમ્યા સાથે હૅપી બ'ડેમય સૅક્સ્ટિંગ કરવાને બદલે એ માઇનસ સાઇઝની ઈવંશાને સમજાવતો હશે કે ૩૮બી, ૪૪ સાઇઝ સ્ટ્યૂપિડ સેલ્સમેને ભૂલથી આપી છે.

## 336 જસ્ટ એ ક્લૂ ઑન ધ માઉન્ટેન

કોણ સ્તાસિ સાથે નથી એ કહેવું અશક્ય હતું. અડીખમ બર્લિન-વૉલની આ બાજુ ડ્રેસ્ડેનમાં રહેતા ફૅલિક્સને ફક્ત પૌલ પર ભરોસો હતો. ઘરના કોઈ વ્યક્તિ પર પણ ન્હોતો એટલો. ડેસાઉમાં નાનાજીના ઘરે મૅક્સમૂલરની બુક્સ વાંચીને ભારત 'ને સંસ્કૃત પ્રત્યે તો લગાવ થયો જ હતો. પણ, તે સાથે બ્રિટીશર્સ પ્રત્યે થયેલું ખેંચાણ હવે જોર પકડતું હતું. એણે રેડિઓ પોતાના 'ને ઍન્ટેના પૌલના બૅકપૅકમાં મૂક્યા. અલગ રસ્તે બન્ને ઇસ્ટ-જર્મન આઝાદીનો ઑક્સિજન ચાખવા ઓર પહાડી પર ઓબ્ઝર્વેશન-ટાવરથી વ્યૂ ના આવે એવી પસંદ કરેલી ટેકરી પર મળ્યા. ઍન્ટેના ઘૂમાવવાની સાથે ફ્રીક્વન્સિ મૅચ કરીને બીબીસી પકડતા વીસેક મિનિટ થઈ. અંગ્રેજી કાને પડતા જ બન્નેના શરીરમાં લખલખું પસાર થઈ ગયું. ભય ઉત્કટતા પર પહોંચીને સ્મિતમાં પરિણમ્યો. પૌલે બોલ્યા વિના આંખ મારીને અભિનંદન આપ્યા. ફૅલિક્સને સ્વતંત્રતાનું સ્વપ્ન જોવાનો ગર્વ થયો. પણ, અફસોસ કે બન્ને વેસ્ટ બાજુ મોં રાખી રેડિઓ કાને અડાડીને સાંભળતા હતા એટલે પૂર્વમાંથી ઓચિંતા જ ચઢી આવેલા લશ્કરી બૂટનો તાલબદ્ધ અવાજ સાંભળી ના શક્યા.

 © Gaurang Amin

## 337 ડિમાન્ડ એન્ડ સપ્લાય

એ ચાલતા ચાલતા રિમોટથી એની જર્મન એમયુવી અનલૉક કરતો હોય છે ત્યાં એક બાઇકવાળો બ્રેક ચોંટાડી, હેલ્મેટ ઉતારીને બૂમ મારે છે.

" અલ્યા એ શાહીન્યા!"

શાહીન ચમકયો, આવી તું તારીથી કોણ બોલાવે છે? એય બાઇક પરથી! એ પાસે આવ્યો.

" ઓહો, ધન્યા તું?! કેટલા વર્ષો પછી!"

સ્કૂલના મિત્રો વીસેક વરસ બાદ મળે છે. દસકાઓની વાતો હસીને એક પછી એક હેડલાઇનોમાં આટોપે છે. દસેક મિનિટ બાદ ધનરાજ હથેળી મિલાવવા હાથ લાંબો કરીને કહે છે-

" હું જૌ? ઘરે જમ્વાની વાટ જોતા હશે. હજુ મોમો લૈને જવું છે. મારી બેટીને બૌ ભાવે છે. એને સરપ્રાઇઝ આપ્વી છે."

ધનરાજના ઉષ્માભર્યા સ્પર્શથી શાહીનના ઠંડા શરીરને કંઈ ના થયું પણ, એનું મન દાઝી ગયું.

' વાઈફ ક્લબ ગઈ હશે. છોકરાં ફ્રેન્ડઝ જોડે. 'ને કદાચ ભૂલથીય ઘરે કોઈ હોય તોય મારા ફેમિલીમાં તો બધાં જોડે ક્રેડીટકાર્ડ! સાલું કાશ બહાર એવું કશું મળતું હોત કે જે હું ખરીદીને ઘરે લઈ જઉં 'ને ઘરનું એક સભ્ય પણ ખુશ થાય.'

## 338 કૂખ વિનાની સ્ત્રી

સુથરો એકલો રહેતો. રોજ પર વહેલો જાય 'ને પાછો મોડો આવે. બે શબ્દ બોલે તો ક્યારેક બાજુવાળા માનસીબેન સાથે. ચાલીવાળા માટે એટલું પૂરતું હતું. વાતો ઊડી કે વચ્ચે એક ભીંત તો કહેવાની, બાકી બંને ચાલુ જ છે. એક વાર ચકલી પાસે આ ગપસપ વધી ત્યારે માનસીબેન ચીસ પાડી ઊઠ્યા " બસ કરો. એને હું નથ ગમ્તી બાકી હું તો ઘર માંડવા તૈયાર જ છું!". લોકોને થયું અમે ખોટા ના હોઈએ. પણ, ગ્રહોના ભરોસે ચૂપ રહ્યા.

એક બદલાયેલી તારીખે સાઇટ પર છત તૂટી પડી. સુથરો મૃત્યુ પામ્યો. બિનવારસી લાશની અંતિમ-વિધિ સરકારે કરી. આ બાજુ ખોલીના માલિકે તાળું તોડ્યું. પલંગ 'ને કબાટ. કબાટમાં વેરવિખેર કપડા. ડ્રૉઅરનું લૉક તોડ્યું. માનસીબેનની છ વરસની દીકરીનો મોટો ફોટો! 'લો આ ભાંડની નજર તો માનસીની છોડી પર હતી.' ખુશ થયેલા લોકો થૂ થૂ કરતા નીકળી ગયા, પણ જોયું નહીં કે ફોટા નીચે પરચૂરણ પડ્યું હતું 'ને ફોટા પાછળ લખ્યું હતું

'જે દીકરીને જોઈને થયું કે કાશ હું લગ્ન કરી શકત 'ને કાશ હું પપ્પા બની શકત.'

 © Gaurang Amin

## 339 વિરોધાભાસની ત્રેખડ

વિહિતને અમેરિકા જવું હતું પણ, જોડે અહીંની સિક્યોર જૉબ છોડતા ખચકાટય થતો હતો. ભારતમાં મલ્ટિનેશનલમાં સીનિઅર સાયન્ટિસ્ટ થવું એ નાની વાત તો ન્હોતી જ. અને

સામે અમેરિકાના વીઝા માટે આખું ગામ તડપે, એ પણ એટલી જ સાચી વાત. નિર્ણય લેવા શહેરની બિઝિ લાઇફમાંથી બ્રેક લઈને એ બે દિવસ માટે મોરબી આવ્યો.

વિહિતનો પહેલો દિવસ તો ઊંઘવામાં જ ગયો. બીજા દિવસે સવારે સાસુમાએ કીધું-

" ઝુલતાપુલ પાસે પગલાંજીનું મંદિર છે, ત્યાં જ્યોતિષને બતાવી આવો."

વિહિત મંદિરે પહોંચ્યો. ભાવથી દર્શન કર્યાં. પ્રાર્થના કરી. પછી જ્યોતિષની રાહ જોતો બહાર બાંકડે બેસીને ટેબમાં કોઈ સાયન્સ-જર્નલ ખોલીને વાંચવા લાગ્યો. સાડા બારે પૂજારી મંદિરની સાફ-સફાઈ કરી 'ને તાળું મારીને બહાર આવ્યા. અને બપોરની નીરવ શાંતિમાં એમણે મંદિરના પ્રાંગણમાં મોહિતની કુંડળી ટૅબમાં જોવાની ચાલુ કરી.

## 340 લાઇફ-લાઇન

સીમિતને ત્રણેક વરસની મહેનત પછી કૉલમ મળી હતી. ભલે દૈનિક સમાચારપત્રમાં નહીં પણ, છ-માસિક મૅગઝીનમાંય લખવાનો મોકો મળવો એ નાની વાત ન્હોતી. પોતાનું નામ સાહિત્ય-વર્તુળમાં એક વાર ચમકે એની જ એ રાહ જોતો હતો. બાકી, ચુસ્ત બ્રાહ્મણ કુટુંબની પેઢીઓ જૂની રીતિ ફગાવીને નાસ્તિકતાનો ઝંડો એ એમ જ પકડે એવો ન્હોતો.

લેખના છેલ્લા બે ફકરા બાકી હતા. આવતી કાલે સવારની ડેડલાઇન હતી. પણ, રાતના દોઢ વાગે પાવર ફેલ્યર થતાં ઘોર અંધારું છવાઈ ગયું. સીમિત માનવ સહજ ભયનો શિકાર બન્યો. ક્યાંય સુધી 'જો લાઇટ ના આવી તો...' વિચારીને એ બેસી રહે છે. આખરે જનીનસહજ કહો કે સંસ્કારસહજ, એને ઈશ્વર યાદ આવ્યા. મોબાઇલની ઝાંખી લાઇટના સહારે એ પૂજાખંડ તરફ ગયો. અને એની નજર સમગ્ર ઓરડો ચમકાવી રહેલા અખંડ દીવા પર ઠરી.

## 341 પ્રેક્ટિકલ કાઉબોય!

"ગમાણમાં હવે જગા નથ, તું નવી ગાયો ભેગી નો કરીશ. ગોગા મહારાજની કિરપાથી તારા છોરાંને થૈરે એટલું સે!" સૂતાં સૂતાં કરતાલ દેસાઈ શકરાને ના પાડતા રહ્યા. પણ શકરો સાંભળે તો શકરો શાનો! બેઉ ગાડીનું પાર્કિંગ રોડ પર કરીને એક-બે નહીં બીજી ચાર ગાય લઈ આવ્યો. કટાયેલા-તૂટેલા પતરા તો કરતાલ દાદાને ના દેખાય પણ નીચે ભોંયે થયેલી ગંદકી-કાદવ તરફ નજર ના કરે તોય નાકમાં ધસી આવે! ગૌપાલક હોવાનું ગર્વ દાદાને જિંદગીના આરે હવે ક્યારેક ચટકા ભરતું હતું.

"ઓ શકરા, આ નવી ગાયો લાયો પણ આ ગંદકીમાં ભેંહું યે ગાયો નઈ."

"ઊહ... ઈને રાત્પડે ઊંઘવાનુંજ સેને! ઈય પાસી આવેતો."

"ચ્યમ દહાડે હું કરસે?"

"હવ દાહડે તો હંધીને રસ્તે ફરવા જાવા દેવાની. બધાં ઇમજ કરેસ. અર્ધુંપર્ધું ઈનું ડોઝુંય ભર્તી આવે 'ને પેશાબપાણીય બારે પતાવીન આવે. આપણે તો દૂધથી મતલબ."

## 342 નેવર સે નો!

એને છોકરીઓ મફિન કહેતી ત્યારેય એ મસ્તી કરતો, પણ સૅક્સથી દૂર જ રહેતો. એને લગ્ન પર પૂરી આશા હતી. અને લગ્ન જીવન શરૂમાં રંગીન પણ રહેલું. પરંતુ, મેરીડ-લાઇફમાંથી સૅક્સનો લગભગ છેદ ઊડી ગયો પછીય એણે સૅક્સ માટે કદી ઉંબરો ના ઓળંગ્યો. હાલાકી એની સ્ત્રી મિત્રોની સંખ્યાને લીધે એની ઇમેજ છૂપાં રુસ્તમની. બેશક કોઈ પ્રપોઝ કરે કે એકાંતમાં હાથ પકડી લે તો એને ખુશી થતી. કિન્તુ, દોસ્તીને એ કદી સૅક્સ સુધી પ્હોંચવા ના દેતો. એવામાં એક નવી ફ્રૅન્ડ બની, એને ગમે એવી. પત્નીના દેહમાં જે ખૂટતું લાગતું એ બધું એનામાં ઊભરીને આંખમાં આવતું. વિભુ આંતરે દિવસે એને આઇ લવ યુ કહેવાનો ફોર્સ કર્યા કરે. વિભુનો પતિ 'ત્યાં' રહેતો. મફિન પાસે પૂરતાં કારણ હતાં. પણ, વિભુ સેન્સિટિવ. આગળ વધવું ટફ હતું. અંતે મુબિને વિભુની લાગણીનો જ યુઝ કર્યો.

" પ્રૉબ્લેમ તો ઠીક. પણ, આટલાં વર્ષો સૅક્સ કર્યા વિના તું કેમ્ની રહે છે? કે કોઈ જોડે..."

" હોય કાંઈ? એ રોજ્જે ત્રણ વાર ફોન કરે. અમે જુદા રહીએ એવું લાગે જ નહીં. સૅક્સબૅક્સ કરતાં ફેમિલી જ વધારે ઇમ્પૉર્ટન્ટ કહેવાયને! મને એવું બધું ના ગમે."

## 343 એકો ના દ્વિતીયમ!

બંને આંખો જોતી હોય તેવું લાગે. પણ, દેખાતું ફક્ત ડાબી આંખે. અંતે મશ્કરીરૂપે હિરણ નામ મળ્યું. વડવા માનો હવનકુંડ બનાવતાં એટલે અટક જાતે પાડી- નવચંડી! નૈનાદેવી શક્તિપીઠના દરવાજે જૂતાંઘર સંભાળતો હિરણ નવચંડી લોકોની દ્રષ્ટિએ નાના મગજનો હતો. પરંતુ, એની નજર વાતવાતમાં લોકો પર હસતી. કપડા, હેર-સ્ટાઇલ કે ગૉગલ્સ, બધાં પર એ હસતો. ફક્ત જૂતાંને માનથી જોતો, એમની જોડે જે એ બેસતાં!

" રહને દો, આપ મત છુઓ." એણે ખાનામાંથી જાતે ચપ્પલ કાઢતાં એક મહાશયને રોક્યા. ટોકન લઈને એમના ચપ્પલ એણે એમનાં પગ પાસે બરાબર લેફ્ટ-રાઇટ  મૂક્યા.

" લો યે રખ્ખો." કહી પેલાં મહાશયે ગર્વથી પાંચનો સિક્કો આપવા હાથ લંબાવ્યો.

" યે હમારા કામ હેં ઔર હમેં ઉસકે પૈસે મિલતે હેં. હમેં પૈસે મત દિખાઓ. હમારે પાસ બહુત હેં. યે દેખો..." કહીને એણે ગજવામાંથી વિવિધ નોટોનો ઢગલો કાઢ્યો.

" પૂરે ચારસો ત્રેપન રૂપિયે હેં! એક સાથ ઇતને દેખે હેં કભી?!"

એટલું બોલી સામે વાળો ચૂપ થઈ જશે એવી ખાતરી સાથે હિરણ નવચંડી ગર્વથી મરકવા લાગ્યો.

## 344 ટોટલી ફ્રેશ ઇન્ફર્મેશન!

ડૉ. કુર્મીએ બીએસએફની સ્થાનિક બીઓપીના ઑફિસર બત્રીને મિત્ર તરીકે માહિતી આપી કે મીબા શરંડી ત્રીજી વાર બૅન્ડેડ ક્રેટ કરડવાની દવા કરાવવા આવ્યો છે. બત્રીએ એને ઝબ્બે કર્યો. ધુલાઈ કરી. બારીપાડા(ઝારખંડ)માં એના સાસરે પણ રેડ પાડી. પરંતુ, કશું હાથ ના લાગ્યું. કિન્તુ, બત્રીના ધ્યાનમાં એક નવી વાત આવી. મીબાના પરિવારની બધી સ્ત્રીઓ સાડીઓ સુંદર પહેરતી હતી. બીજા રાઉન્ડમાં મીબાએ કબૂલ્યું કે રાધાનગર, ત્રિપુરાનો મજુદા સાડીઓ બાંગ્લાદેશમાં સ્મગલ કરતો. 'ને શંખમૂટી સાપ એને મજુદાના ભુરસુંગામાં આવેલા ગોડાઉનમાં કરડેલા, જ્યાં એ કામ કરતો હતો. બત્રીની ભૂખે મીબાને ત્રીજો રાઉન્ડ ખવડાવ્યો. બદલામાં એણે મુર્શિદાબાદ(પ.બંગાળ)માં ગોંધેલી હજારો ગાયોનો પત્તો આપ્યો. એડીજીની મદદથી બત્રી એકી સાથે ૩ સ્ટેટમાં મજુદાના નેટવર્ક પર હલ્લો ગોઠવે છે. અર્ધી રાતે કરોડોની ગાય, સાપ 'ને સાડીઓ સાથે સાત ધરપકડ કરીને જાંબાઝ બત્રી ચેનની નીંદ ખેંચે છે પણ એક પત્રકારનો ફોન એને સફાળો ઊભો કરી દે છે. બત્રી એક તાજી જ આવેલી ઇન્ફર્મેશન વિષે ગંભીરતાથી વિચારતો રહી જાય છે.

" બત્રી, યુ આર એ હિંદુ ફેનૅટિક."

## 345 ખાતરી, વિશ્વાસ 'ને આશા

આખરે આ વર્ષે હરીફોને પછાડીને કંપની નંબર વન થઈ. આ સિદ્ધિ મેળવવા કંપનીના તમામ કર્મચારીઓએ રાત દિવસ એક કર્યા હતા. ખુશખુશાલ કંપનીના માલિક ભદ્રમ શેઠે પાર્ટીનું આયોજન કર્યું. થોડી ઇવેન્ટ્સ, સ્પીચ 'ને ડિનર. ઇવેન્ટ્સ પૂરી થઈ એટલે સૌથી પહેલા કમર્ચારીઓ તરફથી નંદકાકા બોલ્યા. એમની વાતનો સાર હતો કે કામ કરે જાવ બસ, ગીતામાં કીધું છે એમ. ત્યારબાદ મૅનેજર રિતુલભાઈ. જેમની રાહબરી હેઠળ કર્મચારીઓએ આખું વરસ ઘર-કુટુંબ બાજુમાં મૂકીને આકરો પરિશ્રમ કરેલો. રિતુલભાઈને સૌએ તાળીઓથી વધાવ્યા. એમનો મુખ્ય મુદ્દો હતો કે કામ સહજતાથી કરો. કામ એ બોજો નથી. મનોભાર ત્યારે જ થાય કે જ્યારે તમે તમારી તાકાત બહારની ચીજ મેળવવા ઇચ્છો કે પહોંચ બહારની બાબત પર કાબૂ મેળવવા જાવ. છેલ્લે ગર્વથી છાતી ફુલાવતા જાજરમાન ભદ્રમ શેઠે ખૂબ ટૂંકી વાત કરી. મારે તો બસ ગાડા નીચે કૂતરું ચાલે એવું છે, કામ તમે કરો 'ને ખુશ હું થઉં. બસ, પછી શેઠ નીકળી ગયા. મૅનેજર સાહેબ એમને મૂકવા ગયા. બધા ડિશ લઈને કાઉન્ટર પાસે લાઈનમાં ગોઠવાવા લાગ્યા.

'...શક્ય છે કદાચ કાલે પગાર વધારે. કે બોનસ... કે ગિફ્ટ આપે.'

## 346 પોતાના એક માત્ર લીલાછમ છોડનો માળી

સાઇકલ ખરીદવાનું એને સપનુંય ન્હોતું આવતું. શું કામ આવે? ખેતરમાં રહેવાનું. ખેતરમાં કામ કરવાનું. સાઇકલ એને શું કામની? 'ને તાલી હવે દોડતી થઈ ગયેલી. એ નવરો પડે કે તાલી રમે, ખુશ થાય એવું વિચારવું પડતું. કેટલાંય કલાકોની મહેનત પછી ખેતરની કટાઈ ગયેલી તારની વાડના લોખંડી કાંટા પથ્થરથી ઠોકી ઠોકીને કાઢ્યા. તાર સીધો કર્યો. પ્હેરવા જોઈએ છે કરીને માલિક પાસેથી લીધેલા કપડાંથી ગાદી બનાવી. જાડી ડાળની છાલ કાઢી, ઘસીને લીસી કરી. પણ, બધું કામ પત્યું ત્યાં એ ડાળ તૂટી ગઈ. એ પડ્યો. થોડું વાગ્યું. એને જોકે હસ્ત થઈ કે એ બેઠેલો! અંતે લાચારીમાં માલિકથી ગભરાતાં ગભરાતાં ખેતરને નજર ના લાગે એટલે ચાડિયાને પહેરાવેલું સાઇકલનું ટાયર આંચકી લીધું. અને તાલી માટે લીમડે લટકતો સુંદર હીંચકો તૈયાર કરી દીધો. તાલી રોજ સવાર, બપોર 'ને સાંજ હીંચકે ઝૂમવા લાગી! ઘડી "બાપુ" કરતી રેલાશે તો ઘડી "માડી" કરતી. અને એની ભીંજાયેલી છાતી મળે એટલો સંતોષ ભરી એની આંખોને અર્ધ્ય આપતી.

' માઆરી... છોડી. કોયની નજર નો લાગે બાપ!'

## 347 અધર્મીનો પડિયો!

પીવાના પાણીના સાંસા હોય ત્યાં કપડા ધોવાનો તો સવાલ જ ક્યાં?! પૂળો એ જ બદબૂદાર મેલી જોડી ઠઠારીને બાજુના ગામ ગયો. ધીરે ધીરે પાદરના શિવાલયની નજીક પ્હોંચ્યો. નાહી ધોઈને, ચોખ્ખા ચમકતા કપડા પહેરીને આવેલા લોકો 'ને એમાંય હાથમાં પાણી ભરેલા લોટા! પૂળાની જીભ અનાયાસે હોઠ પર ફરવા લાગી. પણ, એણે પોતાની લાડકી મીઠુડીને યાદ કરીને જીભ પર કાબૂ રાખ્યો. કાળજું કઠણ કરીને એ મંદિરના પ્રાંગણમાં દાખલ થયો. અંદર જવાની ન્હોતી તાકાત કે ન્હોતી જરૂરત. એ સીધો બહારની બાજુએ શિવલિંગ પરથી પાણી-દૂધ જ્યાં બહાર પડે ત્યાં નીચે લોટો ધરીને ઊભો રહ્યો. એટલામાં-

" અરર આ શું? પ્રસાદી તાંબાના લોટામાં લેવાય. ઢોળી કાઢ. "

એ ભાઈની જેમતેમ માફી માંગીને પૂળો ગૌમુખમાંથી વહેતો ધોળા પાણીનો ધધૂડો જોતો જોતો 'હું પાણી ભરતા રંગે હાથે પકડાતા માંડ બચ્યો' એવો હાશકારો લઈને ભાગી છૂટ્યો.

ઘરે જતાં રસ્તામાં એ વિચારે ચઢ્યો કે ' મારો હારો તોંબાનો લોટો મને વેચાતો દેહે કોણ?!'

## 348 દો દિવાને શહેર મેં!

ઘરમાં પહેલી જર્સી ગાય આવી 'ને બાપુએ એનું નામ બદલીને જર્સી કર્યું ત્યારથી એને ચસ્કો ચઢેલો. આધુનિક દેખાવાનો. એ કરતાંય આગળ આવેલા દેખાવાનો. જમીન વેચીને મોટો બંગલો બનાવ્યો 'ને ચારે બાજુ બૉર્ડ માર્યા "જર્સી ભરવાડનું હાઉસ". રમ્તીય એવી. ટીવી સિરિઅલમાં નાયિકાના કાનમાં લાંબી બુટ્ટી જોઈને સોની પાસે ઝાંઝરાના પેચ બનાવડાવા જાય! સમાજની રીત મુજબ કાપડું પહેરે. પણ, મૉલમાં માનુનીઓની પટ્ટીઓ દેખાતી જોઈને બૅકલેસની અંદર પાછી બ્રા પહેરે. એય કાબરચીતરી. 'ને માથે ભલે ઓઢે, બરડો બને એટલો ખુલ્લો રાખે. જાણીને ચાર માણસ વચ્ચે બરડો દેખાય એમ ઊભી રહે. આમન્યાની આમન્યા 'ને શોનો શો! એક વાર-

" જર્સી, ધીસ ઇઝ માય વાઇફ, સુષ્મા." પાર્ટીમાં એક મિત્રએ ઓળખાણ કરાવી.

" એ આમ ચત્તા ફરો જોય. આપ છે અમોની અર્ધાંગની, રમ્તી!" જર્સીને શુદ્ધ ગુજરાતી બોલવાનોય ભારે શોખ. પણ, રમ્તી એમાં કાયમ ગૂંચાય. એ જર્સીનો હાથ ખેંચીને બાજુમાં લઈ ગઈ.

" તમિ મન ઘેરથી કયો, બૈરી કયો, પત્ની કયો.... પણ પાસું આ નવું નોમ ચ્યુ રાઇખું?"

## 349 આઝાદી- એક લેક્ચરનો એક અંશ

" ...અરે આવી સરખામણીને તમે રિસર્ચ ગણો છો? કાલે ઉઠીને કોઈ એવું કહેશે કે અંગ્રેજો ગાયનું માંસ ખાતા હતા, વિદેશી દારુ પીતાં હતા 'ને ગોરી સ્ત્રીઓ સાથે સંબંધ રાખતા હતા એટલે એ આપણા રાજાઓ કરતા વધારે તાકતવર હતા!"

ડો.ચંદ્રલાલ તેત્રીસ કરોડ દેવી-દેવતામાં માનતા હિંદુઓ કરતા એકેશ્વરવાદીઓ વધારે સફળ હોય છે તેવા એક સંશોધન પર અકળાઈને કહેતા હતા. જર્નાલિઝમના પહેલા વરસમાં ભણતા વિદ્યાર્થીઓ દિગ્મૂઢ થઈને સાંભળતા હતા.

" લુકાસ, પ્લીઝ ટેલ અસ કે અંગ્રેજો કયા કારણ સર ભારત પર રાજ કરી શક્યા?"

" સર, ભારતના એ વખતના રાજાઓ એક ન્હોતા. અંદરોઅંદર લડતા હતા એટલે."

" મે બી! હવે એ કહે કે અંગ્રેજો ઑલમોસ્ટ આખી દુનિયા પર કેમ રાજ કરી શક્યા?"

" સર, એ તો દરેક દેશના ઇતિહાસનો સ્ટડી કરવો પડે."

" બિંગો! તમે સ્ટુડન્ટ છો. સ્ટડી કરો. થાળીમાં મળેલું ખાઈને હા એ હા કરતા ગુલામ નહીં!"

## 350 બે સુખતી નસ!

"નો સેક્સ ટીલ યુ લૂઝ એટલિસ્ટ ટેન કેજી." આ સાંભળીને શ્લાઘા લાલચોળ થઈ ગઈ.

"ઓકે નીશ, તો હવે જમવામાં ડાયટ-ફૂડ જ બનશે. તને ખાવાનો બહુ શોખ છે તો તું પણ ભોગવ. તારી ફાંદ ઊતરશે એ નફામાં!" નીશને કાપો તો લોહી ના નીકળે! મોં ખુલ્લું થઈ ગયું 'ને હાથ પેટ પર જતો રહ્યો. બીજા જ દિવસે શ્લાઘાએ જિમ જોઇન કરી દીધું. ડાએટિશ્યનની સલાહ મુજબ ઘરનું મેન્યૂ ડિઝાઇન કરવા માંડી. એના માટે આખરે ક્વેશ્ચન સેન્સિબલ સેક્સનો હતો! પણ, નીશનું પાપી પેટ અડીઘડી માથે ચઢીને પોકારવા લાગ્યું. મજબૂત સૅલરી પાડતા નિશે ઇવેન્ચ્યુઅલિ ઑફિસ આજુબાજુના ફૂડ આઉટલેટમાં એનું પેટ ગીરવે મૂકી જ દીધું! સાંજે ઘરે આવે એટલે કૃત્રિમ રીતે ગંદું મોઢું કરી મગનો સૂપ પીને પોતાનું બોલેલું પાળવા શ્લાઘાથી દૂર ડ્રૉઇંગ-રૂમમાં જ સૂઈ જતો. અને શ્લાઘા? બંધ બેડરૂમમાં એના જિમ-ઇન્સ્ટ્રકટરને અવનવા સ્ટિકર ચોંટાડીને કહેતી હોય-

સી યુ ટુમૉરો... વિશ યુ હિઅર નાઉ... યુ વૅર ફૅન્ટાસ્ટિક ટુડે...

 © Gaurang Amin

## 351 બેધારો અસ્ત્રો

' હાથો લબડી પડ્યો છે પણ ઠીક થૈ જશે' બક્ષો ઝાંપા પરથી ઊંચો થઈને જોયા કરતો હતો.

" શું કરે છે બે?" બૂમ મારતા બંગલાના માલિક ભ્રાતૃભાઈ બહાર આવ્યા.

ડરેલા બક્ષાની નજર ટાલ 'ને લાંબી દાઢી પર પડી. એણે હિંમત કરી " શેઠ, આ ખુરશી વેચાતી ખરીદવી છે મારે."

" શું લેવા? કેટલા આલીશ?" ફેંકી દેવા કાઢેલી વસ્તુના પૈસા મળતા જોઈને શેઠ શાંત થયા.

" વાણંદનું કામ શરુ કરવું છે, શેઠ. હું શુકનના સવા સો આપી શકું!" બક્ષાએ હાથ જોડ્યા.

" હોતા હશે! પૂરા બસ્સો થશે. કંઈ આગળ છે તારી દુકાન?"

" શેઠ, દુકાન નથી. રોડ... ફૂટપાથ પર જ. ઓછું કરોને... અથવા હપ્તેથી આપો."

ભ્રાતૃભાઈએ નાક પર નખ ઘસીને પાછી બૂમ મારી " શના.". ચપટીમાં અંદરથી એમનો નોકર પ્રગટ્યો. " જી."

"જો આ શનો તારતૈ બાલ-દાઢી માટે આવ્સે. બાકીના પિંચોતેર એમ પૂરા કરજે." 'ને શના બાજુ જોઈને ઉમેર્યું-

" તારા પિંચોતેર હું પગારમાંથી કાપી લૈસ."

 © Gaurang Amin

## 352 આત્મભાન!

નિદાન પછી એણે પ્હેલી વાર બટન ખોલીને પેટ પર થયેલી ગાંઠ જોઈ. બટન બીડવા જતો હતો એવામાં ગાંઠમાંથી સુગંધીદાર ધુમાડા નીકળ્યા 'ને એક શ્વેત આકૃતિ પ્રગટ થઈ.

" હાઇ બૉસ્સ! આખરે તમારી નજર પડી ખરી! હવે આપણે રોજ મળીશું!"

" કોણ છે તું? અને ક્યાંથી આવ્યો? શું કામ આવ્યો?" એ ગભરાઈ ગયો.

" ચિલ બડી! હું તારામાંથી જ આવ્યો એટલે તું સ્તો. ખાલી મારું નામ અલગ. વિશ્વામિત્ર."

" બોલ શું સેવા કરું તારી." જે સાંભળવું હતું તે વસિષ્ઠ પોતે બોલી ગયો!

" હવે શેની સેવા? મારે તો જલસા છે! તારા કૅન્સરથી તારા મૃત્યુ સુધી ફક્ત મનોરંજન!"

દર્દથી કણસતા વસિષ્ઠની આંખ એનું મુક્ત સ્મિત જોઈને સુકાવા લાગી. અને જેવી ક્રોધથી ધગધગવા લાગી એવી પેલી આકૃતિ કાળી પડવા લાગી 'ને એમાંથી બળેલા માંસની દુર્ગંધ આવવા લાગી. પૂરી ચેતના સાથે વસિષ્ઠ એના પર કૂદવા ઊભો થયો પણ વિશ્વામિત્ર નામની પેલી આકૃતિ ગાયબ થઈ ગઈ 'ને વસિષ્ઠ ઊંધા માથે પટકાયો, ચીસો પાડતાં પાડતાં.

## 353 ડેજા વૂ

વાહક પોતાને સૅપિઓસૅક્સ્યુઅલ માનતો હતો. લંડનના ટ્રફાલ્ગર સ્ક્વેર પર હું 'ને એ વર્ષો પછી અણધાર્યા મળી ગયા. સ્કૂલ 'ને હૉસ્ટેલમાં અમારી જોડી હતી. પરંતુ, પછી પૈસા કમાવાના દિવસો આવ્યા ત્યારે એ ગુપચુપ એકલો લંડન પ્હોંચી ગયો. હું સ્ટ્રગલ કરતો રહ્યો. ઈમેલનાય એ જવાબ ન્હોતો આપતો. 'ને હવે ગાઢી મિત્રતા જતાવે છે.

" હું તને ક્યારેય ભૂલ્યો નથી. મારી બૅંકના સિક્રેટ પાસ્કોડમાં પણ મેં તારું નામ રાખ્યું છે."

એને ખબર ન્હોતી કે એનું ફેસબુક એકાઉન્ટ મેં જોયેલું છે. છતાં અનુભવે મને કૉન્ટૅક્ટ કરતા રોકેલો એ મને યાદ હતું.

" તને જોઇને રિઅલી હાશ થઈ." એ મારું મ્યૂટેડ ગ્રેફિટિ જેકાર્ડ વૂલ બ્લેઝર જોતો હતો. પણ, હું ભેટી પડ્યો.

" ચાલ, અહીં નજીકની હૉટેલમાં જ ઊતર્યો છું. રૂમ પર બેસીને ગપ્પા મારીએ."

" ઓહ યસ, હું જરા એક કૉલ કરી લઉં." વાહકના વૉઇસમાં સ્પાર્ક હતો. હોપ હતી. બે મિનિટમાં એનો કૉલ પત્યો. મેં તરત જ એને કીધું કે હું તારા ઘરે જ શિફ્ટ થઈ જઉં, હૉટેલથી કંટાળ્યો છું ‘ને ખાવામાંય મજા નથી આવતી.

" હા એનો વાંધો નહીં બટ, સૉરી  મૅટ. હમણાં તો મારે ઑફિસ પાછાં જવું પડશે."

મને થયું 'હાશ! મારું તીર બરાબર નિશાને લાગ્યું.'

## 354 દાળ ઠીક, વઘાર કહેવું પડે!

ધુમ્રનો જન્મ થયો એ જ દિવસે એના પપ્પાને પ્રમોશન મળેલું. ઘરમાં બધાએ ડબલ ખુશી મનાવેલી. પ્હેલી વાર 'મમ્મી' બોલ્યો ત્યારે ઘરમાં થ્રી-ડોર ફ્રિજ આવેલું. એ રાતે બધાંએ ઘરનો આઇસ્ક્રીમ ખાધેલો. એની મુંડન વિધિના દિવસે ફડચામાં ગયેલી કમ્પનીના શેરના ભાવ એકાએક ઉંચકાયા 'ને ફેમિલી ઘણું કમાયું. ધુમ્ર ત્યારે નાનો. એને જોગાનુજોગ કોને કહેવાય કે કિસ્મત એટલે શું એ અંદાજ આવ્યો ત્યારે તો એ હૉસ્ટેલમાં રહેતો. ભણીને ઘરે પાછો આવ્યો એ દિવસે પપ્પાએ જેની પાસેથી બે લાખ નકદ ઉધાર લીધેલા એ ભાઈ મૃત્યુ પામ્યા. પપ્પા બોલેલા કે સદનસીબે બચી ગયા, વારસદારોને એ લેણાની કશી ખબર નથી. ધુમ્ર નોકરીએ લાગ્યો. ઘરમાં પૈસા આપતો થયો. મમ્મી-પપ્પા નાતમાં છોકરી જોવા માંડ્યા. થોડી કસરત પછી ગરિમા જોડે ધુમ્રનું નક્કી થયું. ધુમ્રને તો મમ્મી-પપ્પા કહે એટલે ફાઇનલ. લગ્ન થયા. વહુએ ગૃહપ્રવેશ કર્યો. 'ને વકીલનો ફોન આવ્યો કે તમે કેસ જીતી ગયા. મમ્મી-પપ્પા બેઉ બોલ્યા કે વહુના પગલા ઘણા શુભ છે. ધુમ્રએ અસાધારણ સ્મિત આપ્યું 'ને એના સામાન્ય ડગલા બેડરૂમ તરફ વાળ્યા.


© Gaurang Amin

## 355 ડીલ ઇઝ ડીલ!

શશીની બદલી કૃષ્ણપુરાથી પાછી સુરત થાય એના માટે શશીની માએ શશી પાસે બાધા રખાવી હતી કે બદલી થાય તો એ કૃષ્ણપુરાના મંદિરમાં સત્તર ફૂટની ધજા ચઢાવશે. બદલી થઈ ગઈ. માના જીવમાં જીવ આયો કે શશી પાછો ઘરે આવશે! પણ, શશી નાખુશ હતો કે બદલી એણે એની જાતે કરાવી હતી, ઈશ્વરે નહીં. પુરા પચાસ હજાર ખવડાવીને. આ બાજુ શશીની માએ કીધેલું કે ધજાનો ફોટો નીકળતા પહેલા વૉટસ એપ પર મોકલી દેજે. શશીએ કૉમ્પ્યૂટર પર મહેનતથી સાત ફૂટની ધજાવાળા ફોટાને સત્તર ફૂટની બનાવી મંદિરે પહોંચ્યો. ભગવાનને માથું નમાવ્યું અને મનોમન વાત કરવાની ચાલુ કરી

' માને હું આ ફોટો મોકલવાનો છું તો માફ કરજો. પચાસહજારનું દેવું થયું તોય હું તમારા પર ગુસ્સે નથી. પણ હા, જો મને કોઈ એક-બે લાખ રૂપિયાનો બકરો મોકલી આપશો તો હું સત્તર ફૂટની સાચુકલી ધજા ચઢાવીશ 'ને ઉપરથી પચાસ હજાર તમારા.'

ઈશ્વર સાથે વાત પૂરી કરીને શશીએ માને પેલો બનાવટી ફોટો સેન્ડ કરી દીધો.

 © Gaurang Amin

## 356 વર્ગ-ગ્રહ

શાણ સોલંકી એકલો જાણતો કે એની પ્હેલી સ્ખલના છાયા સાહેબને ભૂલી જવા એણે ગેમનું નામ "પ્રકાશપુર" રાખેલું. અલબત્ત, ચિફ-પ્રોગ્રામર કમ લાઇફ-પાર્ટનર સનાયાને શાણની વર્ગ-વિગ્રહથી જખમી જીવનીની જાણ હતી. પરંતુ, એને આઘાત લાગ્યો કે શાણનો વર્ગ-નિગ્રહનો અંતિમવાદી વિચારકોણ "પ્રકાશપુર"ને સાવ અવાસ્તવિકતાથી મર્યાદિત કરી રહ્યો છે. શાણ "પ્રકાશપુર"માં રહેતાં મનુષ્યો જાતિ કે જૂથ વિનાના માંગે છે. સનાયાએ સમજાવ્યો કે સાચા વિશ્વના લોકો જ આ ગેમ રમશે. મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ માણસો ગ્રૂપમાં જ હોય. પ્હેલેથી સેક્શન્સ ના આપીએ તો યુઝરને પાછળથી ફૅક્શન્સ રચવાના ઑપ્શન્સ આપવા પડે. દુ:ખહીન દુનિયામાં સુખ દેખાશે જ કેવી રીતે? નવા સુખ માટે કોઈ પ્રવૃત્ત કેવી રીતે થશે? પ્રગતિની વિભાવના સામાજિક સંબંધની સમસ્યા વિના ફક્ત ફૅમિલી કે પર્સનલ ઇસ્યૂ પર જ ઊભી રહેશે. આર્થિક સમાનતા વાળું "પ્રકાશપુર" અજાણ્યા ગ્રહ પર એકલું વસેલું બતાવવું પડે. સમય જતાં "પ્રકાશપુર"ની વસ્તી વધશે... બીજું-ત્રીજું વર્ઝન આપવાનું થશે ત્યારે શું કરીશું? 'ને એવામાં કોઈ કમ્પની "છાયાનગર" લૉન્ચ કરશે તો?

 © Gaurang Amin

## 357 સિમ્પલ સ્ટોરી યા ટફ રિએલિટી

રાત્રે ગામના બારમાં એના તૂટેલા દિલમાંથી સરતા ગીત માણવા પિયક્કડો "આફરીન" કહેતાં એને પિવડાવતાં. દિવસે એ હજરત બરાર સાહેબની દરગાહ પર બેસી રહેતો. પ્રસાદીના મીઠા ભાતથી પેટ ભરતો કશ્તીસિંઘ દરગાહને ત્યાગનું પ્રતીક માનતો. હોશમાં હોય ત્યારે એને તમામ નશાથી ઘૃણા થતી. પ્રેમના નશાથી ખાસ. પોતાનો પ્રેમ મનદીપ કૌર ડ્રગ્ઝના ધંધામાં છે એ જાણ્યું ત્યારથી એ કમને પીતો થયેલો. એમાં એનું આલ્બમ બહાર પાડવાની ગલ કરતાં જમીંદારોના યુવરાજોએ એને બારનો રસ્તો ગોખાવી દીધો. થાકેલાં પ્યોં પુતરને વિદેશ મોકલવા મક્કમ થયાં. ગામના છ યુવાન ડબ્બરની "અન્ડર-લાઇન" પર યુરોપ પ્હોંચ્યાનું જાણી પ્યોંએ જમીન વેચીને ડબ્બર જોડે પાકું કરી કાઢ્યું. ભલે પાછો ના આવી શકે પણ, જિંદગી તો બને! કશ્તીને બરાર સાહેબનો વાસ્તો આપી ફરજ પાડી. એરપોર્ટ પર બાપ-બેટો ખૂબ રડ્યા. અંતે પ્લેન નૈરોબી તરફ ઊડ્યું. ત્યાંથી બે એક મહિનામાં "આગળ" જવાનું. પણ, ના એ કદી ભારત આવી શક્યો કે ના કૅન્યા છોડી શક્યો. કશ્તી તો ડબ્બરના અસલ કારોબાર મૅન્ડ્રેક્ષની દલાલીમાં ઊંડો ઊતરતો ગયો.


© Gaurang Amin

## 358 મખતૂબ

સ્કૂલના બે વરસ. કૉલેજના ત્રણ વરસ. એ પછીના ભણતરના ભાર વગરના ચાર વરસ તારીફ અને હૂર પ્રેમમાં તરબોળ રહ્યા. ખૂબ મજા કરી. લારી પર રગડા-પેટીસ ખાધી.

ડ્રાઇવ-થ્રૂમાંથી બર્ગર-કૉફિ લઈને લૉન્ગ-ડ્રાઇવ પર ગયા. મૂવિઝ જોયા. હુક્કો પીધો. બગીચાના બાંકડા પર હાથમાં હાથ પકડીને બેઠાં. હૉસ્ટેલની રૂમમાં કપલ-ડાન્સ કર્યો.

કેટલીય પિક્નિક કરી. ગરબા રમ્યા. મિત્રો જોડે પરોઢિયા સુધી ગપ્પાબાજી કરી. કૉક્ટેલ-પાર્ટી કરી. અવનવા ફોટા પાડીને આલ્બમ ભર્યા. હાસ્ય, રોમાંચ 'ને સંતોષથી ડાયરીના

એકોએક પાનાં ભરાઈ જાય તો પણ એમની વાત ના ખૂટે એવી પ્યોર લવ-લાઇફ એમણે માણી. પરંતુ, એક દિવસ બધું જ અંત પામી ગયું. બંને જણ ધામધૂમથી પરણી ગયા. તારીફે ચૈત્રા જોડે લગ્ન કર્યા. હૂરે કલાપ જોડે. આજે ચૈત્રા 'ને કલાપ પોતાના ફિઝિકલ રિલેશન જસ્ટિફાઇ કરવા તારીફ 'ને હૂરની જૂની વાતો યાદ કરે છે. અને તારીફ 'ને હૂર જ્યારે પણ મળે છે ત્યારે એક જ વાતનું ગિલ્ટ એમને સતાવે છે કે આપણે એકમેકની સ્વતંત્ર જિંદગીના નામે ક્યારેય એકબીજાને પૂરી રીતે સમર્પિત ના થઈ શક્યા.

## 359 ચોંટી ગયેલી પિનોનું રાત્રી-સંગીત

ઝુમ્મરમાંથી ઝરતા દીવાના પ્રકાશમાં દાસી એક મોટું લાલટેન મેજ પર મૂકી ગઈ. જુદા જુદા દ્વારમાંથી દરબારીઓ આવવા લાગ્યા. થોડી વાર એકબીજા સામું તાકતા એ બેઠાં હશે ત્યાં સિંહાસનની પાછળનો પડદો ચીરીને નવાબજી પ્રગટ્યા અને મેજથી જોડાયેલી ખુરશી પર બિરાજ્યા. નવાબજી કાપડનો વીંટો મેજ પર ખોલે છે. નકશો જોઈને હાજર દરબારીઓ ઉત્સાહમાં આવી જાય છે. ગુંબજના ખૂણાની બારીમાંથી છુપાઈને આ બધું જોતા પદભ્રષ્ટ સેનાપતિના જાસૂસ અલ્તુફના ખભે કોઈ હાથ મૂકે છે 'ને એ ભડકી ઊઠે છે.

" શાંત મહોદય શાંત. બળવાની તૈયારી ચાલી રહી છે કે?"

" બળવાની નહીં યુદ્ધની."

" હવે યુદ્ધ?! બળવો નક્કી દિન પ્હેલાં શરુ થઈ ગયો છે એ અંગ્રેજો જાણે છે. શેતાની કંપની સરકાર કોઈને નહીં છોડે."

" મૂર્ખ તું શું બોલે છે? આ કાલે પલાશીમાં લડાનાર યુદ્ધ અંગે ગુપ્ત બેઠક થઈ રહી છે."

" હાહાહા, જનાબ તમે મૂર્ખશિરોમણિ છો! આ ૧૮૫૭ ચાલે છે 'ને બળવાના જુલ્મમાં મને ફાંસીએ લટકાવેલો ‘ને પછી દાટીય દીધેલો. પણ, હું માંડ માંડ જીવતો ભાગીને અહીં સંતાવા આવ્યો છું!"

## 360 એ પોઇન્ટ

અમુક પ્રવાસીઓ દ્રશ્ય જોઈને ઘેલા થઈ ગયા. હકુદાદા બોલ્યા કે કોઈ ફ્રેંચ રીઅલિઝમ એરાના પેઇન્ટરનું બ્રશ ફર્યું છે. સુકાને કીધું કે મિલ્યન મેગાપિક્સલ સીન. શબ્બો કહે કે કાશ, મારા પૅન્ટહાઉસમાંથી આ સીન દેખાતો હોત. થેરેસાબેનના મોઢામાંથી સરી ગયું, વાઉ... સો મેની ક્રિસ્મસ ટ્રીઝ! પદ્માકાકી બબડ્યા કે અમારા વીકેન્ડ-વિલામાં ઑલમોસ્ટ સેમ પોસ્ટર લગાડ્યું છે. મુથ્થુએ લગભગ ચીસ પાડી, લુક એટ ધ વૅલિ... કવાઇટ એ પ્લેસ ફૉર બંજિ-જમ્પિંગ! સત્યેન્દ્ર અંકલે આંટીને કહ્યું કે જો પેલ્લો દેખાય છે એ બ્લુ કલરની ટૅપિસ્ટ્રી આપણે લેવી છે. અરિષ્કાએ બૂમ નાખી, યુહુ.... વી આર ઇનસાઈડ એ ફેઅરી ટેલ.

ટુરિસ્ટ-ટીમ જોડે જે લોકલ-ગાઇડ હતો એ આવું ઘણી વાર સાંભળી ચૂક્યો હતો. યાત્રીઓની ખુશી જોઈને એણે ફક્ત સ્મિત આપ્યું. 'ને મનમાં ફરી એક વાર વિચાર્યું-

' કુદરત તારી યોજનાને સલામ છે કે આ લોકો અહીં ફરવા આવ્યા છે, અહીં રહેતાં નથી.'


© Gaurang Amin

## 361 લાયન એન્ડ કબ

સ્કૂલમાં બધાં કાકા કહીને ચીડવતા. પણ, એક વાર વર્ગ-શિક્ષકે એને 'કાકા, લેશન લાયા છો?' એવું પૂછ્યું. એટલે એનાથી ના રહેવાયું. એ હિંમત ભેગી કરીને પપ્પા પાસે ગયો.

" મારે આવા રબરના ચોમાસું ચપ્પલ નથી પેરવા, મને બધાં પેરે એવા સ્લીપર જોયે છે." પપ્પા કશું ના બોલ્યા. એને લઈને એ સાંજે ચાલતા નીકળ્યા. સ્લીપર પ્હેરેલા લોકોના કપડા પર ઊડેલા કાદવના છાંટા બતાવ્યા. પછી એને એના પોતાના પગ જોવાનું કીધું.

" અરેરે, આ તો કેટલું ગંદું થાય. આ લોકો કેમ સ્લીપર પેરે છે. એનાથી તો ચપ્પલ સારા." પછી, પપ્પાએ સમજાવ્યું કે સ્લીપર સસ્તા આવે. અને ચપ્પલ બધાને ના પોસાય ત્યારે એને આશ્ચર્ય થયું. ત્યાં સુધી એને એમ જ કે ગામમાં જે જુઓ તે સ્લીપર પહેરે છે, પણ પપ્પા મને નથી લાવી આપતાં, જરૂર મોંઘાં હશે. એ રસ્તા વચ્ચે પપ્પાને ભેટી પડ્યો. અને રડતાં રડતાં બોલ્યો-

" પપ્પા, મેં તો હાલ જ જોયું. તમારું પેન્ટય તે બૌ ગંદુ થયું છે."

## 362 અકારો, નકારો 'ને હકારો

" ...રવિવારે સવાર સવારમાં મોંકાણ... વધારે વાગી ગયું હોત તો?... " ઊંઘમાંથી ઉઠીને પોતાની પ્યારી દીકરીને પગમાં વાગેલું જોઈને પપ્પા ગુસ્સામાં કેટકેટલું બોલ્યા.

" અરે કંઈ ખાસ નથી વાગ્યું. તમે સૂઈ જાવ પાછાં. બિચારીને આજે સ્કૂલે જવાનું ન્હોતું 'ને સોસાયટીમાં ગણેશ બેસાડ્યા છે તો સવારની આરતી કરવા જવું'તું એમાં ખોટું શું કર્યું? તમે તમારા નાસ્તિકતાના વિચારો એના માથેય ઠોકી બેસાડશો?!"

" એમ? ભગવાન પૂજવા હોય તો ઘરમાં પૂજો. મનમાં પૂજો! બહાર આટલાં તાયફા શું કામ કરવાના? આ છોકરી પડી ગઈ એનું કંઈ નહીં?"

ડૂસકાં ભરતી મૃગા મમ્મી-પપ્પાને ફરીથી ઝઘડતા જોઈને શાંત થઈ ગઈ. એણે જાતે આંસુ લૂછી કાઢ્યા 'ને નિર્દોષ પ્રેમથી હસતા હસતા રણકી-

" અરે પપ્પા! કઈ નથ થ્યું! આ તો પગથિયાં ભીના હતા તે જરા લપસી પડી. પણ જુઓ, આ મારા હાથમાં પ્રસાદ હતો એટલે પડી તોય કૈ ખાસ વાગ્યું નઈ!"

 © Gaurang Amin

## 363 રાષ્ટ્ર ઇવ કુટુંબકમ

" ચલ છૈયાં છૈયાં છૈયાં... " વિદેશી વૂફર દ્રશ્યની એસયુવી ધ્રુજાવતાં હતાં. સિગ્નલ પર ભીમ નજરે જોતા દ્રશ્યને એકદમ ખ્યાલ આવ્યો કે એની વિન્ડો કોઈ ઠોકી રહ્યું છે. એણે સાયનરંગી ગૉગલ્સમાંથી નીચે જોયું. ગંદા કપડામાં એક છોકરો કશું બોલતો હતો. એણે છૂટા પૈસા શોધ્યા. ના મળ્યા એટલે કાચ ઉતારી દસની નોટ બહાર કાઢી.

" ભાઈસા'બ, હું ભિખારી નથ. આ સૂતરની આંટી લ્યો- દસની જ સે."

" રાખ બકા, મારે આને શું કરવાની?!"

" આજે ગાંધી જયંતી સે. એટલે આજે સૂતરની આંટી પેરવાની ફેસન સે."

" ઓત્તારી આ ખરું. પહેલા ત્રિરંગો વેચતા'તા હવે આ નવું લાયા. ભારે ધંધો કરો હોં! અરે પણ બકા, ગાંધીજી તો બાળ-મજદૂરીની ખિલાફ હતા. એટલે આ તો ખોટું થાય."

" ભાયસા'બ, એ રાષ્ટ્રપિતા સે તો હુંય રાષ્ટ્રપુતર સું. એમની આ સિવાય બાકી બધી વાત હાંભર્જો 'ને આ તમાર નોના રાષ્ટ્રભાયની ખાલી આ એક જ વાત મોનો."

## 364 ડિસ્પોઝલ

જે રીતે ક્રિંજલે ડોર બંધ કર્યું ધ્રુવનને શંકા પડી કે એ કારમાં ક્યારેક જ બેઠેલી છે. કૉફિબારવાળો ઑર્ડર લેવા આવ્યો ત્યારે મેન્યૂ પકડીને એને ગૂંચવાતા જોઈને ધ્રુવન ફરી ખુશ થયો. છેલ્લે એસપી રિંગ રોડ પર આંટો મારવા નીકળ્યા ત્યારે નવીસવી શહેરમાં આવી હોય એમ ક્રિંજલને આજુબાજુ જોતા જોઈને ધ્રુવનનો કૉન્ફિડન્સ ઘણો વધી ગયો. ધ્રુવને એના ભણતર, શોખ 'ને કુટુંબની બને એટલી બડાશ હાંકી. ક્રિંજલ દરેક વાતે ઇમ્પ્રેસ થતી હોય એમ સાંભળતી. આશ્ચર્યમાં પડતી. હસતી. ઇવેન્ચ્યુઅલિ આછું અંધારું થતાં ધ્રુવને એના યુઝવલ સ્પૉટ પર પાર્ક કરી. હેડલાઇટ ઑફ કરી. એસી કુલ કર્યું. મિકૅનિકલ સ્મૂધનેસથી ક્રિંજલની આંખમાં આંખ પરોવીને ડાબો હાથ ઊંચક્યો ત્યાં ક્રિંજલ બોલી-

"લિસન ધ્રુવન. તમારે આજે મારી સાથે જે કરવું હોય તે કરો પણ, મહેરબાની કરીને કાલે સગાઈ તોડી નાખજો. મારા ઘરવાળાના ફોર્સને કારણે મેં આ સગાઇ કરી છે. બાકી આઇ એમ ગોઇંગ સ્ટેડી વિથ સમવન એલ્સ."

## 365 અનલિમિટેડ ટોપિંગ્ઝ પ્લીઝ,

" મે'મ સામે ચોક્ખું લખ્યું છે 'નો ડૉગી પેક' અને 'લેફ્ટ ઓવર વિલ બી ચાર્જ્ડ એક્સ્ટ્રા'"

" આને તમે લેફ્ટોવર ગણો છો? પિઝાની રબડ જેવી સાઇડઝ તો કોઈ ખાતું હશે?"

" મે'મ ફૉર યોર કાઇન્ડ ઇન્ફો તમે આ જે સાઇડઝનો ટેકરો કર્યો છે એમાં કમ સે કમ બે ગરીબનું પેટ ભરાય. અરે ઇવન ચકલાં 'ને ગાય પણ ખાઈ શકે!"

" એટલે તમે અમારું એંઠું ગાય-માતાને ખવડાવીને અમને પાપમાં પાડો છો?"

" ઓહ! મેં'મ તમે વાત ક્યાંથી ક્યાં લઇ જાવ છો? એક કામ કરો તમે આ ટિપ મૂકી છે એ પાછી લઈ લો, પણ મહેરબાની કરીને આ વેસ્ટેજના વજન મુજબ ચૂકવી દો."

નજીકના ટેબલ પર શાંતિથી આ કચ સંભાળતા આઠ વરસના બાબાએ એની મમ્મીને કીધું-

" મમ્મી, આપણે તો એવો પ્લાન કરેલો કે જેટલી સાઇડઝ વધે એટલી હું કાલે સ્કૂલે લંચમાં લઈ જઈશ. હવે આપણે શું કરીશું?!"

## 366 એક ચીન, બે લઘુમતી

"એને મૅન્ડરિન પણ નથી આવડતી. ફક્ત વાસના પૂરી કરવા તમે બીજું ઘર ના માંડી શકો. ઇસ્લામ ચોખ્ખી ના પાડે છે." હ્નિન ગુસ્સાથી શ્યફિં અલિમ્ચી સામે તાકી રહી.

"મને ટર્કી આવડે છે. 'ને સંબંધ આડે ભાષા ના આવે. ભાષા સંબંધ આડે ઊતરે."

હ્નિનને શંકા ગઈ ક્યાંક શ્યફિં પ્રેમ તો નથી કરી બેઠો ને!

"અરે પણ, આપણે આખરે હાન છીએ. એ વીઘર. એને નોકરી આપી એ ઓછું છે?"

"હ્નિન, શિનજીયાંગમાં રહીને પાસપોર્ટ મેળવવો અઘરો છે. અને પાસપોર્ટ વગર આપણે હજ પર કેવી રીતે જઈશું? એક વીઘરને આપણા દેશની મુખ્યધારામાં લાવી, એમને સુસંસ્કૃત કરવાના બહાને હું સત્તાવાળાને પ્રસન્ન કરું તો આપણું કામ થઈ જાય."

શ્યફિંનો અવાજ સૌમ્ય થતાં બૅગમ રાણી પ્રેમથી સમજાવા લાગ્યા.

"એ જ સરકાર બીજી શાદીને ગુનો ગણે છે, ઇસ્લામ ના ગણે તો પણ. એ યાદ છે ને?!"

"હા, મને ખબર છે. એ મારી બીજી સ્ત્રી છે, બીબી નહીં. ચાલ, અહીં આવી જા જો."

## 367 નિર્ણય

વેલિંગ્ટન. શહેર, ભાષા, પડોશી બધું પારકું. તિક્ષાના મને પૂછ્યું 'ભલા પડોશી તો કાંઈ પારકા હોતા હશે?' 'ને મગજે તરત બચકું ભર્યું 'આ છે તે કેવા? સામે ભેંકાર રોડ. ઘરમાં હું એકલી 'ને પછવાડે લાકડાની દિવાલોની પેલી બાજુ નર્યા ઝાડવા. ત્રણમાંથી એકે પડોશીને રસ્તા પર જોઉં તો ઓળખીય ના શકું! નવા નવા આવેલા એટલે કામ વિના ઇન્ડિઆ ફોન કરવાનું ના પોસાય. જે બે-ચાર ઇન્ડિઅન્સ લોકલી ઓળખે એમની પાસે સમય ના હોય. નવરા બેસીને કરવું શું?' તિક્ષાને થતું કે બેકયાર્ડની હરિયાળી પર દોડું. ગાઉં. ગરબે ઝુમું. પણ, પેલાં પડોશીઓની બંધ બારીના કાચ ખુલ્લા છે. કોઈ જોઈ જાય તો? એક દિવસ એ બેકયાર્ડમાં હિંમત કરીને પહોંચી. મોબાઇલ કાને લગાવી આંટા મારતી ત્રાંસી આંખે શોધતી રહી કે કોઈ જોતું નથી ને? કલાકેક સુધી કોઈ ના દેખાયું. પછી તિક્ષાએ લલકારવાનું શરુ કર્યું " તારા વિના શ્યામ એકલડું લાગે..." 'ને પહેલું સ્ટેપ લેવા પગ ઉપાડ્યો ત્યાં ડ્રાઇવ-વે પર લૉન-મોઇંગવાળો આવતો દેખાયો. તિક્ષાને થયું 'કંઈ નહીં. એનું કામ પતે ત્યાં સુધીમાં ચણિયાચોળી પહેરી લઉં. પણ, આજે તો હું ખુશ થઈને જ રહીશ.'



© Gaurang Amin

## 368 જાય ક્યાં? એ પછી કદાચ મંદિરે જશે!

" એને ક્યાં કંઇ આવડે છે! ફોટા પાડ્યા કરે છે. હવે એથી શું થાય?"

" એમાં તો વાઇલ્ડ-લાઇફ ફોટોગ્રાફી કરે તો વાત બને!"

" હાસ્તો. પણ, એમાં શું જીંદગી? જંગલમાં રખડ્યા કરવાનું, જંગલી જિંદગી જીવવાની!"

" એવુંય ક્યાં?! કલાકો સુધી એક જ જગાએ ચોંટી રે'વું પડે. ઉંહ! પિક્ચરમાં એવું બધું ના બતાવે એટલે આ જવાનિયાઓને ભાન ના પડે. થોડો વખતમાં કંટાળી જાય કંટાળી!"

" કીધું એનાં કરતા કોમ-પ્યુટરનું કશું કરી નાખતો હોય તો. બધાં કરે છે તે એનાથીય થાય!"

" એમબીએ કરી કાઢે તોય સારું. આપણા જમાનામાં તો કેટલું અઘરું હતું! કોલેજય ન'તી."

" પણ, એને ક્યાં કંઇ સમજ પડે છે!"

એ જવાનિયાને ખરેખર કશું આવડતું ન્હોતું, કંઈ સમજ ન્હોતી પડતી. સિવાય ફોટોગ્રાફી. મા-બાપને ચિંતા કે એ લગ્નની ફોટોગ્રાફી કરશે તો શું ઇજ્જત રહેશે?! એય થાકેલો. આ લોકો કાકાના ઘરે ગયા. એ કોઈ જ્યોતિષના ઘરે.


© Gaurang Amin

## 369 દેશી ભરવાડ આગળ વિદેશી વેદ!

સિંધુબા ઠાકરનો પ્રભાવ હજુ પણ યથાવત હતો. એમની એંસીમી વરસગાંઠ ઊજવવા આખું કુટુંબ એમના વતનમાં ભેગું થયેલું. અમેરિકા, બ્રિટન 'ને બેલ્જિયમથી પરિવારજનો વર્ષો પછી એમના ગામના ઘરે ભેગાં થયા. સૌએ નક્કી કર્યું હતું કે કાશીથી પંડિતો બોલાવીને વૈદિક પદ્ધતિથી ગાયત્રી યજ્ઞ કરવો 'ને એનું ફળ બાને અર્પણ કરવું. ચોખ્ખા ઘીના ડબ્બા, સુખડના લાકડા 'ને અનેકવિધ દ્રવ્યો એકત્ર કરવામાં આવ્યા. લિસ્ટ મુજબ ગાયના છાણા માટે ગામમાં સૌથી વધારે ગાયોના માલિક એવા જંભૂ ભરવાડને કીધું.

" જો ભાઈ જંભૂ, પુરા એકવીસ મણ ગાયના છાણા જોઇશે."

" ઈટલા બધાં તો આખા ગામની ગાયું ભેગી કરો તોય આટલા દિમાં નો થાય."

" ઓહ! તો એક કામ કર ભેંસના મિક્સ કરી દેજે. હવે તારીખ તો ના બદલાયને!"

" સાયબ ઈવું ખોટું મું નો કરું. ભેહુંના છાણા મું ના દઉં. મું તો ખાલી ગાયના જ છાણા દયશ. તમાર ગાયતરી પ્રસન્ન કરવામાં મારથી મારી મેલડીને નારાજ નો કરાય!"


© Gaurang Amin

## 370 ચિંતનવંતા માલિક!

ગ્લોબલ-વૉર્મિંગની આંતરરાષ્ટ્રીય ધાક નીચે દબાઈ ગયેલો કચ્છ-રાજસ્થાનની ગરમીમાં મૂળભૂત સવલતોથી વંચિત વણજારાની હાલતનો ઇસ્યૂ "આપણે માનવી" એનજીઓના રગેન્દ્રવાલના મગજમાં ઝબકતાં એ ખુશ થઈ ગયા કે ઘણું ઘણું કામ થઈ શકે તેમ છે. જાતે સ્ટડી કરીને પ્રોજેક્ટ બનાવવાના ઇરાદાથી એમની એસયુવીમાં ભર ઉનાળે ટીમ લઈને એ નીકળ્યા. ઇમ્પોર્ટેડ એસીને પરસેવો છૂટી જાય એવી ગરમીમાં સારું હતું કે આઇસ-બૉક્સમાં ઠંડા પીણા હજુ ગુસ્સે ન્હોતા થયાં! આખરે ખેતરાં પાર દૂર વણજારા સ્પૉટ થયાં. રગેન્દ્રવાલ વણજારાને જોઈને એકદમ ચેતનવંતા થયા. ફટાફટ  કૅમેરો લીધો 'ને ટીમ લઈને લગભગ દોડવા લાગ્યા. પણ, અચાનક કશું યાદ આવતાં પાછાં ફર્યાં.

"આ ધૂળમાં કાચ બંધ રાખજે, ગાડી ચાલુ જ રાખજે આ લોકોનો ભરોસો નહીં. 'ને એસીને ભલે આરામ આપે પણ ફૅન ચાલુ રાખજે નહીં તો આ ગરમીમાં તું હેરાન થઈ જઈશ!"

ડ્રાઇવરને કડક સૂચના આપીને અરવીવાલે પાછી વણજારાના દુ:ખ તરફ દોટ મૂકી!

## 371 ફિફ્ટી-ફિફ્ટી

ઇન્ટરનેટ ડેટિંગ સાઇટના ગ્રૂપ-ચેટબૉક્સમાં સ્ટિકરથી બીજા બધાંને હેરાન કરવાની ફૂલ મસ્તીથી શરૂ થયેલી મિત્રતા પ્રાઇવેટ-ચેટથી સીરિઝ ઑફ ફોન કૉલ્સ અને અંતે રૂબરૂમાં ફેસ ટુ ફેસ થવામાં પરિણમી. એકબીજાને જોઈને પહેલા તો બંનેને હાશ થઈ, લુકિંગ સેમ! મિઓના ફર્સ્ટ ટાઇમ કોઈને આ રીતે મળે છે એવું વિચારીને નીરો ફૉર્મલ ચિટચૅટના આડા પાટે વાત ના જાય એટલે સીધો ઑર્ડર આપી દે છે.

" વન લાર્જ મોકાચિનો વિથ ચૉકલેટ સ્પ્રિંકલ ઍન્ડ સ્ટ્રૉબરી ઑન સાઇડ, વન આયરિશ."

" મને શું ગમે છે એ બરાબર યાદ રાખી લીધું છે, એમ્ને?!" મિઓના ખુશ થઈ ગઈ.

" મિઓ, કવાઇટ નેચરલી! આફ્ટરઑલ યુ આર માય લવ."

" ક્યાં સુધી સાથ નિભાવીશ?!" શરમાતી મિઓના મૅરેજ પ્રપોઝલ સાંભળવા ઉત્સુક હતી.

" ડાર્લિંગ કૉફિ પતે એટલે આપણે મારા રૂમમાં જઈએ છીએ. પછી તારા પર છે કે હું ક્યાં સુધી સાથ નિભાવીશ!"

## 372 સમ-ઘર્ષ

" મમ્મી મેં કોઈ જોડે ભેદભાવ નથી કર્યા તો મારે કેમ સાંભળવાનું? મારા બાપદાદાએ જે કર્યું એ હું શું કામ ભોગવું?" કૉલેજમાં ભણતા છોકરાના રુદનથી માને આઘાત લાગ્યો.

" આ શું એંઠવાડ ખાતી ગાયની જેમ રડે છે? તું આ જે ભોગવે છે એ તારા બાપદાદાનું નથી ભોગવતો. કાકાદાદા કે મામાદાદાઓનું હશે! તારા દાદાની આગલી પેઢીઓ તો નાસ્તિક હતી. બધાંને નાત બહાર કાઢેલા. પણ, દાદા સ્વાતંત્ર્ય સેનાની તે ન્યાતમાં પાછા બોલાવેલા. 'ને દાદાને એમ્કે દેશ આઝાદ થયો એટલે હવે જાતિવાદ નહીં થાય."

" તોય હું તો બ્રાહ્મણ જ કહેવાઉંને?"

" હા તો એમાં શરમ શેની આવે છે? તું સાચો બ્રાહ્મણ બનને. તને બીજી કહેવાતી જાતિના લોકો એકલો પાડે તો એકલો પડ. ભેદભાવવાદીઓ જોડે રહીને તારે શું કરવું છે?"

" તું સમજતી નથી. મારે કૉલેજમાં જીવવું કેવી રીતે? બીજાનું કામ તો પડે કે નહીં?"

" તો તું શું મને એવું કહેવા માંગે છે કે બધે બધાં જાતિવાદી છે? અને તારા પરદાદાઓ સંઘર્ષ કરીને પોતાની નાત બહાર જીવ્યા તો તું બીજાની નાત બહાર ના જીવી શકે?


© Gaurang Amin

## 373 અનુકૂલન

ઘરમાં વેક્યૂમ કર્યું. કચરાની કોથળી બહાર મૂકી. આજના બધાં છાપા 'ને કાગળિયાં પણ બહાર પસ્તીમાં નાખ્યા. ટૉઇલેટ ગયો. ફ્લશ કરીને હાથ ધોયા. બ્રશ કર્યું. લાઇટ ઑફ કરી. ફક્ત પાણીથી ક્યાંય સુધી નહાયો. બહાર નીકળીને સ્વચ્છ નાઇટ-શૂટ પ્હેર્યો. કૅમરા કાઢ્યો. પ્રોજેક્ટર સાથે એટેચ કર્યો. આજના ફોટો 'ને વિડિઓ જોયા. ખુબ ખુશ થયો. પછી, બધો ડેટા કશે પણ કૉપિ કર્યા વગર પર્મનન્ટલિ ડિલીટ કર્યો. મોબાઇલ હાથમાં લીધો. દિવસની બધી વાતો અને બીજા રેકૉર્ડિંગ સાંભળ્યા. મેસેજિઝ વાંચ્યા. ઈમેલ્સ પણ. અને બધું જ ડિલીટ કરી દીધું, બૅકઅપ લીધા વગર. હસતા મોઢે ઊભો થયો 'ને અરીસા સામે ગયો. સ્મિત આપ્યું. હાય હલો કરીને જાત સાથે થોડી વાત કરી. બાય, સી યુ ટુમૉરો, ટેક કેઅર કહીને બેડ પર કુદ્યો. ઘડિયાળ જોયું. 'હજુ ચોવીસ કલાક પૂરા થવાને દોઢ કલાકની વાર છે. કઈ નહીં, થોડું વહેલા!' વિચારીને એણે દવા લીધી. 'હાશ, હવે શાંતિથી સૂઈ જઈશ. કાલે ઊઠીશ ત્યારે આજનું કશું જ યાદ નહીં હોય. આઇ એમ સો લકિ!'

 © Gaurang Amin

## 374 એ બીજું કશું કરે એની રાહ શા માટે જોવાની?

મને યાદ છે કન્ફર્મ ટિકિટ હોવા છતાં હું બબૂચકની જેમ ઇમરતી જેવી ક્યૂમાં મારો વારો આવે એની રાહમાં ઊભેલો 'ને એ ભાઈ ગળામાં લૅપટૉપ પહેરીને જાણે તોફાની ટોળાને

કાબૂમાં લેતા હોય તેમ બંને હાથથી પેલી આકાશમાંથી પડે તોય ના તૂટે એવી બે બૅગ હંકારતાં ફટકારતાં ધસમસતાં આવીને સૌથી પ્હેલા ટ્રેનમાં ચઢી ગયાં. અધૂરાંમાં પૂરું

ખચોખચ ભરેલા ડબ્બામાં એ મહાશયે મારી સીટને પોતાની વ્યાસપીઠ બનાવી દીધી.

" બકા, આમ રસ્તામાં ના ઊભો રહે, ટિકિટના લોચા હોય તો ટોયલેટ પાસે જતો રહે."

વડીલે એમના માથા પર ઝુલતા યંગસ્ટરને કીધું. પછી મારો નંબર લાગ્યો.

" બૉસ્સ, હમણાં ટીસી આવે એટલે આપણું સેટિંગ કરી દઈએ છે!"

" અરે પણ મારું તો રિઝર્વેશન છે જ, આ સીટ મારી છે." મેં માંડ કણસતો અવાજ કાઢ્યો.

" ઓહો, તોતો સારામાં સારું! ટીસીને વચ્ચે લાયા વગર આપણે બેઉ સમજી લઈએ!"

તમે નહીં માનો પણ ખબર નહીં મને એકાએક શું થઈ ગયું કે મેં એમને લાફો ઠોકી દીધો.

## 375 અજાણી મા

મરમચંદના હાથ પગ એમના મગજનું કહ્યું ન્હોતા માનતા. જોકે એંસી વર્ષે મગજને કામ પણ શું હોય?! એમાંય હૉસ્પિટલના બેડ પર સૂતા રહેવાનું. છોકરા વિદેશમાં. કુટુંબ નામે જે કહો તે હૉસ્પિટલનો સ્ટાફ. મરમચંદને રોજ થતું કે આજે તો મોટે ભાગે નીકળી જ જઈશ. અને ઘડી ભગવાનને યાદ કરશે તો ઘડી એમની માને.

" નૉટ યુ. યુ ગો. ઘેટ ન્યૂ... લેડિ નર્સ વિલ ફીડ મી." મરમચંદ બગડ્યા. પિનાકિન તો ચૂપચાપ નીકળી ગયો. આમ પણ શિફ્ટ પૂરી થતી હતી. બીજી શિફ્ટના નર્સને એણે કીધું-

" ડોહાનું છટકી ગ્યું છે. ક્યે છે તું નૈ લેડિ નર્સ ધવડાવશે. હાહાહા, હવે તું હંભાળી લેજે!"

" આપણે ત્યાં વળી ક્યાં એકે લેડિ નર્સ છે? ગણીને સાત તો છીએ. કાલે કોણે ખવડાયેલું?"

" કાલે ડોહાએ કીધેલું પુત બોટલ હિઅર એન ગો. કોય હગું આયુ હશે 'ને ખવડાયું હશે."

બેમાંથી એકે ને વિચાર ના આયો કે કચરો કાઢવાવાળી નવી બાઈ પણ એપ્રન પહેરે છે.


© Gaurang Amin

## 376 ...એટલે અહિંસા!

પ્હેલી વાર જયારે નૌલીભાઈએ "તીખી સચ્ચાઈ"ની જાહેરાતો જોઈ હતી ત્યારે મુનિવર શ્રીધૈર્યસૂરીજી પર એમને મનોમન ક્રોધ જાગેલો કે સમાજ 'ને રાજકારણ પર એક ત્યાગીએ પ્રવચનના પ્રોગ્રામ ના કરવા જોઈએ. 'ને તેય ટીકીટ વેચીને. પણ, સ્પીચ સાંભળીને હૉલની બહાર નીકળેલા નૌલીભાઈ અંદર ગયેલા નૌલીભાઈ કરતા ક્યારે અલગ પડ્યા એ એમને ખબર જ ના રહી! છાપું વાંચીને કે મિત્રો સાથે ચર્ચા કરતી વખતે જે નૌલીભાઈ અંદરથી બળતા રહેતા- બબડતા રહેતા, એ ખુલીને પ્રત્યાઘાત આપવા સજ્જ થઈ ગયેલા. એવામાં હૉલની બહાર જ એમનો શાળા-મિત્ર મળી ગયો.

" અરે નૌલી, તું આવા સંસારી બાબતોમાં માથું મારતા સાધુઓને સાંભળતો થઇગ્યો?"

" કેમ બે ગણીયા બોગસ! તું તારા ધરમના બાપુડાઓના ભાષણ નથી સાંભળતો?!"

નૌલીભાઈના મનને તરત જ કળ વળી. એમને લાગ્યું કે ભીતરમાં ઉદ્વેગ 'ને ઘૃણા ભરી રાખવા એ જાતને પીડવાની વાત છે. અને જાતને પીડવી એટલે હિંસા.


© Gaurang Amin

## 377 પેશન વિ. કમ્પેશન!

જેઠાલાલ એકદમ લાગણીશીલ થઈ ગયા હોય એવું લાગતું હતું. એમની પ્હોળી આંખો 'ને ઊંચા અવાજથી એ ગરમાગરમ ઊભરો ઠાલવતા હતાં એવું પણ લાગતું હતું.

" તમને યાર, હું ભાઈબંધ માનતો'તો. પણ, તમ્ને તો એક ફોન કરવાનીય ફુર્સત નથી. છેલ્લે આપણે મળ્યા એને વીસ દિવસ થૈ ગયા હશે! ત્યારે મેં કીધેલું કે આટલાં વર્ષે પ્રથમ વાર મળ્યા છીએ તો રૅગ્યુલર ટચમાં રઈશું. માન્યું કે આટલાં ગૅપમાં તમારા બીજા ઘણા ઓળખીતાં હશે. તમે બિઝીય હશો. તો હું શું નવરો છું? મારી જોડે વાત કર્નારું કોઈ નથી? વૉટસેપ પર પણ તમે સિમ્પ્લિ ગુડ મૉર્નિંગય વિશ નથી કર્તા! બાર વરસ જોડે ભણેલાં 'ને બાવીસ વર્ષે મળ્યા. અહીં હું ઢગલો વાતો સંઘરીને બેઠો છું પરંતુ, તમે તો બસ! એ દા'ડેય મેં મારી કેટલી બધી વાતો કરી હતી..."

ડઘાયેલા મોઢે જોયા કરતા પ્રભાવજીની આંખો હાથ જોડીને ચીસો પાડતી રહી-

' હે જેઠાલાલ! તમને એ દા'ડાના સમ. મને વર્ધમાન રહેવા દો! મને મહાવીર ના બનાવો!'

## 378 એક ના ચાલે તો બીજું ક્રેડિટકાર્ડ!

ગુજરાતી પત્રકારત્વમાં સાજ રામાનુજની ગણના સીનિઅર-રાઇટરમાં થતી. ભલે તેમનું વૈવાહિક જીવન નિષ્ફળ હતું પણ જાહેર જીવનમાં સામાજિક મૂલ્યોને નવી રાહ ચીંધવાનું એમનું મિશન અવિરતપણે ચાલુ હતું. હિંદુઇઝમની બદીઓ 'ને રૂઢિઓ સામે એમણે જે બાંય ચઢાવી હતી તે ઘણાને ન્હોતું ગમતું. પણ, સાજ હંમેશા પ્રતિકારને પ્રેરણા બનાવી દેતા. તેવામાં ગોરી લેખિકા કૅન્ડીનું પુસ્તક હીટ જતાં સાજને એક નવું જોમ મળ્યું. તેમણે એક પછી એક હિંદુ-શાસ્ત્રોના પ્રસિદ્ધ સ્ત્રી-પાત્રો પર વ્યંગ કરતા લેખોનો મારો ચલાવ્યો. દ્રૌપદીને કઠેડામાં ઊભી કરવી કે સીતા પર આંગળી ઉઠાવવી એ નાની વાત ન્હોતી. પરંતુ, સાજને ઘણું આશ્ચર્ય થયું કે તેના બળવાખોર લેખો આવતા રહ્યા પણ કોઈ ઊહાપોહ ના થયો. કોઈ વિરોધ ના થયો. કૉર્ટ-મૅટર તો દૂરની વાત પણ, દાખલા પૂરતોય એક ફોન ધમકીનો ના આવ્યો. ઉપરથી સાઇટ પરની હિટ્સ ઘટી ગઈ. કંટાળીને સાજે વિદેશી લલનાઓ પર લખવાનું ચાલુ કર્યું, સૅક્સી ફોટા સાથે. આજે સાજ સૂપરહિટ કટાર-લેખક કહેવાય છે.

## 379 ઢાકા '૭૧થી પેશાવર '૧૪ વચ્ચેનું સસ્પેન્શન

રવિવારે બંને ભાઈઓનો રમવાનો સમય હતો. નાનો કહે હું પોલીસ બનું છું. મોટો કહે સારું આ વખતે હું ટૅરરિસ્ટ બનું. એણે "તાજ હોટલ" લખેલું પૂંઠું બારણે લટકાવીને રૂમ બંધ કર્યો. નાનો મશીનગન લઈને બ્હાર ડ્રૉઇંગ રૂમના બીજા ખૂણા પાસે પ્હોંચતો જ હતો ત્યાં-

" ક્યા ખેલ રહે હો બેટે?" પપ્પાએ હસતા મોઢે પૂછ્યું.

" અબ્બુ, ટ્વેન્ટિસિક્સ-ઇલેવન!"

અબ્બુ શૉક થઈ ગયા. બાજુના સોફા પર બેઠેલી અમ્મી સમજી ગઈ.

" અજી ખેલને દો. અભી બચ્ચે હૈં. મૈં ક્યા ક્હે રહી થી..."

" ...પર યે ઠીક નહીં હો રહા. ટીવી દેખદેખ કે ઇનકા દિમાગ કૉમ્યુનલ..."

" પ્લીઝ, નૉટ નાઉ." આંખથી છોકરા સાંભળશે એવો ઇશારો કરીને અમ્મીએ નાજુક સ્વરે ઉમેર્યું-

" દુનિયા મેં જો બચ્ચે સોલા દિસંબર ખેલ રહે હોંગે ઉન્કે મા-બાપ ક્યા ઉન્કો કૉમ્યુનલ કહૅંગે?! અચ્છે-બુરે કા ભેદ છૂપાયેંગે તો ઇન્સાનિયત કેસે શીખ પાયેગે?!"

## 380 પણ, એણે આપઘાત તો ના જ કર્યો!

પાંડવો, વિજયનગરના રાજા, ટીપુ કે અંગ્રેજો પણ કફુલરને ન્હોતા થકવી શક્યા. પણ, થટ્ટી અયંગર કફુલરમાં પેઢીઓથી ઊભેલાં ઘરથી થાકી ગયેલો. સુનામીમાં અમ્મા આખી રાત છાપરે બેસી રહી 'ને ચોકમાં અપ્પા ડૂબેલા એ જગા જોતી રહેલી. મૃતદેહ અંધારાંમાં તરતો તરતો ક્યાં ગયો કોને ખબર. પણ, અમ્મા ત્યારથી દિવસમાં પાંચ વાર કમ સે કમ યાદ કરશે કે એમની ક્રિયા કરવાની બાકી રહી ગઈ. એવામાં છેલ્લા પૂરમાં થટ્ટી શ્રીપેરેમ્બુદુર હતો 'ને અમ્મા ઘરમાં જ ફસાઈ 'ને મૃત્યુ પામી. પૂર ઓસર્યું. થટ્ટી પાછો આવ્યો. અમ્માના વૈષ્ણવ ત્રિપુંડ સહિત આખું શરીર કુગાઈ ગયેલું. થટ્ટીએ ઘર સળગાવી મારી અમ્માની અંતિમ ક્રિયા કરી 'ને પુડુચેરી રહેવા જતો રહ્યો. પણ, તેરમાં પછી દર રાતે અમ્મા સપનામાં દેખાતી. 'હજુ અપ્પાની અંત્યેષ્ટિ બાકી છે, તું કફુલર પાછો જા.' એ પંડિતોને મળ્યો. વિધિઓ કરી. હવન કર્યા. પણ, પંડિતોએ અંતે કીધું કે અમ્માની અંતિમ ઇચ્છા પૂરી થાય તો જ એમની ગતિ થાય. બસ, થટ્ટી ત્યારથી ઘડી આકાશને કહેશે- અમ્માને લઈ જાવ કાં તો પૂર મોકલો.' 'ને ઘડી સાગરને કહેશે- અપ્પાને આપો કાં તો પૂર મોકલો.

 © Gaurang Amin

## 381 ઓળખની ઉંમર

ગરબા પાર્ટી? મારા પિસ્તાલીસ વરસના ઢાંઢાંએ જ્યારે મને ઇન્વાઇટ કર્યો ત્યારે જ મેં નક્કી કરેલું કે આ મારા છેલ્લા ગરબા. ઘરેથી શહેરની બીજી બાજુ ફાર્મ તરફ નીકળ્યો 'ને મેં જોયું કે આખું શહેર નવરાત્રીને દસ દિવસની વાર તોય ગરબે રંગાઈ ગયેલું. ગિફ્ટ લેવા સ્ટોરમાં ગયો તો સેલ્સબોય્ઝ 'ને ગર્લ્સ ટ્રેડિશનલ વેઅરમાં! ત્રણ માળ ઊંચા દાંડિયાની જોડ દર ચાર રસ્તે ઉત્સવ ઉજવતી હતી. પાર્ટી પણ સરસ હતી. ખાવાનું મસ્ત હતું. છોકરાં 'ને એના ફ્રેન્ડઝ જોરદાર તૈયાર થઈને આવેલા. સારાં ગરબા કરેલા. પણ, મારાથી એ લાંબુ સહન ના થયું. મેં પાછા જતાં જ નક્કી કરી દીધેલું. સાલું, કશુંનું કશું જુનું યાદ આવી જ જાય! પ્હેલી વાર એની જોડે ગરબામાં ક્યાં ગયેલો? એને કયો ગરબો ગમતો? હવે વાત પતી ગઈ. જીવનના આ છેલ્લા ચેપ્ટરના છેલ્લા પેજિઝ ચાલે છે. હવે કોઈ તહેવાર હું કેલેન્ડર મુજબ નહીં ઉજવું. બસ ત્યારથી હું દિવાળીમાં ક્રિસ્મસ ટ્રી લાવું છું. ક્રિસ્મસમાં ટોપી પહેરીને શિર-ખુરમાની દાવત આપું છું. 'ને ગરબા? નોરતા દૂરથી દેખાય કે હું ભાગું સીધો કેરલા યા કરેબિઅન, બર્મુડા 'ને સ્ટ્રો-હેટ લઈને.



© Gaurang Amin

## 382 ઇલેક્ટ્રોનિક રિએક્શન

"રિશ્વા બેટા, એ રમકડું છે. તું મારી ઢીંગલી એમ એ તારી ઢીંગલી, એવું માનવાનું. એને મારવાનું નહીં." મમ્મીએ દીકરીને પ્રેમથી સમજાવ્યું. રિશ્વાએ છેવટે આંસુ લૂછીને મમ્મીને હા પાડી. અલબત્ત! એના મનમાં ગુસ્સો હતો જ કે મારું કામ બગડે 'ને હું મારી દીકરીને કહું ત્યારેય એ હસતાં હસતાં તાલી પાડતી ' સો ફની, યુ આર ગુડ!' બોલ્યા કરે છે.

એ દિવસ પછી રિશ્વા રોજ મોકો શોધતી. મમ્મી સાવ પલળીને અકળાતી આવી કે તરત એ હસીને બોલી ' ઓહો, વેલ ડન મમ્મા!'. દૂધ ઢળ્યું કે એ બોલી ' વાઉ, મમ્મા સો ફૂલ!'. મમ્મીના હાથમાંથી ફોન પડ્યો 'ને સ્ક્રિન તૂટી ગયો. ' ઓસમ, યુ ડીડ ગ્રેટ!'. ખીચામાં ગણીને ત્રણ મરચાં નાખ્યા હશે પણ, મરચાં એકદમ તીખાં નીકળ્યા. રિશ્વા ખાતા ખાતા બોલી ' સો ફની, યુ આર ગુડ!'. અને મમ્મીનું મગજ ગયું. વેલણ લઈને દોડતી આવી. પણ, ચાલાક રિશ્વા પેલી ઢીંગલીના રિસીવર પાસે જઈ બોલી ' તું મારી ઢીંગલી એમ હું મમ્માની ઢીંગલી!'. 'ને ઢીંગલી હસતાં હસતાં તાલી પાડતી કહે 'સો ફની... યુ આર ગુડ!'.

## 383 ગૌતમ બુદ્ધ

છનાએ ખુરશી ઝાપટીને સ્વાગત કર્યું. સરપંચ ખુરશીમાં નિસાસો નાખતા બેઠાં.

" આ માસ્તરિયો હ્ખે જીવશેય નહીં 'ને જીવ્વાય નહીં દે... માસ્તર, હું કલાકમાં આવું છું."

સરપંચે મોબાઇલ ખિસ્સામાં મુક્યો. છનાએ કાંસકો હાથમાં લીધો.

" ઈ માસ્તર છે હારો મા'ણા. સોકરાં ઇના વખાણ કરેસ."

" છના મા'ણા તો તુંએ કાં ખોટો સું? પણ, જેનું કામ જે કરે! આ કામ છોડીન તું બીજું કામ કર્વા જાય તો?"

" હાચું બાપલા, કાલ ઉઠીન મન કોય ખેતરનું નિંદામણ કાપ્વાનું ક્યે તો નો ફાવ."

" આ તું હમ્જે પણ ઓલો બુદ્ધ ગૌતમ માસ્તર હમ્જે? આમ શ્હેરમાંથી આવીને પંચાયતના કામમાં દખલ નો દેવાય."

" તે બાપા, ઈને જોઈસે હું પણ?" છનાએ વાળ કાપવાના ચાલુ કર્યા.

" ક્હે છે, આ નોરતામાં ઉજરિઆત 'ને હલકાં બધાં ભેગાં થૈને એક જ ઠેકાણે ગરબા કરે!"

" અરરર... ઈની મત મારી જૈ લાગસ. અમારાન તમારા માતા એક ચોંથી હોય?!"

## 384 પોણી રાતે સૂર્યોદય

સ્મૃત સિટીઝન થાય એ પ્હેલાં જ અકાળે સ્ટ્રોકથી મૃત્યુ પામેલો. જુવાન પતિનું મોત માથે ઊંચકીને ક્રીડા અમેરિકામાં કાયદેસર પગ ટકાવવા કેટકેટલીય ઑફિસના ધક્કા ખાઈ ચૂકેલી 'ને અંતે ઉત્કંઠ મળ્યો. ઉત્કંઠે શરૂઆતમાં કેસ ચેલેંજિંગ લાગતા સ્વીકારેલો પણ, ત્રણેક માસમાં થયેલી ડઝનેક મુલાકાત પછી એને ખાતરી થઈ હતી કે એના અનમેરીડ સ્ટેટ્સને પ્રેમથી ભૂંસનારું એને મળી ગયું છે. ક્રીડા નાજુક સમયમાંથી પસાર થઈ રહી હતી. ઉત્કંઠની કેબિનમાં કે ઉત્કંઠ એના ઘરે ગયો હોય ત્યારે અચાનક રડી પડતી. અને આંસુ સાથે ઘરે જતી રહેતી કે ઘરે હોય તો ઉત્કંઠ માટે ડોર ખોલી આપતી. ઉત્કંઠના દિલમાં સાંત્વના કરતા પ્રેમ વધારે ગૂંગળાયા કરતો. એક સાંજે ડિનર પછી ક્રીડાએ પૂરી સ્વસ્થતાથી ઉત્કંઠને ઘરે રોકાઈ જવા કીધું! ઉત્કંઠનો અસીમ આનંદ જોઈને એ રાતે સમય પણ કામ પડતું મૂકીને ચૂપચાપ ત્યાં રોકાઈ ગયો. 'ને આખરે રાતના ચોથા ભાગમાં નાઇટ-લેમ્પ ઑન કરીને ઉત્કંઠની છાતી પર આંખો ઢાળતી ક્રીડા બોલી-

" હાશ... હવે એની યાદ ભૂંસાઈ! થેંન્ક્યુ ઉત્કંઠ. તું ના હોત તો સ્મૃતનું ડેથ થયું એ રાતે ખ્વાબ સાથે મારાથી જે ભૂલ થઈ ગયેલી એ માટે હું મારી જાતને કદી માફ ના કરતા!"

## 385 સ્પાયગેમ

કુંકાવાવ પાસે મીટરગેજ પર એક ટ્રેક્મેનને લાશ મળે છે. જીઆરપી કચડાયેલું બૉડિ જોઈ આત્મહત્યાનો કેસ ફાઇલ કરીને ઓળખ શોધવાનું ચાલુ કરે છે. સવારે પોસ્ટમૉર્ટમ રિપૉર્ટ કહે છે- મૃત્યુનું કારણ પેટમાં ઝેર છે. જીઆરપીની પ્રેસ રિલીઝ પહોંચે એ પ્હેલાં ગુજરાત પોલીસ કેરલા પોલીસનો ફૅક્સ લઈને શબનો કબજો લેવા આવી જાય છે. કૉલ્સ થાય છે. સ્પેશિયલ પ્લેનમાં મડદું કોચી પ્હોંચે છે. 'ને અંતિમ સંસ્કાર થઈ જાય છે. સવારે છાપાંના એક ખૂણામાં "ફરી એક પરમાણુ વૈજ્ઞાનિકનું વિચિત્ર મૃત્યુ" છપાય છે.

આ બાજુ ચાણક્યપુરી, દિલ્હી સ્થિત એક એમ્બસીના ફુલ પ્રૂફ રૂમમાં ચિંતન 'ને જશનનો મિશ્ર માહોલ હોય છે. ચર્ચાઓ પર ચર્ચાઓ પછી 'ત્યાં'થી નિર્ણય આવે છે 'ને એ રૂમના સભ્યો એક એનજીઓને ઍનક્રિપ્ટેડ લાઇન પર લોકલ ફોન કરીને હુકમ આપે છે-

" આપણું સ્ટૅન્ડ છે- સિંધુકુલમ ઍટૉમિક પ્લાન્ટમાં રેડિઓઍક્ટિવ લીક થયેલું. તેથી સ્ટાફમાં ઘણાને એની ખરાબ અસર થઈ છે 'ને ભારતીય સરકાર આ ઘટના દબાવી રહી છે."

## 386 સો નેચરલ!

ફાર્મના માલિકને એ ઓળખતું હતું. એણે જોયેલું કે એમણે જ બંદૂક ગોઠવીને પેલાં નવા માણસને આપેલી. એ બધાં સામાન્યત: જેને ખરાબ કહેવાય એવા ખરાબ ન્હોતા! ખૂબ પૈસો. રંગીન જીવનના શોખીન. શિકાર, ખાવું 'ને પીવું. શહેરથી દૂર જંગલની નજીક ફાર્મ. સાંજ પડે કે સસલા મારે. હરણ યા નીલગાય મળી જાય તો બે સાંજ શિકારની રજા. ગ્રૂપમાં નવું કોઈ આવ્યું હોય તો એ રજાની સાંજે શૂટિંગ શિખવાડતા. દોડતા પ્રાણી પછી. પ્હેલાં ઝાડ પર સૂતેલાં ગીધ નવોદિતનો હાથ સાથે હૈયું પણ ઘડી આપતાં. એક સાંજે જ્યાં વધેલું ખાવાનું- માંસ 'ને હાડકા સાથે ડિશ ફેંકતા ત્યાં નિયમિત જમતું એ કુતરું ખાવાની રાહ જોતું હતું 'ને એનો એક પગ ઘવાઈને કોઈ નવોદિતને ટ્રેઇન કરી ગયેલો. પણ, આખરે તો એ કુતરું! ચાર દિવસ પછી શિકારી-પાર્ટી વગડામાં ખુલ્લા હાથે ફરતી હતી 'ને ઝરખ સામે આવી ગયું. એ કૂતરું દોડતું ભાગ્યું. એના સાથીદારોને બોલાવી લાવ્યું. સૌએ ભેગાં મળીને એમના અન્નદાતાઓને બચાવ્યા. કિન્તુ, શિકારી પાર્ટીય તે આખરે તો માણસોની જ. એ રાતેય એમણે જમીને એમની ડિશિઝ નિયત સ્થળે ભૂલ્યા વિના ફેંકી.



© Gaurang Amin

## 387 ઘચરકા

જ્યારે એને સૂચના અપાઈ કે કોઈ જોવે ના એમ ટેબલ-ક્લૉથ પાછળ ઉપરની થાળીમાંથી ગુલાબ નીચેની થાળીમાં ભરી લેવા ત્યારથી એને ગુલાબમાંથી સ્મશાનની સ્મેલ આવવા માંડેલી. બેસણું પત્યું કે કામ છે કહીને ફ્હેલો ભાગ્યો ટપરી પર. જમીન પરના કાદવની ગંધે જાણે એના સફેદ ઝભ્ભાની નીચે ચેતના ઉગાડી. એને વાસ્તવિકતામાં રસ પડ્યો. જે કૉમ્બિનેશનની સૂગ હતી એ લસણની દળદાર ચટણી જાડી કડક ભાખરી પર લગાડી 'ને ચા જોડે માણવાની કોશિશ કરી. બરાબર ચાવીને લસણની વાસ એ તાળવું કોચીને શ્વાસમાં ભરવા માંગતો હતો. જેવું ઉચ્છવાસમાં લસણ હોળાવા લાગ્યું કે એણે બીજો નિયમ તોડ્યો. ખાવાનું પડતું મૂકીને ગલ્લે ગયો. ખાસ અનુભવ ન્હોતો એટલે ઉકળાટ જમાવીને જાહેરાત કરી કે એક મીઠું પાન, ડબલ ગુલકંદ સાથે! પાનનો રસ ચૂસતો એ અન્ય ઘરાકો સાથે ઊભો રહ્યો. હમણાં કોઈ ચર્ચા ઉપાડશે 'ને સરકારને કે ભગવાનને ગાળો દેશે. અને હુંય વાતોમાં જોડાઈ જઈશ. બહુ જ ગાળો બોલીને રિલૅક્સ થઈશ, હું જીવું છું એની મને ખાતરી આપીશ.

 © Gaurang Amin

## 388 રેસ-પાર્ટનર

એ મહિનામાં એક બુક વાંચે. તો હું બે વાંચતો. હું વીકના ત્રણ ચિત્ર દોરતો તો પછીના વીકે એ પાંચ ચિત્ર દોરતો. હું જેટલા દંડ કરતો એનાથી એ વધારે દંડ કરીને રહેતો. 'ને એનાથી વધારે બેઠક કર્યા વગર મને ચેન ન્હોતું પડતું. અમે ભણવામાં આગળ-પાછળ પણ અમારી વચ્ચે ફાઇનલ ટકાવારી અંગે પણ સ્પર્ધા રહેતી. કામ-ધંધે વળગ્યા તો પણ અમે એકબીજાને હરાવવાનું ધ્યાન રાખતા. અમે બંને ભાઈઓ કન્સ્ટ્રકશનના બિઝનેસમાં પડ્યા. એ મારાથી મોટી સ્કીમ કરે તો હું એનાથી સારી સ્કીમ કરું. ધંધો કોઈની કોઈ રીતે અમે સામસામી જ કરતાં રહ્યા. ના, સંબંધ તો અમારા નૉર્મલ જ હતા. અમારી વચ્ચે કોઈ વિશેષ દુશ્મનાવટ ન્હોતી. કદાચ, એટલે જ જ્યારે મારી કે એની વ્યક્તિગત ક્ષમતા બહારનો પ્રોજેક્ટ કરવાનો આવ્યો ત્યારે અમે ભેગાં થયાં. ખભે ખભા મિલાવીને પ્રોજેક્ટ સફળતાપૂર્વક પાર પાડ્યો. બિઝનેસમાં અમે નંબર વન બન્યા. અને ત્યારે અમને બેઉને પપ્પા જે કાયમ ધીમું હસતાં હસતાં અમને સંભળાવતા એ વાતનું હાર્દ સમજાયું.

' બસ, તમે બંને એકબીજા જોડે આમ જ લડ્યા કરજો એટલે પૂરું!'


© Gaurang Amin

## 389 બા, માતાજી 'ને મૂર્તિ

સરમણ એકસો છવ્વીસ કિલોમીટર ચાલીને ત્રીજા દિવસે જ્યારે માતાજીની સામે પહોંચ્યો ત્યારે એની ખુશીનો પાર ન્હોતો. ભીની આંખે એ ઘડીમાં માતાજીને જોતો તો ઘડીમાં સાથે લાવેલી ધજા માતાને બતાવતો હોય એમ ડોળો ફેરવતો. ઘડી હસતો તો ઘડી પગમાં થતા અસહ્ય દુખાવાથી ગંભીર થતો. ભીડની ધક્કામુક્કી વચ્ચે પોતાની બા માટે માતાજીનો ફોટો પાડવા હાટુ એણે ફટાફટ ગજવામાંથી મોબાઇલ કાઢ્યો ત્યાં તો-

" ઓય... અંદર મૂક ડફોળ. ભાન નથી પડતું? અહીં ફોટા પાડવાની મનાઈ છે."

" દાદા મને નથ ખબર. આ તો મારી બાએ મન મોકલ્યો 'ને કીધું'તું..."

" આંધળો છું? વંચાતું નથી? ગમાર ક્યાંથીને ક્યાંથી આવી જાય છે!"

" ઈમ નો કયો. વાંચ્તાતો આવડેસ. હાચું કૌ છું બાપ મેં કાંઈ લખેલું ન'તું ભાઇળું નૈતો..."

" ધ્યાન ક્યાં હતું તો? ડાફોળા મારવાનું બંધ કરીને ચાલ હટ આગળ હવે અહીંથી."

સરમણ ત્રાંસી આંખે મૂર્તિની સામું જોતો જોતો વીલા મોઢે બહાર નીકળી ગયો.


© Gaurang Amin

## 390 અધર્મણ્યે વાધિકારસ્તે...

હાઇકોર્ટમાં ડૉ. ધુમલ નિર્દોષ છૂટ્યા. સંભવને લાગ્યું સૂપ્રીમમાં પણ એ જ થશે. એ તો પ્રૂવ થયું કે ડિલિવરી કરાવવામાં ધુમલની ભૂલ હતી તેથી મા 'ને સંતાન બંને મૃત્યુ પામ્યા. પણ, ધુમલ પોતે માનસિક રોગની સારવાર લે છે એવું સાબિત કરીને કેસ જીતી ગયા. સંભવે મા'રાજ સાહેબને કીધેલું જ કે વાત સૂપ્રીમમાં જશે તો હું સ્વયં ધર્મને હાથમાં લઈશ. ધુમલના મનોરોગી હોવાનું સર્ટિ આપનાર હૉસ્પિટલ પર એણે ધ્યાન કેન્દ્રિત કર્યું. નવા નિમાયેલા મુખ્ય મનોચિકિત્સકને આપવીતી કીધી, પણ, એ કહેલું કરવા રાજી ન્હોતા થતાં. અંતે એ ડૉક્ટર પણ બિકાઉ છે એવું માનીને એણે ગંજાવર કૅશ ફર કરી.

" એને રોજ ઈસીટી શૉક ટ્રીટમેન્ટ આપો. જે રોગનું ખોટું સર્ટિ બતાવ્યું એની દવા આપો."

" સારું!" અંતે મુખ્ય મનોચિકિત્સક અપમાન 'ને ક્રોધ ગળી ગયા. એ વાત ના જ જણાવી કે ડૉ. ધુમાલ હકીકતમાં માનસિક રોગી થઈ ગયા છે. દવા 'ને ઈસીટી શોક ટ્રીટમેન્ટથી એ સાજા થઈ શકે છે. 'ને એ અંદરખાને એ ખલનાયકની ટ્રીટમેન્ટ સંપૂર્ણ બંધ કરવાના હતા.

## 391 બે સીનિઅર

શ્રી શંકરની વિશાળ પ્રતિમાને જનોઈ ધરાવીને કાર્યક્રમનો આરંભ થયો. વેદોક્ત સ્વાગત વિધિ થઈ. અને "યુવા બ્રહ્મ શિક્ષણ સમાજ"ના નેજા હેઠળ વક્તાઓએ ભાષણ શરુ કર્યું.

" ... મને કહેવામાં આવેલું કે મહાદેવને સૂતરની આંટી પહેરાવીએ. પણ, મેં કીધું કે શું હવે મહાદેવને કોઈ મનુષ્યના નીતિ-સિદ્ધાંતનું શરણ લેવાના દિવસ આવી ગયા છે? હે, ભોળા શિવજનો ઊઠો, જાગો. આપણે આપણી લીટી મોટી કરવી છે. અન્ય જાતિની લીટી નાની નથી કરવી. એક કાળે સમાજની રાહબરી કરતાં બ્રાહ્મણોનું યુવાધન આજે એ હદે નિરાશ થયું છે કે કહેવાતી નીચલી કોમો કરતાંય એમનું ભણતર ઘટતું જાય છે. સમય પણ ત્રાહિમામ છે. ભૂદેવો ભવ્ય ભુતકાળના મદમાંથી વાસ્તવિકતાની ભૂમિ પર પધારો 'ને જાતે કમર કસો. આપણી જ્ઞાતિની દુર્દશા જોઇને શું તમારું હૃદય દ્રવી નથી ઊઠતું?..."

બધાંને પીવાનું પાણી પીવડાવતા હરિજન દાદા ઉપરછલ્લું સાંભળીને થોડા ગળગળા થયા.

'હાસી વાત્સે. છોરાંઓએ કમર કસ્વીજ જોવે. નૈ તો અમાર જેવી હાલત થાહે!'

## 392 કુદરતનો ત્રીજો નિયમ

માથે ક્લિન શેવ 'ને લાંબી દાઢી-મૂછ ધારી, ધનિકોના ગોળ તકિયા જેવા માંસલ હાથ વાળો 'ને સ્લીવલેસ લેધર જૅકેટની ખુલ્લી ચેનમાંથી અનેકો સિલ્વર જ્વેલરિ વચ્ચે ડોકાતા લાલ રંગના શેતાનના ટેટૂ સાથે એક સમયનો રેસિસ્ટ બૅન્ડીડોઝ ગૅંગનો ઍક્ટિવ મેમ્બર એવો મૉનો વ્હાઇટ થેલો થઈને પેરામેટા, સિડનીની એક શેરીમાં લોહીલુહાણ પડ્યો હતો. એની વ્હિલ-ચેર દસેક ફૂટ દૂર ફંગોળાયેલી હતી. પાલતું બુલ ટૅરિઅર ઘડીમાં ટક્કર મારીને ભાગી ગયેલી કાર બાજુ જોઈને ભસતો 'ને ઘડીમાં મૉનો વ્હાઇટને ચાટતો, ભલે મોંમાંથી ડ્રાફ્ટ બિઅરની કાતિલ દુર્ગંધ આવતી. રોડ પર માથું અથડાવાથી પિસ્ટનની જેમ ઘૂમતી મૉનો વ્હાઇટની આંખો જાણે કોઈ એન્જલને ડીટુઅર ચૅલેંજ આપતી હતી. એવામાં મુરુગન નાઇટ ડ્યૂટી પર જવા નીકળે છે. જુએ છે કે એક માણસ ઘાયલ અવસ્થામાં પડ્યો છે. એ લાગણીથી એની નજીક જવા પગ ઉપાડે છે. પેલો કૂતરો મુરુગનને જુએ છે. એના મહત્તમ હુંકાર સાથે ઘૂરકે છે. અને મુરુગન એ ગોરા કુત્તાની શિકારી મુખમુદ્રાથી ડરીને મુઠ્ઠી વાળીને ભાગી જાય છે.

 © Gaurang Amin

## 393 પણ, એમ્ના માટે શું લાવ્શે?!

" ભૈનું નક્કી કર્યું. એને પસંદ હતું ત્યાં જ. જયપુરમાં સરકારી અધિકારી છે." દેરાણી બોલી.

" ઓહો! તોતો માલ્દાર હશે!" ધનિક પિયરવાળી જેઠાણી ટેન્શનમાં આવી ગઈ.

" ઉંહ! પપ્પા જેવા સિદ્ધાંતવાદી છે. 'ને જાતય અલગ... રાણા, એટલે વે'વાર, સંબંધ સાચવવાનું અઘરું તો પડશે જ."

" કૈ નઈ હવે એવું ઊંચ્નીચ 'ને દહેજમાં કોણ માને છે? એને ગમ્યું એ થયું." જેઠાણીને ખાસ તો એ આનંદ થયો કે દેરાણી ભાઈ માટે અમેરિકાનું શોધતી હતી 'ને મળ્યું જયપુરનું.

" પપ્પા જયપુરથી જાન છેક નડિયાદ આવ્વાની એટલે સરભરાની ચિંતામાં છે."

" હવે આઈઆઈને કેટલાં આવ્વાના? એ લોકો બધી રીતે તમારથી નીચા હોઈ તો..."

" દીદી તમ્ને કોણે કીધું કે એ લોકો નીચા? અરે રાજવંશ છે. છોકરી એના કાકાની લાડકી છે 'ને એ રાજા છે." દેરાણી બોલતા બોલી તો ગઈ. પણ, તરત સાસરીમાં દોડતી પાછી આવી 'ને ફટાફટ બખ્તરિયો સુધારો જોડ્યો-

" ભૈ તમને યાદ કરતો'તો કે મોટીબેનને સાડીનો બહુ શોખ છે તે એમ્ને માટે હું રૉયલ જરકશીવાળી હૅન્ડમેડ સાડી 'ને એના પર મૅચિંગ સેટ લઈને આમંત્રણ આપવા આવીશ."

## 394 ણયમારા!

ભણ્યો. મહેનત કરી. ફળ મળતું ગયું 'ને ખવાતું ગયું. સપના પૂરા થાય એ પહેલાં જ અપડેટ થઈ જતાં. ઑટમૅટિકલિ! પાંચ લાખના પંદર લાખ કરતા વીસ વર્ષ થયા. જવાનીના પાદરે પ્હોંચ્યો 'ને સંતાનોનું યુવા સિટી ઊભું થયું. સામેની ગલીમાં રહેતા બૂચભૈએ પણ આની સાથે જ સ્કૂટર પર સફર આરંભેલી. પણ, એની પાસે ૪ બિગ કાર છે 'ને આ એક નાની ગાડી પર અટક્યો છે. એ વ્યાજે પૈસા ફેરવે છે. આ લોન ભરે છે. આને મંદિર શબ્દથી ચીડ આવી ગઈ છે. એ સવાર-સાંજ માબાપને લઈને મંદિર જાય છે. આને પાનની ટેવ છે. એ ચાય નથી પીતાં. પણ, આની સોસાઇટીમાં ઇજ્જત 'ને બુચભૈ ચીટર તરીકે ઓળખાય. એણે બૅંકને ૩ વાર કાથો લગાડેલો! પરંતુ, આને એક વાર થ્યું બૅંકનું કરી નાખે એમાં કોઈનું શું બગડવાનું? સરકાર રસ્તો કાઢી લે! માણસની લાઇફ જુઓ, પીસફુલ! કોઈ નેગેટિવ થૉટ્સ જ ના આવે. આણે નક્કી કર્યું કે આ બૉરિંગ લાઇફ ના ચાલે. એને હું મારી મૂડી વ્યાજે ફેરવવા આપીશ. સંબંધ ગાઢ કરીશ 'ને બૅંક-સ્કૅમની ટ્રેનિંગ લઈશ. આખરે મારે મારા ફેમિલી માટે કશુંક તો કરવું જ પડશેને!

 © Gaurang Amin

## 395 અમર્દ!

સાન્વીએ લાડકા બેટાને ખોળામાં ખેંચી લીધો. બેટો પણ રાહ જ જોતો હતો કે ક્યારે મમ્મી સાથે જકડાઈને સુરક્ષિત થઈ જઉં. સમજી શકાય પણ બદલી ના શકાય એવું આ રોજનું દ્રશ્ય જોઇને હેનીશનો ગુસ્સો ફસડાઈ પડ્યો 'ને એ ઢીલા પગલે રૂમ છોડી ગયો.

"જોયું બેટા, એમનો વાંક હતો એટલે એ કશું ના બોલ્યા." સાડત્રીસ વર્ષની વ્યક્તિ બોલી.

"હા, મમ્મી" દસ વર્ષનો બાળક બોલ્યો.

"એ મારી વાત સાંભળતા જ નથી 'ને એમનું જ સમજાવ્યા કરે છે. આપણી જોડે વાત કરવાનો સમય તો હોતો નથી 'ને પાછાં કહેશે તું બોલ બોલ ના કર, કામની વાત કર."

"હા, મમ્મી હું સમજુ છું."

હું બીજા કોને કહું? કરીને મમ્મી બેટાની બુદ્ધિથી સાચી પડતી રહી. 'ને એકલા હાથે પતિ કે પપ્પા ના બની શકેલો હેનીશ ગૅલરીની પાળીના ટેકે ઊભો રહીને ક્ષિતિજ તરફ એના ખોટા પડી ગયેલા મનને ટૂંટિયું વાળીને સંતાડી દેવા જેટલી જગ્યા શોધતો રહ્યો.

## 396 મોજ-એ-જન્નત

વિહો દર શ્રાદ્ધિયામાં મોટા લોકોને પુરી 'ને ખીર ખવડાવતા જોતો 'ને વિચારતો કે મારા પિતૃ ક્યાં હશે? આ વખતે તો એણે બાને પૂછી જ કાઢ્યું.

" બા, આપણે પિત્રો નો હોય? મારેય ખીર-પુરી ધરાવા સે."

" હોયને ગગા. ખીર-પુરી તો આપણાન નો પોહાય. તું રોટલોન ગોળ લૈજાજે."

ગામમાં તો કોઈનું કોઈ જોઈ જાય એવું માનીને વિહો પાદરે જઈ, રોટલો 'ને ગોળ ભાવથી પિરસવા લાગ્યો. એટલામાં ત્યાં બકરી ચરાવતો કદિમ આવી પહોંચ્યો. 'ને વિહાને આ નવા રૂપમાં જોઈને હસી પડ્યો.

" એલા એ, આ શું માઈંડુસ? તારા બાબ દાદા જન્નત સોડીને રોટલો-ગોર ખાવા આવસે?"

" ભાય કદિમ, તું જંઈથીન તંઈથી ફૂલ તોડીન તાર વડવાઓની કબર પર જૈન મેલશ, ઇનોં કરતોં એક વાર ગોંઠની બોટી હમડીને ખવરાવી જો તો ભોન પડી કી ચેટલી મોજ આવછ!"



© Gaurang Amin

## 397 ભૂગર્ભ-ધારા!

" ટામેટું રે ટામેટું..." ગામના પાદરે તળાવને કાંઠે વડલા નીચે કેટલાંક ભૂલકાં રમતાં હતાં. કપડાં, વાળ 'ને ચામડી પરના મેલ પરથી ગરીબ જણાતાં હતાં. નિર્દોષ પણ!

" ત્યાં સ્પેનના ટોમેટિનો ફેસ્ટિવલમાં ટનબંધી ટોમેટોઝ વપરાય છે 'ને અહીં આ ભારતમાં એક ના એક ટમેટાથી આ લોકો રમ્યા કરે છે. આ દેશ ક્યારે આગળ આવશે?!"

" કટ ઇટ. બૉબી, તું શું બોલે છે? તું તારા વિચારો હમણાં રહેવા દે. આપણે ભારતના ગરીબ બાળકો માટે ચૅરિટિ કરતી સંસ્થાની જાહેરાત બનાવીએ છે અને એને બતાવીને એનઆરજીઝ પાસેથી ડૉનેશન ભેગું કરવાનું છે. તું આ સ્ક્રિપ્ટ બરાબર ગોખ."

ડાયરેક્ટર સોળ વર્ષની હૉટ હીરોઇન પર ગરમ થયા. એ સ્ક્રિપ્ટનો રટ્ટો મારવા લાગી.

" જયહિંદ! ભલે તમે માભોમથી, આપણા ગુજરાતથી દૂર રહ્યા પણ આ દ્રશ્ય તમારા માટે નવું નથી. આપણા ગામડાની સુંદરતા વચ્ચે ખીલી રહેલા ફૂલ જેવાં આ બાળકો શું ખરેખર ક્યારેય ખીલી શકશે? તમારી-મારી જેમ શું એ મેઇન-સ્ટ્રીમમાં આવી શકશે?...."

## 398 એક આકાશ-શ્રુતિ

પ્લેન લૅન્ડ થયું ત્યારથી ઇલાહીને ત્યાં જવાની ચટપટી હતી. દસ વર્ષે અમદાવાદ આવી પણ અંતર એક વાત માટે જ તરસ્યું હતું. જેટલેગ હોવા છતાં એ સવારમાં જ પારસી અગિયારી પ્હોંચી ગઈ. પ્રથમ મુલાકાત નજર સામે જીવતી થઈ. 'ને પછી તો પાણીપુરીનો ઠેલો ત્રણ વાગે લાગતો પણ, એ અઢી વાગ્યાના આવી જતાં. કૉલેજ પત્યા પછીય આવતાં. બધું જ.

ઇલાહીએ આરસીસીની જડતાને પાણીપુરીના તમતમતાં એસિડિક પાણીએ જે ચેતના આપી હતી એ ફરી એક વાર જોઈ. પાણીપુરીવાળા ભૈયા કે ઘરાકની ગેરહાજરીમાં. ફક્ત એણે જ. ઑફિસ-ટાઇમે આજુબાજુ ભાગદોડી મચાવતા અનેકો મનુષ્યો વચ્ચે સ્થિર થઈને. મોબાઇલથી ફૂટપાથનો એ ભાગ ક્લિક કર્યો. ફોટો અપલોડ કર્યો. લખ્યું-

' ઇઝ ઍનિવન આઉટ ધેર હુ ફીલ્સ ધિસ?'

અને આંસુ બહાર પડે એ પહેલાં આંખ બીડીને એણે પ્રાર્થના કરી-

' કાશ, મારી આ પોસ્ટ પણ એમની પાસે... જન્નત સુધી પહોંચે.'

## 399 બિલ્ડિંગ એક્વિઝિશન એક્ટ!

'92માં બદલાયેલી અર્થનીતિના જોરે રિટાબિણી જૂથ નાની ટ્રેડિંગ ફર્મ્સમાંથી ગ્રૂપ ઑફ પબ્લિક લિમિટેડ કંપની બની ગયેલું. 'ને સિલ્વર જ્યુબિલી યિઅરમાં તો એનો વિશ્વભરમાં ડંકો પડવા માંડેલો. પણ, પછીના વર્ષે કંપનીના સ્થાપક બિયંત પેશ્વાણીએ ધડાકો કર્યો. ફિનૅન્સ મિનિસ્ટરે ગોઠવેલા પ્રાઇવેટ ડિનરમાં દેશના ટોચના નેતાઓ, ધર્મધુરંધરો, ઇવન ફિલ્મના સિતારાઓએ એમને સમજાવ્યા. એમના બે પુત્ર સહિત બૉર્ડ ઑફ ડિરેક્ટર્સ પણ નારાજ હતાં. શેરહોલ્ડર્સ ભેગાં થઈને હેડ ઑફિસ સામે ધરણા પર બેઠેલા. પરંતુ, બિયંત પેશ્વાણી એમના નિર્ણયને વળગી રહ્યા.

આખરે રિટાબિણી જૂથના તમામ હોદ્દા પરથી એમણે રાજીનામું આપ્યું. 'ને પોતાના શેર્સના બલભૂતા પર ભારતના તમામ મોટા શહેરના સેન્ટ્રલ બિઝનેસ એરિઆમાં ત્રણ ત્રણ વીઘા જમીન ખરીદવાનું ચાલુ કર્યું. કૉમર્સિયલ બિલ્ડિંગ્સ જમીનદોસ્ત કરીને શહેર મધ્યે ખેતી કરવા.

## 400 મધ્યાન્તર

" આઈ ગઈ રખડીને? ઉપરવાળાથી થોડું તો ડર."

" શેનો ઉપરવાળો? હવે તો ફક્ત સામે મળે એ જ. તને જાણે કુટુંબ 'ને સમાજની બહુ પડી હોય એમ તું આખો દિવસ સખણો મર્યો હોઈશ કેમ?"

" કુટુંબ? સમાજ? બુઢ્ઢુ હવે આપણે માણસ નથી રહ્યા!"

" તો પછી આ કચકચ શું કામ કરવાની?"

ડ્રોઇંગરૂમમાંથી એલઈડી લાઇટનો પ્રકાશ બારી પર પડતો હતો. બારીના સળિયાનો પડછાયો બહાર ગૅલરીમાં, ટેબલ પર પડેલા ડિવોર્સ પેપર પર. ટેબલની બંને બાજુ બેઉ બેઠાં હતાં. સામેના ફ્લૅટની ગૅલરીની પાળી પર એકબીજાને ચાંચ મારતા પેલાં બે કબૂતરની વાતો સાંભળતા.

## 401 ટેલ ઑફ લાઇવ સ્ટૉક

અતીવને ઘણી વાર થતું કે એ એની અટક જાનવર કરાવી નાખે. ગરીબાઈ કરતાં વધારે એ પોતાની સાથે થતા ભેદભાવથી ત્રાસ્યો હતો. કોઈ અક્કલનો બુઠ્ઠો કહે તો કોઈ હલકા વૈણનો. પપ્પાનું નામ કે ઘરનું ઠેકાણુંય કોઈ ના પૂછે. અતીવને સતત ખટકતું કે એને મળે કે તરત જ સૌ કોઈ નિર્ણય લઈ લેતા કે એ ફાલતું વ્યક્તિ છે. કેટરિંગના ધંધામાં વાસણો ધોવાથી શરુ કરીને એ જ્યારે વેટર બન્યો ત્યારે એને એમ કે એણે પ્રગતિ કરી છે. પણ, ત્યારથી જ એ મોટા લોકોની આમને સામને થયો 'ને ભેદભાવ પ્રત્યક્ષ ભોગવતો થયેલો. દિભરના શ્રમ પછી મોડી રાતે દેહ થાકે પણ એનું જર્જરિત મન ઊંઘને હડધૂત કર્યા કરે. અંતે દેશી દારૂએ એને અપનાવ્યો. બંધાણી થઈ ગયેલો અતીવ જાણતો હતો કે લઠ્ઠો એટલે શું 'ને તાજો દારૂ લઠ્ઠો ક્યારે બની જાય. એણે ડૂપ્લિકેટ સ્કૉચનું બૉટલિંગ કરતા અડ્ડાવાળા સાથે ઘરોબો કેળવ્યો. વિદેશી સ્કૉચમાં લઠ્ઠો ભેળવીને પેટીઓ તૈયાર કરી. અને સાવચેતીથી નેતાજીની પાર્ટીના ઑરિજિનલ સ્ટૉકની ઉપર એ બૉક્સ ગોઠવી દીધાં.

' તાકાત હોય તો પાડો ભેદ. ફક્ત બ્હારથી શરીર જોનારાં અંદર શું છે એ શું ખાક જોવાના!'

 © Gaurang Amin

## 402 કલ્ચરલ ફોરેસ્ટિંગ!

ચારે બાજુ જોયું 'ને એણે નક્કી કર્યું કે આ ખેતી બરાબર નથી. આવાં સદીઓ પુરાણા ઝાડ 'ને વર્ષો જૂનાં છોડ-વેલાનો નાશ કરવો જ પડશે. ભલે ઘણા લોકોનું પેટ ભરતા, પોષતા. એણે જૂથ બોલાવ્યું. વિધ વિધ હથિયાર, વિભાવના 'ને કરતબથી એ બધું સાફ કરવા લાગ્યા. ચોખ્ખું થાય પછી એ જગ્યાએ શું વાવવું, કયું ખાતર નાખવું, કયું પાણી રેડવું એ બધુંય એ વિચારતાં. પછી કોણ શું ખાશે એય નક્કી કર્યું. કોઈ સાથ આપે કે ના આપે અમે કામ કરતા રહીશું એમ કરીને એ ખુલ્લી આંખે બગલા, દેડકા 'ને શાહમૃગ વગેરેને શરમાવે એમ કામ કરતા રહ્યા. એમનું ફોકસ સંપૂર્ણ સ્પષ્ટ હતું. ખેતરમાં એમના સિવાય નવું કામ કોણ કરે છે, બીજું નવું કામ શું થાય છે એ અંગે એમને રસ ન્હોતો. એમને તો જુનું નાશ કરી, એમની પોતાની ખેતી કરવી હતી. અને એટલે જ એમને ભાન ના રહ્યું કે એ તો ખેતર સાફ કરીને એમની યોજના આગળ વધારવાના હતા પણ, બીજા બહારના નવા પરિબળો એમની ચોખ્ખી કરેલી જગ્યામાં પોતાનું વાવી, હાથવગું પાણી પીવડાવી 'ને પોતાના ઘરનું ખાતર નાખી દેતા હતા. આખરે ખેતર સાર્વજનિક હતું. આઝાદ હતું.

## 403 સાયન્ટિફિક રિએકશન!

દર વર્ષે પ્રથમ, દ્વિતીય 'ને તૃતીય ક્રમ માટે ક્લાસમાં સુષ્ઠ, જીલી 'ને ફત્તેહ વચ્ચે હોડ થતી. સુષ્ઠ 'ને ફત્તેહ તોફાનમાં પણ એક્કા 'ને રમત ગમતમાં પણ. જીલી બોલવામાં 'ને ઝઘડવામાં નંબર વન એટલે મૉનિટર જીલી જ બનતી. દિવાળી વેકેશનમાં વિદેશની સ્કૂલ સાથે એક સાયન્સ-પ્રોજેક્ટ કરવાની જાહેરાત થયેલી. સ્કૂલ ઉઘડી ત્યારથી ત્રણેયની નજર વિજ્ઞાનના સર પાંડેજીને શું ગમે, ના ગમે પર જડાઈ ગયેલી. પાંડેજી વારંવાર કહેતા કે ખરો વિદ્યાર્થી મગજથી કામ લે. શરીરથી નહીં. નાસાના મિશનમાં અવકાશયાત્રી પસંદ કરવાનો હોય તો ઊછળી ઊછળીને આંગળી ઊંચી કરનાર નહીં ચૂપચાપ ગંભીર બેઠેલો પસંદ પામે. સુષ્ઠે પ્રયત્ન કર્યો પણ તોફાની જીવ એમ શાંત થાય? જીલીએ મેડિટેશન કરીને ઓછું બોલવાની ટેવ પાડી. ફત્તેહે આ વખતે પહેલી વાર રોજા કરેલા. એણે કડક નિર્ણય કરેલો કે હું પાંડે સર કહે છે એવો જ થઈશ. પસંદગીનો દિવસ આવ્યો. અને, પસંદગી પામ્યો જોશથી છટપટતો સુષ્ઠ! પુઅર ફત્તેહ એન્ડ જીલી. એમને શું ખબર કે રિઓ ઑલમ્પિકમાં ભારત મેડલ્સ જીત્યું 'ને પાંડેજી સુપર પેશનેટ થઈ ગયેલા.

 © Gaurang Amin

## 404 જૂનિઅર કેજી!

દિવસના ચારસો કાનને લેકચર આપવા ટેવાયેલા શૂરભાઈને સરકારે રિટાયર કર્યા. ઘરમાં કોઈને કામ વિના વાત સાંભળવાનો સમય નહીં. ક્યારેક ફોન પર, સોસાયટીમાં કે રસ્તામાં જે મળે એમની સાથે બોલી લેતાં. એકલાં પડેલા શૂરભાઈના મનમાં ભરાયેલી વાતો વાયુ વિકાર કરતી હતી એમાં ગેસ એજન્સીવાળાએ હવા ભરી કે ગેસ તમારા નામે એટલે તમારું આધાર કાર્ડ જમા કરાવો. હવે, છાપામાં આવેલું કે આધાર કાર્ડ મરજિયાત છે. ઘરનાનાં સબસીડીમય માખણયુક્ત છાસિયાથી તરબતર એ પ્હોંચ્યા ગેસવાળાની ઑફિસે. છાપું વંચાવ્યું. આધાર કાર્ડ કઢાવવાની જરૂર નથી એ ટૉપિક પર પૂરો પિરિઅડ લીધો. પણ, સત્તા પર બેઠેલા બોલે કે સાંભળે? અંતે જોરથી ટેબલ પર હાથ પછાડીને એ નીકળી ગયા.

" શું થયું, તમારું સાંભળ્યું?" ઘરે પ્હોંચ્યા તો તાજું મળેલું ખાટું દહીં તૈયાર. હાથનો દુખાવો મોંમાં દબાવીને શૂરભાઈએ ફક્ત ડોકું ધુણાવ્યું. અને પ્રોફેસર સાહેબ જીવનમાં પ્હેલી વાર શીખ્યા કે હવેથી ચૂપ રહેવામાં ચારસો ગુણ. ઘરના હોય કે સરકાર, બોલે એ સાંભળી લેવું.

## 405 ધોળો કાગડો!

"જો બેન, બ્રહ્મ સત્ય જગત મિથ્યા છે. મને આમાં કોઈ રસ નથી."

" તો કુહૂ અપિ મિથ્યા સૅક્સમ અપિ મિથ્યા એમ માનો!" કુહૂ ગળામાં હાથ નાખીને બોલી.

" તમારા જેવી સ્ત્રીને એટલે જ હું બહેન કહું છું મા નહીં. હવે અહીંથી જા નહીં તો..."

" નહીં તો શું? તમારી પહેલા જે ગાદીપતિ હતા એમનું 'ને મારું બધાં જાણતા હતા. હું આ રૂમની બહાર નીકળીશ ત્યારે બધાંને મારા વિષે નહીં તમારા વિષે જ્ઞાન થશે!"

મહારાજે મનોમન ગણતરીઓ કરી લીધી. અને અગમ્ય રીતે રંગ બદલીને બોલ્યા-

" તું સમર્પણ કરવા માંગે જ છે તો પરમ દિવસે બાર વાગે આવ. સારું મહુરત છે."

કુહૂ સમયસર આવી ગઈ. ધક્કો માર્યો તો બારણું ખૂલી ગયું. રૂમ અંદરથી લૉક કરીને અજવાળામાં દેહનો કામણ પાથરવા કુહૂએ લાઇટ કરી. અને સામે પલંગ પર જોયું તો મહારાજ નહીં, ઉદ્યોગપતિ શ્રી કામદેવજી બેઠાં હતા. જે જોગાનુજોગ કુહૂના ધર્મથી 'ને કર્મથી પણ પતિ થતાં હતાં.

## 406 અબ આયા હેં ગુલામ જોરુ કે નીચે!

"અરે પણ મને હજુ ઈમેલ મળ્યો જ નથી! હું ચેક કરું છું ફરી. સારું આ કાર્ડ પતવા આવ્યું છે. હું ફરી કૉલ કરીશ." કહીને પ્રણે ફોન મૂકી દીધો. તુલા આ યાદ કરીને હસતી હતી. 'એનઆરઆઈ બાબુ તમેં હવે ભારત આવી ગયા છો. નાઉ આઇ એમ બિઝી! સગાઈથી લગ્ન સુધીનું લાં...બુ અંતર હવે તમે માણજો!'

પ્રણ એક તરફ કૅલેન્ડરમાં રજા જોતો હતો. તો બીજી તરફ હનીમુન શોધતો હતો. પણ, તુલા સાથે કૌટુંબિક મુલાકાત સિવાય એકલામાં મળવાનો એનો મેળ જ ન્હોતો પડતો. કૉમન-ફ્રેન્ડઝે પણ કીધું કે તુલા સાથે હમણાંની વાત જ નથી થઈ. મિસકૉલ્સના રિપ્લાય ના આવ્યા. એ ઑફલાઇન જ દેખાતી. અંતે એણે ટેક્સ્ટ મોકલ્યો.એસેએમએસ "રિસીવ્ડ"નું નોટિફિકેશન આવ્યું. 'કમાલ છે આ ટેક્નૉલોજિકલ મૅસેજિઝ પણ! ના "રિચ્ડ" ના "રેડ" પણ, "રિસીવ્ડ"!'. એટલામાં તુલાનો જવાબી એસએમએસ આવ્યો-

" ડાલુ, સો સૉરી! અહીં રાજકોટમાં સુરતના એસેમેસ ઓપન જ નથી થતાં!"

 © Gaurang Amin

## 407 ખાય એનું ખેતર

" મારો દેશ છે એટલે? તારો બાપો તને વારસામાં આપી ગયેલો?"

મતદાન-મથકમાં ખુરશી પર બેઠેલા અધિકારીએ અંતે ગુસ્સે થઈને કીધું. ખલીયાને તો કાપો તો લોહી ના નીકળે. નીચું મોઢું કરીને ગાડાંના ટાયરમાંથી બનાવેલા તૂટેલાં જોડાંને કરડવાની કોશિશ કરતા માટીની ચામડીવાળા ગંધાતા પગને જોતો જોતો એ બહાર નીકળી ગયો.

' સાલું, મત્દારનું કયાડ નથ એન્થી મું મત્દાર મટી જાઉં? ગોમના હંધાય જાણેછકે હરપંચને તંઈ પોણી વારવા મું જઉંસ. પન, કોયે સાખ નો દીધી. ખળું કેવાય, ગોમમાં યેં ઈ નૈ પન, ઠેટ દિલ્લી ગુડાયેલાં નક્કી કરેક ઘરનું કોન 'ને બારનું કોન!'

ઘવાયેલા ખલીયાને ખોરડે જતાં સુધીમાં એક કીમિયો સૂઝ્યો. એકાદ મિનિટ પછી સામેથી ચાલતા આવતા ત્રિવેદી સાહેબને એણે ઉપરાછાપરી ત્રણ લાફા ઝીંકી દીધા. ટોળું ભેગું થયું. પોલીસ આવી અને ખલીયાને પકડીને લઈ જવા લાગી ત્યારે એ હસતા હસતા બોલ્યો-

" ચ્યમલ્યા, હવે મું આ ગોમનો... આ દેશનો નાગ્રિક થૈ જ્યો?!"


© Gaurang Amin

## 408 પાર્થીવિષાદ યોગ વિ. કૃષ્ણાવિષાદ યોગ

કૃષ્ણાબેન દીકરી પાર્થીના ઘરમાં પ્રવેશ્યા એવા ઘરની હાલત જોઈને વિમાસણમાં મૂકાયા. ટીવીમાં શેરબજારના સમાચાર ચાલતા હતા. ડાઇનિંગ-ટેબલ પર જમાઈની ઑફિસ-બૅગ પડેલી. સોફા પર એમનો ટુવાલ. પંખો છ પર. થેલો લઈને બીતાં બીતાં બેડરૂમમાં ગયા તો જમાઈના પૅન્ટ-શર્ટ પલંગ પર. ખૂણામાં લૅપટૉપ ચાલુ. ઘરના એક એક ખૂણે, બલ્કે આખા ફ્લૅટની રજ રજમાં જમાઈની હાજરી સાક્ષાત વર્તાતી હતી.

" વિષાદકુમાર આવી ગયા છે કે શું?!"

" ના રે મમ્મા! લંડન અહીં પડ્યું છે? અત્યારે તો એ સૂતાં હશે."

કૃષ્ણાબેન ડઘાઈને દીકરી સામું જોતા રહ્યા. પણ, દીકરી તો એના મૂડમાં જ હતી.

" મમ્મા, બસમાં તારા પગ જકડાઈ ગયા હશે. તું ઘડી આરામ કર, હું ચા બનાવું."

કૃષ્ણાબેન વિષાદકુમારના કપડા ખસેડીને આડા પડતામાં ચિંતાએ ચઢ્યા.

' પારકા દેશમાં પારકી સ્ત્રીને પોતાની કરી બેઠેલા વિષાદને ભૂલીને નવેસરથી જિંદગી શરુ કરવા સમજાવવા તો આવી પણ, પાર્થી માટે તો વિષાદ અહીં એની જોડે જ હાજરાહજૂર છે!"

## 409 આગળ-પાછળ

' તમે ખાસ કંઈ કરી ના શક્યા એ મારો વાંક? હું કશુંક બન્યો એટલે હું બદલાઈ ગયો?' ઝંડુ મનોમન બળી રહ્યો હતો. ગામના બાળગોઠિયા હવે એને ખરાબ માણસ ગણતા હતા. એક કહે કે તું અમને નીચા ગણે છે, તો બીજો કહે કે તને અમારી જોડે શરમ આવે છે. પણ, ઝંડુનું દિલ જાણતું કે એવું કશું ન્હોતું. પરાયા ગામમાં એકલા રહેવાનું 'ને નવી નોકરી, ત્યાં જૂના દોસ્તના સપનાં ના આવે તો કોના આવે? એને યાદ આવી ગયું કે એણે પહેલી વાર 'સાહેબ!' સાંભળેલું ત્યારે શું થયેલું.

આસિ. આરટીઓ ઇન્સ્પે.ને ના વર્દી હોય કે ના કશે નામ અટક લખી હોય. મોંઘીદાટ ગાડીમાંથી બૉટલ પકડેલી 'ને નબીરાએ એને 'સાહેબ' કીધેલો. ઝંડુ તો ફૉર્મમાં આવીને એમને ઘઘલાવા માંડ્યો. ત્યાં ઉપરી અધિકારીએ ઝંડુને અટકથી સંબોધીને કશું કીધું. 'ને તાત્કાલિક પેલાં નબીરાઓનું એના તરફનું વર્તન એકદમ જ બદલાઈ ગયેલું.

" સાલા... તમે મારા ભેરુડાઓ, મારી જાતના 'ને આ ઝંડ્યો તમારી જોડે ભેદભાવ કરે?!"

## 410 પાંજરામાં ઊડતી ચીલ

પહેલાં ધાબા પર જેણે એવો પતંગ પકડ્યો એણે ધ્યાનમાં ના લીધું. પણ, પછી તો એવો બીજો પતંગ કપાઈને આવ્યો. કેટલાંય ધાબા પર એવા પતંગ પકડાયા. ફોન ચાલુ થયા. વૉટસ ઍપ મેસેજિઝ. ટ્વિટસ. ફેસબુક પોસ્ટ્સ. અમદાવાદની ધરતી પર ખળભળાટ મચવા લાગ્યો. ખુદ અફવાએ  સત્તાના સૂત્ર હાથમાં લીધા. શહેરમાં સ્વયંભૂ કર્ફ્યૂની સ્થિતિ થઈ. સંવેદનશીલ વિસ્તારમાં પોલીસ કોઇપણ ધાબા પર રેડ પાડીને એવી પતંગો જપ્ત કરવા માંડી. ' કશ્મીર હમારા હૈં' લખેલી ચાંદ-તારાના ચિત્ર વાળી એ લીલી પતંગ સ્થાનિક ચેનલ પર ચમકી. જીવતા જીવ વાત સમસ્ત ગુજરાતમાં પ્રસરી. સાંજ સુધીમાં નેશનલ ન્યૂઝ બની ગઈ. ક્યાંક બસ બાળવામાં આવી. ક્યાંક કોઈ દુકાન. ક્યાંક ટાયર. ટોળા બનવા લાગ્યા. દુશ્મન રાષ્ટ્ર પરના ક્રોધથી લઈને અંગત અદાવત મેદાનમાં ઊતર્યા. રાજકીય પક્ષો સામસામી નિવેદનો લઈને સ્ટેજ પર ચઢ્યા.

પણ, આશ્ચર્યની વાત એ હતી કે પીઓકેમાં એવો એક પણ પતંગ હજુ ચઢ્યો ન્હોતો.

## 411 રેપિડ ફાયર રાઉન્ડ

હું સમસમાઈને નીકળી ગયો હોત તો એ બે પણ નીકળી ગયા હોત. અમને ત્રણેને કોઈ પ્રૉબ્લેમ ના થાત. પણ, મેં વીજળીવેગે મારી ડાબેથી આવી એના જમણે જવા માંગતા રેનકોટધારી સ્કૂટરેટ ચાલકની વિશિષ્ટ લાયકાત ચેક કરી. એ છોકરી હતી. મને જમણે દેખાતા, સામેથી આવી એમના જમણે જવા માંગતા વિદેશી વિન્ડચીટર પહેરેલા ચાલકને મેં સ્કેન કર્યા. એ સીનિઅર સિટિઝન હતા. બંનેની ખાસ ગુણવત્તા જોઈને તરત પાસ કરવા જ પડે. ભૂલથી ઝઘડો થાય તો હું મૅનર, ડિસિપ્લિન 'ને એટિકેટ વગરનો સાબિત થઉં. એમાંય હું ગાડીવાળો. કદાચ ટોળું મારે પણ ખરું. ખૂબ મારે. પરંતુ, ડાબેથી જમણે ગયેલી નજર ફરી વચ્ચે આવી. એક જુવાનજોધ છોકરો. ચાલતો. ધોધમાર વરસાદમાં પલળતો. માથે પ્લાસ્ટિકની કોથળી પણ નહીં. પગમાં સ્લીપર. હું નિર્ણય લઉં એ પહેલાં મારા પગે બ્રેક મારી દીધી. છોકરાએ લગીર આંનદમાં ચાલવાનું છોડી, દોડીને રસ્તો ક્રોસ કર્યો. હાર્ડલિ દસ સેકન્ડ થઈ હશે. પણ, હેલ્મેટ વગરના એ બંને વાહનચાલકોએ મને ગાળો દીધી એ મેં જોયું. મને દુ:ખ થયું કે આટલું મગજ કસ્યું તોય સમાજવિદ્યામાં હું ફેલ થયો.

## 412 દ્રષ્ટિવેધ

" મમ્મા નંબર તો ના આયો પણ બધાં મશ્કરી કરતા'તા કે તારા પપ્પા તે કાંઈ હીરો કેવાય? 'ને પપ્પા વિષે જેમ તેમ બોલતાં'તા." મોરસ રડતો રહ્યો.

" બેટા, તો શું એ બધાંમાંથી કોઈ સચિન, કલામ કે સરદાર બની શકવાના છે?"

" પણ, બધાં ક્હે તારા પપ્પા તો નોકરી વગરના છે, તો તારે એવા થવું છે?"

મમ્માની આંખમાંય આંસુ આવી ગયા. લોકો પર 'ને દીકરાને પપ્પાની વાસ્તવિકતા ના સમજાવી શકવાના કારણો પર ગુસ્સો પણ આવ્યો. પણ, એણે નવી હિંમત પેદા કરી લીધી. ઊભી થઈને દીકરા માટે પાણીનો ગ્લાસ લેતી આવી.

" મોરસ, તને આપણે 'માય હીરો'ની સ્પિચ માટે પપ્પા વિષે શું શું તૈયાર કરેલું એ યાદ છે?"

" હા મમ્મા, એ સારા માણસ છે. દેશપ્રેમી છે. ખોટી રીતે પૈસા નથી કમાતાં. કોઈના કામમાં દોડતા જાય. ભેદભાવ નથી કરતા. ગરીબોને ચાહે છે. પર્યાવરણ પ્રેમી છે. બધું બોલેલો."

" બેટા, ઇનામ જીત્વા ફક્ત સારું બોલ્વાનું જ છે. પણ, તું પપ્પાનું જોઈને એ બધું શીખી શકે છે. એમ્ના પપ્પાઓમાં એવું કૈં નહીં હોય ત્યારે એમણે બ્હારનાંને હીરો બનાવ્યા હશેને?!"

## 413 દલ્લો!

મેલો રંગે કાળો. પણ, દિવસમાં દસો વાર નર્મદામાં પલળે એટલે દેહ પર સ્હેજેય મેલ નહીં. કાળા ગોમેદ શું ચમકતું એનું મોઢું સદા હસતું. ગામમાં એ ભાગ્યે જ જાય. રખે કોઈ પંડિત અથડાય 'ને... એ જાણતો કે શ્રાદ્ધનગરીમાં મૃતાત્મા સિવાય ખાલી બ્રાહ્મણ જીવાત્મા. યજમાન એ જીવતા શરીર. બાકી સૌ મરેલાં. એનાં કરતા અજાણ્યા મુસાફરોને લઈને નાવ પર ફરતાં રહેવું એને પસંદ. ભૂમિય ના અભડાય! 'ને નર્મદા? એ તો મા. મા કદી ના અભડાય. એવા મેલાની નાવ પર એક દિવસ એક ગોરો પધારેલો. પ્રકટેશ્વર આશ્રમના મા'રાજ સાથે. મા'રાજ સિદ્ધ ગાઈડ બનીને કાંઠાના તીર્થો તરફ આંગળી કરતાં રહ્યા પણ, ગોરો અડીઘડી મેલા સામું જ જોયા કરે. એણે મેલાની ટચલી આંગળીમાં વીંટી જોઈને પૃચ્છા કરી.

" ધેટ્ ઇઝ છલ્લો, સ્ટીલ-રિંગ. ધે વેર ટુ પ્લીઝ ધેઅર પ્લેનેટ શનિ, સેટર્ન." મા'રાજે સમજાવ્યું.

" એઝ પર હિંદુ પ્રેક્ટિસ વિ આર મલેચ્છ. વ્હિચ વન ઇઝ અવર પ્લેનેટ?" ગોરાએ પૂછ્યું.

મા'રાજે સફેદ પડી ગયેલું મ્હોં મેલાની ઉઘાડી પીઠ તરફ ફેરવ્યું 'ને કોઈ જવાબ ના સૂઝ્યો એટલે હસીને બોલ્યા " યુ મસ્ટ બી જોકિંગ!"

## 414 ધંધો ધંધાની જગ્યાએ!

૩૦,૦૦૦ સ્ક્વેર ફૂટનો પ્લૉટ. લોકેશનમાં. પણ, ઝુંપડપટ્ટી ડેરો જમાવીને બેઠેલી. જોકે સધાચંદ ઓછા ન્હોતા. વસ્તીના બે શક્તિશાળી યુવાનને પાર્ટીમાં પોસ્ટ આપી 'ને ઝુંપડાવાસીઓમાં પૈસાની વ્હેંચણી પણ સોંપી. કામ એટલું સિફતથી પાર પડ્યું કે વસ્તી તરફથી એવું આવેદનપત્ર લઈને એ બે કમિશનર પાસે ગયા કે અમને અહીંથી પૂર્વમાં જ્યાં સરકારી જગ્યા ખાલી છે ત્યાં યોગ્ય રહેઠાણ વ્યવસ્થા આપીને ખસેડવા વિનંતી.

" તું વિરોધપક્ષમાં છું એ ભાન છેને?..." સરકારી પક્ષના યજુભાએ સધાચંદને ફોન જોડ્યો " ...વસ્તીના જેટલા લોકો પાસે મતદારકાર્ડ નથી એ માથે ઊભા રહીને હું બનાવડાવીશ ત્યારે તારી ઑપોઝિશન પાર્ટીના પેલાં બે ચમચાને ત્યાંના લોકો જ મારશે."

" અરે યજુભા, શાંત થાવ બાપ. સરકારની જમીન છે એમાં વસાહત બનશે તો ડ્રૉમાં તમે ખોલશો એ જ નામ આવશે 'ને એ તમારી પાર્ટીને જ વોટ આલ્શેને! થોડું સમજો, 'ને આ મારો પ્લૉટ ચોખ્ખો થઈ જાય તો એમાં તમારી ભાગીદારીય પાક્કી. પછી તમ્ને શું વાંધો?"

 © Gaurang Amin

## 415 પ્રિ-ડેટર

"પયોષીબેન"થી લોકો ઓળખતા. શિક્ષિકા એટલે બધાં એમને બેન કહે. પણ, એ એમની પહેચાન પોષીથી જ આપતા. તેજસ્વી આંખો. દેદીપ્યમાન ચહેરો. ચેતનવંતુ શરીર. બુદ્ધિ

એમનો જમણો હાથ તો વાકચાતુર્ય ડાબો હાથ. સ્લીવલેસ બ્લાઉઝની એક બાજુ 'સોહમ'નું ટેટુ તો બીજી બાજુ 'નેતિ'નું. એક વરસ અગાઉથી કેટલીય મજૂરી કરીને વાલી એમનું ટ્યૂશન ફિક્સ કરી શકતા. એ પાલ્યને મળતા. એનો ટ્રેક-રેકૉર્ડ જોતા. ઇન્ટર્વ્યૂ લેતા. પછી જ ટ્યૂશન માટે હા કે ના પાડતા. 'ને એ બધાંની ઊપર શહેરના કોઇપણ ટીચર કરતા વધારે ચાર્જ કરતા. બલિશભાઈ 'ને મુગ્ધાબેનની ઘણી કસરત બાદ પયોષીજી એમના સાતમામાં ભણતા પુત્ર આશ્વાસ માટે મુલાકાત આપે છે. પ્રાઇમરી વાતો પરથી જ બેને ટ્યૂશન માટે ઘસીને ના પાડી દીધી. પણ, એટલામાં જ બહારથી લબર મૂછિયો આશ્વાસ ડ્રોઇંગરૂમમાં પ્રવેશે છે. આશ્વાસનો વિશાળ સીનો, માંસલ ભુજાઓ 'ને લાંબા પગ જોઈને પોષીનું દિલ ભીંજાઈ જાય છે.

' આની તો ફી પણ ના લેવાય, હવે મારે હા કેવી રીતે કહેવી એ જલ્દી વિચારવું પડશે!'

 © Gaurang Amin

## 416 એક પૃથ્વીવાસી

ચોમાસાને વાર હતી 'ને સરકાર ડૅમમાંથી પાણી છોડતી ન્હોતી. ઢેફાનો ધંધો તો ઠપ થઈ ગયો. પણ, પેટ ભરવા જેટલી માછલી પકડવાનાય વાંધા થઈ ગયા. કહે છે નર્મદાના દર્શન માત્રથી સ્વર્ગ મળે પણ, ઢેફાને તો કેટલુંય ચાલ્યા છતાં પરિવારની ભૂખ જ દેખાતી હતી. પાછળ નજર કરી તો વસ્તી એક ટપકાં જેટલીય જણાતી ન્હોતી. આમેય વસ્તીમાં રહ્યા કેટલા?! મોટાભાગના તો શહેર જતા રહ્યા. ઘરવાળી પેટથી ના હોત તો ઢેફોય ગયો હોત. ત્યાં ઢેફાએ થોડે દૂર મગરનું એક નાનું બચ્ચું જોયું. એને પહેલી વાર થયું માતા માફ કરી દેશે પણ આને ધાળિયું મારી દઉં. બે દિવસ ચાલશે. પણ, એને એની છોડી યાદ આવી ગઈ. થોડે આગળ શ્રીફળ જોયું. ફાડીને ત્યાં જ ખાવા બેઠો. તાકાત આવી. પણ, થયું આજે એમ્નેમ જ ઘરે જવું પડશે. ખડક 'ને ઝાડી વટાવી સીધો કાચા રોડે નીકળ્યો. એક એસયુવી મારામાર આવીને રોકાઈ. એકલો પાતળો યુવાન. ઢેફાએ ધાળિયા પર પક્કડ મજબૂત કરી. ત્યાં એણે કાકા કહીને રસ્તો પૂછ્યો. ઢેફો ફરીથી એનો એ ઢેફો જ રહ્યો. કેમ ના રહે, દસ દિવસ પહેલાં જ આમ ખાલી હાથ જતો હતો 'ને રસ્તામાં સસલું મળી ગયેલું.

 © Gaurang Amin

## 417 બ્લેક + ગ્રીન = રેડ!

આગામી ઑલિમ્પિક્સમાં હન્ડ્રેડ મીટર્સ રનિંગમાં ક્વૉલિફાઇ થવા નિયોફામાં કશું જ ખૂટતું ન્હોતું. પરંતુ, અન્ય પ્રતિસ્પર્ધીઓ પણ કમ ન્હોતા. ફાઇનલ રાઉન્ડ આડે છ દિવસ બાકી હતાં. બૉયફ્રેન્ડ કિલાબી પાસે એ રડી પડી. કિલાબીએ એને રડી લેવા દીધું. એને કપડા પહેરાવ્યા. એય તૈયાર થયો. પછી નિયોફાને લઈને એ સ્લમ-એરિઆમાં ગયો. બાઇક છોડી ગલીકૂંચીઓમાં ચાલતા દોરી ગયો. અંતે એક સડેલા બારણા પાછળ અંધારાંમાં દાદરા ચઢ્યા ઊતર્યા 'ને એક બંધિયાર એસી ખંડમાં આવી પ્હોંચ્યા. ત્યાં પરંપરાગત મુજાહિદ્દીન પોશાકમાં એક વ્યક્તિ બેઠો હતો. કિલાબી એનો હાથ ચૂમીને જતો રહ્યો.. એ પછી ત્રણેક કલાક સુધી પેલાંએ નિયોફાને સમજાવ્યું કે કાલેંજીન જાતિની થઈને એણે દુશ્મન કિકુયુ જાતિની સ્પર્ધકો સામે જીતવું હોય તો એક જ ઉપાય છે. ઇસ્લામનો અંગીકાર. આખરે અહીં કે ઑલિમ્પિક્સમાં, એની બધી જ દુશ્મનો ખ્રિસ્તી છે. એણે મહમદ અલી 'ને ટાયસન જેવા ઉદાહરણ આપ્યા. અંતે નિયોફા તૈયાર થઈ ગઈ. એ વાતથી તદ્દન અજ્ઞાત કે ઑલિમ્પિક્સ સુધીમાં તો તે રમતવીર મટીને ફિદાયીન યાને આત્મઘાતી હમલાવર થઈ જવાની છે.

## 418 બીજું બધું તો ઠીક છે!

બે લિટરનું એન્જિન ખુલ્લા હાઇવે પર સોની સ્પિડે ધમધમતું હતું. એવામાં મોટો ધમાકો થયો. કશું કાર પર પડ્યું 'ને ગાયબ થઈ ગયું. કર્મિલે ડ્રાઇવિંગ સીટ પરથી નીલગાયને જમણી બાજુ માથા જેટલા ઊંચા બાજરીના પાકમાં વિલીન થતા જોઈ. સૃષ્ટાના માથામાંથી આછું લોહી નીકળતું હતું. વિન્ડસ્ક્રીનના ભુક્કા થઈ ગયા 'ને છત તેમજ બૉનેટ પર મોટા ગોબા. જતા-આવતા વાહનો પણ રોકાઈ ગયા. લોકો દોડતાં ધસી આવ્યા.

મોટાભાગનાએ કીધું કે ભારે ઍક્સિડન્ટ થયો. બે એક જણ બબડયા કે સ્પીડ વધારે હતી. અમુકને થયું કે ગાડીને ભારે નુકસાન થયું. કો'ક બોલ્યું કે 'બચારું રોઝડું જીવતું હશે કે કેમ!', 'ને અવાજ ઊઠ્યો કે ''અહીં નીલગાયની અવરજવર છે' એવા પાટિયા મૂકવાની જરૂર છે!'. એકે કીધું કે પોલીસ બોલાવવી જોઈએ. તો વળી ડાબી બાજુના ખેતરમાંથી એક આદમી નીકળ્યો 'ને બોલ્યો કે બીજું બધું તો ઠીક છે, આમ્ને પે'લાં દવાખાને લઈ જાવ. અને આ બધાં વચ્ચે કોઈની નજર ના પડે તેમ ડાબી બાજુના ખેતરમાંથી ગઢવીરજી નીકળ્યા 'ને ચૂપચાપ બંદૂક સાથે રોડ ક્રોસ કરીને નીલગાય ગઈ એ બાજુ ધીરે રહીને સરકી ગયા.

 © Gaurang Amin

## 419 મોમતા!

પ્રિઝ્મા ફર્સ્ટમાં હતી ત્યારે પેડ પર ગેમ્સ રમતી. ફોર્થમાં તો સ્કૂલની 'ને બીજી બે ચાર સાઇટ પર લોગઇનલોગઆઉટ કરતાં થઈ ગયેલી. સો નેચરલિ, સિક્સ્થમાં હોય 'ને કોઈ એફ્બીમાં વિવિધ નામથી ઍક્ટિવ થાય એ સમજ પડે જ.

" મોઓમ, તું આવું કેમ કરે છે? બીજાંના નામ 'ને ફોટાવાળા એકાઉન્ટમાં તું શું કરે છે?"

" ઓ માય બેબી! આ બધાં એકાઉન્ટ મારા જ છે. જો તને એક ઔર એકાઉન્ટ બતાવું."

એમ કરીને મમ્મીએ કોઈ મુછાળા પુરુષના નામે ફેસબુક ખોલ્યું.

" ઓ મોઓમ... યુ આર ઇમ્પૉસિબલ! આવું થાય? આ લોકોને ખબર ના પડે?"

" હાહાહા, તારી મોમ છેને બહુ સ્માર્ટ છે! અને મારી સ્માર્ટ બેબી તુંય મોટી થઈને સ્માર્ટ મોમ જ બનીશ. જાઓ તમારું કામ કરો 'ને મોમને એનું કામ કરવા દો."

પ્રિઝ્મા જતી તો રહી. પણ, એણે નક્કી કર્યું કે મોમ શું કામ કરે છે એ જાણવું જ પડશે. આખરે હું સ્માર્ટ બેબી છું અને એક સમયે મારેય સ્માર્ટ મોમ બનવાનું છે!

## 420 પુણ્યનો હફ્તો!

હોંશે હોંશે ત્રિક બસમાં બેઠો. હરદ્વાર સુધી પ્હોંચ્યો હોય એવો કુટુંબમાં એ પ્હેલો. 'ને હવે તો એ ઋષિકેશ જવાનો! એણે નક્કી કર્યું હતું કે ત્યાંથીય આગળ બદ્રીનાથ જવું છે, ફેમિલીમાં એવો રેકૉર્ડ કરવો છે કે તોડતા દમ નીકળી જાય. 'ને જોડે જોડે પિતૃ-તર્પણ પણ પતી જાય. ત્રિક હસીને ગુજરાતી ટેવ મુજબ બાજુવાળા સાથે વાતો કરવા લાગ્યો. એને ખબર પડી કે એ જે યાત્રાના ૫૦૦ ચૂકવી બેઠો છે એ જ મુસાફરી બાજુવાળો ૩૦૦માં કરી રહ્યો છે. બાજુવાળાને આ વાતનું કોઈ આશ્ચર્ય ન્હોતું. એ સ્થાનિક રહેવાસી હતો. હરદ્વારથી ઋષિકેશ એ સત્તરમી કે કદાચ સિત્તેરમી વાર જતો હશે. ત્રિકનું મગજ ગયું. બસ ઊપડે એ પ્હેલાં એ દરવાજે ઊભેલા કંડક્ટર તરફ ધસ્યો.

" યે ક્યા મગજમારી હૈં મેરસે પાંસો લિયા ઓર ઉસસે તિન્સો, ભગવાન્કે કામ્મેં એસા?"

" ભૈયા, યે ભગ્વાન કા નહીં મેર્રા કામ હૈં! ઔર લોકલ લોગ વહાં ભગ્વાન્કે નહીં, અપ્ને કામ્સે જાતે હૈં. આપ્ને જો પાંચ્સો દિયે ઉસે ભગ્વાન્કા કામ સમજકે આશીર્વાદ લેલો!"

 © Gaurang Amin

## 421 આ તો પોણા ચાર સુધી ચાલેલું!

ચોકીદાર કહેતો'તો કે એ નવો છે એટલે એને નિયમ ખબર ન્હોતી. પણ, ધૂમભૈ કહે 'જુઠ્ઠો છે, સો ટકા ઊંઘતો હશે. બાકી આટલો મોટો ખાલી ટેમ્પો બેઉ ઝાંપા ખોલીને અંદર આવે તો કોઈ બી ચોકીદાર રોકીને પૂછપરછ કરે.'. મને અનિદ્રાની બિમારી જેવું. એટલે ચોકીદારની ઈર્ષ્યા આવી ગઈ. પણ, મુદ્દો એ ન્હોતો. ધૂમભૈ કહે છે કે ટેમ્પો ખાલી હતો. તો પછી ટેમ્પાની અંદર જે લાંબો વાંસડો હતો જે ગૅસની પાઇપ લાઇનમાં ભરાયો 'ને પાઇપનું જોડાણ તૂટી ગયું. અને ગૅસ મોટા અવાજે લીક થવા લાગ્યો. એ વાંસડો ક્યાંથી આવ્યો? પણ, ધૂમભૈ રાતના બે વાગેય પૂર્ણ તાજગીથી આગળ વાત કરતા રહ્યા. કહે 'આ ગૅસની નવી લાઇનનો ખર્ચો કોણ આપશે? એ ટેમ્પો જેને ત્યાં આવ્યો એ સ્તો. અને આ લીક થયું એને લીધે જો આગ લાગી હોત તો ખબર છે શું થાત? ઇલેક્ટ્રિકની મેઇન લાઇન આગ પકડી લેત. 'ને એક પછી એક બધા ફ્લેટમાં શૉર્ટ-સર્કિટ થાત. તમે કેમ કૈ બોલતાં નથી?'. 'ને મેં તરત કીધું કે ખરી વાત છે. ઇલેક્ટ્રિકની મેઇન લાઇન આગ પકડી લેત. 'ને એક પછી એક બધા ફ્લેટમાં શૉર્ટ-સર્કિટ થાત.


© Gaurang Amin

" સમસ્યા જાણીતી તો હતી જ. જાહેર ન્હોતી. આજે જે આ વિનાશક પૂર આપણે જોયું તેનાં મૂળ ઘણા જૂના 'ને ઊંડા છે. વૃક્ષો કોઈએ વાવવા નથી 'ને નવા બાંધકામ કર્યા કરવા છે! એ પણ ધારા-ધોરણ વગર. હિમાલય હજુ જુવાન છે. એટલો પાકટ નથી થયો કે આટલી બધી ભીડ પોતાના ખભે ઉપાડી શકે. જય કેદાર બોલ્યા કરવાથી કેદાર કોઈને બચાવવા નહીં આવી જાય!...."

પર્યાવરણવિદ ડૉક્ટર મનોહર આગળ કહેતા હતા. પણ, મનુભાઈએ ટીવી બંધ કરી દીધું.

' તમારા જેવા પર્યાવરણના વાઈંડાઓની વાદે ચઢીને જ મારો ઋષિત ત્યાં ગયેલો. ઇકો-ફોટોજર્નાલિસ્ટ થઈને હિમાલયનો ભાર ઊંચકવા! અરે, તું શું મને જ્ઞાન આપતો હતો? અહીંયાં આવ હું તને જ્ઞાન આપું કે હિમાલયની ભીડ આ ઘરડા ખભાએ ઊંચકી ત્યારે મને શું અનુભૂતિ થઈ.'


© Gaurang Amin

## 423 આભાસનું વાસ્તવિક પરીક્ષણ!

આજે પણ ગાંધીજી એટલાં જ પ્રસ્તુત છે. આમેય આ બાવીસમી સદીમાં કોણ માને કે કાશ્મીરમાં એક સમયે આતંકવાદ જેવું કશું હતું. નેટ પર ક્યાંક કોઈ રડીખડી એન્ટ્રી મળી જાય તોય કોઈ વિશ્વાસ ના કરે. ભારત આખું બદલાઈ ગયું 'ને દુનિયા બદલી નાખી. અને એનો શ્રેય જાય છે કાશ્મીરી સ્વાતંત્ર્યસેવકોને. એક સમયે બૉમ્બથી ખદબદતી ખીણ હવે ગાંધીજીના મૂલ્યોની સુવાસથી છલકાય છે. પરંતુ, વિરોધ પક્ષમાં બેઠેલા ચંદ ફનૅટિક્સને લીધે શાંતિભંગ થઈ રહી છે. "ચોર કાશ્મીર"ના ગાંધીવાદી અગ્રણીનું ગઈકાલે મોડી રાત્રે મૃત્યુ થયું. એ અઢી માસ પહેલા જ આમરણાંત ઉપવાસ પર ઉતરેલા. સરકારે વિપક્ષ 'ને અમુક ભારતીયોની આડાઈને લીધે કાશ્મીરને માત્ર પાંચ હજાર અબજનું પૅકેજ આપ્યું 'ને કાશ્મીરી મુસ્લિમોનું ભારતમાં પુનર્વસન કરવા ફક્ત નેવું હજાર કરોડ? "ચોર કાશ્મીર"ના સેવકો દિલ્હી, મુંબઈ, હૈદ્રાબાદ, કોલકટા, અમદાવાદ વગેરે એંસી શહેરમાં ગઈકાલ સુધી પ્રતીક ઉપવાસ જ કરતા હતા. આજથી એ લોકો આમરણાંત ઉપવાસ કરવાના છે. આશા રાખીએ કે કટ્ટરવાદીઓ આ સેવકો પર હિંસક હુમલો ના કરે.

## 424 ફ્રોઝન ટિઅર્સ

વર્ષો બાદ લિન્ક્ડઇન પર નેટવર્કમાં જોડાયા એના ચોથા જ દિવસે મોન્ટ્રિઅલના માઉન્ટ રોયલ પાર્કમાં બેઉ મળે છે.

" લગન કર્યા કે હજુ મારી રાહ જોયા કરે છે?!" ફોર્મલ વાત પૂરી થયેલી લાગતાં મીસાએ સીધું પૂછ્યું.

" તારો આટલો વિશ્વાસ હું તોડી શકું?! હાઉ'બાઉટ યુ? તું 'ને સુવાસ, મેં ઇન્ડિઆ છોડ્યું ત્યારે તમે સ્ટેડી જતાં હતાં."

" તારા નિસાસા લાગ્યા!" મીસા હસીને પાછી ગંભીર થઈ ગઈ " હી બ્રોક અપ."

બંને ચૂપ થઈ ગયાં. મીસા દૂર જોગિંગ કરતા લોકો જોતી રહી. નિશાન ઊંચે જોઈને બોલ્યો

" આ વખતે સ્નો હજુ ચાલુ નથી થયો. કદાચ ક્રિસ્મસ પર રાઇટ ટાઇમે રંગ રાખશે!"

મીસાએ નિશાનની આંખોમાં જોયું. ક્યાંય સુધી જોયા કર્યું. નિશાનની આંખો ચમકવા લાગી.

" નિશાન, સાત વર્ષ થયા. બટ, આઇ નેવર એન્જોય્ડ ક્રિસ્મસ. આઇ સ્ટીલ લવ દિવાલી."

ત્યાં આકાશમાંથી હળવે હળવે સ્નો ટપકવાનું શરુ થયું. નિશાને ફરી ઊંચે જોયું.

" મિસા, સેંટાકલોઝને તું હેપ્પી દિવાલી કહીશ તો એ તને હેપ્પી દિવાલી નહીં કહે?"

## 425 ચણ્યો કાચો પૈડો ઈનું કૈ નૈ?!

ચાર દિવસના તાવ પછી ઉત્તાજી હામ ભીડીને ઘરની બ્હાર નીકળ્યા. વાહન ચલાવવાની તાકાત ન્હોતી. રિક્ષા કરી. પંદરેક મિનિટમાં રિક્ષા બંધ પડી. રોજના દસ કોઈક સુપાત્રને દાનમાં આપવાની નેમ ઉત્તાજીએ ભાડા પર પચાસ આપીને વ્યાજ સાથે પાર પાડી બીજી રિક્ષા પકડી લીધી. શાંતુ ખુશ થઇ ગયો. ખાનામાંથી નવો ક્લચ વાયર કાઢીને બદલ્યો. બોનસના પચાસ લઈને ઘર તરફ વ્હેલો ભાગ્યો. એ પ્હેલાં ચણ્યા દારુવાળાને ભાડું વત્તા દેવું ધર્યું. ચણ્યાએ દારુ પીવાનો જરી આગ્રહ કર્યો. પેલાં પચાસ મન ભીનું કરતા'તાં. પણ, જીવ નીચોવીને એ ઘરે પ્હોંચ્યો, ઝાંખીના હાથમાં પેલાં વધારાના પચાસ મૂક્યા. શાંતુ દારૂ પીધા વગર 'ને એમાંય ઘરમાં પૈસા લઈને આવ્યો એ જોઈ ઝાંખી ઘેલી થઈ ગઈ. કહે ચા બનાવું. શાંતુ કહે ના આજે હું બનાવું. પચાસની નોટે માહોલ બદલી નાખ્યો. શાંતુ રસોડામાં ગયો. ભડભડિયો પ્રાયમસ ચાલુ કરવા બરાબર પંપ માર્યા 'ને પ્રાયમસ ફાટ્યો. શાંતુ ખરાબ રીતે દાઝી ગયો. 'ને લાચાર ઝાંખી દર્દથી કણસતી ચીસ પાડી ઊઠી-

" નખ્ખોદ જાય મુઆ એ દાણવીરનું જેણી માર શાંતુને આત્લો ઘેલો કૈરો!"

 © Gaurang Amin

## 426 ડબલ એજન્ટ

"અમ અભેભિં શુકર્ગુંઝાર હેઈંક ઈખતેરમોં ઠારે લોગન આયૈ યૌર ઇયે ગાંવ બચ્છ ગિયો. વરન ખુદાન ખાસ્ટા અમ સબન ઉસ પાર ઓટે." ઉલ્લાખાં કલરી પીતાં પીતાં બોલ્યા.

"અચ્છા જી. અબ તુમ્હારી ગુજ્જરખંડ કી યોજના સમઝાઓ. હમ ઐસે હી પૈસે નહીં દેંગે." પીઓકેથી અમુક કિલોમીટર જ દૂર આ તરફના જાસૂસી અધિકારી મુદ્દા પર આવ્યા.

ત્રીજા દિવસે બુઢા ઉલ્લાખાંએ યુવાન પુત્રને બોલાવ્યો 'ને ગોજ્રી ભાષામાં કીધું-

" ચાંદ જ્મૈ તબ્ન ઉસેહિપારો જાનો એહેં. સિર્ફું ફલ લાવ્નકુ હેય્ના!". ફલ એટલે બૉમ્બ!

"અબ્બાહ, હમ્ન્કું યેય નૈયા પ્સંદો આહે. ભેડન ચાર્વે બ્સેયાહે. ભારતે સરકારન હમ્ન્કો રેઝરશન દિયો યૈ કાફિ હેય. એ લશ્કરબાબુન્કો બોલેય તો હમ્ન પોટર હાલ્ન બ્ન્જાવેય."

"કુત્તેય, અમારનોં દૈયેં નોં બૈંયૈ સરકાર નાહે. હમ્ન્લોંગન બીચ્મેંય અયો. નોય અમ નીચો ઈન્દોં નોય ઉચો મુસ્લ્મોં. દોનોંન તર્ફૂન સેય પૈસો બતોરો તબ્ન ઇત્રો પૈસો આહે. વરન તુંન ભ્ય બાકીં ગુજ્જર જૈસો ભૂખોં મ્રોતો."

 © Gaurang Amin

## 427 ૯૯ સામે ૧

ગ્રીન લાઇટ થઈ. ટોળું સીધો ક્રોસ મારીને જમણે દોડ્યું. એક ગાડી સાઇડ-સિગ્નલના તાલમાં સૂર પૂરાવતી સ્પીડે સર્કલને ગોળ ફરીને જમણે વળતી હતી. ચાલકે ડૅશબૉર્ડ પર બેસાડેલા ઈશ્વર સામું કૉન્ફિડન્સથી જોયું હશે 'ને વિચારતો હશે કે ક્યાંક ખૂણામાંથી ટ્રાફિક હવાલદાર એને જોઈને પ્રસન્ન થતો હશે. આ બાજુ મારી ખોપડી ટર્ન થઈ- 'આમ પાપા પગલી કરતા ગોળ ફર્યા એ કરતા ગામ જોડે સીધા નીકળ્યા હોત તો!' અને થવા કાળ એ તરુણી જેવી ગાડી ચક્કર મારીને આવી 'ને મારી સીધી નીકળવા જતી આધેડ કારને જાહેરમાં કિસ ફટકારી દે છે. બારણું ખોલીને ડ્રાઇવર અંગ્રેજણમાં લાંબી ગાળ બોલ્યો. છપ્પનની ફૉન્ટ સાઇઝમાં બે અક્ષરની બૉલ્ડ ગુજરાતી ગાળ વળાવીને મેં તરત શાંતિથી કીધું-

" લાઇસન્સ, ઇન્સ્યોરન્સ પોલિસી 'ને ઍક્સિડન્ટના ફોટા પાડીને આગળ વધીશું?!"

અને એમણે જે જવાબ આપ્યો એ સાંભળીને હું હલબલી ગયો-

" બેઉ ગાડી જૈસે થે અહીં જ રહેશે જેથી લોકોને ભાન પડે કે ૯૯ જણા રૂલ્સ તોડીને કાયદેસર વાહન ચલાવતા એક સાચા નાગરિકનો સુરક્ષિત રહેવાનો હક્ક છીનવી ના શકે."

 © Gaurang Amin

## 428 બાયલો કે માવડિયો?!

બીજે દિવસે સવારે વહેલા ડૅમ-સાઇટની વિઝિટ પર જવાનું હતું એટલે રાતે જાગવાને બદલે સાંજે ડ્રોઇંગ પૂરું કરીને રક્ષ ફટાફટ મેસ તરફ જવા નીકળ્યો. આદત મુજબ બબડવાનું શરુ કર્યું. ' કોળું, ટીન્સા કે હળદર- ત્રણમાંથી એક શાક. કોબિનો અસામાજિક સંભારો. ઘાસના ભજીયા. ચામડાની ભાખરી. પાણાદાર ભાત 'ને રીસાયકલ કરેલી દાળ. ઉંહ! જે હોય તે ખાઈલે ભાઈ, છેલ્લું વરસ છે. 'ને જલ્દી ભાગ તારા ઘરે બિલ્ડર થવા!'.

" આવ બેટા આવ, તારી રજૂઆત રંગ લાવી. ટ્રસ્ટીઓએ તારી વાત રાખીને લેટેસ્ટ રસોડું, તેં ડિઝાઇન કરેલું મેન્યૂ... બધું પાસ કરી દીધું છે." મેસના કોન્ટ્રાક્ટર રક્ષને ભેટી પડ્યા.

" બેટા, છોડને આ કડિયાકામનું ભણવાનું, આવીજાને મારી જોડે કેટરિંગના બિઝનેસમાં."

" કાકા, એ વાત મૂકો હવે. જમવા આપો." રક્ષ હસતા મોઢે મમ્મીની વાત યાદ કરવા લાગ્યો.

' તારા બાપનું જોઈને બૈરા જેવા શોખ કરે છે? પુરુષ થઈને રસોડામાં આવતાંય શરમ આવવી જોઇએ. હૉટેલ-મૅનેજમેન્ટ તો ભણવાની વસ્તુ છે? તારે તો બિલ્ડર જ થવાનું છે.'

 © Gaurang Amin

## 429 ચોઇસ

" હેં? કોઈ કાળે ભાગીદારી ના કરાય. સિંહ રાશિ જોડે તારે લેણું નથી, દેણું છે."

" પણ, જે રસ્તા પર હું પહેલો પગ મૂકું છું, એ રસ્તાની ટોચ એમણે જોયેલી છે. ભલે ધંધામાં અત્યારે મધુકાકાનો સમય કપરો છે. દાદા, એમની કુંડળી તો જુઓ." બિશ્ન માટે જ્યોતિષ ટેકપ્રસાદજી ભાખે એટલે ફાઇનલ!

" કોઈ જરૂર નથી. ના કરાય એક વાર કીધુંને?!"

ડગમગતા મન સાથે ત્યાંથી ઉચાળા ભરતો ઊપર જોઈને એ બબડ્યો 'હે કુદરત હવે તું કશું કહે!'. આગળ જતા ફ્લેટના ગેટ પાસે એક બાબો સ્કૂલબેગ સાથે મળ્યો 'ને બિશ્નનો હાથ પકડીને બોલ્યો-

" અંકિલ, મને બહાર સુધી મૂકી જાવને. ગલૂડિયાંથી મને ડર લાગે છે."

" સારું ચાલ. શું નામ છે તારું?"

" શૌર્ય."

બિશ્ન હસતાં હસતાં વિચારવા લાગ્યો... નામ-રાશિથી કેટલો ફેર પડશે? મારી પાસે ભલે પાંચ આંગળા હોય, રિઍલિટી એ છે કે મારે મધુકાકાની એક આંગળી પકડવી જ પડશે!

## 430 યૂનીક આઇડેન્ટિટિ

બિસ્મિલ્લાખાનની શહનાઈના સૂર ગુંજતા હતા. મહારાજ મંત્રો બોલતા હતા. અને ચોરીની આસપાસ સરસ રીતે ગોઠવેલી ખુરશીઓમાં સગા એવં વ્હાલાં વાતો કરતા હતાં.

" તારો ડાયમંડનો સેટ બહુ સરસ છે."

" બનાવડાવ્યો છે. આ વીંટી જોઈ... સાડા ચાર કૅરેટ!"

" ઓ હો હો! શું ચાલે બીજું? આ પેલાં લાંબા વાળ 'ને ચશ્માવાળા ભાઈ કોણ છે? સગઈમાંય આનો આ જ ઝભ્ભો પ્હેર્યો'તો. એમનો યુનિફૉર્મ લાગે છે! યૂનીક આઇડેન્ટિટિ હાહાહા!"

" તો શું. મારા જેવા એની જ્રૂઅલરિથી ઓળખાય. કો'ક નવાનવા કપડાંથી. તો કો'ક એના એ કપડાથી! જોકે આ તો મને આઇડેન્ટિટિ-ક્રાઇસિસનો કેસ લાગે છે! કોઈ બોલાવતું ના હોય 'ને ભૂલથી મળી જાય તો ભૂલી ના જાય 'ને ફરી ઓળખે એટલે એનુંએ પે'રે. હાહાહા!"

" ઍક્સક્યૂઝ મી!" પાછલી રોમાંથી કોઈ બોલ્યું "એ મારા પપ્પા છે. ઍન્ડ ફૉર યોર ફ્રુઅલ ઇન્ફર્મેશન, એ એમની કલા એટલે કે એમની અંદરથી જે બહાર લાવે છે તેના માટે જાણીતા છે. હિઝ ક્રિએશન્સ આર હિઝ યૂનીક આઇડેન્ટિટિ!"

## 431 ડાર્કરૂમ

" તારાથી શું છુપાવું? સાવ વિકૃત છે. પૂછશે કે ફલાણી તારીખે કેવી રીતે સેક્સ કરેલું, કયો સેટ પહેરેલો? 'ને મને યાદ ના આવે તો કકરાટ કરશે. તું મદ્યાનું અન્ડર ગાર્મેન્ટનું વૉડ્રોબ જોવે તો તારી આંખો ફાટી જાય! તું પ્લીઝ એને સમજાય. થોડી અક્કલ આપ."

પત્ની ખંજરીથી સંતુષ્ઠ હોવા છતાં વિમ્મીને દોસ્તની પત્નીની કામાંધ ફિગર દેખાવા માંડી.

વિમ્મી મદ્યાને મળ્યો. ખાલીપાના નામે મદ્યા વિમ્મીની વૃત્તિને ઉત્તેજન આપતી રહી. એક વાર ક્રૌંચ રાતે ન્હોતો આવવાનો 'ને વિમ્મી મદ્યાના ઘરે રોકાઈ ગયો. બંનેએ ખૂબ પીધું 'ને આઉટ થઈને સૂઈ ગયા. બીજી રાતે મદ્યા 'ને ક્રૌંચને ઓચિંતા લંડન જવાનું થયું. આ બાજુ મદ્યાની રાહ જોયા કરતો વિમ્મી એની પત્નીમાં મદ્યા જોવા લાગ્યો. 'ને ત્યાં લંડનમાં-

" તારા મૂર્ખ... નાલાયક દોસ્ત વિમ્મીને ક્યારેય ભાન નહીં પડે કે એણે મારી જોડે નહીં, દવાની અસર હેઠળ એક વેશ્યા જોડે સેક્સ કરેલું."

" યસ, અને અત્યાર સુધીમાં તો તારી દુશ્મન ખંજરી સુધી એઇડ્ઝ પ્હોંચી ગયો હશે!"


© Gaurang Amin

## 432 કાળી 'ને સૂકી દ્રાક્ષ

" સ્કૂલ છોડ્યા પછી પ્હેલી વાર મળ્યા. મને તો ખબર જ નહીં તું અહીં રહે છે!"

" યસ, કંઈ નહીં, હવે મળતા રહીશું. તું મારો નંબર લઈ લે."

સંપદા અને વ્યાપ્ત લગભગ ભેટી જ પડેલા. એકબીજાની આંખમાં આંખ નાખીને વાત કરતી વખતે આજુબાજુમાં કોણ છે એય ભૂલી ગયેલા. જાણે વર્ષો પછી પ્રેમી પંખીડા ફરીથી મળ્યા હોય. અને થોડી વારમાં છૂટા પડ્યા પછી...

સંપદા એના હસબન્ડને કહેવા લાગી-

" આ વ્યાપ્ત એકદમ પ્રાઉડિ હતો. અમે લોકો એની સામે થૂંકતાય ન્હોતા."

વ્યાપ્ત એની વાઈફને કહેતો હતો-

" આ સંપદાની પાછળ ઘણા છોકરા ગાંડા હતા. હું એક જ એની જોડે વાત ન્હોતો કરતો."

 © Gaurang Amin

## 433 ધમ ધમ ધમ....

એની એ જ બાર બાય બારની રૂમમાં નોકરીએથી આવીને ગાદલા પર પડ્યો. કાલે કઈ ડેટ? શું ફેર પડે છે! રોજ એ રોજ જ રહે છે. આખા ગામને વીમાના કવચ આપતી મારી જોબ એજ મારો વીમો. બાકી હું, મારી ઓરડી 'ને મારી ઊંઘ. બારણું બંધ થાય 'ને મારું વિશ્વ શરુ થાય! રાજુની આંખો નિત્યક્રમ મુજબ બંધ થઈ.

બાથટબમાંથી નીકળ્યો. બૉડિ-સ્પ્રે. લોશન. વૉર્ડરોબમાંથી કૅઝ્યુઅલ શર્ટ 'ને પૅન્ટ. હેર-જેલ. પર્ફ્યૂમ. આઇવરી પામ-શૂઝ. કૉફિ-મશીનમાંથી મગ ભર્યો. કારની કીઝ લીધી. ફ્રિજ ખોલ્યું. રૅપ લઉં કે ફલાફલ-બર્ગર? ઓકે આજે રૅપ! રિમોટથી એસી ઑફ કરીને ડોર તરફ ધસ્યો.

ધમ ધમ ધમ.... ધમ ધમ ધમ.... ધમ ધમ ધમ....

રાજુ સફાળો બેઠો થઈ ગયો. લાલઘૂમ આંખે આજુબાજુ જોયું. બારણું ખોલ્યું.

" કેમ બે... ભાન નથી પડતું? ભાડું લેવા હવે મારે અહીંયાં સુધી લાંબા થવાનું છે?"

 © Gaurang Amin

## 434 લિમિટેડ રેન્જ-મેરેજ!

" તમે ગમ્મેતે ગોળના હો કે ચોરસના, મીઠા હો કે તીખા, શું ફેર પડે છે? હવેથી તમે એક વસ્તુ મગજમાં રેણ કરી દો કે અમે અમેરિકાના પટેલ તમારા કરતાં ઊંચા, ઓકે?"

" અરે તમે ક્હો એમ જ હોયને. એ બધું ગયું ચૂલામાં!" દીકરાને અમેરિકા મોકલવા આખું જીવન 'આ બાજુના', 'પેલી બાજુના 'ને 'આવા', 'તેવા' પટેલ કરતા રહેલા માધોકાકા પોતાના કરતાં એકથી વધારે રીતે 'નીચા' એવા ખાનદેશના આંજણા પાટીદારની છોડીની સિટિઝનશિપની અણીએ ટાઢા પડ્યા. પણ, એમના ઘેરથી એમ ગાંજ્યા જાય એવા ન્હોતા.

" મને પૈણવા આયેલા તાર ગોમય જોયેલું. ઉપરથી પૈઠણ, હોનું 'ને માટલીઓ વેણતાં હરખ તો મા'તો ન'તો! આ દીકરી દેવાની થાહે તારનું વિચાઇરુંછ ખરું?"

" ગાંડી તારું ગણિત કાચું છે. એકના હાંઈઠ થાઈ ઈમોં દીકરીનું હું, તારુંન મારુંય નેક્કી જાહે."

" ઈનો કરતાં લંડનનું ગોઠવો. ઈ દેશે દુન્યાભરમાં રાજ કરેલું. 'ને પાઉન્ડય તે ઊંચો."

" તું ક્હેશ તો દીકરીનું લંડનમાં ગોતી નાખ્શું. પસ્તો આપણો બેય હાથ ઘીમોં!"

 © Gaurang Amin

## 435 અબોર્શન

ફોરેસ્ટવાળા પણ વર્ષમાં એક વાર ભૂલથી આવતા હશે ત્યાં પોતાની કૅબિન પર પ્હેલી વાર ટકોરા સાંભળીને ક્વિલ ગભરાયો. ભૂત કે ભગવાન? ચમત્કાર રૂપેય જે વનમાં એક પણ હિંસક પ્રાણી ના હોય ત્યાં બીજું તો શું હોય? ગન લોડ કરીને ડોર ખોલ્યું તો કોઈ નહીં. થોડીવારમાં લક્કડખોદ દેખાયું. બીજી વાર પવનનો માર ખાઈને થાકેલી ડાળખી આશ્રય માંગતી હતી. ત્રીજી વાર એકાએક વરસાદ પછીના ભેજથી લાકડાને આફરો ચઢ્યો હશે તે ડકારા લેતું હતું. ચોથી વાર પાસેનો પહાડ ઍવલાંશનો ભોગ બન્યો હશે 'ને એક પથ્થર પરોણો થયેલો. ક્વિલ પછી તો રાહ જોતો. રોજ પ્રાર્થના કરતો કે કોઈ તો આવે. મસ્ક-ડિઅર ઊલટું મને શોધતું આવે, યેતી આવે કે આદિમાનવ આવે. મહિનો થયો. ક્વિલે ભટકવાનું બંધ કરી દીધું. ગન પૅક કરી દીધી. ખાવાનું પતે ના ત્યાં સુધી કૅબિનની બહાર નથી નીકળવું એવું નક્કી કર્યું. એણે બારણે ખિલ્લા મારી દીધાં. દિવસો વીત્યા. અને એક રાતે પથારી હચમચવા લાગી. ક્વિલ આમથી તેમ ફંગોળાયો. કૅબિન દડાની જેમ ઉછળવા માંડી. અને અંતે દિવાલ, છત 'ને ભોંયની તિરાડોમાંથી ખારું ઊસ પાણી અંદર પ્રવેશ્યું.

 © Gaurang Amin

## 436 (એબ)નોર્મલ હ્યુમન

જાતે પાણી પીવાના નિયમ મુજબ ઘડીભા સાચવીને માટલા પાસે પ્હોંચ્યા. ડોયો 'ને ગ્લાસ યથાવત ગોઠવ્યા 'ને નજર પડી કે સ્હેજ પાણી ઢળ્યું છે. પોતું શોધ્યું, પાણી લુછ્યું. ફ્લૅટના દાદરા ઉતરતાં બીજો માળ આવ્યો. કોઈએ દાદરા ધોયા હશે. માંડ લપસતાં બચ્યા. પ્રાર્થના કરી કે જોજો કોઈ લપસે ના. પાર્કિંગમાંથી સાઇકલ કાઢતાં જોયું તો નીચે સ્ક્રૂ પડેલાં. હવા ચેક કરીને સાઇકલ પાછી સ્ટૅન્ડ પર કરી. કમરની નસ ખેંચાઈ ના જાય એનું ધ્યાન રાખીને સ્ક્રૂ વિણ્યા. ઘડીભાને પહેલા થયું કે કામમાં આવશે. પણ, પછી તરત અંતરાત્માએ યાદ દેવડાવ્યું કે હક્ક ના હોય એ વસ્તુ ના લેવાય. કોઈને તકલીફ ના આપે એટલે સ્ક્રૂ ઇલેક્ટ્રિકના મીટરના કબાટ પર સાચવીને મૂકી દીધા. ચોકડીમાં હાથ ધોતાં ફરી એક વાર લપસતાં બચ્યા. સાઇકલ મુખ્ય માર્ગ સુધી ચાલતા દોરીને બહાર કાઢી. આજુ બાજુ જોઈને કામ પર જવા પ્હેલું પેડલ માર્યું. સાંજે પાછાં નીકળતા ખબર પડી કે પંચર છે. પંચરવાળાએ કીધું કે મોટી અણીદાર ખીલી હતી. ઘડીભાને થયું કે આ તો ઠીક પંચર પડ્યું. પણ, કોઈ ચાલતા જતા ગરીબના પગમાં ઘૂસી ગઈ હોત તો?

 © Gaurang Amin

## 437 હશે, હવે હાચ્વી લ્યો!

સવાર, બપોર, સાંજ લીમડા નીચે દરબાર ભરે. આખરે લીમડો 'ને એ બેઉ જોડે મોટા થયેલા. છેલ્લા વર્ષે રોજ કહેતાં કે મને બાળવા આ ઝાડના લાકડા જ જોશે. પણ, મૃત્યુ વેળાએ દીકરાઓને કીધું કે તમાર બા માટે ઝાડ મેલીને જઉં છું, મને મારા તૈણ ઢોલિયા હાથે બાળ્જો. ચાર મહિનામાં બાની વેળા થઈ. બાએ ના પાડી કે કડવા લાકડે મું નો બળું, તમે બળજો. ચોમાસું બેઠું. દીકરા ખેતરવાળા ઘરમાંથી નવા ઘરમાં રહેવા ગયા. 'ને પંદરેક દિમાં ઝાડ પડ્યું. દીકરાઓને ચિંતા પેઠી કે આનું શું કરવું? અંતે કપાવીને જૂના ઘરમાં સંઘર્યું. બેએક માસ વિત્યા 'ને લાકડામાં આગ લાગી. એ ઘર બળીને ખાખ થઈ ગયું. બેઉ દીકરા નિ:સાસો નાખતાં બબડ્યા કે બાપુને એની હાથે જ બાળી નાઇખા હોત તો પાર આવત, આ તો હારું છ ઈ ઘરમાં ઇ લાકડા સિવાય કશું ન'તું. પણ, મહિનામાં કાગળ આવ્યો કે એ ઘરનો દસ લાખનો વીમો પાક્યો છે. દીકરાઓ રડી પડ્યા કે બાપુ લીમડાનો વીમો લેવાનું કે'તા તાર આપણે ઠઠ્ઠો કરેલો 'ને ઇમણે જમાયને કમાઈ આલ્વા હાટુ ઘરનો વીમો ઉત્રાઇવો. 'ને આપણે જમાયને ઈ ઘર નો આલ્વા મંઈ લાકડા ભર દીઘેલાં!

# 438 ડોન્ટ, ડૉનેટ એન્ડ ડોનટ!

" બચ્ચુ, મંગલા મીન્સ બેડ-ટી દર્શન. શૃંગાર મીન્સ બ્રેક-ફાસ્ટ દર્શન. રાજભોગ મીન્સ લંચ-દર્શન... લાઇકવાઇઝ. ડોન્ટ ગેટ કન્ફ્યુઝ્ડ. ઇટ્સ સો સિમ્પલ!"

અમેરિકા રિટર્ન પ્રિન્સને મુંબઈના ગર્ભશ્રીમંત ભામિની મે'મ સમજાવતાં હતાં. ત્યાં રસોઈખાનામાંથી બે હાથે પતરાળીનો ઢગલો ઊંચકી એમના ભરથારનું પ્રગટસ્વરૂપ દેખાતાં-

" બચ્ચુ, વન બાય વન ડૉનેટ ઇટ ટુ બેગર્સ. એન્ડ ડોન્ટ સ્પોઇલ યોર વૈષ્ણવ-બ્લેઝર."

કુંવરે બે પતરાળી ઊઠાવી. યાચકે બે હાથ ધર્યા. એણે બન્ને એમના હાથમાં છોડી દીધી.

" ઊઉઉ, ડોન્ટ ગિવ સેકન્ડ વન!" કહીને એ બીજી ખેંચવા ગયા ત્યાં એમાંથી એક થોર ઊછળ્યો.

" શિટ બચ્ચુ! યુ ડોન્ટ નો હાઉ ટુ ડૉનેટ થિંગ્સ!" મે'મ અંગોરા શાલ ખંખેરતા હતાં ત્યાં-

" માતાજી, પરસાદી હૈં. આપકે વસ્ત્ર પુષ્ટ હો ગયે!" પાછળથી એક ચોબાજી બોલ્યા.

" મૉમ, આઇ નો ધૅટ્ વોઝ ડોનટ, બટ વૉટ ઇઝ ધીસ પુષ્ટ?" બચ્ચુએ ક્વેશ્ચન કર્યો.

" ડોન્ટ આસ્ક એનીથિંગ. જસ્ટ ડૉનેટ ધીઝ ઑલ એન્ડ લેટ્સ ગેટ આઉટ!" માતાજી ચંડિકાયા!

 © Gaurang Amin

## 439 જોબ!

" પણ, સર ટીવી ચેનલો પર તો ભૂકંપ છવાયેલો છે. મૃત્યુનો આંક દોઢ હજાર પર પહોંચી ગયો છે! અને અમદાવાદમાં તો દર ચોમાસામાં પાણી ભરાય જ છેને."

" એમ? તને હજુ સબ-એડિટર બને પંદર દહાડા થયા. અને હું કેટલા વખતથી છાપું બનાવું છું? 'ને ત્યાં યુરોપમાં આપણું છાપું કોણ વાંચવાનું છે? ધેટ્સ ટીવી-મટિરિયલ. સમજ, ચૂંટણી આવી રહી છે. સાથે સાથે નેક્સ્ટ સૅટર્ડે માર્કેટિંગ 'ને ઍડિટિંગની જૉઇન્ટ-મીટિંગ પણ. લિસન, ધીસ ઇસ 'અવર' જોબ. આપણા વફાદાર વાચકોની તકલીફને આપણે વાચા નહીં આપીએ તો કોણ આપશે? બિચારાં ક્યારે પોતાના ઘરે પ્હોંચશે?!"

" ઓહ! સૉરી સર. રાઇટ સર. અર્થક્વેકને મિડલમાં નાખી દઈએ. હું રિઝવાનને કહું છું, નેટ પરથી જોરદાર ફોટા શોધી કાઢશે! અને હા, રિઝવાનના ઘર પાસે જબ્બર પાણી ભરાય છે તો એ વ્હેલા ઘરે જવાનું કહેતો હતો."

" બિંગો! એને કહે પ્હેલા ઘરે જાય. 'ને કલાકમાં ભરાયેલા પાણીના થોડા ફોટા 'ને બે-ચાર ઇન્ટરેસ્ટિંગ અસરગ્રસ્તના ઇન્ટરવ્યૂ લઈને જલ્દી પાછો આવે."


© Gaurang Amin

## 440 અસમંજસ

સરહદથી ખૂબ દૂર નાનકડાં ગામની નિશાળમાં મોટા શહેરથી એક ચિંતક આવેલા. ભાષણ કરવા. કહે તમારા મનમાંથી ધિક્કાર કાઢો. અહિંસક બનો. ત્રાસવાદીઓનું છોડો તમારું જુઓ. ઈસુ. ગાંધી, બુદ્ધ, મહાવીર. વગેરે. સમારંભ પૂર્ણ થયો. પ્રવચકને આગળ કામ હશે તે નીકળી ગયા. શાળા ફરી એકલી પડી. વિરામ હતો એટલે શિક્ષકોને પણ એમની રીતનું એકાંત મળ્યું. અમુક વિદ્યાર્થીઓ તો સાવ એકલાં પડ્યા. ભેગાં થઈ અને પ્રચાર્યને મળવા ગયા.

" છોકરાઓ મજા આવીને, કેટલું બધું શીખવા મળ્યું, કેમ?" પ્રચાર્ય સાહેબ પ્હેલાં બોલ્યા. પણ, છોકરાંઓમાંથી એક છોકરો જિદ્દી હતો. એણે વાતચીતનો પ્રારંભ ફરીથી કર્યો.

" સાએબ, અમે કોયને માઇરા નથ. આપની ઇસ્કૂલ કી ગોમમાં એકય મુસ્લિમ નથ. અમિ કોય દિ ગોમ બારે ગ્યા નથ. તો અમાર ચ્યમનું અઇન્સક બન્વું? અમાર માંહ્યલો ગંદો સે ઈ ઈમણે ચ્યમનું જાયણુ? અમી તો ખોટુંકડી બંદુકય તે નથ રાખ્તા. અમિ ઈમ્ને શું લેવા ધિકારવાના? 'ને જો ભૂલ્થી ઓમાં હાઈહા કર્યે તો અમિ ઇન્સક 'ને ધિકારી કેવાય્યે. આ તો ચાંડાલને મોચી પાટુ મારે 'ને ઈનું પ્રાયચીત ચમાર 'ને ભર્વાડ કઇરે ઈવી વાત થૈ!"

 © Gaurang Amin

## 441 સ્પષ્ટતા

" લુક, આપણા બન્નેના ફેમિલી રિલેશન, બિઝનેસ-રિલેશન જોઈને મને નથી લાગતું કે આપણી પાસે લગ્ન કરવાની હા પાડવા સિવાય કોઈ બીજો વિકલ્પ હોય." પ્રથિત બોલ્યો.

" એગ્રી. પણ, એટલું ધ્યાન રાખજે કે તું પછી બીજા લગ્ન કરે એ હું એલાઉ નહીં જ કરું."

" સુરાહી, જેમ મારું પ્રેઝન્ટ છે એમ તારું પણ છે જ. તું જે કરીશ એ જ હું કરીશ."

" હા, પણ ફરક છે. તારી સ્મૃતિ અહિંયાં રહે છે જ્યારે મારો કર્મ અમેરિકામાં."

પ્રથિત 'ને સુરાહીના લગ્નને સવા વરસ થયું હશે. સુરાહીને બદનસીબે ત્રણ ટ્રાય પછી પણ વીઝા નથી મળતા. પણ, સદનસીબે કર્મ ઇન્ડિઆ શિફ્ટ થાય છે.

" કૉન્ગ્રેટ્સ બડિ! હવે તો તું ઘરમાં શોધી નહીં જડે કેમ?!" પ્રથિતે સુરાહીને ટોણો માર્યો.

" સવા વરસમાં તું સવાસો વાર સ્મૃતિને મળ્યો હોઈશ. પણ, હું એકવાર પણ કર્મને એવી રીતે નહીં મળી શકું. પ્રથિત, મારો પ્રેમ સંપૂર્ણ એક તરફી છે. કર્મ નેવર લવ્ડ મી બૅક."

## 442 ઇન બિન 'ને તીન

ગામમાં બે નિવૃત્ત વિધુર. જાતે રસોડામાં કડાકૂટ કરીને થાકેલાં. 'ને ગણીને પચ્ચીસ ઘરના ગામમાં આખો દિવસ એકલતામાં પસાર કરીનેય કંટાળેલા. બેઉ પેટ કરતાં માણસના ભૂખ્યા વધારે હતાં. પણ, માણસો તો દહાડે મોટા ગામની ફેક્ટરીએ જાય. કંટાળીને એમણે સાજ્જી વાણંદને સાધ્યો. કીધું કે આમેય તું નવરો હોય છે તે હાઈવે પર પૂરી-શાકનું ચાલુ કર. અમે તારા રોજના ઘરાક. 'ને સાજ્જીએ ચાલુ કરી દીધું. ખોલે 'ને બંધ કરે ત્યાં સુધી બેય ત્યાં બેસી રહે. સાજ્જીને શરૂમાં ખર્ચા સાથે હુંફ પણ મળતી. પરંતુ, ધંધો જામ્યો. ઘરાક માથે ઊભા હોય 'ને એને બે ભરેલી ખુરશી દેખાયા કરે. સાજ્જીએ ઇશારામાં કીધું. માનથી ચોખ્ખું કીધું. પણ, એ બેએ હસવામાં કાઢ્યું. એક દિ સાજ્જીએ શરમ સાથે ઋણ બાજુમાં મૂકીને કહી દીધું કે ખાઈને રવાના થાવ તો સારું. બંને કાકા નીચા મોઢે ઘરે પાછાં ફરી ગયાં. પણ એ રાતે સાજ્જીને એની પોતાની એકલતા યાદ આવી. થોડી ખિસ્સાનીય ફિકર થઈ. બીજે દિ સાજ્જી પેલાં બેને સામો તેડવા ગયો. તો બેઉ સામે ભટકાયા. ગંભીર મોઢે, માંડ માંડ પોત પોતાની ખુરશી ઊંચકીને ચાલતાં!

## 443 એક ત્રિશંકુના ઇતિહાસવેડા!

એ કાફિરીસ્તાનનો જ ભાગ હતો. હૉલિવૂડના ઘોસ્ટ-રાઇટર ક્વે, એલેકઝાન્ડર વિષે વાંચતા હ્યુએનસંગને વાંચવા પર ચઢ્યા 'ને અંતે ઋગ્વેદમાં અલિના જાતિ વિષે વાંચીને પ્હોંચ્યા કરિમાબાદ. નૂરીસ્તાની નેતા મિર જનાદેરીની મદદથી ગૈરઇસ્લામી પાક સ્થાનક કાટા બોન્ટ પણ મળી ગયું. ડિજિટલ ઉપકરણો કહેતાં હતાં કે પાસેની જમીનની નીચે કશું છે. ક્વેએ ફોન પર ખોદકામ કરવાની રજૂઆત કરી. પણ, મિર આમન્યા 'ને ભય બાજુમાં મૂકીને ભભૂક્યા કે મારા યાને ધરતીમાને ના ખોદાય. ઈમ્રો દેવ જો પૂરા જાગી જશે તો સર્વનાશ થશે. અફઘાનિસ્તાનની આ હાલત અગાઉ અમારા ધર્મની મૂર્તિઓ તોડી એટલે જ છે. પણ, અમેરિકન ક્વે ગાંઠે? ગોરી આર્મીનો સાથ લઈને મીટર મૅક્સિમમ વાઈબ્રેટ થતું ત્યાં ખૂદાઈ શરુ કરી દીધી. ચોથી રાતે સો ફૂટ નીચે પહેલું પગથિયું મળ્યું. હાજર હતાં એ બધાં કામે વળગ્યા. અંતે દેવ-નગર જડ્યું. ક્વે નીલી આંખોવાળા બિલકુલ ગોરા દેખાતા ઈમ્રો દેવની વિશાળ પ્રતિમાના પગમાં પડ્યા એ જોઈને સૌએ દંડવત કર્યા. અને બીજે દિવસે સમાચારમાં એ બધાં તાલિબાની બૉમવર્ષાના શિકાર થયેલા ધરા પર મળી આવ્યા.

## 444 આવવા જવાનો એક જ રસ્તો!

પ્રક્ષાલીબેનને ચશ્માંય ન્હોતા આવ્યા 'ને બધાં દાંત પણ સલામત હતા. નાના દીકરાનો દીકરો આઠમામાં આવ્યો તોય ઝાપટ-ઝૂપટ હોય કે ગેસનો સિલિંડર બદલવાનો, એ જાતે કરી શકતા. પતિ, દીકરા-વહુઓ કે નોકર કોઈના ભરોસે એ કયારેય ન્હોતા રહેતાં. પણ, આઈસીસીયુમાં ભરતી થયાં એટલે કમ સે કમ ડૉક્ટરના આધારે તો રહેવું જ પડે. બંને દીકરાથી માનો નિરાશ 'ને પરવશ ચહેરો જોવાતો ન્હોતો. આઈસીયુમાં આવ્યા પછી પ્રક્ષાલીબેન બેસતાં-બોલતા થયેલા. પણ, એમની જીવંતતા ખોવાઈ ગયેલી સ્પષ્ટ દેખાતી હતી. પપ્પા 'ને વહુઓ તો ઉંમર 'ને સમયનો ન્યાય સમજીને વ્હેણ જાય એ બાજુ તરતા હતાં. પરંતુ, દીકરાઓને સામાન્ય ઘરડા માણસ જેવી મા અસ્વીકાર્ય હતી. એમણે પ્રક્ષાલીબેનની મૂળ ચેતના પાછી લાવવા, હૉસ્પિટલમાંથી દર્દી નહીં મમ્મીને ઘરે પાછી લાવવા થોડા કીમિયા કર્યા. પણ, કોઈ ફાયદો ના થયો. અંતે બંનેએ પોતાને ના ગમતું 'ને પ્રક્ષાલીબેનનું પસંદગીદા એવું અમોઘ ઓજાર ઉપાડ્યું. મા જોડે સવાર, બપોર 'ને સાંજ કુટુંબ, પડોશ 'ને સમાજની પંચાત કરવાની શરુ કરી.

## 445 નેચરલ રી-સાયકલિંગ

" તમને પણ તમારા પપ્પાએ કે મોટાભાઈએ જ શિખવાડી હશે. પોતાની દીકરીને સાયકલ શિખવાડવામાં શરમ શેની? શરમ તો નોકર શિખવાડે એમાં આવવી જોઈએ."

પતિ ક્યારે પોતાના સ્ટેટ્સને સ્વમાન 'ને અહંકાર સાથે જોડી દે છે એ સમજી ના શકતી પત્ની કંટાળીને બોલી. એ પોતે દીકરીને સાઇકલ શિખવાડવા તૈયાર હતી જ. પણ, એણે સવારથી રાત સુધી કામમાં અટવાયેલા રહેતાં પતિની મદદ એટલે માંગી હતી કે સાડી પહેરીને સાઇકલ શિખવાડવાનું ફાવે નહીં 'ને એને પોતાના મેદસ્વી શરીર, ખાસ કરીને થોથર જેવા પગને કારણે ડ્રેસ યા પેન્ટ પહેરવાની નફરત હતી.

" મમ્મી, તને મેં કેટલી વાર કીધું કે મને જાતે શીખવા દે. મને દરેક વસ્તુ કોઈ શિખવાડે એ નથી ગમતું. અને સાઇડ-વ્હિલ્સ તો છેજને!"

પપ્પાને આ સાંભળીને હાશ થઈ. ' ચાલો, મારે એ સ્પષ્ટતા કરવી જ ના પડી કે મને મારા પપ્પા કે મોટાભાઈએ સાઇકલ ન્હોતી શીખવાડી. મારે જાતે જ શિખવી પડેલી!'.

## 446 ભટકેલાને ભટકાયો ભટકતો

સ્વામિરાજજીને મળીને હું ખુશ હતો. તેમની ગૃહસ્થીના નિયમો પાળીને મોક્ષ મેળવી જ શકાય, તેવી બાહેંધરીથી મનને શાંતિ વળી હતી. તેમને છોડીને જવાનું દુ:ખ હતું પણ, એમણે કીધેલું કે એ સાથે જ રહેશે એટલે ચિંતા વિના હું એરપોર્ટ જવા આશ્રમની બહાર નીકળ્યો. અંદર જવાના ગેટ પર લોકોનો ધસારો જોઈને મારું હૈયું ગદ ગદ થઈ ગયું. પણ, એટલામાં સિક્યુરિટી કોઈ સામાન્ય દેખાતાં માણસને મારીને દરવાજેથી દૂર તગેડતી હતી, એ હું જોઈ ગયો. ત્યાં જઈને સીનિઅર દરવાનને મેં પૂછ્યું-

" ભૈયાજી, ક્યૂં ઇનકો માર રહે હો?"

" સરજી, યે બિના કામકાજ યું હીં રાસ્તે પે ભટકતા આ જાતા હૈં, યે ક્યા પ્રવચન સુનેગા!"

" સ્વામિરાજજી કહેતે હૈં પ્હેલે ઘર સંભાલો. બીવી- બચ્ચે સંભાલો..." હું શાંતિથી પેલાંને સમજાવું એ પહેલાં જ એ તાડૂક્યો-

" કાહે કા ઘર? મેરી બીવી-બચ્ચી દોનો કબકે આપ કે સ્વામિરાજ કે કબજે મેં અંદર બંધ હૈં."

## 447 વૉર ઑફ આર્ટ કે આર્ટ ઑફ વૉર?

" ગુડ પિક! આ બર્ડ્ઝ ક્યાં મળી ગ્યા તને? ગુડ હેન્ડ. કોની પાસેથી ફોટોગ્રાફી શીખ્યો?"

" જી, ખેડામાં, માતર પાસે તળાવ છે ત્યાં. ના, મારો કોઈ ગુરુ નથી. સર, પૈસાની તકલીફ છે એટલે કોઈની પાસે એ રીતે શીખવાનું તો શક્ય જ નથી."

એકાદ પળ કશું વિચારીને નામી તસ્વીરકાર ભાર્ગેશ જોષી બોલ્યા-

" એનિવેઝ, લાઇટ સારી કૅચ થઈ છે. ડુ વનથિંગ, આને બ્લૅક એન્ડ વ્હાઇટ કરીને કૉમ્પિટિશનમાં મોકલ. ધૅટ્ વિલ ડબલ યોઅર ચાન્સ ઑફ વિનિંગ. કીપ ઇન ટચ."

સાંજે ભાર્ગેશ સર તેમનાં પ્રાઇવેટ ફોટોગ્રાફી ક્લાસમાં સ્ટુડન્ટસને ન્યૂઝ આપે છે.

" બૉય્ઝ, આપણે કાલે માતર એક સ્પેશ્યલ વર્કશોપ કરવા જઈ રહ્યા છે. ગેટ રેડી. યાદ રહે ત્યાં જે કામ થશે તે કૉમ્પિટિશનમાં મોકલવાનું છે.".

## 448 રીલોકેશન!

" ક્યારેક તમે એમ કો છો કે આ સાધુઓ આપણા નાગરિક ભૈ ના કેવાય કેમ કે એ સમાજથી પલાયન થૈને વનવાસ કરે છે 'ને જ્યારે એ લોકો સમાજમાં રસ લે ત્યારે એમ કો છો કે એ તો ત્યાગી છે, એમનું સંસારી વાતમાં શું કામ?"

" એવું નથી! તમે એક બાજુ આદિવાસીઓને હટાવીને જંગલ કાપો છો 'ને આમ જંગલનો આખો એક ભાગ સુરક્ષિત કરીને સાધુઓને ફાળવવાની વાત કરો એ તો ખોટું જને!"

" સાધુઓ આશ્રમો બનાવીને વસ્તીમાં રહે, રાજકારણમાં પડે, કૌભાંડ કરે એ ગમશે?"

" અરે પણ એ લોકો સાધુ થાય છે જ શું કામ? અમે 'ને તમે રહીએ છે, એમ ના રહી શકે?"

" તો શું કોઈ પણ નાગરિક સંસાર-ત્યાગ ના કરી શકે એવો કાયદો લાવવો જોઈએ?"

" એવો કાયદો આવે તો તો અતિ ઉત્તમ! બધી મગજમારી જ મટી જાય."

" પછી સંસારી-સાધુઓની ફોજ ઊભી થાય એનું શું કરીશું?"

" તો પછી બધાં જ ધર્મ માટે આ રીતે જંગલ ફાળવો."

" અમારી ક્યાં ના છે? શું બીજા ધર્મના સાધુ-સંતો જંગલમાં જવા તૈયાર છે?"

 © Gaurang Amin

## 449 પ્રાઇવેટ પેઇન

તોફાન મસ્તી એ સામાન્ય બાબત હતી. અમુકને બાદ કરતા દરેક કોઈની કોઈ રીતે તોફાન-મસ્તી કરતાં. દ્રવ્ય પણ આમ તો બારકસ જ હતો. ભલે, ભણવામાં કાચો ન્હોતો. એકબીજાની નોટ-ચોપડીના પૂંઠા ફાડવા, અંદર લીટા કરવા કે સાહેબને જવાબ આપવા કોઈ ઊભું થયું હોય ત્યારે પાછળથી ઇનશર્ટ ખેંચી કાઢવું, એવા કાર્યક્રમ નિયમિત રીતે ચાલતા. ક્યારેક કોઈનો નાસ્તો થોડો ઘણો ખાઈ જવો કે ઇવન ટપલીઓ મારવી, એ બધામાં દ્રવ્ય પણ સામેલ થતો. પણ, આ વખતની ધમાલે એને અંદરથી રડાવી દીધો. એ પહેલી રિસેસ પતી એવો આવીને સહજ બેંચ પર એની જગ્યાએ બેસી ગયેલો. પિરિઅડ ચાલ્યા. મોટી રિસેસમાં એ ક્લાસમાંથી નીકળ્યો. તોફાની ટોળું એની પાછળ. અને એ જ્યાં ગયો ત્યાં બધાએ એને 'ચડ્ડીમાં કરી ગયો!' કરીને ચીડવ્યો. તોફાનીઓએ લાલ 'ને કાળી રીફિલની સાહી એની જગ્યા પર ભેગી કરીને ચોપડી દીધેલી 'ને એ બેસી ગયેલો. દ્રવ્યને મશ્કરી થવાનું ખાસ દુ:ખ ન્હોતું. પણ, એનું દિલ સળગતું હતું એની ચડ્ડી ધોનારી માની મહેનતનું વિચારીને. પપ્પાના પાતળા પગારમાંથી આવતાં ગણતરીના સાબુનું વિચારીને.

## 450 વેરની ભીનાશ!

બાપુનો હત્યારો ઊંધમાંય ન્હોતો ભૂલાતો. પણ, માડી પનોતા પુતરને સિંહનખે મઢેલી બાજોઠ પર સાત પાણીયા રોટલા 'ને એક પાણીયું શાક પીરસી પોતે એ જોવે એમ રોજ ચપટી ધૂળ હેઠે મૂકેલી થાળીમાં લઈને મૂંગા મોઢે યાદ દેવડાવે. વીસકો વીત્યો પણ ઉંબરા પાર થાનગઢની ડેલીઓય ગુમાણને ટોણો હુલાવવાનું ચૂકતી નહીં. 'નાનાબાપુ, આવો કહુંબે મોજ કર્યે. થૈ જ્યું ઈ ભૂલી જાવ!'. અનુભવી પર્સો કોરી પહેલેથી સમજી ગયેલો કે ઢાળી દીધા ત્યારે બાપુનું લોહી સવા વર્ષનું હશે. પણ, જેલમાંથી છૂટ્યા પછી બ્હાર ક્યાંક જીવતો દેખાઈ ગયો તો એ અજાનબાહુ લોહી એને ઝાલી લેશે. પર્સો ડાંગના છેડે નવા નામથી રહેવા માંડેલો. પણ, થવા કાળ વારસાઈના મામલે એણે ચોટીલા અંગૂઠો મારવા આવવું પડ્યું. 'ને એનો અંગૂઠો લઈને કચેરીના ટેબલ પર પ્હોંચ્યો ગુમાણ. બાકીના પર્સાને તો બાપુની તલવારે પગથિયેથી સીધો ઉપર પ્હોંચાડી દીધેલો. આખરે માડીએ બાજોઠ પર ધૂળ વનાનો લીલો થાળ સજાવ્યો. ડેલીઓએ ગુમાણની વીરગાથા કહુંબે નીતરવા લાગી. ભલે જેલની નિર્જળ રોટીઓ ગુમાણના તૃપ્ત લોહીને ઝાંઝવા બનાવવા માંડી!

 © Gaurang Amin

## 451 એક સમાજર્ષિનો એક સમાજ!

બધાં સબ્જેક્ટેમ બિલકુલ એક સરખા દેખાતાં હતાં. એ જ રીતે સબ્જેક્ટેફ પણ. યુવાન. કોઈ ઘરડું કે કોઈ બાળક ત્યાં ન્હોતું. એક સફ પાસે બેડરૂમ હતો. બીજા સમ પાસે દિવાનખંડ. ત્રીજી સફ પાસે કિચન. ચોથા સમ પાસે સાધનો. પાંચમી સફ પાસે તળાવ. છઠ્ઠા સમ પાસે કપડા. સાતમી સફ પાસે શાકભાજી વગેરેનો હવાલો. એમ દૈનિક જીવનની અલગ અલગ કામગીરી- જરૂરિયાત ભિન્ન ભિન્ન સફ 'ને સમમાં વ્હેંચાયેલા હતા. કોઈની મેમરીમાં કોઈ ડેટા ન્હોતો. સ્વપ્ન ના આવે એ માટે બધાંને રસી આપેલી હતી એટલે કલ્પનાશક્તિ કે ઇચ્છાનો પ્રશ્ન ન્હોતો. અને તેથી મોટિવેશન 'ને ઇન્સ્પિરેશનનો અભાવ હતો. જે તત્ક્ષણ થતું એની જવાબદારી કર્તામાં રહેતી 'ને સાક્ષીઓમાં પણ એ નોંધાતું. સ્વરપેટી વગરના એ સર્વે સબ્જેક્ટને ક્રોધ કે હાસ્ય શું એ પણ જાણ ન્હોતી. પણ, એકવાર ધરતીકંપ આવ્યો. અને ઓછો વત્તો બધાંમાં ભય જાગ્યો. શરીરને નૂકસાન જવાનો. વસ્તુ તૂટવાનો. બધાં એકબીજાની હૂંફને મહત્વ આપવા માંડ્યા. કોઈ સમને કોઈ સફ સાથે વધારે ફાવવા લાગ્યું. ગમો-અણગમો ઉત્પન્ન થયો. અને કિરદાર 'ને માલિકીપણાના પ્રશ્ન ઊભાં થવા માંડ્યા.

 © Gaurang Amin

## 452 સાધન-શુદ્ધિ

અઢી વર્ષ જોડે કામ કરતા થયા 'ને એક વર્ષથી વધારે લિવ-ઇન રિલેશનશિપને. ક્રિનાના સૌન્દર્ય પાછળ નમ્ર પાગલ હતો. પણ, ક્રિનાને ભૌતિકતામાં કોઈ રસ ન્હોતો. એણે એનું જીવન ઘર વિહોણાં બાળકોને અર્પિત કરી દીધું હતું. પ્હેલી વાર ક્રિનાને "કિડલ્લા" એનજીઓના ગ્રીટિંગ-કાર્ડ પર નમ્રએ જોયેલી. નમ્રએ ત્યારે જ ઠાની લીધું હતું કે આ જ મારી જીવનસાથી, મારા સંતાનની મા. 'ને ફક્ત ક્રિનાને પામવા એનજીઓમાં જોડાઈ ગયેલો.

" નમ્ર, મને લાગે છે કે હવે આપણે લગ્ન કરી લેવા જોઈએ. તારી'ને મારી લાઇફનું એમ એક જ છે. આપણે સાથે સાચા અર્થમાં હોમલેસ ચિલ્ડ્રન માટે ચોક્કસ કશું કરી શકીશું."

" ક્રિના, મારું સાધ્ય અલગ હોય છતાં મારું 'ને તારું સાધન એક હોય તો શું ફર્ક પડે છે?"

" આમ્તો ખાસ નહીં. જેટલો ફર્ક લિવ-ઇન રિલેશનશિપ 'ને લગ્નમાં છે એટલો. અને જેટલો ફર્ક આ બીજાનાં સંતાન 'ને આપણા સંતાન વચ્ચે હોઈ શકે એટલો."

## 453 અનલોડિંગ!

વીસ લાખની ઇન્વેસ્ટમેન્ટ સ્કીમ સમજાવવા પ્હોંચેલો ધન્વ્ય ડ્રોઇંગરૂમમાંથી લિવિંગરૂમમાં ચાલતો તમાશો છોભીલો પડીને જોતો હતો. ખેલ લાંબો ચાલ્યો એટલે એ કાગળિયાંમાં મોઢું નાખીને અંધ શ્રોતા બનીને બેસી રહ્યો. થોડીવારમાં ક્લાયન્ટ આવ્યા.

" ડોન્ટ ફીલ બેડ! આ તો રોજનું છે." ધન્વ્યની ડઘાયેલી દ્રષ્ટિનો પ્રશ્ન પામીને એમણે દિલથી હસીને ઉમેર્યું " આટલું થયું તોય હું અકળાયેલો કેમ નથી? ભાઈ, જીવનમાં આગળ વધવું હોય 'ને સુખી રહેવું હોય તો પોતાનો ભાર બીજા પર નાખવો જ પડે! તમે જોયું કે અમારા ઘરના બધાં એ જ કરતા'તા. 'ને જુઓ એકેયનો ચહેરો ઉદાસ દેખાય છે?"

ધન્વ્યને ચિંતાથી લચકતા દેહ પર શરમ આવી. એક રૂપિયાનું રોકાણ ના મળ્યું પણ, જાણે લાખોની મૂડી મફતમાં વાપરવા લઈને બ્હાર નીકળ્યો. હતાશા પરસેવાની ગંધ જોડે ફૂંકીને બાઈક પર બેઠો. ત્યાં તવેથાથી તાવડી રણકાવતી લારી બાજુમાંથી પસાર થઈ.

" એ ટોપા, ખખડાવાનું બંધ કર. લાવ્જો દસની સિંગ. 'ને બરાબર શેક્જે હા! એક પણ બળેલી નીકળી તો મરી ગ્યો જાણજે... &@#$!"

 © Gaurang Amin

## 454 બેંતાલા

"હમણાં તારું સ્કૂટર સાફ કરાવાનું કહે છે તે તારે શાક લેવા નથી જવાનું?"

"ના, આજે અગિયારસ એટલે મમ્મીને કીધેલું કે તમારો મોરચો લેવા જતા હોય તો અમારા માટે થોડું શાક નાખતા આવજો. સ્કૂટર તો એટલે ધોવડાવવાનું છે કે છોટીની રિક્ષા આવે એટલે મારે છેક બોપલ જવાનું છે. અમારો આજે હાઉ-સીનો પ્રોગ્રામ છે."

રિકલ્પ નીચે ઊતર્યો. ગાડી ધોવા વાળાની કામગીરીનું સુપરવિઝન કર્યું. ગાડી પર ક્યૂસી ચેકડનો માર્કો મારીને એને સ્કૂટર ધોવા કીધું. ફૂલ ગોઠવ્યા. એસી કર્યું. યુએસબી પસંદ કરી. એમાંથી પહેલું ગીત સિલેક્ટ કર્યું. 'ને ભગવાનનું નામ લઈને ગાડી બહાર કાઢી.

કમ્પાઉન્ડના ગેટ પાસે આવ્યો કે સામે થેલી ઊંચકીને નીચા મોઢે આવતી મમ્મી દેખાઈ.

'થેંક ગોડ, બૌ મસ્ત શુકન થયા! હાશ... આજનો દિવસ સારો જશે.'


© Gaurang Amin

## 455 મારી જય હો!

ક્વચવચ. ક્વચવચ. ધોળાનો ફેવરીટ અવાજ એટલે પાણી 'ને માટી વચ્ચેનો રતિસંવાદ. પહેલીવાર વેક્સ કરાવ્યા પછી કોઈ ટીનેજરને લોશન લગાવતી વખતે જે રોમાંચ થાય એ ધોળાને રોજ થતો. કોણી સુધી ગારામાં લથબથ હાથ હોય ત્યારે એની માનીતી બીડીરાણીએ પણ પરદામાં રહેવું પડતું. ક્વચવચ. ક્વચવચ. પણ, શહેરમાં હવે સિમેન્ટના કુંડા આવી ગયા. માટલાની જગ્યા આરઓએ લઈ લીધી. 'ને ધોળાના હાથમાં બચ્યા ખાલી કોડિયાં. રોજ માટી ગૂંદીને ચાકડે બેસે એટલે ધોળાની પ્રાર્થના ચાલુ થતી- ઉપરવાળા તારી જય હો. મ્હોરા કોડિયોંની લાજ રાખ્જી. પેલ્લું કોડિયું ચાકડેથી ઉતારે એવું એને બે હાથ જોડીને પગે લાગે. એવામાં સરકારે પ્લાસ્ટિકની પ્યાલી પર પ્રતિબંધ મૂક્યો 'ને કુલડીનો વપરાશ ફરજિયાત કર્યો. ધોળાના કાને આ વાત પહોંચી કે તરત એનું અંતર ગર્જી ઊઠ્યું-

' હાશ, છૂઈટા ઓલી રોજની પરાર્થનોંથી. મુઆ તેલ પ્યીને તગડા થતા કોડિયાં કર્તા ચા પાઈને જાત ભોંગી નોખ્તી પાલીઓ હારી. હરકાર તારી જય હો.'

## 456 નવા લગ્ન!

નર્તિની એના લગ્ન અંગે ખૂબ એકસાઇટેડ હતી. એને આખો પ્રસંગ મીડિયાના કેમેરા ચકાચૌંધ થઈ જાય તેવો ઉજવવો હતો. એને બધું જ અગાઉ ક્યારેય ના થયું હોય એવું જોઇતું હતું. નવું. રિવૉલ્વિંગ ચોરી. લેસરથી હર બે મિનિટે બદલાતું ડેકોરેશન. જૅપનીઝ, વિક્ટોરિયન 'ને મુઘલ ત્રણે શૈલીથી બનાવેલ વેડિંગ-ડ્રેસ. એવરીથિંગ ન્યૂ.

" પર્વ, તારી ઍન્ટ્રી પણ નવી જ હોવી જોઈએ."

" ઓકે, હાઉ એબાઉટ પૅરૅશૂટ?" પર્વ નર્તિનીની નિતનવી ફિલ્મી ડિમાંડથી થાકી ગયેલો.

" વાઉ! ઓકે, પૅરૅશૂટની ડિઝાઇન 'ને એ વખતનું મ્યૂઝિક..."

" ઓ મેરી દુલહન, બીજી કામની વાત હોય તો કહે નહીં તો મૂકું." પર્વએ વાત કાપી.

" ના. સાંભળને આપણે ફેરા વખતે પણ કશું નવું કરવું છે. કોઈ આઇડિઆ આપ્ને."

પર્વને થયું કે કહી દઉં કે આપણે ફેરા ફરતા જઈએ 'ને ડિવોર્સનું ફૉર્મ ભરતા જઈએ! એવું કોઈએ નહીં કર્યું હોય. નવું. પણ, એને થયું આ મજાક એ નહીં સમજે. એટલે એ બોલ્યો-

" ઓકે. નર્તિની, અગ્નિને ફરતે બૉલ-ડાન્સ કરતા કરતા ફેરા ફરીએ તો કેવું?"

## 457 ગણતરનું ગણિત

" વહુ બેટા, પપ્પાની કવિતાની ફાઇલ કેમ સોફા પર પડી છે?" પસ્તીવાળાને બારણે જોઈને ધ્રુજાતાં સ્વરે મીરાંબા બોલ્યા.

" અરે, એ તો પસ્તી કાઢતી'તી ત્યારે હાથ લાગી'તી તે લાલાને ટેબલ્સની, આઇ મીન પલાખાંની પ્રૅક્ટિસ કરાવવા રાખી છે. પપ્પા હંમેશા કાગળની એક બાજુ કોરી રાખતાં એટલે કામમાં આવી જશે."

" એ ભલે વહુ બેટા!"

વિમળાબા ફાઇલને એકીટશે જોઈ રહ્યા.

' તમે ફિકર ના કરતાં. લાલો નાનો છે ત્યાં સુધી એનાં માટે આ કોરા કાગળ એટલે જીવતા કાગળ! મોટો થશે પછી એ પાનાં ફેરવશે."

## 458 કેસ ક્લોઝ્ડ!

મુંબઈ હાઈવે પર રેસ્ટોરન્ટમાં શૂટ-આઉટ. ચાર મૃત્યુ. બે ગંભીર. મૃતકમાં નેતા, બિલ્ડર, વેઇટર 'ને કૅશ પર બેઠેલો માલિક. ટિલમાંથી કૅશ, નેતા 'ને બિલ્ડરની ચેઇન, વીંટી, વૉલેટ તેમજ બીજા બે ઘરાક, એક આમ-દંપતી લગ્નમાં જવા બરોડાથી નીકળેલું 'ને એમની પાસે જે ઘરેણાં હતાં એ લૂંટાયેલા. પોલીસને હાઈવે રૉબરિ લાગી. પણ, લૂંટારો એક જ હતો. જીવતા બચેલા દંપતીને મળવા પોલીસ હૉસ્પિટલ પ્હોંચે છે. એ બે ભયના માર્યા છૂપાવે છે કે એમની પુત્રી ત્યારે વૉશ-બેસિન પાસે પડદા પાછળ હતી 'ને હત્યારાને ફોન કરતા સાંભળી ગયેલી. ' કામ હો ગયો, તાઉજી!'. આ બાજુ તાઉજી બિલ્ડરના સ્પર્ધક બિલ્ડરને 'ને નેતાના વિરોધી નેતાને વારાફરતી ફોન કરીને હૂલ મારે છે- મારો આ નવો ટપોરી તમારું નામ બકશે, જો માલ નહીં આપો તો. ત્રીજો ફોન એ રેસ્ટોરન્ટ કમ ડાન્સ-બારના દુશ્મન બારના માલિકને કરે છે કે સોપારીનું બાકીનું પેમેન્ટ મોકલી દો. ચોથો ફોન કિલરને કે પોલીસ જોડે સેટ થઈ ગયું છે. લુંટારો ઉર્ફે હત્યારો બંકરમાંથી નીકળે છે. બીજી મિનિટે એક કોન્સ્ટેબલ ધરબી લે છે. 'ને ઝપાઝપીમાં એ નવો ટપોરી માર્યો જાય છે.

  © Gaurang Amin

## 459 ન્યૂટ્રલ એમ્પાયરિંગ

બાળપણનો સાથ હતો એટલે બંને સમજી ગયેલા કે એમના દિલમાં કોણ વસેલું હતું. નિમી શાહ 'ને રેવા પટેલ બંને સૌરિ કોચરના પ્રેમમાં હતા અને બંનેને સૌરિ સાથે જ લગ્ન કરવા હતા. સૌરિએ આ જાણ્યું ત્યારે એ ડઘાઈ ગયો. એણે વિચારીને કીધું-

" વેલ, હું તમારા બેમાંથી એકને હા પડું એનો અર્થ એ કે એકને ના પાડું. આપણે ઘણા વખતથી ફ્રેન્ડઝ છીએ. ક્લોઝ ફ્રેન્ડઝ. હું બેમાંથી એકેને મિત્ર તરીકે ખોવા નથી માંગતો. સારું એક કામ કરો, તમે તમારા ઘરમાં પૂછી જુઓ, પહેલું હા કોણ પાડે છે."

નિમી 'ને રેવાએ પોતપોતાના ઘરમાં પોતાની પસંદ જાહેર કરી. બંનેને ઘરેથી સ્પષ્ટ ના મળી! જાત-પાત કે કુંડળીનો કોઈ પ્રશ્ન ન્હોતો પણ, એક ઘર પોતાની સમકક્ષ કોઈ બિઝનેસ-ફેમિલીનું તરસ્યું હતું તો બીજું ઘર દહેજનું ભૂખ્યું હતું. સૌરિ આછું હસીને બોલ્યો-

" હાશ! ચાલો આપણી દોસ્તી તો બચી ગઈ. હાહાહા!"

## 460 ભણેલી જીભ 'ને ગણેલા કાન

ઘરે ઘરે થેલામાં નાસ્તો લઈને વેચવા જતા બેન રહેણાંકની નજીકની નાની ઑફિસ કે દુકાનોમાં પણ નાસ્તો વેચવાનો પ્રયત્ન કરતાં.

" માસી, જાગૃતિબેનવાળા ગાંઠિયા નથી?"

" બેટા, એમનું કામ હવે બહુ મોટું થઈ ગયું છે. આ ખાઈ જો તને ઘરના જ લાગશે. મેં હાથે વણીને મારા ઘરે બનાવ્યા છે. એકદમ ચોખ્ખા."

" એય સારા હશે બેન પણ, મને એમના ગાંઠિયા ફાવી ગયા છે. એ જ આપો."

" સારું આ લ્યો. એક આપું કે બે સાહેબ?"

" લો આ પૈસા, બે આપી દો... પણ, એક મિનિટ તમે મને બેટા બેટા કરતા હતા અને તમારા ગાંઠિયા લેવાની ના પાડી એટલે સીધા સાહેબ પર આવી ગયા?"

" તમે માસી પરથી બેન પર ના આવ્યા? 'ને તમારે ઘરનું નહીં બ્હારનું ખાવું છે તો પછી મારે સાહેબ જ કહેવા પડે!"

અને બેન પૈસા લઈને પાછું જોયા વિના સ્વમાનભેર પછીના બારણા તરફ ચાલવા માંડ્યા.

 © Gaurang Amin

## 461 અભણ બાળક!

સંયમ ભણવામાં હોંશિયાર. નિબંધ-લેખન 'ને વકૃત્વ-કળાની સ્પર્ધામાં પણ દર વર્ષે એ જ જીતતો. સંયમને ગામ 'ને એના દોસ્તારો પ્રત્યે ખૂબ માયા એટલે એને ખબર ના પડે એમ પાંચમાં ધોરણથી એને અમદાવાદ ભણવા મૂકવો એવું મમ્મી-પપ્પાએ નક્કી કરી દીધેલું. પણ, આ વખતની ધુળેટી સંયમના મનમાં ગામ પ્રત્યે ચીડ ચડાવી ગઈ. એને અંદરથી થવા લાગ્યું કે શહેર સારું. થયેલું એવું કે હોળી-ધુળેટીના નિબંધમાં ભાઈ સાહેબે ગોખેલું કે સમાજના દરેક વ્યક્તિઓ ઊંચ-નીચના ભેદભાવ ભૂલીને તહેવાર ઊજવે છે. 'ને ધુળેટી આવી. એણે ચોકડીમાં વાસણ માંજતી કામવાળી છોડી મોગરીને બરાબરની રંગી કાઢી. પણ, મોગરી રડવા માંડી. વાસણ અધૂરાં છોડીને નાઠી. ખડકીમાં બધાંએ જોયું. ગામમાં ઠોહાં મારતી વાત બધાંના કાનમાં પ્હોંચી. મમ્મી-પપ્પાએ અડોશ-પડોશમાં પોતે ગુનો કર્યો હોય એમ માફી માંગતા સૂરમાં ખરખરો વ્યક્ત કર્યો. અને અંતે સંયમને ધમકાવ્યો.

" રોયા તેં તો અમારું નામ બોળ્યું. ગામમાં ગામની રીતે રે'વાય, શહેરના માસ્તરોએ લખેલું તારું એ બધું ભણવાનું તું શહેરમાં જાય તારે ચોપડામાંથી બા'ર કાઢજે."

## 462 ફિલ્મી સિક્રેટ!

૧૦૦૦ સ્ક્વેર માઇલની ચિત્રલ વૅલિમાં મોસાદનો જાસૂસ શોધવો આઈએસઆઈ માટે અશક્ય હતું. સીઆઈએને બાજુમાં રાખી ચીની હેલ્પ લીધી. પણ, અંતે એ ખબર ગેરમાર્ગે દોરનારી છે એવું માની લેવું પડ્યું. વાસ્તવમાં ગણીને ૪૨૦૦ જેવા કળશ જાતિના લોકો વચ્ચે જાસૂસ હળીમળી ગયેલો. 'રો'ને આ ખબર હતી. પણ, ભારતીય જાસૂસી તંત્ર એ વિમાસણમાં હતું કે ભલે કાબેલ મોસાદી ગોરા જેવા જ દેખાતા કળશ લોકો વચ્ચે રહેવા 'ને ના પકડાવાનું પૂરું આયોજન કરીને જ આવ્યો હશે. પણ, એ આવ્યો કેમ? કોઈ હુમલો પ્લાન કરવા? યુનો સુધી એ લઘુમતીનો અવાજ જાય એવો કોઈ દેખાવ કે બળવો રચવા? એમના જનીનના અભ્યાસ માટે બ્લડ 'ને શક્યતઃ સ્પર્મના સૅમ્પલ એકઠાં કરવા? એમને મુસ્લિમ બનતાં રોકવા? સમય વિત્યો. 'રો' પણ અવનવી સમસ્યામાં વ્યસ્ત થઈ ગયું. 'ને છેક દોઢ વર્ષ પછી જ્યારે હૉલિવૂડના નંબર વન પ્રોડ્યુસર જે યહુદી પણ હતા એમણે કળશ જાતિની હિરોઇન લઈને એમની જાતિ અંગેના મૂવિની જાહેરાત કરી ત્યારે સમસ્ત જાસૂસી-આલમને થોડું ઘણું સમજાયું કે રહસ્ય શું હતું.


© Gaurang Amin

## 463 ડબલ મર્ડર

જાગ્યો 'ને થયેલું, આજનો સૂર્ય ખાસ કારણથી ઊગ્યો છે. ગાર્ડનમાં ટ્યૂલિપ્સ જોયાં. પણ, તોડવાની પાબંદી હતી. ગુલમર્ગ બજારમાંય એક પણ ફ્લોરિસ્ટ ના મળ્યો. એમના કોઈ મુલ્લાએ મનાઈ ફરમાવેલી કે હરામમાં હિસ્સેદાર ના બનવું. જોકે ચાઇનીઝ ફ્લાવર્સ મળી ગયા. સુંદર સફેદ! મમ્મી-પપ્પા આ ઉંમરે જો એમના હનીમૂન સ્થળે ફરી એક થાય તો હું શાંતિથી પાછો ઓરોવિલે જઈ શકું, કાયમ માટે. હું ફ્લાવર્સ લઈ પાછો આવ્યો. કૉફિ પીધેલી 'ને ઠંડીમાંથી આવ્યો એટલે સીધો રિસૅપ્શનના વૉશરૂમમાં ભાગ્યો. રેસ્ટોરન્ટમાંથી બ્રેકફાસ્ટ કરીને પપ્પા કૉટેજ તરફ જવાના હશે. મમ્મી નદી કિનારેથી પાછલા રસ્તે હૉટેલમાં પ્રવેશતી હશે. અને બ્હાર ધમસાણ ચાલુ થયું. પૅલેટ ફાયરિંગનો અવાજ ત્રણમાંથી કોઈએ ના સાંભળ્યો. મેં ડોર ખોલ્યું કે મારી નજર એક હાથથી લોહિયાળ આંખ ઢાંકી 'ને બીજા હાથમાં ખુલ્લી ગન લઈને રિસેપ્શન પર ધસી આવેલા આતંકી પર પડી. ડાબેથી મમ્મી, જમણેથી પપ્પા આવ્યા. બંને ગભરાઈને ભેટી પડ્યા. અને ગોળીઓ વરસી. કાશ, મેં 'હેલ્પ'ની બૂમ મારી હોત 'ને પેલો મારા હાથમાં ફૂલો જોઈ ગયો હોત!

## 464 મતદાન

કડછા જેવી જીભને લીધે ગામના બધાં એને કડછી જ કહેતા. બાકી, એનું સાચું નામ કાંચી હતું. એય શું કરે? ઘાટીલું શરીર 'ને સોહામણો ચહેરો. 'ને દેવપરા તો કહેવાનું, ગામમાં એક એકથી ચઢે એવા દાનવ એને ભટકાતા. એમાં માંડ અહીંથી છૂટીને ચોરૈયા જવાનો મોકો હાથ લાગ્યો હતો. પણ, સરપંચે એના બાપુને ઘસીને ના પાડી દીધી કે એ ગામ સાથે આપણો બેટી-વ્યવહાર બંધ છે. કડછી હતી ત્યાંની ત્યાં. બાપુ ખેતરે જાય. એ આખો દિ' ઘર સંભાળે 'ને બપોરે સીમમાં ડાળખાં વીણવા જાય. એવી જ એક બપોરે-

" એ કાંચી, તાર બાપે ભલે મોં ફેવર્યું, મું તન ફેવર્યા વના નૈ મેલું."

ચોરૈયાના ફરમાએ રસ્તો આંતર્યો. કડછીની જીભ સફેદ પડી ગઈ. વખત વર્તીને ડરની મારી એ ફરમા સામું હસી. ત્યાં એણે સામે દેવપરાનો માથાભારે પડિયો આવતો જોયો. નિશાળે જતી ત્યારથી એ એને હેરાન કરતો. કડછીને બાપુ યાદ આવ્યા. સરપંચ યાદ આવ્યા. સામે ભુરાંટો થયેલો ફરમો દેખાયો. અને એણે મન બનાવી લીધું કે પારકા ગામના જરાસંધ કરતા ગામનો દુર્યોધન સારો.

## 465 ભૂલ, ગુનો 'ને અનીતિ!

કાકા જમણી લેનમાંથી સિગ્નલ બતાવ્યા વગર ડાબી લેનમાં આવેલા ત્યારે એમને હૉર્નનો ઘોંઘાટ સંભળાયો ન્હોતો. બંધ કારમાં મંદ સ્વરે રેલાતા ભજનને કારણે નહીં. પણ, કાકા આગળ ઓછું, ડાબે ડોકું ફેરવીને વધારે જોતાં સરનામું શોધતા હતા. ખરેખર તો રસ્તા પર કોઈ માણસને શોધતા હતા, સરનામું પૂછવા. કોઈ દેખાયું ના એટલે સીધી જ ગાડી એકદમ ડાબે ખેંચીને અણધારી બ્રેક મારી દીધી. 'ને પાછળ બેંગ! હચમચી ગયેલો કાકાનો દેહ મંજિલ ના જડવાનો ઉદ્વેગ ક્રોધમાં બદલીને ફટાક દઈને પાછળની નાની ગાડી તરફ ધસવા બહાર નીકળ્યો. ગાડીમાં બે છોકરડાં 'ને એક છોકરી જોઈને એમનો ગુસ્સો બૌદ્ધિક થયો. ખિસ્સામાંથી ચશ્માં કાઢીને પોતાની આંખોને દ્રષ્ટિ પ્રદાન કરતાં કાકા આત્મવિશ્વાસ સાથે ટટ્ટાર થયા.

'લાયસન્સ નહીં જ હોય. છોકરીના મમ્મી-પપ્પાને જાણ નહીં હોય કે એ ક્યાં રખડે છે. 'ને છોકરી સાથે છે એટલે છોકરો લુખ્ખાગીરી પણ નહીં કરે. જોકે મારામારી તો આમેય શું કરે? હું સીનિઅર સિટિઝન છું!'

vatsyara@gmail.com

9727582029


© Gaurang Amin